
સંઘર્ષથી સિદ્ધિનું ઝંઝાવાતી જીવન

અબ્રાહમ લિંકન

પ્રદીપ પંડિત



અબ્રાહમ લિંકન


સંઘર્ષથી સિદ્ધિનું ઝંઝાવાતી જીવન

ABRAHAM LINCOLN
Originally Written in Hindi by Pradeep Pandit
Tranalsted into Gujarati by Aaditya Vasu
Published by R. R. Sheth & Co. Pvt. Ltd., Mumbai ☐ Ahmedabad
2011
ISBN : 978-93-80868-78-3

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૨૦૧૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

મુદ્રણ વૈદેહી ઑફસેટ, અમદાવાદ ખાતે થયું.



"હું જ્યારે કોઈ સારું કામ કરું છું તો મને સારું લાગે છે અને ખરાબ કામ કરું છું તો મને માઠું લાગે છે. એનો અહેસાસ જ મારો ધર્મ છે."

— અબ્રાહમ લિંકન

અનુક્રમણિકા

૧

ઇતિહાસનો ઝરૂખો

ઇતિહાસ માત્ર ઘટનાઓનો ગુણાકાર-ભાગાકાર જ નથી હોતો, પરંતુ તેમાં તો જે-તે વખતના જીવનના ધબકારા પણ સામેલ હોય છે. એ ધબકારા જે ક્યારેક આજ કહેવાતા. આ બધું સમય અને માણસોને નજરમાં રાખી સોણલાઓને જાગતા કરવા આદરવામાં આવેલ ક્રિયાનું નામ છે. આજ કારણ છે દરેક રાષ્ટ્રે પોતાના પૂરા હોશ અને વ્યવહાર સહિત પોતાના સમયના નાગરિકોની ઉપલબ્ધિઓ ઉપર બાજ નજર રાખી, એવા લોકો કે જેમની કાબેલિયતે આખા રાષ્ટ્રની દિશા બદલી નાખી; એવા લોકો કે જેમણે પોતાની માણસાઈના રંગે રંગાયેલ ટેક મારફત દેશના વહેણને બદલવાનું કામ કર્યું; એવા લોકો કે જેમણે પોતાની મહત્ત્વાકાંક્ષાઓને જંગલી બનવા ન દીધી, બલકે તેમને ઠાવકાઈના છાંયડે પોષી – આવા બધા જ લોકો રાષ્ટ્રોના ઇતિહાસમાં ભુલાતા નથી. આવા લોકોમાંથી એક અમેરિકાના તે સમયના રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન પણ હતા.

જેમકે પંડિત ભવાનીપ્રસાદ મિશ્રે લખ્યું છે–

'ન નિરાપદ કોઈ નહીં હૈ,
ન તુમ ન વે ન વે ન વે ।'

એ રીતે અબ્રાહમ લિંકનનું જીવન પણ નિરાપદ નહોતું. એમની માતા નાન્સી હૈંક્સનું બાળપણ પોતાના કાકા-કાકી જોડે વીત્યું. તેમણે જ તેમને પાળ્યા-પોષ્યા. પરિસ્થિતિ એવી હતી કે તેમનું નિશાળે જવાનું થયું નહિ. તેમને અભણ-નિરીક્ષર કહી શકાય. લગભગ ૨૨ વરસની ઉંમરમાં તેમણે પોતાના જીવનસાથી શોધી કાઢ્યા. જેમનું નામ હતું થોમસ લિંકન. તેઓ એક દહાડિયા મજૂર હતા. એમનું જીવન એકાકી, ઉપેક્ષિત અને નીરસ હતું, પરંતુ થોમસ હરણનો શિકાર કરવામાં

લાજવાબ હતા. ક્યારેક માછલીઓ પકડી, ક્યારેક કંઈક કર્યું, ક્યારેક સડકો ઉપર કામ કર્યું અને જૂના રેકર્ડ બતાવે છે કે ત્રણ વાર થોમસ લિંકનને કેદીઓ ઉપર નજર રાખવાનું કામ પણ આપવામાં આવ્યું. તેમની આર્થિક સ્થિતિ એટલી ખરાબ હતી કે એક વાર તો નાન્સી હેંક્સને પોતાનાં કપડાં બાવળના કાંટાઓથી છેદીને પહેરવા પડ્યા.

એમ તો થોમસ લિંકન ઇચ્છતા હતા કે લગ્ન પછી શહેરમાં જઈને કારપેંટરનું જીવન ગાળે, પણ નસીબને કદાચ આ પણ મંજૂર ન નીવડ્યું. તેમને કામ તો મળ્યું, પણ તેમના માણસો નક્કી કરેલ પ્રમાણમાં લાકડાં કાપી ન શક્યા. પરિણામે તેમને પોતાની મહેનતના બદલામાં પૂરું વેતન ન મળ્યું. માલિકે પૈસા આપવાનો ઇનકાર કરી દીધો. તે પછી થોમસનું મન ઊઠી ગયું. એમને લાગ્યું કે તેઓ જે વૃક્ષો વચ્ચે મોટા થયા છે, ત્યાં જ પાછા જવું જોઈએ. આ એવી જગ્યા હતી જ્યાં ભેંસો ચરાવવામાં આવતી હતી. અહીં છૂટક છૂટક ફૂલોના છોડ હતા. મોટા ભાગે જમીન પથરાઉ હતી. ત્યાં જ ડિસેમ્બર ૧૮૦૮માં ટોમ લિંકને અનેક સંઘર્ષો પછી થોડી જમીન ખરીદી લીધી. તેના ઉપર લાકડાનું ઘર બનાવ્યું. કાચા ફરસવાળી અને બારીઓ વિહોણી એ ઓરડીમાં ઈ.સ. ૧૮૦૮ની ૧૨મી ફેબ્રુઆરીએ કેંટેકી રાજ્યમાં અબ્રાહમ લિંકનનો જન્મ થયો. સમય અને જવાબદારીઓના સંઘર્ષની સુરત બદલાતી રહી. થોમસના સંઘર્ષની સુરત પણ બદલાતી રહી. ખરીદેલી જમીન વાંઝણી હતી. તેઓ ખેતી કરવા ઇચ્છતા હતા. તેથી તેમણે ખરીદેલી જમીનથી લગભગ સોળ કિલોમીટર દૂર કુટુંબના ભરણપોષણ માટે જમીન ખરીદવી પડી. ત્યાં જ અબ્રાહમ લિંકન પોતાના પિતાને મદદ કરતા રહેતા. મકાઈના ખેતરમાં મજૂરી અને મોટીબહેન સારાહની સાથે નિશાળે જવું – આ અબ્રાહમ લિંકનની જિંદગીના શરૂઆતના દિવસો હતા. અબ્રાહમની માતાને ખુશીની થોડીક પળો પણ નસીબે ન આપી. રોજ-રોજની તંગી અને જિંદગીના જખ્મોને કારણે ફક્ત ૩૫ વરસની ઉંમરમાં જ તેમના શ્વાસો શાંત થઈ ગયા.

ઈ.સ ૧૮૧૬માં અબ્રાહમના પિતાએ પોતાની કેંટેકીની જમીનનો સાટો કર્યો અને ઓહાયો નદીના પેલે પાર ઉત્તરમાં પાડોશી રાજ્ય ઇન્ડિયાના ચાલ્યા ગયા. તે સમયે લિંકનની ઉંમર માત્ર સાત વરસની હતી. મોસમનો પહેલો બરફ પડી ચૂક્યો હતો. જંગલ એટલું ગાઢ હતું કે ચાલતા ચાલતા ગૂંચાયેલા વેલા અને ડાળીઓ કાપવા પડતા. ઉતાવળથી થોમસે પોતાના કુટુંબ માટે એક 'શેડ' તૈયાર કર્યો. ત્યાં ફરસ નહોતો, બારણાં નહોતાં, શેત્રંજી કે જાજમ નહોતાં. ત્રણ તરફે તો ઠીક પણ એક તરફે તો તે સાવ જ ખુલ્લી જગ્યા હતી. બરફવાળી ઠંડી હવા સીધી

જ અંદર આવતી, પણ થોમસને લાગ્યું કે આ સ્થાન તેમના અને તેમના કુટુંબનો ગુજારો કરવા માટે પૂરતું છે. ૧૮૧૬-'૧૭ની ઠંડી ઇતિહાસની કડાકાની ઠંડી ગણાઈ હતી. એનું સાક્ષી રહ્યું થોમસનું કુટુંબ. આવી જ મોસમમાં થોમસની જોડે બાળક અબ્રાહમ કામ કરતો. તે સમયે ગુલામીની પ્રથા હતી – ઘનઘોર ગરીબીને કારણે ઉપજેલી સામાજિક બીમારી. થોમસ ગુલામીની પ્રથા વિરુદ્ધ હતા. જોકે આનું કારણ થોમસ બેપટિસ્ટ ચર્ચના મેમ્બર હતા તે હતું. તે દિવસોમાં ચર્ચ ગુલામીની પ્રથા વિરુદ્ધ હતું. તેથી આ ધાર્મિક કારણને લઈ થોમસ પણ આના વિરુદ્ધ હતા. ચર્ચના સદસ્ય હોવાથી એ બીજા દુર્ગુણોથી પણ દૂર હતા, જે દુર્ગુણો તે સમયના સમાજનો એક હિસ્સો બની ગયા હતા. આ પ્રમાણે અબ્રાહમના મનમાં બાળપણથી જ ગુલામીની પ્રથા વિરુદ્ધ સંઘર્ષનું બીજારોપણ થઈ ગયું હતું. કંટેકી રાજ્યને સંયુક્ત રાજ્યમાં પ્રવેશ ગુલામીની પ્રથા વાળા રાજ્યના રૂપમાં જ મળ્યો હતો. આ ઈ.સ. ૧૭૯૨ની વાત છે. આ અરસામાં સામંતો ગુલામીની પ્રથાના સમર્થક હતા અને તેમના બોલનો મતલબ હુકમ હતો.

ઇન્ડિયાનામાં જમીનનો પટ્ટો મેળવવામાં થોમસને કોઈ મુશ્કેલી નડી નહોતી. એક તો ચર્ચ તરફથી મદદ હતી અને બીજું તો ત્યાં વધુ લોકો આવવા માગતા નહોતા. ઠંડીના કારણે અહીંના લોકો રીંછ અને હરણનો શિકાર કરી ખાતા હતા, જેથી પોતાના શરીરને ગરમ રાખી શકે. થોમસે અને તેમના પુત્ર અબ્રાહમે અહીંના ગાઢાં વૃક્ષોને કાપવા માટે કુહાડી ઉપાડી; જેથી મકાઈની ખેતી કરી શકે અને તે માટે યોગ્ય જમીન તૈયાર કરી શકે. સાત વરસની ઉમરમાં અબ્રાહમના હાથમાં આવેલી કુહાડી ત્રેવીસ વરસ સુધી છૂટી નહીં.

એ પરગણામાં શરૂથી જ 'દૂધની બીમારી' નામની એક બીમારી ફેલાયેલી હતી. આ બીમારી ઢોર, ઘેટાં, ઘોડાથી ફેલાતી હતી. એમને કદાચ કોઈ ખાસ ઝાડના પાંદડા ખાવાથી આ બીમારી થતી હતી. ઈ.સ. ૧૮૧૮માં નાન્સી હૈંક્સ પીટર બ્રૂનરના કામમાં મદદ કરવા માટે પોતાના ઘરથી અર્ધો માઇલ દૂર ચાલીને જતાં હતાં. બ્રૂનરનું અચાનક મૃત્યુ થઈ ગયું અને નાન્સી બીમાર પડી ગયાં. નાન્સીને પેટમાં દુખવા માંડ્યું, ઊલટીઓ શરૂ થઈ ગઈ. તેમના હાથ-પગ ઠંડા પડવા લાગ્યા. તેઓ વારંવાર પાણી માંગતા. ટોમ લિંકનને ઘેરી આસ્થા હતી શુકન-અપશુકન ઉપર. તેમના ઓરડાની બહાર કૂતરાઓના રોવાનો અવાજ આવ્યો તો તેમને પાકો વિશ્વાસ થઈ ગયો કે નાન્સી હવે બચશે નહિ. નાન્સી ફુસફુસાઈને ધીરેથી પણ બોલી શકતા નહોતા. પક્ષાઘાત અને મૂર્છા જોડે ઝઝૂમતા ઝઝૂમતા પોતાની બીમારીના સાતમા દિવસે ૩જી ઑક્ટોબર ૧૮૧૮ના રોજ તેમનું અવસાન થઈ ગયું.

અબ્રાહમ લિંકન જ્યારે રાષ્ટ્રપતિ બની ગયા ત્યારે તેમની માતાના વિષે માહિતી પ્રાપ્ત કરવા માટે યત્નો થયા, પરંતુ કંઈ વધુ જાણવા મળ્યું નહિ. જંગલોમાં દુઃખો અને મુશ્કેલીઓ સહન કરતા કરતા નાન્સીએ અંતિમ દિવસો વિતાવ્યા. જુદા જુદા જીવનચરિત્ર લેખકો એ વાત ઉપર પણ એક મત ન થઈ શક્યા કે નાન્સીનો દેખાવ કેવો હતો. એમના વાળ અને આંખોના રંગ બાબતે પણ અલગ-અલગ મત હતો. તેમને તેમનાં કાકા-કાકીની પાસે દફનાવવામાં આવ્યાં, પરંતુ આજે કોઈ એ બતાવી નથી શકતું કે એ ત્રણ કબરોમાંથી કઈ કબરમાં અબ્રાહમ લિંકનની માતા ચિરનિદ્રામાં છે.

ધીરે ધીરે થોમસ અને અબ્રાહમની મહેનતની કુહાડીએ એ જગ્યાની કાયા પલટી નાખી. ખેતીના બધા જ પાયાના નિયમોને અમલમાં મૂકવા માંડ્યા. આવક વધી પણ ત્યાં સુધી તો નાન્સી મૃત્યુ પામ્યાં હતાં. એ પછી થોમસ જલદી જ સમજી ગયા કે નવા જીવનસાથી વગર ઘરસંસારની ગાડી એ એકલા નહિ ખેંચી શકે. કંટેકી જઈને તેઓ સરાહદશ જોનસનને મળ્યા. તેમને પતિની તલાશ હતી અને થોમસને પત્નીની. થોમસ લગ્ન કરીને તેમને ઇન્ડિયાના લઈ આવ્યા. એમના આવતા જ ઘરની દશા બદલાઈ ગઈ. ફરસ બદલ્યું, દરવાજો લાગ્યો, શેત્રંજી-જાજમો લાગી. એટલું જ નહિ ત્યાં જ એક ઓરડો બનાવી તેમાં સરાહ અને થોમસના સંતાનો – ડેનિસ, અબ્રાહમ અને જોન – માટે અલગ સૂવાનો ઓરડો બનાવાયો.

એ સરાહ જ હતા જેમની પ્રેરણા વિશ્વાસ અને સમર્પણના લીધે થોમસના પાંચે બાળકો ક્રાફર્ડની શાળામાં જવા માંડ્યા. જોકે શાળા એક માઇલ દૂર હતી. અહીં પણ થોમસ લિંકનને નસીબે સાથ ન આપ્યો. ક્રાફર્ડની શાળા માત્ર ત્રણ મહિનામાં બંધ થઈ ગઈ. પરિણામે એક વરસ સુધી બાળકો શાળાના શિક્ષણથી વંચિત રહ્યા. પંદર વરસની ઉંમરે અબ્રાહમ લિંકનને અક્ષરજ્ઞાન પ્રાપ્ત થઈ શક્યું, જેની મદદથી તેઓ થોડી મુશ્કેલી વેઠી થોડું ઘણું વાંચી શકતા હતા. પછી એ લોકો એજલ ડોર્સીની શાળામાં જવા લાગ્યા. આ શાળા ઘરથી લગભગ ચાર માઇલ દૂર હતી. અબ્રાહમ અને તેમનાં બહેન જંગલમાં થઈને દરરોજ શાળાએ જતાં. ડોર્સી ઊંચેથી ભણાવવામાં વિશ્વાસ રાખતા હતા અને એમની માન્યતા હતી કે બાળકો પણ ઊંચેથી બોલી બોલીને પાઠ યાદ કરે. તેથી એક માઇલ દૂરથી જ ખબર પડી જતી હતી કે ડોર્સીની શાળા ક્યાં છે. શાળા કેવી ? – એ પણ લાકડાના કેબિનમાં ચાલતી હતી. એટલે કે અબ્રાહમ ટુકડે ટુકડે વરસ સુધી શાળાએ જઈ શક્યા. આમ છતાં તેઓ પુસ્તકો વાંચતા શીખી ગયા. એટલું જ નહિ તેમને પુસ્તકો વાંચવામાં રસ પણ જાગી પડ્યો. તેઓ શોધી શોધીને પુસ્તકો વાંચવા માંડ્યા. એમનું લખાણ પણ સાફ અને સ્પષ્ટ હતું. ભાષા અને હાથલખાણના પ્રભાવને કારણે આસપાસના

લોકો તેમની પાસે પત્રો લખાવવા આવતા હતા. તેમના શરૂઆતનાં વર્ષોના આરંભિક અભ્યાસની સાથે સાથે તેમણે બેંજામિન ફ્રેંકલિનની આત્મકથા તથા જ્યોર્જ વૉશિંગ્ટનનું જીવનચરિત્ર વાંચી કાઢ્યા. તે ઉપરાંત લિંકન સૌથી વધુ ઇતિહાસના એક પુસ્તકથી પ્રભાવિત થયા. એ પુસ્તક હતું 'સંયુક્ત રાજ્યનો ઇતિહાસ'. ગ્રીમશાએ લખેલું એ પુસ્તક અમેરિકાની શોધ અને ફ્લોરિડાના વિલયનો વિવરણાત્મક ઇતિહાસ વ્યક્ત કરે છે. આ પુસ્તકથી લિંકન એટલા જ પ્રભાવિત હતા જેટલા રસ્કિનના પુસ્તક 'અન ટુ ધી લાસ્ટ'થી મહાત્મા ગાંધી. અહીંથી જ તેમનામાં ગુલામીની પ્રથાની વિરુદ્ધ બળવો ઊછર્યો. ગ્રીમશાનું ચર્ચિત વાક્ય 'ગુલામીની પ્રથા લાલચ અને આધારહિનતાની ચરમસીમા છે.' આ જ પુસ્તકમાં છે. આ ધ્વનિ જેવું, 'બધા જ સમાન રૂપે જનમ્યા છે', ગ્રીમશાનું સૂત્ર વાક્ય હતું, જેણે લિંકનનું જીવન બદલી નાખ્યું. એ માર્ગ જેના ઉપર ચાલીને લિંકન પોતાના વિચારોમાં પ્રૌઢ અને દૃઢ થયા અને જેણે તેમને એક વૈચારિક ઊંચાઈ પ્રદાન કરી એ ગ્રીમશાથી જ શરૂ થાય છે.

પોતાના બાળપણમાં લિંકન બાળકોને એકઠા કરી વાતચીત કરતા કરતા ટુચકાઓ સંભળાવવાનું ભૂલતા નહોતા. આ જ રીતે એક સાથે બે ઘટનાઓ થઈ. એક એમની અંદર સતત ક્રમબદ્ધ રૂપે પોતાને વ્યક્ત કરવાની રીત પેદા થઈ. બીજું પોતે કહેલી વાતો ઉપર સામાવાળાને અસહમતીનો સમય આપ્યા વગર જ તેને સહમત કરવાની કાબેલિયતનો વિકાસ થયો. આને જ આગેવાની કરવાની કાબેલિયત કહે છે. લાંબી ભુજાઓ અને ૬ ફીટ ૪ ઈંચના કદને કારણે લિંકનના સાહસ અને શારીરિક ક્ષમતાને તો બધા માનતા જ હતા. એમના ધારાપ્રવાહ બોલવાને કારણે તેમની ઉંમરના મોટા ભાગના છોકરાઓ તેમના ઉપર ફીદા થઈ ગયા. એ પ્રમાણે લિંકન બાળપણથી જ એક નાયકની પ્રતિછબીના યુવક હતા. જીતતો યુવક, હરીફાઈમાં આગળ દેખાતી શક્તિનો પ્રતિનિધિ યુવક. તેટલા માટે લિંકનને એ વાતની કોઈ પરવા નહોતી કે પોતે કેવાં કપડાં પહેર્યાં છે કે તેમના સાથીદારોએ કેવાં કપડાં પહેર્યાં છે કે પહેરે છે. એમની આર્થિક સ્થિતિ એમને એ બાબતે રજા પણ નહોતી આપતી. તેઓ એટલા ગરીબ હતા કે અંકગણિતની ચોપડી પણ ખરીદી શક્યા નહોતા. તેથી તેમણે કાગળની એક નોંધપોથી બનાવી અને પોતાના દોસ્ત પાસેથી અંકગણિત લઈ પૂરેપૂરી નોંધપોથીમાં ઉતારી લીધું. એ નોંધપોથી ઉપર બનેલું પુસ્તક અંતિમ સમય સુધી તેમની સાથે રહ્યું.

તરુણ અવસ્થાએ તેમને એક સાથે કવિતા અને ગદ્યમાં પણ નિપુણ બનાવી દીધા હતા. તેઓ અનવરત રીતે પોતાના વિચારો અને કાર્યોને પ્રકાશિત કરાવવા ઇચ્છતા હતા. વિલિયમ વુડ પાસે તેઓ પોતાની કવિતાઓ લઈને ગયા પણ હતા.

રાજનીતિ ઉપર લખેલ તેમના લેખોથી એક વાચક એટલો પ્રભાવિત થયો કે તેમના એક લેખને ઓહિયોના એક સમાચારપત્રમાં છપાવ્યો. લેખ મદ્ય-નિષેધ ઉપર હતો. મજાની વાત તો એ છે કે તે લેખ એક ઉપદેશ માત્ર નહોતો, પ્રેરણાદાયી હતો. એને વાંચતા વાંચકોમાં દારૂ ન પીવાનો વિચાર આવવા લાગતો. આ લિંકનની પોતાની શૈલી હતી.

લિંકનને લખવાની પ્રેરણા તેમની જોડે રમનારાં બાળકો પાસેથી જ મળી હતી. આપણા સૌની આસપાસ અનેક ઘટનાઓ થતી રહે છે, પરંતુ એમનાથી જે લોકો શીખે છે, સમય એમને જ મહાન લોકોની શ્રેણીમાં ઊભા કરી દે છે. થયું એમ કે એક વાર લિંકન અને એમના મિત્રો રમી રહ્યા હતા. રમત-રમતમાં તેઓ એક કાચબાને લઈ આવ્યા અને તેને એક ધગધગતા કોલસા ઉપર પટક્યો. તેઓ એને જીવતો જ શેકી નાખવા માગતા હતા. પહેલા તો લિંકને એ દોસ્તોને વાર્યા પણ પછી ખુલ્લા પગે જ ધખતા કોલસાને લાત મારી દીધી. એમનો પહેલો નિબંધ પણ 'પશુઓ સાથે દયાભાવ' ઉપર હતો. તેમના પોતાના અધૂરા ખામીવાળા ભણતર સાથે પણ તેમનામાં જ્ઞાન પ્રત્યે પ્રેમ અને શીખવાની અદમ્ય ઇચ્છા હતી. ઈ.સ. ૧૮૪૭માં તેઓ કૉંગ્રેસમાં જોડાયા. એ સમયે એમણે પોતાની આત્મકથાના શિક્ષણના હાંસિયાને ખાલી છોડી દીધો હતો. આ બાબતે કોઈએ તેમને પૂછ્યું કે આનો શું અર્થ છે ? જવાબમાં લિંકને કહ્યું, 'અરધું-અધુરું શિક્ષણ.'

શિક્ષણ પ્રત્યેના રસના લીધે લિંકનનો પ્રવેશ એકદમ નવી જ જાદુઈ દુનિયામાં કરાવી દીધો જેનું સ્વપ્ન પણ લિંકને જોયું નહોતું. એણે લિંકનની ક્ષિતિજને કેવળ વ્યાપક જ બનાવી એટલું જ નહિ, પરંતુ લિંકનને નવો દષ્ટિકોણની પણ ભેટ આપી. એમની અપરમાતા પોતાની સાથે નાનકડું વાચનાલય લઈ આવ્યાં હતાં તેમાં 'સિંદબાદ ધી સેઇલર', 'રોબિન્સન ક્રૂઝો', 'બાઇબલ' આદિ પુસ્તકો હતાં. આ પુસ્તકોમાંથી પૂરતો પ્રકાશ ગ્રહણ કરી લીધા પછી લિંકનની આંખો થાકી નહિ, પરંતુ તેઓ જરૂરી અજવાળાની શોધમાં ભટકવા લાગ્યા. તેઓ પુસ્તકો અને સમાચારપત્રો મેળવવા લાગ્યા. આ પ્રમાણે જ ઓહીઓ નદીના કિનારે ભ્રમણ કરતા તેમને ઇન્ડિયાનાના પુનઃરક્ષિત કાયદાની નકલ મળી ગઈ. તે પછી જ તેમણે અમેરિકાના બંધારણ અને સ્વાધીનતાની ઘોષણાને પહેલી જ વાર વાંચ્યા.

એક વખતની વાત છે, પુસ્તકોની પિપાસાને કારણે તેઓ પોતાના પાડોશી પાસેથી પારસન વિમ્સે લખેલું પુસ્તક 'વૉશિંગ્ટન' લઈ આવ્યા. અરધી રાતથી પણ વધુ જાગીને તેને વાંચતા રહ્યા. સવારે પણ જલદી જલદી પુસ્તક વાંચ્યું, પરંતુ થોડીક બેદરકારીને કારણે પુસ્તક પાણીમાં પલળી ગયું. લિંકન જ્યારે પાડોશીને

પુસ્તક પાછું આપવા ગયા તો પાડોશીએ પાણીમાં પલળેલું પુસ્તક પાછું લેવાનો ઇનકાર કર્યો. લિંકન પાસે પુસ્તકની કિંમત ચુકાવવાના પૈસા તો હતા નહિ, તેથી તેમને ત્રણ દિવસ સુધી પાડોશી ખેડૂતને ત્યાં કામ કરવું પડ્યું. ત્યાર પછી જ તેમનો પીછો છૂટ્યો. આ જ પ્રમાણે એક વાર 'સ્કોરના અધ્યાય' નામનું પુસ્તક લિંકનના હાથમાં આવી ગયું. તેમાં સિસેરો અને ડેમોસ્થિસનાં ભાષણો હતાં. શેક્સપિયરનાં અનેક પાત્રોનો પરિચય પણ આ જ પુસ્તક મારફતે થયો. આથી જ લિંકન જનતાને સંબોધિત કરવાની રીતથી પરીચિત થયા. પુસ્તકો પ્રત્યે વધતા જતા રસ અને નવા નવા જ્ઞાનલોકની વચ્ચે પણ લિંકનને હંમેશાં કંઈક ને કંઈક કામ તો કરવું જ પડતું હતું. ખેતરોમાં હોય કે કોઈ ઘર-મકાનનું કામ કરવાનું હોય અથવા લાકડાના લઠ્ઠા ખસેડવાનું કામ કે ધોડા સંભાળવાનું કામ, તેઓ કોઈ પણ કામને કરતા કરતા વાંચવાનું ભૂલતા નહોતા. એમનું કુટુંબ જમવા માટે જમવાના ટેબલ ઉપર તેમની રાહ જોતું રહેતું, પરંતુ તેઓ તો વાંચવામાં મગ્ન રહેતા. અદાલતો ચાલતી ત્યારે તેઓ ૧૫-૧૫ માઇલ પગે ચાલીને વકીલોના ધારદાર તર્કો સાંભળવા જતા.

ઈ.સ. ૧૮૩૦ના શિયાળામાં ફરી એક વાર 'દૂધની બીમારી'માં લોકો મરવા માંડ્યા. ચારે કોર હાહાકાર મચી ગયો. ટોમ લિંકને પણ ત્યાંથી પલાયન થવાની તૈયારી કરી. પોતાનું ખેતર ૮૦ ડૉલરમાં વેચી કાઢ્યું. કેટલા બધા સુવરો અને અનાજ વેચ્યા, થોડુંક મુસાફરી માટે પોતાની સાથે રાખ્યું. એક વજનદાર મોટો બોજો તૈયાર કર્યો અને ઇલીનોઇસની ખીણ તરફ રવાના થયા. જેને 'સંગામાન' તરીકે કહેવામાં આવતું – અર્થાત્ એવી જગ્યા જ્યાં પર્યાપ્ત ખોરાક હોય. બધું મળીને એક બળદગાડી હતી જેના ઉપર જરૂરથી વધારે બોજો લાદવામાં આવેલો. લગભગ બે અઠવાડિયાં સુધી ધીમે ધીમે ચરર ચૂં કરતી બળદગાડી પહાડી પ્રદેશના એક સૂમસાન સ્થાનમાં વિલાપ કરતી ટૂટી પડી. આસપાસનું વાતાવરણ બેહદ કઠોર અને રૂક્ષ હતું. હર્નડને આ બાબતે લખ્યું છે કે એક વાર લિંકને પોતે આ ભયાનક મુસાફરીનું વર્ણન કહી સંભળાવ્યું હતું. તેમના શબ્દોમાં 'તે એક ઉબાવી દેનાર, થકવી નાખનાર અને દર્દનાક મુસાફરી હતી.' દિવસનો થોડોક જ ભાગ સહન થઈ શકતો હતો. પછી તો હાડ કંપાવનારી ટાઢ પડતી હતી. રસ્તામાં બરફ પીગળી ચૂક્યો હતો. વચ્ચે બાબાશ નદી આવી. એવામાં એમનો કૂતરો ગાડીમાંથી કૂદી પડ્યો. તે ડૂબવા લાગ્યો. તેને ડૂબતો જોઈ લિંકનથી રહેવાયું નહિ. તેઓ એને બચાવવા માટે બરફવાળા પાણીમાં કૂદ્યા. જેમ તેમ કરીને સંચમન નદી પાર કરી તેઓ ડેકાટર ગામે પહોંચ્યા. ડેકાટર ગામ જાણે કે રાહ જોઈ રહ્યું હતું. ત્યાં અબ્રાહમને ઘણું કરવાનો અને પોતાને સાબિત કરવાનો મોકો મળ્યો.

ડેકાટર ગામની જમીન અબ્રાહમ લિંકનના પહેલા રાજનૈતિક ભાષણની પણ સાક્ષી રહી છે. સંજોગવશાત જ પણ પહેલી વાર અહીં જ લિંકનને પોતાના પ્રવાહપૂર્ણ, ઓજસ્વી ભાષણથી જનતાને મંત્રમુગ્ધ કરવાની તક મળી. આનાથી પહેલા બે રાજનૈતિક વિચારવાળા ભાષણોથી જનતા વાજ આવી ચૂકી હતી.

આ રીતે ડેકાટરમાં લિંકનનું જીવન થોડુંક વ્યવસ્થિત થયું, પરંતુ અબ્રાહમ પોતાના પિતાથી અનેક બાબતોમાં અસંમત થઈ રહ્યા હતા. એમાં શિક્ષણની ઉપેક્ષા પણ એક જરૂરી મુદ્દો હતો. પોતાની ૨૧મી વસંત વિતાવીને તેઓ સંગામો શહેર ચાલ્યા ગયા. એક વખત તેઓ સંગામો નદીને પાર કરી રહ્યા હતા. એમની પાસે ડોંગી હતી. એનું સંતુલન બગડી ગયું અને તેઓ બરફવાળા પાણીમાં પડી ગયા. મેજર વાર્નિકના ઘેર પહોંચતા પહેલા જ તેમના પગ ટાઢને કારણે અકડાઈ ગયા. લગભગ એક મહિના સુધી અબ્રાહમ ચાલી શક્યા નહિ. આના પહેલા તેઓ મેજરની પુત્રી ઉપર મોહી પડ્યા. વાતને મનમાં રાખવાનું એ નવયુવકે શીખ્યું નહોતું. એમણે પોતાની વાત એમની પુત્રીને કહી પણ દીધી. એ તો સીધેસીધો લગ્નનો પ્રસ્તાવ હતો. તેણે આ વાત મેજરને કહી નાખી. એમ તો મેજર વાર્નિક લિંકનથી ખાસા પ્રભાવિત હતા, પણ આ વાત એમને રુચિ નહિ. એમનાં ભવાં ચડી ગયાં. મેજરની પુત્રી એક કદરૂપા, મૂર્ખ અને અભણ માણસને પરણશે ! એની પાસે ધન નથી, નથી સંપત્તિ કે નથી કોઈ ભવિષ્ય. ખેતરોમાં બબ્બે દશકા ગાળ્યા છતાં તેની પાસે એક તસુ જેટલી જમીન પણ નહોતી.

સંગામો શહેરમાં અબ્રાહમ ડોંગી ચલાવતા. ત્યાંથી તેઓ એક વેપારીનો માલ લઈ ન્યૂ ઓર્લિયંસમાં વેચાણ કરવામાં મદદ કરતા. આની પહેલા તેઓ સુથારીકામ, કારકુની કરી ચૂક્યા હતા, પણ ધીરે ધીરે તેઓ પોતાના સંકલ્પને પૂરો કરવામાં લાગેલા હતા. કાયદાનો અભ્યાસ કરી એક સારા રાજનીતિજ્ઞના રૂપમાં જીવનને ઘડવાનો તેમણે સંકલ્પ કર્યો. ઘટના ઈ.સ. ૧૯૩૧ની છે. લિંકન સંગામોથી એક વેપારીનો માલ લાદીને ન્યૂ ઓર્લિયંસ જઈ રહ્યા હતા ત્યારે જ તેમની હોડી ન્યૂ સલેમ ગામની સામે રોકાઈ ગઈ. ત્યાં હકીકતમાં એક બંધ હતો. હોડીમાં મકાઈ તથા સુવરનું માસ લાદેલું હતું. વજન એટલું ભારે હતું કે હોડી આગળ નહોતી વધી શકતી. તેમાં પાણી ભરાવા લાગ્યું. તેથી લોકોમાં ઉત્તેજના ફેલાવા લાગી અને કુતૂહલ પણ હતું કે લિંકન અને એમના સાથીદારો આ હોડીને સામાન સહિત કેવી રીતે પાર પહોંચાડશે. લિંકન પાણીમાં ઊતરી ગયા. તેમણે આગળના સામાનને પાછળ ધકેલી દીધો. પરિણામે હોડીનો આગળનો ભાગ ઊંચો થઈ ગયો અને હોડી નદી પાર પહોંચી ગઈ. ન્યૂ સલેમના જેટલા લોકો જોઈ રહ્યા હતા તે બધા જ

પ્રભાવિત થયા વિના રહી શક્યા નહિ. આ આખા ઘટનાક્રમને ઓફ્ટ નામના એક વેપારી જોઈ રહ્યા હતા. હકીકતમાં તેઓ મિસીસિપી નદીથી ન્યૂ ઓર્લિયંસની મુસાફરી ઉપર હતા. તેમણે કહ્યું, 'હું તમારાથી ઘણો જ પ્રભાવિત છું. તમારા જેવા કર્મઠ અને મહેનતુ માણસને એક દિવસ પોતાની મંઝીલ જરૂર મળશે. હું મુસાફરીએથી પાછો વળીશ ત્યારે અહીં એક સ્ટોર ખોલીશ. હું તમને એના મૅનેજર તરીકે નિયુક્ત કરીશ.' જુલાઈ મહિનામાં લિંકન ત્યાં પહોંચ્યા પણ ઓફ્ટનો સ્ટોર ખૂલ્યો નહોતો. આ દરમિયાન ફરીથી તેમને જાતજાતના કામ કરવા પડ્યા. એવા કામ જેમાં તાકાત અજમાવવી પડતી. અર્થાત્ હાડતોડ મહેનત કરી એ જવાને પોતાની રોજી-રોટી ચલાવી.

સપ્ટેમ્બરમાં ઓફ્ટે પોતાનો વાયદો નિભાવ્યો અને સ્ટોર ખૂલી ગયો. તેમણે લિંકનને સ્ટોરના મૅનેજર પણ બનાવી દીધા. આ એ સમય હતો જ્યારે ન્યૂ સલેમ વ્યાપારી કેન્દ્ર તરીકે વિકાસ પામી રહ્યું હતું. કસબામાં લાકડા ચીરવાની સો મિલ હતી. આ મિલ નદીના વહેણની ઊર્જાથી ચાલતી હતી. લુહાર, સુથાર અને જાત-જાતના કામ કરનારા કારીગરોની સાથે સાથે અનેક સ્ટોરો પણ ઉપસ્થિત થઈ ગયા હતા. સ્વાભાવિક રીતે જ ધંધાકીય અને વ્યાપારિક હરીફાઈઓ થવા લાગી. ડૅંટન ઓફ્ટને પોતાનો સ્ટોર ચલાવવો હતો. તેથી તેઓ લિંકનની પ્રશંસા કરતા. કેટલીક વાર તો પ્રશંસા પ્રશસ્તીમાં બદલાઈ જતી. તેઓ લિંકનને માત્ર સમજદાર અને બુદ્ધિશાળી જ નહિ, પણ ખડતલ શરીરવાળા હોવાનો ઢંઢેરો પીટતા રહેતા. હરીફાઈના દોરમાં આવી વાતો બીજા સમૂહોના લોકોને ગમતી નથી. નજીકમાં કૈટીગ્રૂવ નામનું ગામ હતું. ત્યાં જેક આર્મસ્ટ્રોંગ રહેતો હતો. આર્મસ્ટ્રોંગ મજબૂત કદકાઠીનો પહેલવાન હતો. એના પ્રશંસકો એ વાતથી ખિન્ન રહેતા હતા કે ઓફ્ટ વિના કારણે લિંકનની તાકાતના ગીત ગાતા રહે છે. એમણે શરત લગાડી દીધી અને આર્મસ્ટ્રોંગ સાથે લડવા માટે ઓફ્ટને પડકાર મોકલી આપ્યો. લિંકનને આ બધું ગમતું નહોતું. તેઓ પોતાની તાકાત અને માનસિક મજબૂતીનો ઉપયોગ ગુલામીની પ્રથાની વિરુદ્ધ કરવા માગતા હતા. પોતાની શારીરિક ક્ષમતાને બળદની જેમ ખર્ચ કરવામાં તેમને રસ નહોતો. લિંકને ઇનકાર કરી દીધો. ઓફ્ટ તરફથી થતા દબાણ અને બીજા લોકો તરફથી થતા ઉશ્કેરાટને કારણે અંતે આર્મસ્ટ્રોંગ સાથે લડવું પડ્યું. બંને વચ્ચે થયેલા મલ્લયુદ્ધમાં લિંકન દરેક વખતે પ્રભાવી રહ્યા, પરંતુ કુસ્તી બૉક્સિંગના નિયમોની અવગણના કરીને આર્મસ્ટ્રોંગ બાજી મારી ગયો, પરંતુ લિંકનની શક્તિનો બધાએ એકી સ્વરે સ્વીકાર કર્યો.

તે છતાં લિંકને આ ક્ષેત્રમાં આગળ કોઈ પ્રયાસ કર્યો નહિ. એમની દોસ્તી અને સંપર્ક પહેલવાનોના બદલે બૌદ્ધિકો જોડે વધવા લાગ્યા. તેઓ ત્યાંની વાદ-

વિવાદ ક્લબના સદસ્ય બની ગયા. ક્લબમાં નિરંતર કાર્યક્રમો થતા રહેતા અને દરેક સભ્યે પોતાનો ક્રમ આવે ત્યારે કંઈ ને કંઈ બોલવું પડતું. લિંકનની વિષય પ્રત્યેની સમજણ, તેના સમર્થનમાં એકઠા કરેલા તર્કો અને ધારાપ્રવાહી ભાષાએ શ્રોતાઓના મન મોહી લીધાં. બધા જ એ વાત ઉપર સંમત હતા કે એક દિવસ લિંકનની વાક્‌પટુતા તેમને શિખર ઉપર લઈ જશે. ઓફ્ટ લિંકનથી એટલા પ્રભાવિત હતા કે તેઓ પોતાનું કામ વધાર્યે જતા અને તેની જવાબદારી લિંકન ઉપર નાખી દેતા. લિંકન પણ તેમને નિશ્ચિંત કરી દેતા. લિંકનની ઇમાનદારી, હિસાબી કામકાજની ક્ષમતા, ગ્રાહકો અને અન્ય લોકો જોડેનો વિનમ્ર વ્યવહાર આ બધા ગુણોએ લોકોને લિંકનના પ્રશંસક બનાવી દીધા. આ બધા દોરમાં પણ લિંકન કોર્ટની કાર્યવાહી જોવાનો સમય કાઢી લેતા. આમ તેમનો રસ કાયદામાં વધતો ગયો અને કાયદાનો અભ્યાસ કરવા લાગ્યા. કાયદામાં એમની પ્રવીણતાનું એથી મોટું ઉદાહરણ શું હોઈ શકે છે કે તેઓ જલદી જ કાયદાકીય દસ્તાવેજો તૈયાર કરવા અને સલાહો પણ આપવા લાગ્યા. એટલું જ નહિ, ક્ષેત્રિય વિકાસમાં પણ તેમની રુચિ વધવા લાગી. પાણીમાં કામ કરવાનો તેમની પાસે અનુભવ હતો – એક કાબેલ નાવિક જેવો અનુભવ. આ કારણે એમણે વિચાર્યું કે સંગમોન નદીનો નૌકા વ્યવહાર માટે કેવી રીતે ઉપયોગ થઈ શકે. એના માટે તેમની પાસે પોતાની યોજના હતી. આ બાબતે તેમણે સ્થાનિક સમાચારપત્રમાં એક લેખ પણ લખ્યો. એમ તો લખાણની દૃષ્ટિએ તે લેખ બાલીશ હતો, છતાં એ લેખમાં તેમની યોજનાનું તર્કપૂર્ણ વિવરણ તેમજ આગામી વિધાયકોની ચૂંટણીમાં પોતે ઊભા રહેવાની ઇચ્છા સામેલ હતી. ન્યૂ સલેમ કસબો સંગમોન નદીના મુખ ઉપર વસેલું હતું તેથી નદીનો ઉપયોગ વેપારી કાર્યો માટે વધુમાં વધુ થવો જોઈએ. આ જ બધાની ઇચ્છા અને માગ હતાં, પણ વિરોધ ક્યાં નથી હોતો ! અહીં પણ એક સમૂહ એવો હતો જે નદીની ઉપેક્ષા કરી ઇલિનોય નદીને સ્પ્રિંગફીલ્ડ તથા જૈક્સન વિલેની સાથે જોડવા માગતો હતો અને તે પણ રેલ રસ્તે. આમ થવાથી ન્યૂ સલેમનો પ્રભાવ સમાપ્ત થઈ જાત. ન્યૂ સમેલ તરફથી લિંકનનો મુદ્દો એ હતો કે સંગમોન નદીનો વિકાસ થાય તો એનો જળમાર્ગ ઘણી રીતે વેપારીઓને લાભ પહોંચાડે. આમ થશે તો તૈયાર માલ બહારથી આવી શકશે અને આપણે ખેતીની પેદાશ બહાર મોકલી શકીશું, જેથી ઉદ્યોગ-ધંધાઓ માટે અપેક્ષાકૃત નવી સંભાવનાઓ ખૂલશે. આ જ તર્કો અને નિષ્પત્તિઓના કારણે ઈ.સ. ૧૮૩૨ની વસંત ઋતુમાં વાદવિવાદ ક્લબના સભ્યોએ લિંકનની ઇચ્છા ઉપર મહોર મારી દીધી જેથી સ્થાનિય વિધાનસભામાં જનતાનો એક એવો પ્રતિનિધિ પહોંચે જેને ત્યાંની ભૌગોલિક અને સામાજિક જાણકારી હોય અને તે ન્યૂ સલેમને નવી સિકલ આપી શકે.

પણ આ વચ્ચે જ ફરીથી એમનું નસીબ એમને સંઘર્ષમાં ઘસડી ગયું. સિપાઈગીરીનો એમને અનુભવ નહોતો. એ પણ હવે થઈ ગયો. થયું એમ કે ઇલિનાયની પશ્ચિમ દિશામાં મિસીસિપી નદીને પાર રેડ ઇન્ડિયન આદિવાસીઓનો પ્રદેશ હતો. ઇલિનાય અને આદિવાસી ઇલાકાના નેતાઓમાં સંધિ હતી કે તેઓ એકબીજાના ઇલાકામાં પ્રવેશ નહિ કરે. તેમ છતાં રેડ ઇન્ડિયનોના નેતા બ્લેક હોકે સંધિ તોડીને ઇલિનાય ઉપર હુમલો કરી દીધો. સ્વાભાવિક રૂપે અમેરિકનો માટે આ એક રાષ્ટ્રીય સંકટ હતું. આને પહોંચી વળવા માટે સેનામાં નવી ભરતી થઈ. લિંકન પોતાના સાથીદારો સહિત ઈ.સ. ૧૮૩૨માં ભરતી થઈ ગયા. આ બાબત પહેલાની હકીકત એમ છે કે ધીરે ધીરે એમના સ્ટોરના માલિક ઓફટનો વેપાર એકદમ ઊખડી ગયો હતો. આ કારણે તેમણે પોતાનો સ્ટોર અને બીજા કામકાજ બંધ કરી દીધા હતા. ઓફટના આ ફેંસલાથી લિંકન ફરીથી સડક ઉપર આવી ગયા હતા. આ પછી તરત જ થઈ સેનાની ભરતી અને તેમાં લિંકન ભરતી થઈ સ્વયંસેવક બની ગયા. પરંપરા અનુસાર સ્વયંસેવકોએ પોતાનો નેતા ચૂંટવાનો હતો. લિંકન ભારે સમર્થનથી નેતા ચૂંટાયા. આથી તેમને પર્યાપ્ત સંતોષ થયો. એમને લાગ્યું કે એમના પરિશ્રમ અને પ્રતિબદ્ધતાની પિછાણ થઈ ગઈ છે. લોકો હવે તેમને તેમના ધ્યેય, નિષ્ઠા અને સમર્પણના કારણે ઓળખવા લાગ્યા છે. આ તેમને માટે શાતાભર્યો સમય હતો. એટલા માટે પણ કે જેક આર્મસ્ટ્રોંગ તેમનો પહેલો સાર્જન્ટ બન્યો. એપ્રિલથી જુલાઈ સુધી લિંકન આ કામમાં રચ્યાપચ્યા રહ્યા. અહીં જ એમને અનેક મિત્રો મળ્યા જે પાછળના જીવનમાં પણ તેમની સાથે જોડાઈ રહ્યા. આના પછી જ લિંકન ન્યૂ સલેમ પહોંચ્યા, જ્યાંના લોકો તેમની ઇચ્છા અનુસાર લિંકનની ચૂંટણીની વાટ જોઈ રહ્યા હતા. એમ તો ચૂંટણી લડવી એ લિંકન જેવાના વશની વાત નહોતી. એટલા માટે કે માત્ર કેટલાક દોસ્તો અને શુભચિંતકોના બળ ઉપર ચૂંટણીઓ જીતી શકાતી નથી, પરંતુ લિંકને હિંમત ન હારી અને હોસલો ખોયો નહિ. તેઓ ન્યૂ સલેમને આત્મનિર્ભર વેપારી કસબો આપવા માટે પ્રતિબદ્ધ હતા. તેઓ સંગમોન નદીના ઉપયોગનો તર્ક આપી રહ્યા હતા અને વિરોધીઓ પ્રચાર કરી રહ્યા હતા કે નદીનું જળસ્તર નીચે જઈ રહ્યું છે તેથી અહીં સ્ટીમરો ચાલી શકશે નહિ. લિંકને પોતાના વિચારના સમર્થનમાં એક પરિપત્ર કાઢ્યો, જેમાં ફક્ત સંગમોન નદીને જળમાર્ગના રૂપમાં વિકસિત કરવાની જ વાત નહોતી, પરંતુ વિરોધીઓ ઉપર તીખો પ્રહાર પણ હતો. લિંકને સાબિત કર્યું કે રેલયોજના ઉપર થનારો ખર્ચ લાભની સરખામણીમાં ઘણો વધારે છે. પરિપત્રના ઉપસંહારમાં લિંકને કહ્યું કે પોતે જો જીતી જશે તો ક્ષેત્રના વિકાસ માટે કામ કરશે, પરંતુ જો હારી જશે તોય તેમના માટે એ

વાત અસહનીય તો નહિ હોય, એટલા માટે કે નિરાશા સહન કરવાના તેઓ અનુભવી છે.

જલદી જ ખબર પડી કે એક સ્ટીમર 'તલિસ્માન' સિનિસિનાટીથી ઊપડીને સંગમોન નદી માટે રવાના થઈ છે. તેનો ઉદ્દેશ્ય સંગમોન નદી ઉપર સ્ટીમરોના ઉપયોગની સંભાવનાઓની તપાસ કરવાનો હતો. એમ તો એને પોર્ટલેન્ડ લેંડિગ સુધી આવવાનું હતું. આ સમયે લિંકન ન્યૂ સલેમના પોતાના સમર્થકો સહિત બર્ડ્સ ટાઉન પહોંચી ગયા અને સ્ટીમરની વ્યવસ્થા પોતાના હાથમાં લઈ લીધી. આ એટલા માટે પણ શક્ય થઈ શક્યું કે સંગમોન નદીને જળમાર્ગના રૂપે ઉપયોગ કરવાની વાતના જનક લિંકન જ હતા. લિંકન ૨૪ માર્ચ ૧૮૩૨ના રોજ સ્ટીમરને પોર્ટલેન્ડ લેંડિગ સુધી લઈ જઈ શક્યા. આથી લિંકનના પ્રભાવ ક્ષેત્રમાં તેમજ તેમના સમર્થકોની સંખ્યામાં વધારો થયો. ચૂંટણીની હોડમાં ૧૨ ઉમેદવારો મેદાનમાં હતા. ત્યાંની પરંપરા અને રાજનૈતિક રિવાજ મુજબ દરેક ઉમેદવારે બધે ફરીને પોતાનો પરિચય આપવો પડતો અને પોતે મત શા માટે ઇચ્છે છે તે બાબતે પોતાની દલીલ પણ આપવી પડતી. લિંકને પણ તેમ કર્યું. એમની ઊંચાઈ ૬ ફીટ ૪ ઈંચ અને માથે ખેડૂતો જેવી સળીદાર હેટ. શરીર કરતા ટૂંકા પહેરેલાં કપડાં અને તડકામાં ફરવાથી ભૂરું પડી ગયેલ શરીર સાથે લિંકન લોકોની પાસે પહોંચ્યા. તેઓ પોતાના સમર્થકો પ્રત્યે એવો સંબંધ રાખતા કે તે બધા તેમના ધડકારાના ભાગ છે. એક વાર તેઓ એક સભા કરી રહ્યા હતા ત્યારે વિરોધી તંબુમાંથી કોઈએ લિંકનના સમર્થકને માર માર્યો. આથી લિંકન તો ભાષણ છોડીને મંચ ઉપરથી નીચે આવી ગયા અને માર મારવાવાળાને ઉપાડીને ફેંકી દીધો. એ તો લગભગ ૧૨ ફૂટ દૂર જઈને પડ્યો. ભીડ તેમની સાથે હતી. લોકોની શુભેચ્છાઓ હતી કે લિંકન જીતી જાય, પરંતુ લિંકન ચૂંટણી જીતી શક્યા નહિ અને પરાજયના દંશથી તેમને પણ ઘેરો આઘાત લાગ્યો. તેમ છતાં તેઓ તૂટ્યા નહિ, પરંતુ વધારે દઢતા સાથે અને મજબૂત ઇરાદાઓ સાથે તેમણે પોતાની પ્રતિબદ્ધતા બેવડાવી અને કામે લાગી ગયા.

ચૂંટણીઓ સમાપ્ત થઈ ગઈ હતી. લિંકન પાસે નાણા હતા નહિ. તેઓ કંઈક કરવાનું વિચારી રહ્યા હતા. ત્યારે જ ન્યૂ સલેમમાં સ્ટોર ચલાવી રહેલા બે ભાઈઓ સ્ટોરથી કંટાળી ગયા હતા. તેમનું નામ (અટક) હર્ડન હતું. તેઓમાંથી એકે પોતાનો હિસ્સો લિંકનના દોસ્ત બેરીને વેચી દીધો અને બીજાએ પોતાનો હિસ્સો લિંકનને વેચી દીધો. લિંકનને પોતાનો હિસ્સો ઇમાનદારી અને બીજાં કારણોથી મળેલ. આમાં નાણાની લેણ-દેણ નહોતી થઈ. નાણા હતા પણ નહિ. થોડાક દિવસોમાં જ તેમને હાથ એક બીજો સ્ટોર પણ આવી ગયો. બેરી વેપારમાં લાગી ગયો અને લિંકન

બચેલા સમયને અભ્યાસ માટે વાપરવા લાગ્યા. સ્ટોરના સમયે લિંકન ફક્ત પુરુષ ગ્રાહકો જોડે જ વાતચીત કરતા હતા. પુસ્તક-પ્રેમી હોવાથી તેઓ પગે ચાલીને જ જતા જેથી સારાં પુસ્તકો વાંચી શકે. શેક્સપિયરના અનેક નાટકો તેઓ કંઠસ્થ કરી ચૂક્યા હતા. અહીં જ તેમણે રોલેન્સે લખેલ 'દુનિયાનો ઇતિહાસ' પુસ્તક વાંચ્યું. પહેલા તો આ કસબા જેવા ગામમાં મર્યાદિત આવકવાળા લોકો રહેતા હતા, છતાં થોડો ઘણો સ્ટોર ચાલી નીકળે તે માટે તેઓ નિષ્ણાત વેપારીઓ જેવો વ્યવહાર કરતા નહોતા. ત્યાં સૌથી વધુ દારૂનું વેચાણ હતું. આથી પ્રેરણા પામી બેરીએ દારૂના વેચાણ માટે લાઇસન્સની માંગ કરી. બેરી અને લિંકનના નામે લાઇસન્સ મળ્યું, પણ તેમનો સ્ટોર બચી શક્યો નહિ. એને બંધ કરવો પડ્યો. આ દરમિયાન દારૂ વેચતા વેચતા અને પીતા પીતા બેરી લિંકનનો સાથ છોડી ગયો અને પાછળ મૂકી ગયો ઘણી મોટુ દેવું ! એ ચૂકવવામાં લિંકનને દોઢ દસકા જેટલો સમય લાગ્યો.

બેરીના ગુજરી ગયા પછી લિંકનની સ્થિતિ ફરીથી ખરાબ થઈ ગઈ. રોજબરોજની જિંદગી ગુજારવા માટે તો કંઈ મળતું નહોતું. ઉપરથી મસ મોટું દેવું. ૭ મે, ૧૯૩૪ના દિવસે તેમના સમર્થકોએ લિંકન માટે ગામના પોસ્ટ માસ્ટરનું કામ ખોળી કાઢ્યું. ગામમાં અઠવાડિયામાં બે વાર ટપાલ આવતી. જેમના સરનામા લખેલા હોતા, તેમને ટપાલ આપવામાં આવતી અને તેમની પાસેથી ખર્ચ વસૂલ કરવામાં આવતો. આમાં પોસ્ટ માસ્ટરનું થોડુંક કમિશન પણ હતું. લિંકન ત્રણ વરસ સુધી પોસ્ટ માસ્ટર રહ્યા. આટલાં વરસોમાં તેઓ કાંઈ વધુ કરી શક્યા નહિ, અલબત્ત નવરાશના સમયે બેસીને પુસ્તક વાંચવાનો આનંદ જરૂર પ્રાપ્ત કરતા. લિંકનના મિત્રો જાણતા હતા કે તેમના માટે કોઈ વધુ સારું કામ શોધવું જોઈશે. આ જ લોકોના સંપર્ક અને પ્રભાવને કારણે એક એવું કામ મળ્યું જેને લાયક તેઓ નહોતા. કામ હતું જિલ્લાનો સર્વે કરવાનું. તેમને ભૂમિતિનું જ્ઞાન નહોતું કે આ બાબતે કોઈ પણ વિષયનુંય જ્ઞાન નહોતું. નવી પેઢીને એ જાણીને આશ્ચર્ય થશે કે એ કામ માટે તેમણે પોતાને યોગ્ય બનાવ્યા. સંબંધિત વિષયનો પર્યાપ્ત અભ્યાસ કરી જ્ઞાન મેળવ્યું અને એને નિશ્ચિત સમયમાં પૂરું પણ કર્યું. તેમને ગામે-ગામે, તળાવે-તળાવે, સારી-ખોટી જગ્યાઓએ જવું પડતું. આ કામમાં બે માણસો તેમના મદદનીશ હતા. સાંજ પડ્યે જ્યારે તેઓ પાછા ફરતા ત્યારે તેમનાં વસ્ત્રો ચિંથરે હાલ થઈ જતાં. આમ છતાં તેમણે પોતાના કામને પૂરેપૂરી નિષ્ઠા અને સારા મનથી પૂરું કર્યું. કામ પૂરું થયા પછી કામ દેનાર ઑફિસર એટલા ખુશ થયા કે લિંકનને આંતર રાજ્ય સર્વેનું કામ પણ આપવામાં આવ્યું. એમ તો તે કામ લિંકનને જૉન હેલહોને આપેલું. તેઓ દેશના સર્વેક્ષક અને કટ્ટર ડેમોક્રેટ હતા. પાછળથી લિંકને

ક્યાંક કહેલું પણ ખરું કે અત્યાર સુધી વાદવિવાદમાં ભેટો થયેલ બધા જ હરીફોમાં તેઓ (જૉન કેલહોન) સૌથી ભયંકર પ્રતિપક્ષી હતા. તેમના મિત્ર નેંકર અબ્રાહમની મદદથી લિંકન સર્વેના કામમાં નિપુણ થઈ ગયા હતા. એમણે એ કામ પોતે વકીલાત કરવા લાગ્યા ત્યાં સુધી કર્યું. આશ્ચર્યની વાત એ છે કે લિંકને પોતાનું કામ પૂરેપૂરી સજાગ્રતાથી કર્યું હતું તેના પ્રમાણો મોજુદ છે.

અબ્રાહમ લિંકનના ચરિત્રની વિશેષતાઓમાં, સમયનો સદુપયોગ અને પોતાની નિર્બળતાને સબળતામાં બદલવા માટેનું ઝનૂન સામેલ છે. પોતાના પોસ્ટ માસ્ટર તરીકે કામ કરવાના સમય દરમિયાન તેઓ અનેક સાહિત્યકારોના સંપર્કમાં આવ્યા. તેમાં વોલ્ટાયર, બોલની, ટોમ પેડને જેવાના હસ્તાક્ષરો પણ સામેલ છે. ઈ.સ. ૧૮૩૪માં લિંકનને ફરી પાછા ચૂંટણીમાં ઉમેદવાર બનાવાયા. મેદાનમાં તેર ઉમેદવાર હતા. ચારને ચૂંટવાના હતા. એક પાર્ટી હતી ડેમોક્રેટ, એના અધ્યક્ષ હતા એંડ્રુ જેક્સન અને બીજી પાર્ટી સુધારાવાદી હતી. તેના નેતા હતા હેનરી ક્લે. લિંકન ક્લેની નજીક હતા. સર્વેમાંથી એટલા તો પૈસા મળી ગયા હતા કે જેથી લિંકને થોડું ઘણું દેવું ચૂકવ્યું હતું અને ચૂંટણીના નામે તેમને ચિંતા પણ થઈ નહિ. એ સમયે એમના એક વિરોધીએ એમ પણ કહેલું કે પાર્ટીને એમનાથી (લિંકનથી) સારો ઉમેદવાર મળતો નહોતો, પણ આ વખતે એમની (લિંકનની) વાક્‌પટુતા, વિષયો ઉપરની પકડ, વિપક્ષીઓને ધ્વસ્ત કરનારા તેમના ધારદાર તર્કો, ગજબનો આત્મવિશ્વાસ – આ બધાએ તેમના વિજય માટેનો માર્ગ મોકળો કરી દીધો. આ પછી સતત ત્રણ વાર ઉત્તરોત્તર બીજા કાર્યકાળો માટે પણ તેઓ ચૂંટાયા. આ લિંકનના પહેલા રાજનૈતિક વિજયના શ્રીગણેશ હતા. ઈ.સ. ૧૮૩૬માં જ્યારે તેઓ બીજી વાર ચૂંટણી લડવા માટે મેદાનમાં ઊતર્યા ત્યારે રાજ્યની રાજધાની સ્પ્રિંગફીલ્ડ થઈ ગઈ હતી. પહેલી વાર જ્યારે લિંકન ચૂંટણી જીત્યા ત્યારે તેમની પાસે વિધાનસભામાં પહેરવા માટે ઉચિત કપડાં પણ નહોતાં. તેમણે સૂટ માટે પૈસા ઉધાર લીધા હતા.

❐

: લિંકનનું જીવન બદલી નાખનાર બે વાક્યો :

(૧) 'ગુલામીની પ્રથા લાલચ અને આધારહિનતાની ચરમસીમા છે.'

(૨) 'બધા જ સમાનરૂપે જનમ્યા છે.'

૨

પહેલું પગથિયું

એક તરફ રાજનીતિની પાઠશાળા લિંકનને નવનવા અધ્યાયોનો પરિચય કરાવી રહી હતી તો બીજી તરફ ન્યૂ સલેમના જેક કેલસી લિંકનને અંગ્રેજી સાહિત્યની સ્વર સાધના સમજાવી રહ્યા હતા. જેક કેલસી કસબાનો અત્યંત અસફળ જણ હતો. એટલો અસફળ કે લોકો તેને ઘૃણાની નજરે જોતા, પરંતુ લિંકનને આ જણ પસંદ હતો. એટલો પસંદ કે જલદી જ તે લિંકનનો જીગરજાન દોસ્ત બની ગયો. લિંકન તેની વિદ્વતાથી બહુ પ્રભાવતિ હતા. કેલસી જ્યારે 'હેમલેટ' વાંચતો અને સંભળાવતો ત્યારે લિંકન મંત્રમુગ્ધ થઈ જતા. કેલસીની આ કાબેલિયતે લિંકનને પહેલી વાર બતાવ્યું કે અનંત સૌંદર્ય શું છે ? ભાવનાઓનો ઉદ્દેક ભરતી કેમ કરીને બને છે ? શું શેક્સપિયરે કદાચ લિંકન પાસેથી શ્રદ્ધા લીધી હતી કે ? શું બર્ન્સે લિંકનનો પ્રેમ જીત્યો હતો કે ? કે પછી કદાચ એટલા માટે જ એમ હશે. કેમ કે બર્ન્સ પણ લિંકનની જેમ જ ગરીબ હતા. એમનો જન્મ પણ લાકડાની જ કોટડીમાં થયો હતો. તેમના રૂપકો અને વિશેષણો પણ ભળતા જ હતા. કદાચ એટલા માટે પણ હોય કે બર્ન્સ પણ શરૂઆતના જીવનમાં ખેડૂત હતા. ગમે તેમ પણ બર્ન્સ અને શેક્સપિયરની કવિતાઓએ, તેમના સોનેટો અને ટ્રેજેડીએ લિંકનની દુનિયામાં ભાવના અને પ્રેમના સેંકડો નવા ઉજાસ ગોખો ખોલી નાખ્યા. એક બીજી પણ વાત જે કદાચ લિંકનને ભાવોના ઉછાળે ભરી દેતી હોય તે એ કે એ બંનેએ મહાવિદ્યાલયનું બારણું જોયું નહોતું. એટલું જ નહિ બંનેનું શાળાનું શિક્ષણ પણ લિંકન કરતા વધારે નહોતું. ક્યારેક ક્યારેક લિંકન પણ એમને વાંચતા વાંચતા એમ પણ વિચારતા કે ટોમ લિંકનના અર્ધશિક્ષિત પુત્ર એવા પોતે પણ આ રીતે જ કોઈ ખાસ કામ માટે જ જન્મ્યા હોય. લિંકનનો આ પ્રેમ ત્યારે પણ જીવંત રહ્યો જ્યારે તેઓ વ્હાઇટ હાઉસ ચાલ્યા ગયા – અમેરિકાના રાષ્ટ્રપતિ બનીને. એ

સમયના ગૃહયુદ્ધની ચિંતાઓની રેખાઓ તેમના ચહેરા ઉપર ધસી પડેલા ગાલો ઉપર તથા ઊપસતી કરચલિયો ઉપર સાફ નજરે પડતી હતી. આવે સમયે પણ લિંકન પોતાના નજીકના દોસ્તોની જોડે 'મેકબેથ'ને જોરજોરથી બોલીને સંભળાવતા અને એ જ નાટકમાં ખોવાઈ જતા.

નવી વિધાનસભાના સદસ્ય બન્યા પછી લિંકને પોતાની તૈયારી વિંડેલિયા માટે કરી. અહીં જ વિધાનસભાનું પહેલું અધિવેશન થવાનું હતું. પોતાના શરૂઆતના દિવસોમાં તેઓ ફક્ત પોતાની તૈયારીમાં પડ્યા હતા, કાયદાના અધ્યવસાયમાં. પરિણામે એવા વિધાયકો જેઓ નવું બિલ લાવવાનું કરતા હતા તે બિલ તેઓ લિંકન પાસે લખાવતા હતા. એમ કરતા કરતા એમની કાયદાકીય સમજણની સાથે સાથે માનવોના કલ્યાણ માટે ઝઝૂમતા તેમના આત્માનાં દર્શન પણ વિધાયકોને થવા લાગ્યા. તેઓ ધીરે ધીરે લિંકનની શબ્દશક્તિ, કાયદાની પકડ અને વિશ્લેષણશક્તિ ઉપર આફ્રીન થવા લાગ્યા. આથી લિંકનની બૌદ્ધિક ધાક જામતી ચાલી.

નવી વિધાનસભાના પહેલા અધિવેશનની તૈયારી લિંકને સારી પેઠે કરી. એમાં ૨૦૦ ડૉલરના ઋણથી માંડીને શિક્ષણ પણ સામેલ હતા. શરૂઆતમાં તેઓ ખીલ્યા નહિ. તેઓ સમજવા માગતા હતા કે સંસદીય પ્રણાલીનું કામકાજ કેવી રીતે ચાલે છે, કાર્યવાહી કેવી હોય છે ? અધિવેશન સંપન્ન થયું તો તેમને પોતાના વેતનની બાકીની રકમ તરીકે ૧૫૮ ડૉલર મળ્યા. તે સમયે ૨૫૮ ડૉલર મળતા હતા, પરંતુ ડિસેમ્બર મહિનામાં જ લિંકન ૧૦૦ ડૉલર પ્રાપ્ત કરી ચૂક્યા હતા. આ રકમ લિંકને રળેલી સૌથી મોટી રકમ હતી. આ દરમિયાન બેરી ઍન્ડ લિંકને દેણું પૂરું ન ચૂકવ્યું હોવાથી કુર્કીનો હુકમ થઈ ગયો. ઈ.સ. ૧૮૩૫ની ગરમી અને વસંતમાં લિંકન પાસે કંઈ વધારે કામકાજ નહોતું. તેઓની ઉંમર ત્યારે ૨૬ વરસની થઈ ગઈ હતી. એમની સાદાઈ, ભોળપણ, સ્પષ્ટતા અને ધારદાર તર્કોના પ્રભાવને લઈ અનેક કન્યાઓએ તેમનામાં રસ દેખાડ્યો. છતાં આમાંથી કોઈ પણ કન્યા લિંકનના મનને સ્પર્શી શકી નહિ. સાહિત્ય અને સમાજના અભ્યાસના કારણે તેઓ મનના સંબંધોને માન આપતા હતા. જીવન હંમેશાં વ્યક્ત થતું રહે છે. અવ્યક્ત ત્યાં સુધી જ માનવામાં આવે છે જ્યાં સુધી જીવન નથી હોતું. ન્યૂ સલેમ ગામની આન રસેજ ઉપર લિંકનની નજર પડી. આન રસેજ પણ ભોળી કન્યા હતી. લિંકન તેના પ્રત્યે ગંભીર હતા. મધ્યમ કદની, ગોળમટોળ એ નીલી આંખોવાળી કન્યાએ લિંકનના જીવનમાં પ્રેમનો પ્રકાશ કર્યો હતો. એ જમાનામાં રજાઈ બનાવવા માટે લોકો એકઠા થતા. આ એક ઉત્સાહ જેવો પ્રસંગ થતો. આસપાસમાં જે જે જગ્યાએ એનું આયોજન થતું, આન રસેજને જરૂર બોલાવવામાં આવતી. લાંબી આંગળીઓ વડે

પકડીને એ સોય ચલાવતી ત્યારે જોવા વાળાઓ તેની કલા ઉપર મોહી પડતા. લિંકન જે જગ્યાએ આ પ્રકારનું આયોજન થતું તેને અવશ્ય લઈ જતા. તો પણ સાંજ પડ્યે આનને મળવાની ઇચ્છા બાકી રહી જતી. એક વાર તો લિંકને મોટું સાહસ કર્યું. એ જ્યાં રજાઈ બનાવતી હતી ત્યાં અંદર સુધી ચાલ્યા ગયા અને આનની પીઠને અડીને બેસી ગયા. એના હાથમાં સોય હતી, પણ તે આડીઅવળી ચાલવા માંડી અને ચહેરાની લાલિમા સંધ્યા જેવી લાલ ! ત્યાંની વૃદ્ધ સ્ત્રીઓ વાતને સમજી ગઈ. એમણે અંદરોઅંદર સંકેતો પણ કર્યા. એ રજાઈ વર્ષો સુધી સાચવી રાખવામાં આવી અને લિંકન જ્યારે રાષ્ટ્રપતિ થયા ત્યારે એમ કહી પ્રદર્શિત કરવામાં આવી કે આના ટાંકા લિંકનની પ્રાણપ્રેયસીએ લીધા છે. આનની ચિરનિદ્રા પછી લિંકન અમર મૃત્યુના વિષયમાં વિચારતા. વર્ષો પછી પણ લિંકન આનની કબર સુધી પગપાળા ચાલીને જતા અને કલાકો સુધી ઊભા ઊભા તાકતા રહેતા. વ્હાઇટ હાઉસમાં પહોંચ્યા તો પણ તેઓ આ પંક્તિઓ ભૂલી ન શક્યા :

'જેમ લહેરો ઉપર આવતી લહેરો
કરે છે એકબીજાનો પીછો
તેમ ગીત અને શોકગીત
મલકાટ અને આંસુ
છોડતા નથી કોઈનો પીછો
એમ આશા અને નિરાશા
સુખ અને દુઃખ
તડકા અને વર્ષામાં
અન્વિત છે એકબીજામાં.'

અર્થાત્ એક જગ્યા છે જ્યાં લિંકનથી પહેલા તેમના હૃદયને દફનાવવામાં આવ્યું હતું. એનો ઘાવ એમને આજીવન સાલતો રહ્યો. આનને ટાઇફોઇડ થયો હતો અને બચાવી શકાઈ નહોતી. આથી લિંકનને ઘણો જ આઘાત લાગ્યો હતો. એટલો બધો કે તેઓ અવસાદમાં સરકી ગયા. ન્યૂ સલેમ ગામ પોતાની ભૌગોલિક સમસ્યાઓને કારણે પલાયનનો શિકાર થઈ રહ્યું હતું. સડક, જળમાર્ગ અને રેલમાર્ગની સવલતો ન હોવાથી ત્યાંના મોટા ભાગના લોકો પીટ્સબર્ગ જવા લાગ્યા. આવી પરિસ્થિતિમાં ઈ.સ. ૧૮૩૫-૩૬માં વિધાનસભાનું વિશેષ શિયાળુ અધિવેશન થયું. અધિવેશનમાં ડેમોક્રેટ અને સુધારાવાદી છબીની પાર્ટીના લોકો સામસામા હતા. એમાં જ જિલ્લાની વિધાનસભાની બેઠકોનું પરિસીમન (સંખ્યા મર્યાદા) નક્કી કરવામાં આવ્યું. આને

લીધે સંગમન કાઉન્ટીને ચારને બદલે સાત બેઠકો ચૂંટવાનો અધિકાર મળી ગયો. તેની સાથે જ ઇલિનોય અને શિકાગો નદીઓને જોડીને નહેર બનાવવાનો ઠરાવ કરવામાં આવ્યો. આથી મિશિગનં સરોવર મારફત મિસીસિપી નદી જોડવાની હતી. નદી જોડવાની યોજનાને લિંકને ટેકો આપ્યો. સંભવતઃ એટલા માટે કે તેઓ કોઈ પણ કીમતે ને ભોગે પોતાના રાજ્યનો વિકાસ કરવા માગતા હતા. બુનયાદી અને આધારભૂત સંરચનાના વિકાસની અવધારણાને પણ 'લિંકન સિદ્ધાંત' માનવામાં આવે છે. એટલા માટે જ વેપાર તથા સંચાર વ્યવસ્થાને વધુ સારી અને વ્યાપક બનાવવા ઉપર તેઓ ભાર દેતા રહ્યા.

ઈ.સ. ૧૮૩૬ની ચૂંટણીમાં લિંકન ફરી જીત્યા અને તે પણ પહેલા કરતા વધુ મતોથી. સ્પ્રિંગફીલ્ડ તેમનું કાર્યક્ષેત્ર બનવા માંડ્યું. આ વખતે જીતેલા સભ્યોના એક દળના નેતા તરીકે પણ લિંકન ચૂંટાયા. જોકે બધા જ સંગમોનના હતા. કહેવામાં એમ પણ આવે છે કે એ બધાનું કદ છ ફીટ હતું અથવા તેનાથી વધુ જ હતું. વિકાસ લિંકનની રાજનીતિનું મુખ્ય સૂત્ર હતું. આના માટે તેમણે એક મહત્ત્વાકાંક્ષી અને મોટી યોજનાનું સમર્થન કર્યું. આના માટેનું નાણું રાજ્યમાં એક કરોડ ડૉલરના બોન્ડથી હાસલ કરવાનું હતું. એને આધારે વિકાસની અનેક યોજનાઓ હતી. એમાં ઉત્તરથી દક્ષિણ સુધી એક તથા પૂર્વથી પશ્ચિમ સુધી બે રેલવે લાઇનો પાથરવી, બધી જ રેલવે લાઇનોને એકબીજાથી જોડવી, ઇલિનોય-મિશિગન નહેરને પૂરી કરવી જેવાં કાર્યો સામેલ હતાં. કામ શરૂ પણ થયું, પરંતુ આર્થિક મુશ્કેલીઓ અને જબરજસ્ત વિરોધને કારણે એને વચમાં જ રોકી દેવું પડ્યું.

આ દરમિયાન રાજધાનીના મુદ્દાએ જોર પકડ્યું. લિંકન સ્પ્રિંગફીલ્ડને રાજધાની બનાવવા માગતા હતા. તે માટે એમની પાસે ભૌગોલિક તર્કો હતા, પરંતુ એમના વિરોધીઓ પોત-પોતાના ચૂંટણી ક્ષેત્રને રાજધાની માટે યોગ્ય બતાવી રહ્યા હતા. ડેમોક્રેટ નેતા લિંડરે લિંકનને ગભરાવવા માટે ઘોષણા કરાવી દીધી કે તે સ્પ્રિંગફીલ્ડની ઇલિનોય સ્ટેટ બૅન્કના હિસાબ-કિતાબોની તપાસ કરાવશે. આથી બૅન્કના ઑફિસર લિંકન પાસે પહોંચ્યા અને તેમની પાસે સ્પષ્ટીકરણ માંગ્યું. ૧ જાન્યુઆરી, ૧૮૩૭ના દિવસે લિંકને વિધાનસભામાં પોતાનું પહેલું લાંબું ભાષણ આપ્યું. એમણે કહ્યું કે વિપક્ષના લોકો પોતાની અપેક્ષાઓને સાચી સમજી રહ્યા છે તેથી રાજનીતિથી પ્રેરિત આવી જાતના આરોપો કરે છે. એમણે ન માત્ર હિસાબી-પરીક્ષણના કાગળો રજૂ કર્યા બલકે સ્પ્રિંગફીલ્ડને રાજધાની બનાવા બાબતે એક બિલ પણ પાસ કરાવી લીધું. લિંકનની રજૂઆત, એમના વિચારો અને વિકાસના સંદર્ભમાં એમની પ્રસ્થાપનાઓને ખાસો પ્રચાર પ્રાપ્ત થયો. આનાથી લિંકનની લોકપ્રિયતા વધી અને

એમની ગણતરી સુશિક્ષિત અને કર્મનિષ્ઠ વિધાયકોમાં થવા લાગી. જલદી જ એમને હાઇકોર્ટમાં વકીલ તરીકે કામ કરવાની મંજૂરી મળી ગઈ. તેઓ એક ઘોડા ઉપર બે થેલીઓ લાદીને ન્યૂ સલેમના લોકોની વિદાય લઈ સ્પ્રિંગફીલ્ડ ચાલ્યા ગયા. આ ૧૫ એપ્રિલ, ૧૮૩૭ની વાત છે. શહેર તો નક્કી હતું, પણ શહેરમાં ક્યાં જવું તે નક્કી નહોતું. એટલે ન તો એમની પાસે પૈસા હતા અને નહોતું કોઈ ઘર, જેની છત નીચે નવા જીવનના દિવસો ગુજારી શકે. ત્યાં એમનો ભેટો મિ. સ્પીડ સાથે થયો. સ્પીડ ત્યાં સ્ટોર ચલાવતા હતા. તેમણે લિંકનને સ્ટોરમાં જ પોતાની સાથે રહેવાની દરખાસ્ત કરી. ત્યાં એક ઓરડામાં બે પલંગ હતા. જોકે ત્યાં આવવા પાછળ કેટલાંક કારણો હતાં. અહીંથી સુધારાવાદી પાર્ટી અર્થાત્ વ્હિગનું સમાચારપત્ર નીકળતું હતું. સ્પ્રિંગફીલ્ડ શહેર રાજધાની બની રહ્યું હતું. સીમાને છેવાડે હોવાથી શહેરની વસ્તી લગભગ ૧૫૦૦ની હતી. લિંકનના સંપર્કમાં સ્વાભાવિક રૂપે જ એ બધા લોકો આવી ગયા, જેઓ સ્પીડની સાથે હતા. આ બધામાં સંગામો જર્નલના સંપાદક ફ્રાંસિસ, રિપોર્ટર સ્ટુઅર્ટ જેવા સજ્જન પણ હતા. એ ઉપરાંત નવયુવકો હતા જે આસપાસમાં રહેતા હતા. લિંકન એમની વચ્ચે જલદીથી લોકપ્રિય થઈ ગયા. આનું કારણ લિંકનની વક્તૃત્વ કુશળતા હતી. તેઓ અનેક વિષયો ઉપર ધારાપ્રવાહ બોલતા. એમની ભાષાનો પ્રવાહ નદી જેવો હતો. નવો સમૂહ જલદી લિંકનનો પોતાનો સમૂહ બની ગયો. સ્ટુઅર્ટે લિંકનને પ્રેક્ટિસ જમાવવામાં મદદ કરી. તેથી લિંકનને ત્યાં પ્રેક્ટિસ જમાવવા માટે વધારે મથામણ કરવી પડી નહિ. સ્ટુઅર્ટમાં રાજનૈતિક અભીપ્સાઓ પણ હતી. આ પણ એક કારણ હતું જેથી બંને નજીક આવ્યા. સંગામો જર્નલના સંપાદક ફ્રાંસિસ લિંકનથી એટલા પ્રભાવિત થયા કે તેમણે એમને કહ્યું કે તેઓ જે કાંઈ લખશે તેને તેઓ પોતાના સમાચારપત્રમાં છાપશે.

સ્પ્રિંગફીલ્ડ મોટું શહેર હતું. અહીં વકીલો પણ વધારે હતા. આ એ સમય હતો જ્યારે વકીલો પાસે ગુમાસ્તા પણ નહોતા કે ટાઇપ રાઇટરનું મશીન પણ નહોતું. બધું જ પોતે લખવું પડતું અને સંભાળીને રાખવું પડતું. લિંકન લખવામાં તો પ્રવિણ હતા, પરંતુ સંભાળીને રાખવું તેમના માટે શક્ય નહોતું. એક એક કાગળ શોધવામાં ખાસો સમય લાગી જતો. તે બંને વધુ પડતા દીવાની મુકદમાના કેસો લેતા અને ફીમાં પોતાના અસીલ પાસેથી પાંચ ડૉલર લેતા હતા. આ જ આવક સ્ટુઅર્ટ અને લિંકન વચ્ચે અર્ધીઅર્ધી વહેંચાઈ જતી. બંનેની કુશળતા, વ્યવહારિકતા અને કેસ જીતવાના કારણે તેમની પ્રેક્ટિસ સારી ચાલતી હતી. ૮ નવેમ્બર, ૧૮૩૯ના દિવસે સ્ટુઅર્ટ પ્રતિનિધિ સભાના સભ્ય બની ગયા. એ પછી જ લિંકનની પોતાની પ્રેક્ટિસ શરૂ થઈ શકી. આમ છતાં લિંકનની મહત્ત્વાકાંક્ષા વકીલાતમાં પ્રસિદ્ધિ

પામવા સુધી જ વાપરી શકવા માટે નહોતી. એ તો ગગનચુંબી મહત્ત્વાકાંક્ષાના સ્વામી હતા. તો પણ તેઓ માનતા હતા કે વકીલાત એમના માટે રાજનીતિના મેદાન માટેની જરૂરી નિસરણી હતી. એથી પણ તેઓ એવા પ્રકરણની શોધમાં હતા કે જેથી ખાસી ખ્યાતિ મળે અને એક દિવસ એમને આવો મામલો મળી ગયો. મે ૧૮૩૭માં મેરી એંડરસન પોતાના પુત્ર રિજર્ડ સાથે લિંકન પાસે આવી. તે ન્યાય ઇચ્છતી હતી. એની દશ એકર જમીન ઉપર જેમ્સ એડમ્સે કબજો જમાવી રાખ્યો હતો. જમીન સ્પ્રિંગફીલ્ડની ઉત્તર દિશામાં હતી. જેમ્સ એડમ્સ સ્પ્રિંગફીલ્ડના પ્રભાવશાળી ડેમોક્રેટ નેતા હતા. લિંકનને એ સમજતા વાર લાગી નહીં કે આ પ્રકરણ એમને તેમની ઇચ્છા અનુસાર યશ અપાવશે. રાજનીતિ આચરતા રહેવા સાથે ભ્રષ્ટાચાર અથવા રાજનીતિના અનુચિત ઉપયોગનો આ કદાચ પહેલો મામલો હતો. કાગળો ઉપરથી સ્પષ્ટ હતું કે મેરી એંડરસનના પતિની માલિકીની જમીન હતી. લિંકને આ મામલાની તૈયારી કરી અને પોતાની જીતમાં કોઈ શંકા રહી ન જાય તેટલા માટે એકબીજા વરિષ્ઠ વકીલ લોગનને પણ પોતાની સાથે કરી લીધા. આથી ડેમોક્રેટ જેમ્સ એડમ્સ એટલા ઉત્તેજિત થઈ ગયા કે લિંકન ઉપર સખત આરોપો કરવા માંડ્યા. દીવાની દાવાઓ લાંબા જ ચાલતા રહે છે, આ પણ ચાલ્યો. આ દરમિયાન ૧૮૪૩ ઈ.સ.માં એડમ્સનું મૃત્યુ થયું.

એવું પણ નહોતું કે સ્પ્રિંગફીલ્ડ જવાની સાથે જ બધા લોકો લિંકનને ચાહવા માંડ્યા હતા. એમણે ખાસો સમય એકલવાયો ગાળ્યો અને એવા લોકો સાથે પણ ગાળ્યો કે જે લોકો સમયને વ્યર્થ ખર્ચ કરવામાં બહાદુરી માને છે. ઈ.સ. ૧૮૩૯માં એક મહિલા જોડે એમનો ભેટો થયો, જેનું નામ મેરી ટોડ હતું. એણે લિંકનને લગ્નની દરખાસ્ત કરી. મેરી ટોડના કુટુંબમાં જનરલ, ગવર્નર તથા નેવીમાં સચિવ રહી ચૂકેલા માણસો હતા. મેરીનું ભણતર પણ એક સારી ફ્રેન્ચ સ્કૂલમાં થયું હતું. એમનું કુટુંબ ફ્રાન્સની રાજ્યક્રાંતિના સમયે ત્યાંથી નાસીને આવ્યું હતું. એમણે મેરીને પર્શિયન ઉચ્ચારણ સાથે ફ્રેંચ ભાષા બોલતા શીખવાડ્યું હતું. મેરીને અહીં જ નૃત્યની તાલીમ પણ મળી હતી. તેથી મેરી અભિમાની થઈ ગઈ હતી. અતિ પ્રશંસાથી એનામાં પોતે વિશિષ્ટ છે એવો ભાવ અહંકારની હદ સુધી થઈ ગયો હતો. એટલું જ નહિ એના મનમાં એ વાત બેસી ગઈ હતી કે એક દિવસ તે એક એવી વ્યક્તિ જોડે લગ્ન કરશે જે અમેરિકાનો રાષ્ટ્રપતિ બનશે. વિશ્વાસ કરવો, ભરોસો રાખવો તે મનની અંદરની સ્થિતિ છે. મેરી એવું મનમાં વિચારે તો પણ ચાલી જાત કેમ કે અંદરની મનની સ્થિતિ સાથે કોઈનો સંબંધ હોતો નથી. કદાચ એટલા માટે પણ કે એની સારી પેઠે જાણ થવી પણ અસંભવ છે. મેરીએ તો એક

દિવસ હદ જ કરી નાખી અને આ બાબતે ઘોષણા પણ કરી નાખી કે એના લગ્ન જેની પણ જોડે થશે તે એક દિવસ આ દેશનો રાષ્ટ્રપતિ બનશે. સ્વાભાવિક રૂપે જેમ થાય છે તેમ મોટા બોલ લોકોને ગમતા નથી. મેરીને આ પ્રમાણે બોલતા જેણે જેણે સાંભળી તે બધાએ પોતપોતાની રીતે વાતો ઘડી કાઢી અને હસી બઢી. આ હસી હાંસી અને મજાક કરવા જેવી હતી. આ વાતની ખબર પડવા છતાં મેરી વાજ આવી નહિ. એની બહેને એક વાર મેરીની બાબતે કહ્યું હતું – 'એને ચમકદાર વસ્તુઓ લલચાવે છે. એ પ્રદર્શનમાં વિશ્વાસ રાખે છે અને હું આજ સુધી જેટલી સ્ત્રીઓને મળી છું તે બધીમાં મેરી સર્વાધિક મહત્ત્વાકાંક્ષી છે.' પોતાના ક્રોધી સ્વભાવ અને છટકેલપણાને કારણે ઘેર ઝઘડો કરી એક દિવસ તે પોતાની બહેનને ત્યાં રહેવા ચાલી ગઈ. એની બહેન સ્પ્રિંગફીલ્ડમાં રહેતી હતી. એ જ કારણથી તેનું અહીં આવવાનું થયું અને લિંકનનો ભેટો થયો, પણ એની ઇચ્છા તો અમેરિકાના ભાવી રાષ્ટ્રપતિ જોડે લગ્ન કરવાની હતી અને લિંકન તો અહીં રહેતા હતા. ઈ.સ. ૧૮૬૦માં વિધાતાએ જેમને રાષ્ટ્રપતિપદ માટે ઉમેદવાર બનાવ્યા તેમાંથી ડેમોક્રેટ સ્ટીફન એ. ડગલસ અને રિપબ્લિકન પાર્ટીના અબ્રાહમ લિંકન ત્યાં જ રહેતા હતા.

મેરીની મુલાકાત એ બંને જોડે થઈ. એ ડગલસને મળી અને લિંકનને પણ મળી. મેરીના કહ્યા મુજબ બન્નેએ તેનો હાથ પકડવાનો ભરોસો આપ્યો હતો. એટલું જ નહિ પણ લગ્ન માટેય દરખાસ્ત કરી હતી. તેથી જ્યારે એને પૂછવામાં આવતું કે તે કોની જોડે લગ્ન કરશે તો તે કહેતી કે રાષ્ટ્રપતિ બનવાની જેની સંભાવના વધારે હશે તેની જોડે તે લગ્ન કરશે. અર્થાત્ જે સંભવિત છે, તેની જોડે જ લગ્ન થશે. આ કસોટીમાં ડગલસ વધુ ખરા બની રહ્યા હતા. તેઓ રાજ્યના સેક્રેટરી હતા. તેથી તેમની સંભાવનાઓ લિંકનની સરખામણીમાં સો ગણી વધુ હતી. લિંકન એક ઝઝૂમનાર રિપોર્ટર કે કુશળવક્તાથી કંઈ વધુ હતા જ નહિ. એવો કુશળવક્તા કે જે સ્પીડના સ્ટોરમાં રહેતો હતો અને કેટલીય વાર એનું બિલ પણ ભરી શકતો નહોતો. લિંકનને જ્યાં સુધી પોતાના રાજ્યની બહારના લોકો જાણે ત્યાં સુધી તો ડગલસ અમેરિકન રાજનીતિમાં ભારે શક્તિશાળી બની ચૂક્યા હતા. એમની ધારાપ્રવાહ ભાષાની કુશળતાથી સરેરાશ અમેરિકન પ્રભાવિત થયેલ.

ડગલસની સામાજિક પ્રતિષ્ઠા કોઈની પણ સરખામણીમાં ઘણી વધુ હતી. વાત કરવાનો અંદાજ, શબ્દોનું ચયન, તર્ક અને સુંદર વ્યક્તિત્વ જેવા તેમના ગુણો એમને સ્ત્રીઓમાં પણ લોકપ્રિય બનાવવા માટે પૂરતા હતા. એમની ધીર-ગંભીર વાણી અને નૃત્ય કલાની દીવાની મેરી પણ હતી. મેરીના સ્વપ્નના તેઓ આદર્શ પુરુષ હતા. એક વાર દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જોઈ તેણે ધીરેથી ઉચ્ચાર્યું પણ

હતું, 'મેરી ટોડ ડગલસ !' આ બધું એને એટલું તો વહાલું લાગ્યું કે તેણે એકીશ્વાસે વ્હાઇટ હાઉસ પહોંચવાના સ્વપ્ના પણ જોઈ નાખ્યા. ખેર, ડગલસે તેની સાથે સારો વ્યવહાર ન કર્યો તેથી મેરી ડગલસથી દૂર થઈ ગઈ. સેનેટર બીબેરીજે એક વાર કહ્યું હતું કે ડગલસે મેરી પાસે લગ્નની દરખાસ્ત મૂકી હતી; પણ એમની કુટેવોને કારણે મેરીએ દરખાસ્તનો સ્વીકાર કર્યો નહોતો. જે કાંઈ હોય ડગલસ એક સજાગ અને વ્યવહારુ વ્યક્તિ હતા. એમણે બીજી વાર ક્યારેય મેરીને લગ્ન માટેની દરખાસ્ત કરી નહોતી. મેરીએ ઇચ્છા કરી કે ડગલસમાં એના માટે પણ ઈર્ષા જાગે. એવું ત્યારે જ બને જ્યારે કોઈ એવા માણસ સાથે ડગલસ મેરીને જોઈ લે જે માણસ ડગલસનો વિરોધી હોય. સ્ત્રીઓ એવું માનતી હોય છે કે વિરોધી વ્યક્તિની નજીક જઈને તે પોતાના પુરુષમાં ઈર્ષા જગાડી શકે છે. મેરી પણ આમ જ વિચારી રહી હતી. એ જ કારણથી એણે લિંકનને ચૂંટ્યા. શરૂઆત તો એટલા માટે હતી કે અંતનો જ આરંભ થઈ જાય, પણ તેમ થઈ શક્યું નહિ. ડગલસ ક્યારેય પાછા ફર્યા નહિ અને મેરી લિંકનના દાયરામાં સમાઈ ગઈ.

મેરીની બહેન એડવર્ડે ક્યાંક લખ્યું છે કે, 'હું કેટલીય વાર એ ઓરડામાં ગઈ હતી જેમાં લિંકન અને મેરી બેઠાં હતાં. મને લાગ્યું કે લિંકન મેરીની કુશાગ્રતા અને ચતુરતાથી ઘણા પ્રભાવિત હતા, પરંતુ તેઓ વધુ તો એને સાંભળતા જ રહેતા – પોતાના તરફથી કંઈ પણ બોલ્યા વિના. જાણે કે પોતાની મંજિલને પ્રાપ્ત કરીને કંઈક નિહાળી રહ્યા હોય.'

જુલાઈનો મહિનો હતો. ચાંદની પ્રસરેલી હતી. લિંકનનું ભાષણ હતું, મેરીની હાજરીમાં કદાચ પહેલું જ રાજનૈતિક ભાષણ. લિંકન પ્રખર વક્તા તો હતા જ. એમના ભાષણથી જનતામાં સમર્થનની લહેર દોડી ગઈ. પછી મેરીએ લિંકનની બાજુમાં ઊભા થઈને કહ્યું કે તમે અદ્ભુત વક્તા છો. જો જો એક દિવસ તમે અમેરિકાના રાષ્ટ્રપતિ બનશો. લિંકને તેને પગથી મસ્તક સુધી નિહાળી, હથેળીનો સ્પર્શ કર્યો અને કપાળે પ્રેમચૂંબન ધરી દીધું. આ પછી જાન્યુઆરી ૧૮૪૧નો મહિનો લગ્ન માટે નક્કી થયો.

પૂરા છ મહિના હતા, પરંતુ આ દરમિયાન અનેક તોફાનો ત્રાટકવાના હતા. લાંબા સમય સુધી બંનેની પ્રેમલીલા ચાલી શકી નહિ. મેરી ટોડને લિંકનના પહેરવા-ઓઢવાનો ઢંગ જરાય ગમતો નહોતો. મેરી લિંકનની સરખામણી પોતાના પિતા રોબર્ટ ટોડ સાથે કર્યા કરતી. રોબર્ટ ટોડ લેક્સિંગટનની સડક ઉપર ભયકાદાર સૂટ પહેરી હાથમાં સોનાની ગોળ મૂઠવાળી લાકડી લઈ ટહેલવા માટે મશહુર હતા. એમની સરખામણીમાં લિંકનનો પોષાક ગોબરા માણસના ગાભા જેવો લાગતો

હતો. લિંકનને ઉનાળામાં કોટ પહેરવો ગમતો નહોતો, તેથી તેઓ કોટ નહોતા પહેરતા. પોતાના પેંટ ઉપર ફક્ત એક જ ગેલિસ લગાડતા. એકાદ બટન તૂટી જતું તો પીન લગાડી દેતા. એટલે કે એમને વસ્તુઓનો ઉપયોગ કરી સુંદર દેખાવું ગમતું નહોતું. આનાથી વિપરીત મેરીને દેખાડો પસંદ હતો. તે માનતી હતી કે માણસ ખરેખર જેવો છે એ તો પાછળથી ખબર પડશે, પણ એનો પહેલો પ્રભાવ તો તેની વેશભૂષાથી જ પડે છે. તેથી માણસે વ્યવસ્થિત રહેવું જ જોઈએ. મેરી ટોડ પોતાના નિશ્ચય અને વિચારમાં ભેદ રાખતી નહોતી. તે જે વિચારતી તેને નિશ્ચયમાં બદલી દેતી અને પછી તે પ્રમાણે વર્તવા માટે પોતે તૈયાર થઈ જતી અને બીજાઓને પણ તેમ કરવાનું દબાણ કરતી. મેરીએ આ પ્રમાણે લિંકન જોડે પણ વર્તન કર્યું. પહેલા તો તેણે તેમની વેશભૂષા ઉપર લિંકનનું ધ્યાન દોર્યું અને તે સમયે પોતાના પિતાની સાથે સરખામણી કરી તેમની નિંદા કરવાનું શરૂ કરી દીધું. એની વાતોમાં એ પ્રેમ પણ નહોતો દેખાતો જે પ્રેમને લિંકન જેવા પુરુષ શોધી રહ્યા હતા. કદાચ મેરીએ પોતાની શાનદાર શાળામાં ફ્રેન્ચ નૃત્ય તો શીખ્યું, પણ દોષારોપણ કર્યા વિના પોતાની વાત લિંકનને કહેવાની યુક્તિ શીખી નહોતી. આ કારણથી લિંકન ધીરે ધીરે મેરીથી દૂર સરકવા લાગ્યા. મેરી શોર્ટકટમાં વિશ્વાસ રાખતી હતી, પરંતુ મેરીની આ જ કુટેવે લિંકનના મનમાંથી મેરી તરફના પ્રેમના મૂળિયા ઉખાડી નાખ્યા.

પરંતુ જલદી જ લિંકનની મુલાકાત મતિરાદા જોડે થઈ ગઈ. એમ તો મતિરાદા મેરી ટોડની સગી થતી હતી. લાંબી, ઘાટીલી અને ચિત્તાકર્ષક મતિરાદા મેરીની જેમ ફ્રેન્ચ બોલી શકતી નહોતી અને નૃત્યમાં પણ મેરી જેવી પારંગત નહોતી. તેમ છતાં પુરુષો જોડે કેવો વ્યવહાર કરવો જોઈએ અથવા તો પુરુષોને શું પસંદ હોય છે એ બધું મતિરાદા સારી પેઠે જાણતી હતી. કેટલીય વાર મેરી ટોડ લિંકન સાથે વાતચીત કરતા કરતા કંઈક કહી રહી હોય ત્યારે લિંકન મતિરાદાને નીરખવામાં એટલા ખોવાઈ જતા કે મેરી ટોડ શું કહી રહી છે તે સાંભળી પણ શકતા નહિ. લિંકન મતિરાદા તરફ તણાઈ રહ્યા હતા તે મેરીને ગમતું નહોતું. તે મનમાં ને મનમાં ગુસ્સે થઈ રહી હતી. એક વાર તો લિંકન મેરીને નૃત્ય માટે બારમાં લઈ ગયા, પણ તેમણે એ વાતની પરવા ન કરી કે મેરી ક્યારે કોની સાથે નૃત્ય કરી રહી છે. એ તો એક ખૂણામાં મતિરાદા સાથેની વાતચીતમાં મગ્ન થઈ ગયા હતા. આ બધું મેરી જેવા સ્વભાવવાળી વ્યક્તિને ઉશ્કેરવા માટે પૂરતું હતું. મેરીએ બીજી બધી વાતો સાથે લિંકનને એ પણ સંભળાવી દીધું કે લિંકન મતિરાદાને પ્રેમ કરવા લાગ્યા છે. પોતાના સ્વભાવથી વિપરીત લિંકને એ વાતનું ખંડન કર્યું નહિ બલકે માન્યું કે કદાચ તે સાચું કહી રહી છે.

આ પછી લિંકને વિચાર્યું કે પોતે અને મેરી બે વિપરીત ધ્રુવો છે. બંનેના લગ્નનો કોઈ અર્થ નથી. બંનેની રુચિઓ, આચાર-વિચાર, વ્યવહાર, પસંદગી અને કૌટુંબિક સ્થિતિ અને ઉછેર આ બધામાં જમીન આસમાનનો ફેર છે. ભલું એમાં છે કે આ સગપણનો અંત આવી જાય. દૃષ્ટિકોણ અને સ્વભાવનું આ અંતર ભલભલાને વ્યાકુળ કરી નાખે છે. મેરીનાં બહેન અને બનેવી પણ આ જ નિષ્કર્ષ ઉપર પહોંચ્યાં. તેઓ મેરીને કહેતાં રહેતાં કે ભલું એમાં છે કે મેરી આ લગ્ન માટે વિચાર કરવાનું માંડી વાળે. 'તમે બંને એકબીજાથી બિલકુલ વિપરીત છો, તેથી લગ્ન પછી ખુશ રહેવું એકદમ મુશ્કેલ થઈ જશે.' પણ મેરી આ સાંભળવા માટે તૈયાર નહોતી.

લિંકન આ વાત મેરીને સ્પષ્ટ રીતે કહી દેવા માગતા હતા, પરંતુ હિંમત થતી નહોતી. કેટલાક સંબંધો થોડા સમય માટે એટલે પણ નભી જતા હોય છે કે મોટા ફેંસલા સંભળાવવાની હિંમત થતી નથી. એમણે એક પત્ર લખી સ્પીડને વાંચવા આપ્યો. એમાં લખ્યું હતું કે, 'મેં બહુ જ શાંતિથી એ વાત ઉપર વિચાર કર્યો અને એ પરિણામ ઉપર પહોંચ્યો છું કે હવે હું તને પ્રેમ કરતો નથી. તેથી લગ્ન સંભવ નથી.' લિંકન ઇચ્છતા હતા કે સ્પીડ એ પત્રને મેરી ટોડ સુધી પહોંચાડી દે, પરંતુ આ માટે સ્પીડ રાજી થયો નહિ. એણે કહ્યું, 'જો તમારામાં હિમ્મત હોય તો જઈને મેરીને કહો કે તમે તેને પ્રેમ કરતા નથી અને લગ્નનો પ્રશ્ન જ ઊઠતો નથી, પણ યાદ રાખજો. વધુ કંઈ કહેશો નહિ અને વધારે રોકાશો પણ નહિ.' સ્પીડે આ વિશે લખ્યું કે આ વાત ઉપર લિંકને પોતાના કોટના બટન ખોલ્યા અને મક્કમ નિશ્ચયવાળા ચહેરે ધીરે ધીરે ત્યાંથી ચાલતા થયા. લગભગ રાતના અગિયાર વાગ્યે લિંકન પાછા ફર્યા.

સ્પીડ તથા બીજા એક મિત્ર લિંકનની વાટ જોઈ રહ્યા હતા. એમના આવતા જ સ્પીડે કહ્યું, 'જેમ કહ્યું હતું તેમ કર્યું ?'

એમણે જવાબ આપ્યો, 'કર્યું.' પછી બોલવાનું શરૂ કર્યું, 'મેં જ્યારે મેરીને કહ્યું કે હું તને પ્રેમ કરતો નથી તો એનાં આંસુઓનો બંધ તૂટી પડ્યો. આંસુઓ એના ગાલ ઉપર વહી રહ્યા હતા અને મને લાગી રહ્યું હતું કે આંસુઓ એના ગાલને નવડાઈ રહ્યા છે. સાચું કહું તો મેં તેને મારા બાજુઓમાં ઝીલી લીધી અને ભાવવિભોર થઈને અનેક ચુંબનો ચોડી દીધા.'

આ વાત ઉપર સ્પીડે કહ્યું, 'તો આવી રીતે તમે સગપણ તોડીને આવ્યા છો ! તમે ગાંડા જેવો વ્યવહાર કર્યો છે. આ રીતે તો તમે સગપણને પાકું કરી દીધું.'

લગ્નની તારીખ નક્કી થવા લાગી, પરંતુ આ દરમિયાન લિંકન ફરીથી અવસાદનો શિકાર બની ગયા. એમણે લગ્નની સ્વીકૃતિ તો આપી દીધી હતી, પરંતુ કદાચ તેમનો આત્મા વિદ્રોહ કરી રહ્યો હતો. એમણે જમવાનું ઓછું કરી નાખ્યું હતું. રાત્રે ત્રણ વાગ્યે ઊઠીને ભાગી જતા અને શૂન્યમાં તાકતા બેસી રહેતા. તેઓ પોતાની ઑફિસે નહોતા જતા અને વળી તેમની ઇચ્છા વિધાનસભામાં જવાની પણ નહોતી થતી. આ દરમિયાન લિંકને ડૉ. ડેનિયલ ડ્રકેને પત્ર લખ્યો કે પોતાની તબિયત આ પ્રમાણે રહે છે. તેઓ કોઈ ઉપાય બતાવે. ડ્રકે એક ઘણા મશહુર ડૉક્ટર હતા અને મેડિકલ કૉલેજના એક વિભાગના વડા પણ હતા.

લગ્નની તારીખ ૧ જાન્યુઆરી, ૧૮૪૧ નક્કી થઈ હતી. નવા વર્ષની પ્રથમ સંધ્યા અને લગ્નનો ઉત્સવ, ઉત્સાહ બેવડો હતો. એડવર્ડનું ઘર ઝગમગી રહ્યું હતું. ઉત્તેજના અને રોમાંચ આખા વાતાવરણમાં છવાયેલા હતા. સાંજના લગભગ સાડા છ વાગ્યે મહેમાનો આવવા લાગ્યા. ૭-૪૫ વાગ્યે મંત્રીજી આવી ગયા. એમની જ ઉપસ્થિતિમાં ચર્ચ લગ્નની વિધિ થવાની હતી. ફટાકડા ફૂટી રહ્યા હતા. ૭-૩૦ વાગ્યા સુધી લિંકન આવ્યા નહિ. પ્રતિક્ષા હવે ચિંતામાં બદલાવા લાગી હતી. લગ્નમંડપમાંથી મુરતિયો ગાયબ હતો. શું થયું ? કંઈ અજુગતું તો નથી થઈ ગયું ? કુટુંબના લોકો એકબીજા જોડે ચર્ચા કરવા લાગી ગયા. કોઈ કંઈ સમજી શકતું નહોતું, કોઈ કંઈ વિચારી શકતું નહોતું.

બીજા ઓરડામાં મેરી ટોડ રેશમી વસ્ત્રો પરિધાન કરી નવવધૂ બની વાટ જોતી રહી. તે વારંવાર ઊભી થતી અને બારીમાંથી જોયા કરતી. એની આંખો ઘડિયાળના કાંટાઓ પરથી ખસથી નહોતી.

લગભગ ૯-૩૦ વાગ્યે મહેમાનો એક પછી એક વિદાય થવા માંડ્યા અને ઘરવાળા શરમમાં ડૂબી ગયા ! છેલ્લા મહેમાનના ચાલ્યા ગયા પછી મેરીનો ઘૂંઘટ દૂર થયો; પરંતુ પોતાના જ વાળમાં સલવાઈ ગયેલાં ફૂલોને તોડતા તો તે ફાટી પડી. તેનું રુદન રોકાતું નહોતું. તેના દુઃખનો પાર નહોતો. તે વિચારતી હતી કે હે ઈશ્વર લોકો શું કહેશે ? લોકો મને જોઈને હસી પડશે, મશ્કરીઓ કરશે. એક પળ પહેલા તો તે લિંકનની ભુજાઓમાં સમાવાની ઇચ્છા કરી રહી હતી, રાહ જોઈ રહી હતી. બીજી જ પળે તે તેમની હત્યા કરવાના વિચારથી ભરમાઈ ઊઠી, પણ તેઓ ગયા ક્યાં ? અથવા તો તેમણે કોઈ ચાલબાજી કરી ? કે કોઈ અકસ્માત થઈ ગયો ? કે પલાયન થઈ ગયા ? કે તેમણે આપઘાત કરી નાખ્યો ? દરેક પળે નવા વિચારો બીજા નવા વિચારોનો ઉમેરો કરતા, પણ હકીકત કોઈ નહોતું જાણતું.

આખી રાત લોકો શોધતા રહ્યા, પણ લિંકન મળ્યા નહિ. બીજા દિવસે લિંકન તેમની ઑફિસમાં બેઠેલા જણાયા – બડબડતા હતા. એમના દોસ્તોને લાગ્યું કે તેમનું મગજ ચસકી ગયું છે. મેરી ટોડના સગાઓએ એમની આ દશા જોઈને કહ્યું કે લિંકન ગાંડા થઈ ગયા છે. ડૉક્ટર હેનરીને તાત્કાલીક બોલાવવામાં આવ્યાં, પણ લિંકને કહ્યું કે પોતે આપઘાત કરી નાખશે. તેથી ડૉક્ટરે કહ્યું કે એમની માનસિક સ્થિતિ ઠીક નથી. સ્પીડ અને બટલર એમના ઉપર નજર રાખે. ડૉક્ટર હેનરી ચાહતા હતા કે લિંકન વ્યસ્ત રહે. તેઓ પોતાનું કામ કરતા રહે, પણ તેમ થઈ શકતું નહોતું. તેઓ વિધાનસભામાં પણ જઈ શકતા નહોતા. ૧૯ જાન્યુઆરીએ સદનમાં જે. હાર્ડિને લિંકન બીમાર હોવાની જાહેરાત કરી.

આ પછી લિંકને પોતાના એક મિત્રને ચિઠ્ઠી લખી. એ કદાચ લિંકને લખેલ તમામ ચિઠ્ઠીઓમાં સૌથી વધુ નિરાશા ભરેલી ચિઠ્ઠી હતી. એમાં લિંકને લખ્યું હતું – 'હું કદાચ દુનિયાનો સૌથી વધુ દુઃખી માણસ છું. મને ખબર નથી કે હું ક્યારેય સાજો થઈ શકીશ કે નહિ.' તેઓ મૃત્યુ વિશે સતત વિચારવા લાગ્યા હતા. એટલું જ નહિ, એમણે મૃત્યુ ઉપર એક કવિતા પણ લખી જે 'સંગામો જર્નલ'માં છપાઈ પણ હતી. આ બધાથી લિંકનનો મિત્ર સ્પીડ ઘણો જ ત્રાસી ગયો. એને લાગ્યું – કદાચ લિંકનને બચાવવા મુશ્કેલ છે. સ્પીડ લિંકનને લઈને પોતાની મા પાસે ગયો. તે લુઇસવિલેમાં રહેતી હતી. ત્યાં એનો ખાસો મોટો બેડરૂમ હતો. એમને એટલે કે લિંકનને 'બાઇબલ' આપવામાં આવી. આ દરમિયાન શ્રીમતી એડવર્ડે લિંકનને એક પત્ર લખ્યો કે જો લિંકનની ઇચ્છા હોય તો મેરી ટોડ તેમને આ સગપણથી હંમેશ માટે મુક્ત અને આઝાદ કરી દેશે અને જો એમ ચાહે કે સગપણ કાયમ રહે તો એમણે ફરીથી અહીં આવીને નવેસરથી સગપણને અપનાવવું પડશે. લિંકને આનો કોઈ જવાબ આપ્યો નહિ. આ ઘટનાને એક વર્ષ થઈ ગયું તો પણ લિંકનના દોસ્તો માનતા રહ્યા કે લિંકનનું જીવન હવે વધારે નહિ ટકે. લિંકને આ સમય દરમિયાન મેરી ટોડ અને તેના કુટુંબીઓ સાથેના બધા જ સંબંધો કાપી નાખ્યા. તેઓ એમ માનતા હતા કે આટલી બદનામી અને અપમાન વેઠ્યા પછી મેરી ટોડ જેવી ચપળ અને તેજ યુવતી અત્યાર સુધીમાં તો કોઈ બીજાને શોધી ચૂકી હશે. પણ હકીકત એવી નહોતી, પરંતુ જેણે જેણે મશ્કરી કરી હતી, લિંકનની નિંદા કરી હતી, એના નિર્ણયને મૂર્ખતા ભરેલો ગણેલો તે તે દરેક જણને મેરી ટોડ જવાબ આપવા માગતી હતી. મેરી ટોડે હઠ કરી કે જો લિંકન બીમાર હશે તો પોતે તેમને સાજા કરશે અથવા તેમના સાજા થવાની રાહ જોશે. પણ બીજા કોઈ માણસને એ પસંદ નહિ કરે. તે પોતે બીજા કોઈ માણસ જોડે જીવન ગાળવાનું વિચારી શકતી

પણ નથી. બીજી બાજુ લિંકન પોતાની બત્રીસ વરસની એ ઉંમરે મેરી ટોડથી ખાસા દૂર થઈ ગયા હતા. એટલા દૂર કે તેઓએ પોતાના કરતા અરધી ઉંમરની કન્યાને લગ્નની દરખાસ્ત પણ કરી દીધી હતી. તે શ્રીમતી બટલરની નાની બહેન હતી. એનું નામ સરાહ રિકાર્ડ હતું, પણ તેણે ઇનકાર કરી દીધો. સરાહે પોતાની સહેલીને લખેલી ચિઠ્ઠીમાં લખ્યું હતું, 'લિંકન એક સારા દોસ્ત તરીકે તો ઠીક છે, પણ એમની સાથે લગ્ન કરવાના વિષયમાં હું વિચારતી નથી. હું તો અત્યારે સોળ વરસની ઉંમરની છું અને લગ્ન વિશે ગંભીર પણ નથી.'

લિંકન 'સ્પ્રિંગફીલ્ડ જર્નલ'માં સંપાદકના લેખ લખતા. તેથી તેમની સિમોન ફ્રાંસિસ જોડે સારી મૈત્રી થઈ ગઈ હતી. એમની પત્ની ચાલીશ વરસની ઉંમરે લગ્ન કરવાવાળાઓના જોડા મેળવી દેવાનું કામ કરતી અને તે માટે પ્રસિદ્ધ હતી. ઑક્ટોબર ૧૮૪૨માં શ્રીમતી સિમોન ફ્રાંસિસે એક દિવસ પત્ર લખી બપોરે લિંકનને બોલાવ્યા. લિંકનને સમજાયું નહિ કે આખરે એમને કેમ બોલાવાયા છે. તો પણ પોતે ઇનકાર કરી શક્યા નહિ. ત્યાં પહોંચ્યા તો તેઓ સ્તબ્ધ થઈ ગયા. ત્યાં મેરી ટોડ બેઠી હતી. કોમળ હૃદયી લિંકન પાસે આ મુલાકાત પછી ભાગી જવાનો કોઈ રસ્તો બચ્યો નહોતો. મેરી રડી પડી અને લિંકને તેના તરફ પોતાની બાજુઓ લંબાવી દીધી. આમાં માફી હતી અને આગળના જીવનનો ભરોસો પણ હતો. એ પછી બંને સતત મળતા રહ્યા પણ ગુપચૂપ. આ મુલાકાત બાબતે મેરી ટોડે પોતાની બહેનને પણ ખબર કરી નહોતી. તે આ સંબંધને ત્યાં સુધી છુપાવવા માગતી હતી, જ્યાં સુધી એ બરાબર પાકો થઈ જાય. આખરે પોતે સફળ થઈ ગઈ અને ૪ નવેમ્બર, ૧૮૪૨ને શુક્રવારે લિંકન અને મેરી ટોડના લગ્ન થઈ ગયા. એમણે પોતાની લગ્નની વીંટી ઉપર લખાવ્યું, 'પ્રેમ શાશ્વત છે.'

જીવન શરૂ થયું, પરંતુ સ્વભાવ અપેક્ષિત ઘટનાઓની સાથે બદલાયો નહિ. બલકે અનપેક્ષિત સમયે માણસ વધારે સ્વભાગત બની જાય છે. જેમ કે કોઈનો સ્વભાવ વાતવાતમાં ગુસ્સો વ્યક્ત કરવાનો હોય અથવા ક્રોધી હોય તો તે ક્યારેય બદલાતો નથી. લિંકન તથા મેરી ટોડે ડૉ. અર્લીનું મકાન ભાડેથી રાખ્યું. ડૉ. અર્લીનું મૃત્યુ થઈ ગયું હતું. શ્રીમતી અર્લી એકલા રહેતા હતા. લિંકન નાસ્તો કરી રહ્યા હતા ત્યારે જ લિંકને એવું કંઈક કહી નાખ્યું કે મેરીને ઘણો બધો ગુસ્સો ચડી ગયો અને કૉફીનો પ્યાલો લિંકનના ચહેરા ઉપર ફેંકી દીધો. આ બધું જોનારા ઘણા માણસો હતા. લિંકનં ક્ષુબ્ધ થઈને ચુપચાપ બેસી રહ્યા. ત્યારે શ્રીમતી અર્લી ભીનો ટૉવેલ લઈ આવ્યા અને લિંકનનો ચહેરો તથા કપડાં સાફ કર્યાં. સેનેટર બેબેરિજના કહેવા મુજબ તો શ્રીમતી લિંકનનો અવાજ આખી ગલીમાં સંભળાતો હતો. આડોશ-

પાડોશના લોકો તો તેનાં વાક્યોને જેમના તેમ નકલ કરી કહી સંભળાવતા. એ કદાચ એક પ્રકારની વેરની વસૂલાત હતી. તે હંમેશાં ફરિયાદ અને પોતાના પતિની નિંદા કર્યા કરતી. એને માટે તો લિંકનની કોઈ બાબત કે વસ્તુ સારી હતી જ નહિ. ત્યાં સુધી કે તે લિંકનના ઊઠવા-બેસવા અને ચાલવા-ફરવાની મશ્કરી કરતી રહેતી. તે કહેતી કે લિંકનની ચાલવાની રીત જોતા તો દૂર દૂર સુધી પણ કોઈ સારી છટા દેખાતી નહોતી. માથા પાસે બે મોટા મોટા લિંકનના કાન પણ તેને ગમતા નહોતા. એમના હાથ અને પગની સરખામણીમાં તેમનું મસ્તક ઘણું નાનું છે. અર્થાત્ લિંકન પ્રમાણસર નથી. બેડોળ છે. આ તેનું રોજનું રટણ હતું. હર્નડનું માનવું છે કે તે કારણ વિના બરાડા પાડનારી સ્ત્રી નહોતી. લિંકન તેને પોતાના આચરણથી તેને એવું કંઈક કરવા માટે પ્રેરતા હતા. જેમ કે લિંકન જ્યારે સહેલ કરવા જતા તો એમનો કોટ હંમેશાં ગંદો હોય. તેના ઉપર બ્રશ ફેરવવાની જરૂર હોય. મેરીના આ બાબતે સતત કહેવા છતાં લિંકન પોતાની હરકતોની બહાર આવતા નહિ. તેમણે આખી જિંદગીમાં ક્યારેય રેઝર રાખ્યું નથી અને સમયસર વાળ કપાવવા પણ ગયા નથી. શ્રીમતી લિંકન આ બાબતે તેમને સતત ઠપકો આપતી રહેતી. લિંકનને પણ પોતાની ટેવોની ખબર હતી, પણ તેઓ અસહાય હતા; એમનાથી પોતાની કુટેવો સુધારી શકાતી નહોતી.

એક દિવસ એક ફોટોગ્રાફર શિકાગો શહેરમાં બધાના ફોટા લઈ રહ્યો હતો. એણે લિંકનને કહ્યું કે સાહેબ આપ થોડા સામાન્ય થઈ જાઓ તો હું આપનો ફોટો લઈ લઉં અર્થાત્ વ્યવસ્થિત થઈ જાઓ. તે ઉપર લિંકને તેને કહ્યું, વ્યવસ્થિત લિંકનના ફોટાને સ્પ્રિંગફીલ્ડમાં કોઈ ઓળખશે નહિ. લિંકનની મુશ્કેલી અહીં જ ખતમ થઈ નહિ. તેમણે 'ટેબલ મેનર્સ' એટલે જમવાની રીતભાતનું પણ ધ્યાન રહેતું નહોતું. તેઓ છરીને ક્યારેય જમણા હાથમાં નહોતા રાખતા અને માછલીને 'કાંટા-ફોર્ક'થી કાપતા અને ખાતા. આનું ધ્યાન-ભાન ક્યારેક જ થતું. એમના માટે આ બધું નિરર્થક હતું.

વ્યવહાર-શિષ્ટાચારની બાબતે લિંકન કેટલીય વાર પોતાની પત્નીનો ઠપકો ખાઈ ચૂક્યા હતા. સ્ત્રીઓ ક્યારેક આવે તો તેઓ ઊભા પણ થતા નહોતા. આનાથી મેરી નારાજી બતાવતી અને લિંકન ચુપચાપ સાંભળતા રહેતા. ઑફિસેથી પાછા ફરતા તેઓ કોટ ક્યાંક ફેંકતા તો કોલર બીજે ક્યાંક. પછી સૂઈ જઈ કંઈક વાંચવા માંડતા. વધુ તો તેઓ કવિતાઓ વાંચતા. કવિતાઓ પણ ઊંચે સાદે વાંચતા. આવી ટેવ તેમને ઇન્ડિયાનાની શાળામાંથી પડી હતી, જ્યાં ઊંચે સાદે વંચાવવામાં અને બોલાવવામાં આવતું.

શ્રીમતી લિંકન પોતાના પતિના દોસ્ત સ્પીડ ઉપર ભારે ખીજ રાખતી. એને લાગતું કે લિંકનને બહેકાવવામાં એનો હાથ છે. એની ચઢામણીથી જ લગ્નના દિવસે તેઓ પહોંચ્યા નહોતા. જોકે આ બાબત સાચી નહોતી, પણ શંકાનો કોઈ ઇલાજ નથી હોતો. લગ્ન પહેલા લિંકન સ્પીડને પત્ર લખતા રહેતા. એ પત્રોનો અંત 'ફેનીને વ્હાલ'થી આવતો. ફેની સ્પીડની પત્ની હતી. આ બાબતે પણ ઘરમાં બબાલ થઈ અને લિંકનને કબૂલ રાખવું પડ્યું કે હવેથી તેઓ પત્રના અંતમાં 'આદર સહિત' એમ લખશે. આવી તો અનેક વાતો છે જેમાંથી લિંકન દંપતીની ખટપટનો અણસાર મળે છે.

લિંકનના પહેલા પુત્રનું નામ રાખવાનું હતું. એનું નામ તેઓ પોતાના મિત્ર સ્પીડના નામ ઉપર રાખવા માગતા હતા. શ્રીમતી લિંકને સાંભળ્યું તો તે ગુસ્સાથી ઊકળી ઊઠી. અંતે તેનું નામ રાખવામાં આવ્યું 'રોબર્ટ ટોડ'. લિંકનને ચાર સંતાનો થયા પણ તેમાંથી એક જ પુખ્તતાએ પહોંચ્યો. ચાર સંતાનોમાં રોબર્ટ ટોડ, ઇડી, વિલી અને ટડ હતા. ઇડીનું મૃત્યુ તો સ્પ્રિંગફીલ્ડમાં ચાર વરસની ઉમરે થયું હતું. વિલી બાર વર્ષનો થઈ વ્હાઇટ હાઉસમાં ગુજરી ગયો. ટડ ૧૮ વર્ષનો થઈ ગુજરી ગયો. ફક્ત રોબર્ટ ટોડ જ ૮૩ વરસની મોટી ઉંમરે ૨૬ જુલાઈ ૧૯૨૬માં ગુજરી ગયો હતો.

લિંકનના કાકાના દીકરા પિતરાઈભાઈ જોન હૅક્સનું કહેવું હતું કે લિંકન સ્વપ્નો જોવાની વાત સિવાય કોઈ બીજી બાબતમાં સારા નહોતા. તેઓ અમૂર્ત વાતોમાં ખોવાઈ જઈ આખી દુનિયાને ભૂલી જતા. એમને એ સિવાય કંઈ બીજું દેખાતું નહોતું કે સંભળાતું નહોતું. કોઈ અદૃશ્ય ફણગા ઉપર, વાદળ ઉપર, ફૂલ ઉપર કે શૂન્ય ઉપર નજર ચોંટી જતી અને કોઈ વિચાર એમનામાં આવીને અટકી જતો. લિંકન એમાંથી ત્યારે જ નીકળી શકતા જ્યારે શ્રીમતી લિંકનની ચીસો અને ઠપકાના અવાજો તેમને સાંભળવા મળતા. શ્રીમતી લિંકનને બીજી પત્નીઓની જેમ રસોઈ કરવાનો અને રાંધીને જમાડવાનો શોખ હતો. તે દિલથી અને મહેનતથી રસોઈ કરતી. પછી તેને ટેબલ ઉપર સજાવતી. લિંકન ટેબલ પાસે પહોંચી જતા અને ટેબલને જોવામાં અને જોવામાં જ જમવાનું પણ ભૂલી જતા. ભોજન તેમના ભાવનો કે રુચિનો હિસ્સો નહોતું, પણ જરૂરિયાતનો હિસ્સો હતું. જમવા માટેની યાદ પણ શ્રીમતી લિંકન જ તેમને દેવડાવતી અને ત્યારે જ તેઓ ભોજન કરતા.

ભોજન કર્યા પછી તેઓ ઊઠતા અને જ્યાં આગ બળતી ત્યાં બેસી જતા. બાળકો તેમની આસપાસ રહેતાં. ક્યારેક વાળ ખેંચે, ક્યારેક તોફાન કરે, પણ લિંકન તો પોતાનામાં જ મગ્ન રહેતા. ક્યારેક અચાનક ઊભા થઈ જઈ બાળકોને ટૂચકા સંભળાવતા કે કોઈ કવિતાની પંક્તિઓ સંભળાવવા માંડતા. શ્રીમતી લિંકન એમને

કેટલીય વાર કહેતી કે ક્યારેક બાળકોની ભૂલો પણ બતાવો જેથી તેઓ સારા માનવી બની શકે. તેઓ તો કહેતા કે મને તો બાળકોમાં કોઈ ભૂલ દેખાતી જ નથી. આ વિષયમાં હું 'આંધળો બહેરો' છું, પણ બાળકોની સારી વાતોના વખાણ કરવાનું એ ક્યારેય ભૂલતા નહોતા.

એક વખતની વાત છે. લિંકન પોતાના એક ન્યાયાધીશ મિત્ર સાથે શેતરંજ રમી રહ્યા હતા. એ દરમિયાન એમનો દીકરો રોબર્ટ આવ્યો. એણે કહ્યું કે ભોજનનો સમય થઈ ગયો છે, ચાલો. એટલે લિંકને કહ્યું કે બેટા તું જા હું આવું છું. આવું લગભગ બધાં જ ઘરોમાં થતું હોય છે, પણ લિંકન તો રમતમાં ડૂબી જ ગયા અને ભૂલી ગયા કે એમને બોલાવવામાં આવ્યા છે. થોડી વાર પછી રોબર્ટ આવ્યો ને કહ્યું કે ચાલો, બધા રાહ જુએ છે. તેમણે શેતરંજના પાસા તરફ નજર નાખતા કહ્યું કે હું હમણાં આવું છું. તું જા અને પછી થોડી વારમાં વળી પાછા ભૂલી ગયા. ત્રીજી વાર રોબર્ટ માનો સંદેશો લઈને આવ્યો અને કહ્યું કે હવે તો ચાલો. મા ભોજન માટે રાહ જોઈ રહી છે. લિંકને આ વખતે પણ એને પાછો મોકલ્યો. ખાસી વાર લાગી તો પણ લિંકન જ્યારે ભોજન માટે આવ્યા નહિ ત્યારે રોબર્ટ એટલા ગુસ્સામાં આવ્યો ને શેતરંજને એટલી જોરથી લાત મારી કે તે શેતરંજ લિંકન અને તેમના મિત્રના માથાથી ઉપર ઊછળી. આથી પણ લિંકન રોબર્ટ ઉપર નારાજ થયા નહિ. ઘણી સહજતાથી તેઓ ઊઠ્યા અને પોતાના મિત્ર સાથે હાથ મેળવી કહ્યું કે પછીની બાજી વળી કોઈ દિવસે પૂરી કરીશું. મજાની વાત એ છે પછી પણ એમણે પોતાના દીકરાને માર્યોય નહિ ને લડ્યા પણ નહિ.

લિંકન કોઈ ચર્ચથી જોડાયેલા નહોતા અને ધાર્મિક વિવાદોમાં પણ તેઓ પડતા નહોતા. ત્યાં સુધી કે તેમના પોતાના અંગત મિત્રોમાં પણ આવી વાત થતી તો પણ તેનાથી બચતા. કદાચ આ બાબત તેમની નાપસંદનું સૌથી મોટું ક્ષેત્ર હતું. એક વાર એમણે હર્નડનાને કહ્યું કે ધર્મના વિષયમાં પોતાના વિચાર ઇન્ડિયાનાના લીન નામના વૃદ્ધ માણસ સાથે મળતા આવે છે. તેમણે એક વાર ચર્ચમાં કહ્યું હતું, 'હું જ્યારે કોઈ સારું કામ કરું છું તો મને સારું લાગે છે અને ખરાબ કામ કરું છું તો મને માઠું લાગે છે. એનો એહસાસ જ મારો ધર્મ છે.'

લિંકન મોટે ભાગે રવિવારે પોતાના બાળ-પરિવાર જોડે રહેતા. ક્યાંક જતા તો બાળકો સાથે રહેતા, પણ એક રવિવારે શ્રીમતી લિંકનને લઈને કોઈ ચર્ચમાં ચાલ્યા ગયા. ટડ ક્યાંથી રમીને આવ્યો. તેણે જોયું કે પપ્પા ઘેર નથી, તેથી તે જે હાલ-હવાલમાં હતો તેવો ને તેવો જ દોડતો ચર્ચમાં પહોંચી ગયો. એના કપડા ઉપર ઇલિનાયની કાળી માટી ચોંટેલી હતી. શર્ટના બટન ખુલ્લા હતા. અસ્તવ્યસ્ત હાલતમાં

હતો. એને આવો જોઈ શ્રીમતી લિંકનને ઘણું માઠું લાગ્યું. તેને ઘણી શરમ લાગી. લિંકને તો એ જ ખુશીથી હાથ ફેલાવી દીકરાને ખોળામાં ઊંચકી લીધો અને છાતી સરસો ચાંપી દીધો, પણ કહ્યું કાંઈ નહિ. હર્નડને લખ્યું છે કે તેઓ રવિવારની સવારે ક્યારેક ક્યારેક બાળકોને પોતાની ઑફિસે પણ લઈ જતા. બાળકો તોફાની હતા. બહાર તો તોફાન કરતા જ હતા. ઑફિસને પણ નહોતા છોડતા. એક વાર તો તેમણે મેજનું ડ્રોઅર, પુસ્તકો, જરૂરી કાગળો બધું પાથરીને નાચવાનું શરૂ કરી દીધું, પણ લિંકને તેમને ધમકાવ્યા નહિ. હર્નડનનું કહેવું છે કે મેં આવો કોમળ માણસ આજ સુધી જોયો નથી. એમ તો શ્રીમતી લિંકન ઑફિસે જતી નહોતી, પણ જ્યારે પણ જતી ત્યારે આઘાત પામી પાછી ફરતી. કોઈ પણ ચીજ બરાબર જગ્યાએ હોય જ નહિ.

લિંકનના મિત્ર સ્પીડનું કહેવું હતું કે લિંકન નિયમિત રીતે અનિયમિત માણસ હતા. લિંકન પોતાના વિચારોમાં કોઈ જાતની અસ્પષ્ટતા રાખતા નહોતા. ડગલસ જોડે થયેલી તેમની બે વારની ચર્ચા અમેરિકન રાજનીતિની ધારા નક્કી કરવાવાળી ચર્ચા માનવામાં આવે છે. આ ઉપરથી જ લોકો લિંકનના રાજનીતિશાસ્ત્રને મૂલવે છે. પહેલી ચર્ચા ૧૯ નવેમ્બર, ૧૮૩૯ના દિવસે થઈ હતી અને બીજી ૨૬ નવેમ્બરના રોજ. બીજી ચર્ચાને નિર્ણાયક બનાવવા માટે લિંકન કટિબદ્ધ હતા. તેમણે કહ્યું હતું કે દેશની સ્થિતિ રાષ્ટ્રીય બૅન્કની બહાલીથી દુરસ્ત થઈ શકે છે. તેઓ માનતા હતા કે સમાજ અને રાજનીતિ બંનેના સ્તરો ઉપરનું મનદુઃખ દેશને પાછળ ધકેલે છે અને પ્રગતિની ગતિને મંદ પાડી દે છે. એમણે કહ્યું હતું – સંપ્રદાયવાદ અને ગુલામીની પ્રથા દેશની સામાજિક સમરસતાને છિન્નભિન્ન કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં જનતા નિરાશ થઈને હિંસક બની જાય છે. આવું ટુકડે ટુકડે પણ બને છે અને સમગ્ર રૂપે પણ. બંને સ્થિતિઓમાં દેશને નુકસાન વેઠવું પડે છે. એમનું સૂચન હતું કે દરેક અમેરિકને, દરેક સ્વતંત્રતા પ્રેમીએ, આવનારી પેઢીના શુભચિંતકે ‘ક્રાંતિ'ના ખૂનના શપથ લેવા જોઈએ કે પોતે કાયદાને ક્યારેય પોતાના હાથમાં નહિ લે અને કોઈને લેવા દેશે પણ નહિ. દરેક માતા એવું શિક્ષણ પોતાનાં બાળકોને આપે. આ બાબત દેશનો રાજનૈતિક ધર્મ બની જવો જોઈએ. એમણે એક એવા ‘સ્વતંત્રતા મંદિર'નું આહ્વાન કર્યું કે જે રૂઢિઓ, પરંપરાઓ, ભાવનાઓ ઉપર આધારિત ન હોય પણ દૃઢ સિદ્ધાંતો ઉપર આધારિત હોય.

ક્રાંતિના પક્ષના હોવા છતાં પણ તેઓ ક્રમ વાર થતા પરિવર્તનને ક્રાંતિ કહેતા હતા. એમની ક્રાંતિમાં હિંસાને કોઈ સ્થાન નહોતું. ઈ.સ. ૧૮૩૭માં ‘ઓબ્જર્વર' સમાચારપત્રનો સામંતોએ વિરોધ કર્યો હતો. એટલા માટે કે સમાચારપત્ર ગુલામીની

પ્રથાનો વિરોધ કરતું હતું. પરિણામે સામંતોએ પ્રેસને આગ લગાડી દીધી. તેથી લિંકન દૃઢ રીતે સમાચારપત્રના પક્ષે ઊભા થઈ ગયા. એમણે કહ્યું કે બદલાવ જરૂરી પ્રક્રિયા છે. બદલાવ ક્યારે પણ હિંસાથી સંભવી શકે નહિ. તેઓ દેશભક્તિ, સ્વતંત્રતા અને લોકતંત્રના પક્ષમાં હતા. પોતાના ભાષણોના કેન્દ્રમાં દેશવાસીઓ અને માણસોની ચિંતા કરવાની સાથે તેઓ આ બધી બાબતોનો ઉલ્લેખ કરવાનું ભૂલતા નહોતા. બાળપણથી જ તેઓ માનતા હતા કે બધા જ મનુષ્યો સમાન છે. તેથી ગુલામીની પ્રથા માનવીય નથી. સમયની સાથે મનુષ્યની વિકાસ વાર્તામાં ગુલામીની પ્રથા અભિશાપથી વધુ બીજું કાંઈ જ નહિ નીવડે. તેઓ વિરોધને લોકતાંત્રિક પદ્ધતિ માટે જરૂરી માનતા હતા, પણ એવો વિરોધ કે જેમાં તર્ક હોય, એવો વિરોધ જે મનુષ્યની ચિંતા કરતો હોય, એવો વિરોધ કે જે સાર્થક બની શકે. વિરોધમાં વ્યક્તિગત સંઘર્ષ કે હિંસાને કોઈ સ્થાન હોવું ન જોઈએ.

એમ તો લિંકન હંમેશાં વ્હિગ પાર્ટીના ટેકેદાર રહ્યા છતાં આર્થિક નીતિઓ બાબતે પોતાના અંગત વિચાર રાખતા હતા. તેઓ સંપૂર્ણ મુક્ત વેપારના પક્ષમાં નહોતા. એમને લાગતું હતું સંરક્ષણ પ્રથા સમાપ્ત કરી દેવાથી નિરર્થક શ્રમ ઉપર વધારે ખર્ચ થશે. એનું કારણ એ છે કે ત્યાં સુધી વિદેશ વેપાર વધી ગયો હશે. એનું પરિણામ એ આવશે કે જે લોકો મહેનત નહિ કરતા હોય તેમની પાસે વધુ પૈસા આવી જશે અને મહેનત ઉપર નિર્ભર રહેનારા લોકો વધુ ગરીબ થતા જશે. યોગ્ય શ્રમ વેતનનું સંકટ પણ સમાજમાં સામાન્ય થઈ પડશે. જો તેમ થશે તો આપણે દેશને ગરીબ અને ધનવાનની નીતિઓમાં વહેંચી નાખીશું. આ નવા વર્ગો હશે જે હંમેશના દુશ્મન બની રહેશે. આ પ્રમાણે લિંકન કાર્લ માર્ક્સની ભાષા અને રૂપકમાં બોલતા હોય તેમ દેખાતું. એમ તો કાર્લ માર્ક્સ લિંકનના સમકાલીન હતા.

'હેનરી ક્લે' લિંકનના રાજનૈતિક આદર્શ હતા. ક્લે ઉત્તર-પૂર્વના ઔદ્યોગિક ઉત્પાદન, પશ્ચિમના અનાજ ઉત્પાદન અને દક્ષિણના તંબાકુ અને કપાસના ઉત્પાદનની મદદથી દેશને એક આર્થિક એકમના રૂપે ખડો કરવા માગતા હતા. એમનું કહેવું હતું કે એમ થશે તો દેશમાં એક ઉદાર વ્યવસ્થા ઊભી થશે, જેમાં બધાને ન્યાય મળશે, સમાન અવસર અને તક મળશે. આ દૃષ્ટિકોણે અમેરિકાની રાજનીતિમાં વિચારો આડે પડેલી અડચણ તોડી નાખી અને નવી પેઢી નવા વિચારોને અપનાવતી દેખાવા માંડી.

ઈ.સ. ૧૮૪૩માં પ્રાંતિય વિધાનસભામાં લિંકનનાં ચાર વરસ પૂરાં થઈ ગયાં. એમણે પાંચમી વાર વિધાનસભામાં ન જવાનો નિર્ણય કર્યો. ઇલિનોય એક એવો

પ્રાંત હતો જ્યાં ડેમોક્રેટની અસર વધારે હતી. છતાં લિંકનના પ્રયાસોથી સ્ટુઅર્ટ ત્યાંથી પ્રતિનિધિ સભા માટે ચૂંટાયા. એ પોતે તો વ્હિગ પાર્ટીના હતા જ. પ્રતિનિધિ સભા માટે નવા સદસ્યને ચૂંટવાના હતા. ત્યાં પ્રતિનિધિ સભાને સંસદ કહે છે. અમેરિકન પરંપરા અનુસાર ટિકિટની વહેંચણી પાર્ટીની અંદરના લોકતંત્ર દ્વારા થાય છે. આના મુજબ દરેક ઉમેદવારે પોતાના તર્કો સાથે ઊભા રહેવું પડે છે. જે વ્યક્તિ પોતે મોકલેલા તર્કોથી બધાને સંતોષ આપે છે કે રાજી કરી લે છે, તો તેને ઉમેદવાર જાહેર કરવામાં આવે છે. લિંકન પણ એમાં લાગી પડ્યા. એમણે આ માટે પૂરી તૈયારી કરી. ઇલિનોયની જનતા માટે ઘોષણાપત્ર કાઢ્યું. એમાં સ્પષ્ટ લખેલું હતું કે પોતે ઇચ્છે છે શું ? વિકાસ પછી અહીંનો નકશો કેવો હશે ? આ બાબતથી ચિંતિત થઈ તેમના વિરોધી બેકરે અને બીજા સાથીઓએ જબરો પ્રચાર કર્યો. પહેલું તો એ કે લિંકનના ઉદ્દેશો માત્ર દેખાડો છે. જો તે પોતે હકીકતમાં ઉદ્દેશશીલ હોત તો ધનવાન કુટુંબમાં લગ્ન ન કરત. હાથીના દાંત ખાવાના અને દેખાડવાના જુદા જુદા હોય છે. વિરોધીઓને ખબર હતી કે ચર્ચનું પ્રભાવક્ષેત્ર વિસ્તૃત અને વિશાળ છે. લિંકનના કોઈ પણ ચર્ચ સાથે ન જોડાયા હોવાની બાબતની અસર પડી શકે છે. એથી એ લોકોએ એ વાતનો જોરદાર પ્રચાર કર્યો કે લિંકન કોઈ ચર્ચમાં શ્રદ્ધા વિશ્વાસ રાખતા નથી. લિંકનની મુશ્કેલી એ હતી કે તેઓને બેકર તરફ હદથી વધુ માન હતું. બંનેના કાર્યાલયો પણ એક જ મકાનમાં હતા. લિંકન બેકરથી પ્રભાવિત પણ ઘણા હતા. એમના જ નામ ઉપરથી લિંકને પોતાના એક દીકરાનું નામ પણ રાખ્યું હતું. તેથી તેઓ ઊહાપોહમાં રહી ગયા અને જિલ્લાના પાર્ટી અધિવેશનમાં બેકર ઉમેદવાર ચૂંટાયા. એટલું જ નહિ લિંકનને એ જવાબદારી પણ સોંપવામાં આવી કે બીજાં ક્ષેત્રોમાંથી જે ઉમેદવારો ચૂંટાઈ આવે એ બાબતે તેઓ એમની મદદ કરે. આમ છતાં પાર્ટીએ લિંકન તથા બેકરને અવગણીને હાર્ડિનને ઉમેદવાર ચૂંટી લીધા. લિંકનના ખાતામાં માત્ર એટલી જ વાત આવી કે હાર્ડિન પછી બેકરને ઉમેદવાર બનાવવાની વાત ઉપર તેમને સહમતી મળી.

ઈ.સ. ૧૮૪૪ના પાર્ટી અધિવેશનમાં બેકર પાર્ટી ઉમેદવાર ચૂંટાયા. આ એ સમય હતો જેમાં લિંકનના વક્તૃત્વની ઘણી પ્રશંસા થઈ. તેમને બેકર તથા ક્લેની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સતત જનસભાઓને સંબોધન કરવા મળ્યું. પરિણામે તેઓને પ્રદેશના સર્વશ્રેષ્ઠ વક્તા તરીકે પણ ઘોષિત કરાયા. બેકર પ્રતિનિધિ બની ગયા હતા, પરંતુ ક્લેને ઇલિનોયમાંથી જરૂરી મત મળી શક્યા નહોતા. ઈ.સ. ૧૮૪૬માં હવે વારો લિંકનનો હતો. તે માટે બેકર તો રાજી હતા, પરંતુ હાર્ડિન છેવટ સુધી રાજી થયા નહિ.

લિંકન પોતાના વિરોધીઓ ઉપર પણ હિંસક ભાષા વાપરતા નહોતા. લાંછન લગાડતા નહોતા કે નિંદાના પત્થરો ફેંકતા નહોતા. તેઓ સુસજ્જ અને સંયમી ભાષામાં સંબંધિત મુદ્દા કે ઉદ્દેશથી શરૂ કરવા ઇચ્છેલા કામના સંકલ્પ સુધી પહોંચતા. પાર્ટીની દુરસ્ત અને સ્વસ્થ પરંપરાનું પાલન થવું જોઈએ અને એ મુજબ ઉમેદવારોને વારાફરતી ચૂંટવા જોઈએ એમ લિંકન કહેતા. હાર્ડિનના વિરોધમાં પણ સ્વસ્થ લોકતાંત્રિક પરમ્પરાના ઉલ્લેખ સિવાય એમણે બીજું કાંઈ કહ્યું નહોતું. ઉમેદવારો વારાફરતી બદલાતા રહેવાને કારણે સંપૂર્ણ કાર્યક્ષમતાથી કામ કરતા રહે છે. એમની દલીલ જોરદાર સાબિત થઈ. લિંકનને મળેલા સમર્થનથી હાર્ડિન નિરાશ થઈ ગયા. એ સમજી ગયા કે જીતવાની વાત તો દૂર રહી, પરંતુ આબરૂ બચાવવી મુશ્કેલ થઈ પડશે. તેથી હાર્ડિને મેદાન છોડી દીધું હાર્ડિને જાહેર કરી દીધું કે પોતે મેક્સિકો યુદ્ધમાં ભાગ લેવા જઈ રહ્યા હોવાથી ચૂંટણી નહિ લડે. તેથી ૧ મે, ૧૮૪૬ના અધિવેશનમાં લિંકન પાર્ટી ઉમેદવાર ચૂંટાયા. ચૂંટણીમાં એમના વિરોધી હતા ડેમોક્રેટ કાર્ટ રાઇટ. પોતે મેથોડિસ્ટ હતા. તેમણે લિંકન વિરુદ્ધ મુદ્દો ઉછાળ્યો કે લિંકન ચર્ચને મહત્ત્વ આપતા નથી. એમની ધાર્મિક આસ્થા સંદિગ્ધ છે. એમને લાગતું હતું કે બેકરની સામે આ વિશે લિંકને કંઈ વધારે કહ્યું નહોતું. કદાચ આ વખતે આ દાવ ચાલી જશે, પણ આ વખતે લિંકને કહ્યું કે પોતે કોઈ ચર્ચના સદસ્ય નથી. એનો અર્થ એ નથી કે પોતે ધર્મ-વિરોધી છે. જો કોઈ વ્યક્તિને કોઈ એક ખાસ સંપ્રદાય તરફ ખેંચાયેલ ન હોય તો આનો એ અર્થ કદાપિ નથી હોતો, અને તમે કહી પણ શકતા નથી કે એ કોઈ ધર્મ વિશેષનો કે બધા જ ધર્મોનો વિરોધી છે. તમે એને કોઈ ખાસ ધર્મનો વિરોધી કે બધા જ ધર્મોનો વિરોધી ત્યારે જ કહી શકો છો, જ્યારે એ બાબત સાબિત થઈ જાય કે એ ધર્મ વિરોધી છે. લિંકનના તર્કોએ કાર્ટ રાઇટની બોલતી બંધ કરી દીધી. ૧૩ ઑગસ્ટ, ૧૮૪૬ના રોજ લિંકને કાર્ટ રાઇટને કાયદેસર અને વિધિવત હરાવી દીધા તથા પોતે પ્રતિનિધિ સભાના સદસ્ય ચૂંટાઈ ગયા.

આ દરમિયાન લિંકનને ઇલિનોયની બહાર વ્હિગ પાર્ટીના નેતાના રૂપમાં માન્યતા મળી ચૂકી હતી. ત્રીસમી કૉંગ્રેસના પહેલા અધિવેશનને એક વર્ષ બાકી હતું. લિંકને શિકાગોમાં થયેલ 'નદી તથા બંદર અધિવેશન'માં પોતાની પ્રાણસભર ઉપસ્થિતિની પ્રતીતિ કરાવી અને તેથી તેમની છબી એક રાષ્ટ્રીય નેતાની બની ગઈ.

ઈ.સ. ૧૮૪૪માં લિંકન લગભગ ૧૫૦૦ ડૉલર આપીને ચાર્લ્સ ડ્રેસરના મકાનમાં આવી ગયા હતા. ચાર્લ્સ ડ્રેસર એટલે એ જ માણસ કે જેણે ૨૦ વર્ષો પહેલા લિંકનના લગ્ન કરાવ્યા હતા. મકાનમાં એક લિવિંગ રૂમ, કિચન, બેડરૂમ,

આઉટ હાઉસ હતા. ત્યાં જ લિંકન પોતાની એક ગાય તથા હરણ રાખતા હતા. શરૂઆતમાં તો મેરી લિંકનને આ જગ્યા સ્વર્ગ જેવી લાગતી હતી, પરંતુ ધીરે ધીરે તેને અહીંની દરેક વસ્તુ તરફ અણગમો થવા માંડ્યો. કદાચ એટલા માટે પણ હોય કે મેરીની બહેન તેનાથી એક મોટા બે માળના મકાનમાં ઠાઠથી રહેતી હતી. સાધારણ રીતે મેરી ઘરના મામલામાં કોઈ પણ સવાલ કરતી તો લિંકન કહ્યા કરતા – 'હું જાણતો નથી. આ બધી બાબતમાં તારી સમજણ વધુ સારી છે.' પણ આ વેળાએ લિંકને મકાનના મુદ્દા ઉપર કહ્યું કે મકાન તો પૂરતું છે. આપણા સૌ માટે આમાં પૂરતી જગ્યા છે. વળી મારી માસિક આવક ૫૦૦ ડૉલર છે તેમાં કંઈ મોટો વધારો પણ થયો નથી. એટલે આને વિસ્તારવાના વિષયમાં અત્યારે તો વિચારવું ન જોઈએ. વાતને ટાળવા માટે અને મેરીને ખુશ કરવા માટે લિંકને એક કોન્ટ્રેક્ટરને બોલાવ્યો અને ઇચ્છા મુજબ મકાનમાં પરિવર્તન કરવા બાબતે પૂછ્યું કે કેટલો ખર્ચ આવશે ? કોન્ટ્રેક્ટરે અંદાજે ખર્ચ બતાવ્યો તેથી લિંકને મેરીને સમજાવ્યું કે એટલું ખર્ચ કરવું શક્ય નથી. લિંકન નિશ્ચિત થઈ ગયા કે મેરી રાજી થઈ ગઈ છે. તેઓ પોતાના કામમાં લાગી ગયા. એમણે કામથી બહાર જવું પડ્યું. આ દરમિયાન મેરીએ બીજા કોન્ટ્રેક્ટરને બોલાવ્યો. તે કોન્ટ્રેક્ટરે પહેલા કોન્ટ્રેક્ટરની સરખામણીમાં ઓછા ખર્ચની વાત કરી કે તરત જ મેરીએ તો તાત્કાલીક કામનો ઑર્ડર જ આપી દીધો. લિંકન સ્પ્રિંગફીલ્ડ પાછા ફર્યા તો પોતાના મકાનને ઓળખી શક્યા જ નહિ. એમણે પાડોશમાં પૂછ્યું કે લિંકનનું મકાન કયું છે ?

ઈ.સ. ૧૮૫૩ના અંતિમ મહિનામાં લિંકન ચુમ્માલીશ વરસના થઈ ગયા હતા. વ્હાઇટ હાઉસ જવાથી માત્ર આઠ વરસ પહેલા પણ લિંકનની પ્રેક્ટિસ કાંઈ વધુ નહોતી. એ વરસે એમણે માત્ર ચાર કેસ લીધા. એના બદલામાં તેમને ૩૦ ડૉલર મળ્યા હતા. તેઓ કહેતા રહેતા કે તેમના વધારે પડતા અસીલો ગરીબ હોય છે તેથી તેમની પાસેથી મન ગમતી ફી વસૂલી શકાતી નથી. એક વાર એક અસીલે ૨૫ ડૉલર મોકલી આપ્યા. લિંકને માત્ર ૧૦ ડૉલર સ્વીકારતા કહ્યું કે તમે મારા પ્રત્યે કંઈક વધુ જ ઉદાર થઈ ગયા હતા.

એક બીજું પ્રકરણ તેમની પાસે આવ્યું જે મામલો લગભગ ૧૦ હજાર ડૉલરની પ્રોપર્ટીનો હતો. પ્રોપર્ટી એક પાગલ છોકરીની હતી અને એને કોઈએ ઠગી લીધી હતી. પ્રકરણ પહેલા જ ફીની વાત થઈ ચૂકી હતી. બાબત નક્કી થઈ ચૂકી હતી. એ વખતે લિંકનનો સાથી હતો કાર્ડ લેમન. લિંકને આ મામલો હિયરિંગની ૧૫ મિનિટોમાં જ જીતી લીધો. ખુશી થતો થતો લેમન તો લિંકન પાસે આવ્યો અને ફી વહેંચવા માંડ્યો. આ બાબતે લિંકન ગુસ્સે થઈ ગયા. એમણે કહ્યું કે હવે એવા

દિવસો આવી ગયા છે કે પાગલોની લડાઈમાં ન્યાય અપાવીને આપણે પૈસા કમાઈશું. એથી લેમને કહ્યું કે પૈસા એના ભાઈએ આપ્યા છે અને જીતવાથી તેઓને પૂરો સંતોષ છે.

'એથી શું થયું ? તે લોકો તો એટલા માટે ખુશ છે કે તેઓ પ્રકરણ જીતી ગયા. પૈસા તો ગરીબ માણસના ખીસામાંથી જઈ રહ્યા છે. આવી રીતે એને ઠગવા કરતા હું ભૂખ્યો રહેવાનું પસંદ કરું છું. તું તાત્કાલિક જ તેમને ઓછામાં ઓછી અરધી રકમ તો પાછી આપી દે. નહિતર આમાંથી હું એક સેંટ પણ નહિ લઉં.' લિંકનના વિચાર અને જીવન જીવવાના અંદાજ આવા હતા. તે કોઈપણ પાસેથી ગમે તેમ, કોઈ પણ રીતે આવેલા પૈસાના ઉપયોગને બરાબર સમજતા નહોતા. આવું તે દેખાડો કરવા નહોતા કરતા. આ એમનો સ્વભાવ હતો.

એક બીજો મામલો બહુ ચર્ચિત થયો હતો અને એ હતો એક સૈનિક વિધવાના પેન્શનનો. આ પ્રકરણ એક એજન્ટ લિંકન પાસે લઈને આવ્યો હતો. લિંકન મુકદમો લડ્યો અને જીત્યા પણ તેમણે તે વિધવા પાસેથી એક પૈસો લીધો નહિ. બલકે તેને રોકાવાનો અને તેના જમવાની પણ વ્યવસ્થા કરી. ત્યાં સુધી કે તેને ઘેર પાછા ફરવાની પણ વ્યવસ્થા કરી.

થોડાંક વરસો પછી ફરી તે બાઈ એક મોટી મુશ્કેલીમાં આવી ગઈ. તેને લિંકનની યાદ આવી. થયું એમ કે આર્મસ્ટ્રોંગનો દીકરો દારૂ પીને ઝઘડો કરવાના અને પછી ખૂન કરવાના મામલામાં ફસાઈ ગયો હતો. તેણે લિંકનને પોતાની વ્યથા સંભળાવી. લિંકને પ્રકરણનો ઊંડાણથી અભ્યાસ કર્યો અને અદાલત સામે પ્રભાવશાળી રીતે પોતાની દલીલ મૂકી. એની અસર એ થઈ કે કોર્ટે જેક આર્મસ્ટ્રોંગને છોડી મૂક્યો. આના બદલામાં આભાર માનતા શ્રીમતી આર્મસ્ટ્રોંગે ૫૦ એકર જમીન સ્વીકારવાની લિંકનને વિનંતી કરી. એણે કહ્યું કે, 'લિંકનને આપવા માટે એના સિવાય બીજું કાંઈ નથી. આ વાત ઉપર લિંકને કહ્યું કે આંટી, એ પણ વખત હતો કે જ્યારે મારી પાસે પહેરવા લાયક કપડાં પણ નહોતાં. આપ લોકોએ બાળપણમાં કેટલી બધી મદદ કરી છે. હું આપનો કરજદાર છું. કોઈ પણ રીતે આપના એ ઉપકારનો બદલો હું ચુકવી શકતો નથી. મને માફ કરો. હું આપની પાસેથી એક પૈસો પણ લઈ શકતો નથી.' તેમણે ઘણી વિનંતી કર્યા છતાં લિંકને ફી લીધી નહિ. એમનામાં એક જરૂરી સદ્ભાવના હતી જે તેમને સારા અને વધુ સારા માણસ બનાવતી હતી.

બીજી બાજુ એમની પત્ની મેરી ટોડ પાસે ઓછામાં ઓછા ખર્ચે ઘર ચલાવવા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. આમ ઘર ઓછા ખર્ચે ચલાવવું હંમેશાં માટે તો

શક્ય નથી. ક્યારેક માણસ કંજૂસીની હદ સુધી વ્યવહાર કરવા લાગે છે. પણ એ માટેય તેની પાસે તકો હોય છે. મેરી આખા શહેરમાંથી સેન્ટ લઈ આવતી. થોડુંક કાઢી લેતી અને પછી કોઈ ને કોઈ બહાનું કરી દુકાનદારને પાછું આપી આવતી. શરૂઆતમાં તો આ દાવ ચાલી ગયો, પણ પછી દુકાનદાર સમજી ગયા કે મેરી જાણીબૂઝીને તેમ કરે છે. કેટલાક તો પાછી આપેલી શીશીઓ ઉપર એમ ચિઠ્ઠી ચોંટાડતા થઈ ગયા કે આને શ્રીમતી લિંકને પાછી આપી છે.

એક વાર લિંકનના એક દોસ્તે 'સ્પ્રિંગફીલ્ડ રિપબ્લિકન' નામનું સમાચારપત્ર કાઢ્યું. લિંકનને પણ તેના ગ્રાહક બનવા માટે આગ્રહ કર્યો અને લિંકન માની ગયા. બીજે દિવસે ઘરના ઉંબરે નવું છાપું જોઈને મેરી ઊકળી ઊઠી. એણે લિંકનને પૂછ્યું કે વળી એક નવું છાપું. હદ છે કચરો જમા કરવાની ! ઉપરથી ખોટો ખર્ચો અલગ ! એનો ઠપકો સાંભળીને લિંકને કહ્યું કે મેં એને છાપું નાખવાનું કહ્યું નહોતું. એ સાચું જ કહી રહ્યા હતા, પણ ગ્રાહક બનવા માટે મેં જ સંમતિ આપી હતી. આથી મેરી ટોડનો ગુસ્સો વધુ ભભૂકી ઊઠ્યો. કહેવા લાગી કે આ તો જબરજસ્તી છે. તેણે છાપાના તંત્રીને આની વિરુદ્ધ એક બહુ જ તીખો પત્ર લખી નાખ્યો. પત્રની ભાષા અને તિખાશથી તંત્રી નારાજ થઈ ગયો અને તેણે એ પત્રને પોતાની ટીકા સાથે છાપામાં છાપી નાખ્યો. આ બદનામીથી લિંકન ખૂબ નારાજ થયા. જોકે તેમણે તંત્રીને કહ્યું કે આ એક જાતની ગેરસમજ છે.

એમના લગ્નનાં ત્રેવીસ વર્ષો સુધી પણ લિંકનના કોઈ સગા તેમના ઘેર આવતા નહોતા. એમ તો સૌથી નજીકના સગામાં લિંકનના સાવકી માતા હતાં. છતાં તેમણે પણ લિંકનનું ઘર અંદરથી જોયું નહોતું. લિંકન જ કોઈ કોઈ વાર સાવકી માતાના ઘેર ચાલ્યા જતા. દૂરથી સગાઈમાં કાકાની દીકરી બહેન હતી હેરિયટ હૅંક્સ જે બહુ જ વ્હાલી અને લાગણીવાળી છોકરી હતી. લિંકનને એ બહુ વ્હાલી હતી. એ તેને પોતાને ઘેર લઈ આવ્યા જેથી એ સ્પ્રિંગફીલ્ડમાં પોતાનું શાળાનું શિક્ષણ પૂરું કરી શકે. લિંકન પોતાની પિતરાઈ બહેનને જેટલું વ્હાલ કરતા, શ્રીમતી લિંકન એટલી તેનાથી નારાજ રહેતી. લિંકન જેવા ઘર બહાર જાય કે તેની પાસે ખૂબ કામ કરાવવામાં આવતું. મેરી લિંકને તેને એક રીતે ઘરકામ કરનારી નોકરડી જ બનાવી દીધી. લિંકને આનો વિરોધ કર્યો અને જણાવ્યું કે આ તો અન્યાય છે. પરિણામે કંકાસ સિવાય બીજું શું થઈ શકે અને થયું પણ તેમ જ. મેરીના ખરાબ વર્તનને કારણે ઘરકામ કરનાર કોઈ નોકર ટક્યો નહિ બલકે એમના ઘેર કોઈ ઘરકામ કરવા માગતું જ નહોતું. ગમે તેટલી સગવડો આપવાની વાતો થાય, પણ કોઈ રાજી જ થતું નહોતું.

સ્પ્રિંગફીલ્ડમાં એક બહુ ચર્ચિત, ચરિત્રના નમૂના જેવો માણસ હતો. 'લાંબો જેક' કે 'લેબૂ જેક'. એની પાસે એના જેવા જ મૂર્ખ દોસ્તો હતા અને એક તૂટી-ફૂટી વેગન ગાડી હતી. એમાં બેસીને એ બધા નમૂનાઓ આમ તેમ ફરતા રહેતા અને શેખી મારતા રહેતા. એની ભત્રીજી દુર્ભાગ્ય વશ લિંકનને ત્યાં ઘરકામ કરવા ચાલી ગઈ. થોડાક જ દિવસમાં શ્રીમતી લિંકનને એ કામવાળી જોડે મોટો ઝઘડો થયો અને પછી તે ચાલી ગઈ. આની જાણ થતાં જ જેક પોતાના ચમચાઓને લઈને શ્રીમતી લિંકનને ઘેર ગયો. એણે કહ્યું કે પોતે પોતાની ભત્રીજીનો સામાન લેવા આવ્યો છે. શ્રીમતી લિંકન ડરી નહિ. એણે તો બહુ ખરું ખોટું સંભળાવ્યું અને કામવાળીની નિંદા કરી. એટલું જ નહિ એણે જેકને કહ્યું કે જો તેણે બીજી વાર ઘરમાં પગ મૂકવાની હિમ્મત કરી તો સારું નહિ થાય. આથી ગુસ્સામાં ઊકળતો જેક લિંકનની ઑફિસે પહોંચ્યો.

લિંકને પૂરી હકીકત સાંભળી અને એ વાત પર દુઃખ પ્રગટ કરતા કહ્યું કે, 'યાર, તું થોડીક મિનિટો માટે પણ સહન કરી શક્યો નહિ, જેને હું પંદર વરસોથી ઝીલી રહ્યો છું.' આથી જેક અને તેના સાથીઓ શરમાઈ ગયા અને ત્યાં જઈને લિંકન જોડે ઊંચા અવાજે વાત કરવા બદલ માફી માગી.

એક વાર ફરીથી ગમે તેમ કોશિશ કરીને શ્રીમતી લિંકને એક નોકર રાખી લીધો. એ નાની ઉંમરની એક નાની છોકરી હતી, પણ પાડોશીઓને એ વાતનું આશ્ચર્ય થયું કે તે નોકરડી બે વરસ સુધી ટકી ગઈ. પાછળથી ખબર પડી કે એનું કારણ શ્રીમતી લિંકન નહિ, પણ લિંકન પોતે હતા. તેમણે એને કહેલું કે, 'ઘરનું કામકાજ કરવા ઉપરાંત તારે બીજું પણ એક કામ શ્રીમતી લિંકનનો ગુસ્સો સહન કરવાનું રહેશે અને એના બદલે હું અલગથી દર અઠવાડિયે એક ડૉલર વધારાનો આપીશ.' છોકરી માની ગઈ. શ્રીમતી લિંકન જ્યારે પણ ગુસ્સાથી ભડકી ઊઠતી ત્યારે પેલી છોકરી ચુપચાપ શાંતિથી માથું નીચું રાખી સાંભળી લેતી. ક્યારેય પગ પછાડતી નહોતી કે પોતાના તરફથી કાંઈ બોલતી નહોતી. જવાબ આપવાનું તો જાણે એણે શીખ્યું જ નહોતું. એનું નામ મારિયા હતું. આ બાબતથી પણ શ્રીમતી લિંકનની આદતમાં કોઈ ફેર પડ્યો નહિ.

આ પ્રમાણે જ કોઈ એક ઓરડામાં શ્રીમતી લિંકન મારિયાને જોરજોરથી ધમકાવી રહી હતી. આ જોઈને લિંકન એકલી પડેલ છોકરી પાસે કિચનમાં ગયા અને તેની પીઠ થાબડીને કહ્યું : 'આવી જ રીતે શાંતિથી તારા કામમાં લાગેલી જ રહે. તારી ધીરજ ક્યારેય ગુમાવતી નહિ.' કેટલાય વરસો સુધી એ છોકરી તેઓ સાથે રહી. પછી તેના લગ્ન થઈ ગયા. તે પછી એક વાર તે લિંકનને વૉશિંગ્ટનમાં

મળી હતી. લિંકન તેને મળીને ઘણા જ ખુશ થયા. ભૂતકાળની અનેક વાતો થઈ. એ ઇચ્છતા હતા કે રાતના ભોજનમાં તે સાથે જમે પણ મેરી ટોડે તેને ફળોની ટોપલી આપી ટાળી દીધી.

દરેક રીતે જોતા શ્રીમતી લિંકનનો વ્યવહાર સારા આશય વાળો નહોતો. તે લગભગ ઝઘડાખોર સ્વભાવની અને એક હદ સુધી નિર્દય પણ હતી. ક્યારેક તો એનો સ્વભાવ એવો સંયમ બહારનો થઈ જતો કે એમ જ લાગે કે તે ગાંડી થઈ ગઈ છે. એટલા જ માટે હર્નડને તેને 'જંગલી બિલાડી' કહી હતી. રાષ્ટ્રપતિના સચિવ જોન હે તેને ગંદી ગાળથી ઓળખાવતા. જેમ્સ ગોર્લી સોળ વરસ સુધી તેમના પાડોશી રહ્યા હતા. તેઓ કહેતા કે શ્રીમતી લિંકનમાં કોઈ શેતાનનો વાસ છે. એ એટલી જોરથી બરાડા પાડતી કે કેટલાંય ઘરો સુધી તેનો અવાજ જતો. એને લાગતું કે કોઈ વિશાળ કાયાવાળો રાક્ષસ તેને મારવા આવી રહ્યો છે. સમયની સાથે સાથે એમનું આવું વર્તન વધતું જ ગયું. લિંકનના દોસ્તોને એમના ઉપર દયા આવતી. તેઓ કરે પણ શું ? લિંકન અરધી રાતે પણ બહાર આંટા મારતા જોવામાં આવતા. ઢીલા ઢફ, ઝૂકેલું માથું અને થોક બંધ ચિંતાઓ. તેઓ કેટલીય વાર કહેતા, 'મને ઘેર જવાની નફરત થઈ ગઈ છે.'

હર્નડને આ વિશે લખ્યું છે, 'મોટે ભાગે લિંકન જલદી ઊઠતા નહોતા કે જલદી ઑફિસે આવતા નહોતા. તેઓ લગભગ ૯ વાગ્યે ઑફિસે આવતા અને લગભગ તેના એક કલાક પહેલા હું પહોંચતો હતો. એક વાર તો તેઓ દિવસ નીકળતા પહેલા જ ઑફિસે પહોંચી ગયા. મેં એમને બેઠેલા જોયા તો તરત જ સમજી ગયો કે ઘરના સમુદ્રમાં ભયંકર ભરતી આવી હશે. એમણે મારા આવવા પર માથું પણ ઊંચક્યું નહિ. ફક્ત અભિવાદનનો જવાબ આપ્યો. એમના ઝૂકેલા ચહેરા અને ઓરડામાં ફેલાયેલી શાંતિથી હું એમનું દુ:ખ વાંચી શકતો હતો. ખાસો સમય સુધી સન્નાટો તૂટ્યો નહિ તો આમ તેમ કાગળો જમા કરતા કરતા મને લાગ્યું કે સન્નાટો મારી ગરદન ટૂંપી રહ્યો છે. મારે ક્યાંક ચાલ્યા જવું જોઈએ. હું ગયો પણ ખરો. લગભગ એક કલાક પછી પણ લિંકન એવી જ રીતે અસહ્ય વેદનાના ચિહ્નો લઈને બેઠા રહ્યા. રાત થઈ ગઈ, પણ લિંકન તો ઑફિસમાં જ હતા. વૃક્ષોના છાંયડા વચ્ચે બેઠેલા એકલા અટૂલા લિંકનને અંગત પીડાથી પીડાતા તો કદાચ કોઈકે જ જોયા હશે. આ બાબતનો ઇનકાર કરનારાઓ માટે હું માત્ર એટલું જ કહીશ કે તે લોકો સાચી વાત જાણતા નથી.'

એક વાર તો શ્રીમતી લિંકને બધી જ સીમાઓ તોડી નાખી, હદ વટાવી દીધી. પહેલા તો કોઈ એક વાત ઉપર બરાડા પાડતી રહી અને પછી પોતાનો સંયમ

ખોઈને લિંકનને પણ લઈ નાખ્યા. આ બાબત લિંકન સહન કરી શક્યા નહિ. અપમાન અને ઘાવના દર્દથી તેઓ તડપી ગયા. એમણે કહ્યું, 'બહુ થઈ ગયું. તું આજ ઘડીએ અહીંથી બહાર નીકળ.' એમણે મેરી ટોડની બાજુ ઝાલીને તેને કિચનમાંથી મુખ્ય દરવાજા સુધી લાવીને કહ્યું, 'આ રહ્યો દરવાજો અને પેલો તારો રસ્તો. નીકળી જા. તેં મારા ઘરને નરક બનાવી દીધું છે અને તું મારા જીવનને ખતમ કરવા જઈ રહી છે.' એવો માણસ જેણે જીવનમાં બધાની ઉન્નતિ ઇચ્છી હતી, કોઈનું બૂરું ચાહ્યું નહોતું, તેની સબુરીનો બંધ પણ તૂટી ગેયો. એમનું વૈવાહિક જીવન ક્યારેય સારું રહ્યું નહોતું.

❐

"હું જ્યારે કોઈ સારું કામ કરું છું તો મને સારું લાગે છે અને ખરાબ કામ કરું છું તો મને માઠું લાગે છે. એનો અહેસાસ જ મારો ધર્મ છે."

– અબ્રાહમ લિંકન

3

રાજનીતિના શિખરે

સવાલ એ છે કે જો લિંકનના લગ્ન આન રસેજ જોડે થયા હોત તો શું થાત ? અર્થાત્ મેરી ટોડના બદલે આન એમની પત્ની બની હોત તો શું થાત ? એ બાબત ઉપર અનેક લોકોનો વિચાર છે કે બહુ જ સંભવ છે કે તો લિંકન પોતાના ઘરમાં બહુ જ ખુશ રહેત. બહુ જ સંભવ છે કે તેઓ વધુ રચનાશીલ થઈ જાત, પણ બધાનો સ્પષ્ટ મત છે કે તેઓ રાષ્ટ્રપતિ તો ન જ બની શકત. કદાચ એટલા માટે કે લિંકન પોતાની વિચાર કરવાની પ્રક્રિયામાં બહુ ધીમા હતા. વિચાર કરવામાં અને વિચારને અમલમાં મૂકવામાં તેઓ ખાસો સમય લેતા. મેરી ટોડનું આનાથી ઊલટું હતું. એનામાં વ્હાઇટ હાઉસમાં રહેવાનું લક્ષ્ય ઝગમગાટ કરતું હતું. પોતાના લગ્ન થયા ત્યારથી જ એ પ્રયત્ન કર્યા કરતી કે વ્હિગ પાર્ટી તરફથી લિંકન કૉંગ્રેસ માટે મનોનીત થઈ જાય, ઉમેદવારી કરે. અર્થાત્ લક્ષ્ય અને પ્રયાસ બંનેમાં અદ્‌ભુત સુમેળ હતો.

લિંકન પ્રતિનિધિ સભામાં વ્હિગ પાર્ટીના એક માત્ર પ્રતિનિધિ હતા. એમની સામે બધા જ પડકારો હતા. પાર્ટીના ક્લે અને વેબસ્ટર જેવા નેતાઓ સમસ્યાઓની ધુમ્મસમાં ખોવાઈ જઈ રહ્યા હતા. એમની પાસે નવા દૃષ્ટિકોણની અછત અને અભાવ હતા અને પાર્ટીને જરૂર હતી નવા મુદ્દાઓની નવી છબીની. આશાઓને દિપાવતી નવા ભવિષ્યની ઊજળી છબી. એ પણ દેખાતી નહોતી. લિંકને પોતાની તરફથી પાર્ટીના સિદ્ધાંતોને નવેસરથી નવી રીતે સમજાવવાની કોશિશ કરી, પરંતુ જૂના મુદ્દાઓ ઉપર તેઓ નવી ચાદર ઓઢાડી શક્યા નહિ. થોડી ઘણી સફળતા મળી તે તેમની વક્તૃત્વની શૈલીને કારણે.

વૉશિંગ્ટનમાં લિંકન શ્રીમતી સ્પ્રિંગના બોર્ડિંગ હાઉસમાં રહેવા લાગ્યા હતા. એમની સાથે ત્યાં બીજા આઠ સંસદ સભ્યો પણ રહેતા હતા. એમાં ગિડિંગ્સ પણ

હતા. ગિડિંગ્સ ઓહાયોના સાંસદ હતા અને ગુલામીની પ્રથાની સખત આલોચના કરતા. શહેર મોટું હતું. તે સમયે એની વસતી ૪૦ હજાર હતી, જેમાં લગભગ ૪૦૦૦ ગુલામ હતા. લિંકન પોતાના કુટુંબ સાથે જ આવ્યા હતા. એમ તો મોટા ભાગના સાંસદો ત્યાં એકલા જ રહેતા હતા. મેરી તથા તેનાં બાળકોને પણ ત્યાં રહેવામાં અને ત્યાંના વાતાવરણને અનુકૂળ થવામાં મુશ્કેલી નડી. પરિણામે તે કંટેકી ચાલી ગઈ. એ પછી લિંકને પોતાનો પૂરો સમય પ્રતિનિધિ સભાને આપ્યો. તેમને પોસ્ટ ટપાલના વિભાગ અને પોસ્ટ-ટપાલ માર્ગોની સમિતિના સભ્ય બનાવવામાં આવ્યા. પછી તેમની કુશળતાને કારણે તેમને શુદ્ધ વિભાગની વ્યય સમિતિમાં પણ રાખવામાં આવ્યા. રેલવે લાઇનો પાથરવાને લગતા કામમાં એમને ઇલિનોયના જમાનાથી જ રસ હતો. એમ તો ભૂગોળનો અભ્યાસ પણ વ્યાપક હતો. આ જ કારણ હતું કે તેમણે બીજા સાંસદોને પણ એ વિષયમાં મદદ કરવાની મહત્ત્વની ભૂમિકા પણ નભાવી. એટલું જ નહિ તેઓ સરકાર સાથે વાતચીત કરવામાં વ્હિગ પાર્ટીના સાંસદોની તેઓ મદદ પણ કરતા. આ બધું કરવા છતાં તેઓ એટલા સતર્ક અને સાવધાન રહેતા કે પોતાના ચૂંટણી ક્ષેત્રમાં એમનું કથન જનતા સુધી જેવું ને તેવું જ બરાબર પહોંચે. આ એટલા માટે પણ કે ત્યાંના લોકોને ખબર પડે કે તેમનો સાંસદ પ્રતિનિધિ સભામાં શું કરી રહ્યો છે. એ પોતે પોતાનાં ભાષણો લખતાં અને તેની નકલો તૈયાર કરતા. બીજા સાંસદો અને સરકાર સાથે વાતચીત કરવાના મુદ્દા તૈયાર કરતા. આ પ્રમાણે તેમનો વધારે પડતો સમય લખવા-વાંચવામાં વીતતો. આ કામ માટે તેમની પાસે કોઈ મદદ કરનાર સહાયક નહોતો તેથી પોતે હાથે જ લખતા.

ઈ.સ. ૧૮૪૮મા રાષ્ટ્રપતિની ચૂંટણી થવાની હતી. હ્વિગ પાર્ટીની ચિંતા એ હતી કે ડેમોક્રેટને કેવી રીતે રોકાય કે જેથી તેઓ આ પદ સુધી પહોંચી શકે નહિ. એમની પાસે ફક્ત એક જ મુદ્દો હતો અને તે હતો 'મેક્સિકો યુદ્ધ'ને થોપવાનો. એ સમયના રાષ્ટ્રપતિ હતા પોક અને તેમની નીતિઓનું જ પરિણામ હતું તે યુદ્ધ. મેક્સિકો ઉપરના સ્પેનના સામ્રાજ્ય વિરુદ્ધ અમેરિકાનો તનાવ ઈ.સ. ૧૮૩૬થી શરૂ થયો. મેક્સિકો સામ્રાજ્ય ટેક્સાસથી માંડી કેલિફોર્નિયા સુધી ફેલાયેલું હતું. ઈ.સ. ૧૮૩૬માં ટેક્સાસના લોકોએ સ્પેનના સામ્રાજ્ય વિરુદ્ધ બળવો કર્યો. તેઓ જીત્યા પણ ખરા. ઈ.સ. ૧૮૪૪માં ટેક્સાસ સંયુક્ત રાજ્ય અમેરિકાનું સભ્ય બની ગયું. અમેરિકાએ કેલિફોર્નિયા અને ન્યૂ મેક્સિકોને પણ પોતાનામાં શમાવી લીધાં. એ સાચું છે કે મેક્સિકોના નિરંકુશ સામ્રાજ્યની સરખામણીમાં અમેરિકા કેટલુંય વધારે સ્વાયત્ત હતું.

ખરાબ પરિસ્થિતિમાં અમેરિકાના રાષ્ટ્રપતિ પોકે યુદ્ધને સમાપ્ત કરવા માટે વધારે નાણાની માગણી કરી. એમનું કહેવું હતું કે યુદ્ધની શરૂઆત મેક્સિકોએ ટેક્સાસ ઉપર હુમલો કરીને કરી હતી. અમેરિકાને કેલિફોર્નિયા અને ન્યૂ મેક્સિકો જેવી વિશાળ જમીન મળી છે. તેથી એ જરૂરી છે કે વ્યવસ્થા અને બીજા ખર્ચાઓ પેટે વધારાનું નાણું આપવામાં આવે. લિંકને આનો વિરોધ કર્યો. એમણે કહ્યું કે આ આખો વિવાદ અમેરિકાની સેનાને કારણે ઊભો થયો છે. એણે જ મેક્સિકોથી એક વસતી ઉપર વિના કારણે જ હુમલો કરી દીધો હતો. એમની જોડે મેસાચ્યુસેટના સાંસદ જોર્જ અંશમન પણ જોડાઈ ગયા. એમણે જાપ્તો રાખીને ઠરાવ મૂક્યો અને કહ્યું કે રાષ્ટ્રપતિએ બિનજૂરી અને ગેરબંધારણીય રૂપે આ યુદ્ધ અમેરિકાની જનતા ઉપર થોપી દીધું છે. આ ઠરાવના ટેકામાં હ્વિગ પાર્ટીના ૮૫ સાંસદોએ સહીઓ કરી. પોતાની વાતને સ્થાપવા અને મજબૂત કરવા માટે લિંકને એક લાંબું અને સારગર્ભિત ભાષણ કર્યું અને માંગ કરી કે સરકાર યુદ્ધને લગતી સઘળી માહિતી સદનને આપે.

લિંકનના આ ઝંડાધારી પગલાનું પ્રેસ તથા રાષ્ટ્રપતિએ યોગ્ય સન્માન કર્યું નહિ. અર્થાત્ આંખ આડા કાન કરી દીધા અને એવો ખોટો પ્રચાર કરાવાયો કે યુદ્ધનું પગલું સરકારે ઉપાડ્યું છે એટલે કે અમેરિકાએ ઉપાડ્યું છે અને લિંકન તેનો વિરોધ કરી રહ્યા છે. મિસૌરીના એક સાંસદના મતે તો આનો આશય દેશભક્તિનો વિરોધ હતો. આમ માનવાથી લિંકનને મહત્ત્વ આપવામાં આવ્યું નહિ. એમના પોતાના પ્રાંત ઇલિનોયના સમાચારપત્રોએ અલબત્ત આ બાબત છાપી. મજાની વાત તો એ હતી કે હ્વિગ પાર્ટીએ પણ યુદ્ધ-વિરોધી વર્ણનને લોકતાંત્રિક સંદર્ભોમાં અનુચિત માન્યું. પાર્ટીનું માનવું હતું કે આ પગલું રાજનૈતિક ટૂંકી દૃષ્ટિથી ઉપાડવામાં આવ્યું છે. આમ કરવાથી અમેરિકાની જનતામાં હ્વિગ પાર્ટીની છબી ખરડાઈ છે. પાર્ટીનું એ પણ માનવું હતું કે વિદેશી હુમલાઓને પહોંચી વળવા માટે જો આપણા દેશની સેના દુશ્મન ઉપર આક્રમણ પણ કરે તો તે ગેરબંધારણીય નથી તેમજ બિનજરૂરી પણ નથી. પાર્ટીની અંદરના વિરોધથી લિંકનને ભારે આઘાત પહોંચ્યો. પાછળથી તેમણે પોતાની સફાઈમાં કહ્યું હતું કે એ સાચું છે કે મેં રાષ્ટ્રપતિ પોકની ટીકા કરી હતી, પણ એ એટલા માટે કે તેમણે યુદ્ધ શરૂ કરવું જોઈતું નહોતું, પરંતુ યુદ્ધ શરૂ થયા પછી તેની આપૂર્તિ રોકી દેવામાં આવે એવું મેં કહ્યું નહોતું. ખેર એમ પણ આ વિતેલા વખતની વાત છે. યુદ્ધ પર પરદો પડી ગયો છે. શાંતિ-સમજૂતીની પ્રક્રિયા ચાલી રહી છે. આ બધી વાતોનો અર્થ હવે રાષ્ટ્રપતિની આગામી ચૂંટણીથી વધુ કંઈ નથી રહેતો.

આ બધા પછી પણ વ્હિગ પાર્ટીમાં તિરાડો ઊપસી આવી. એક પક્ષ એ પાર્ટીમાં સ્થાપિત માન્યતાઓની વકીલાત કરતો હતો. પક્ષમાં એ બધા જ લોકો પાકટ ઉંમર અને વિચારવાળા હતા અને રાજનીતિના સિંહાસન ઉપર કબજો રાખવા માગતા હતા. પરંતુ પાર્ટીમાં કાંઈ એવા જ બધા લોકો નહોતા, યુવાનો પણ પાર્ટીમાં હતા. વધારે સંખ્યામાં યુવાનો લિંકનને પસંદ કરતા હતા અને તેમની તર્કશૈલીથી પ્રભાવિત હતા. એ યુવાનોનો વિચાર હતો કે લિંકન પોતાના તર્કો ઉપર સાચા સાબિત થાય. તેથી તેમણે વિચાર્યું કે યુદ્ધ તો જનરલ્ જાચરી ટેલરે લડ્યું છે. જો ટેલર રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બની જાય તો માત્ર ડેમોક્રેટ લોકોને જ જડબાતોડ જવાબ આપી શકો એટલું જ નહિ બલકે આખા રાષ્ટ્રને બતાવી શકાશે કે લિંકન અને તેમની વ્હિગ પાર્ટી યુદ્ધવિરોધી નથી, પણ એ શરતે કે યુદ્ધ પોતાના દેશની અસ્મિતા માટે લડવું અનિવાર્ય થઈ જાય. આ માટે લિંકન રાજી થઈ ગયા, પરંતુ સંસદમાં તેઓ પોકનો વિરોધ કરતા રહ્યા. એમની રાજનીતિ એ હતી કે પ્રતિનિધિ સભામાં મુદ્દાને ગરમ રાખવામાં આવે અને બહાર અસલી યુદ્ધના નાયક ટેલરની સ્થાપના કરવામાં આવે. આ માટે લિંકને ભ્રમણ કર્યું અને ફિલાડેલ્ફિયાના વ્હિગ પાર્ટીના રાષ્ટ્રીય અધિવેશનમાં એ વાતની મંજૂરી પણ પ્રાપ્ત કરી લીધી કે હવે આવતી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટેલર જ પાર્ટીના ઉમેદવાર રહેશે. એની સાથે એ પણ નક્કી થઈ ગયું કે વ્હિગ પાર્ટીના પરંપરાવાદી વૃદ્ધ લોકો પાસેથી પાર્ટીની લગામ છીનવીને નવયુવકોના હાથમાં આપવામાં આવે. તે જ મંચ ઉપરથી લિંકને ઘોષણા કરી કે ટેલરની હાજરીના પરિણામે હવે યુદ્ધનો ઢોલ પીટનારા ડેમોક્રેટો આ વખતે ધરાશાયી થઈ જશે. આ સાથે જ એ પણ નક્કી થયું કે વ્હિગ પાર્ટીના લોકો બધી જ જગ્યાએ સ્થાનિક સમસ્યાઓ ઉપર જોર આપવા કરતા વધુ જોર રાષ્ટ્રીય સમસ્યાઓ ઉપર આપે જેથી દેશની એકતાની સાથે સાથે પાર્ટીની એકતા અને એકરૂપતા પણ દેખા દેશે. પાર્ટીના નવયુવકો પણ એ ઇચ્છતા હતા કે પાર્ટી પોતાનો જુગજુનો રાગ વગાડી રાખવાનું તજી દે અને નવા રાષ્ટ્રીય મુદ્દાઓને લઈને આગળ વધે. લિંકનનું કહેવું હતું કે ટેલર લોકોની આકાંક્ષાઓ મુજબ કામ કરશે. તેઓ મુદ્દાઓને સંભાળશે અને સંસદને સાથે લઈને ચાલશે. એટલું જ નહિ ટેલર રાષ્ટ્રપતિ બનશે તો તેઓ રાષ્ટ્રપતિના વિશેષાધિકાર વિશેનો ઓછામાં ઓછો પ્રયોગ કરશે. દેશના નવયુવકોની ઇચ્છાને અનુરૂપ તેઓ ગુલામીની પ્રથા ખતમ કરવામાં કોઈ જ કસર બાકી રાખશે નહિ. લિંકને કહ્યું કે યુદ્ધ સામ્રાજ્યવાદી શોષણ છે, તેથી એ આવશ્યક છે કે પોક એ દર્શાવે કે જ્યાં મેક્સિકોમાં યુદ્ધનું પહેલું લોહી વહ્યું, ત્યાંનું શું સંયુક્ત રાજ્ય અમેરિકા માલિક છે ? લિંકને ઘોષણા કરી કે દેશના કોઈ પણ

ભાગમાં ક્યાંય પણના લોકોને એ અધિકાર હશે કે પોતાના મૂળભૂત અધિકારો માટે એ ક્રાંતિ કરી શકે. ક્રાંતિ અર્થાત્ પરિવર્તન. તે લોકો જો ચાહે તો પોતાને અનુકૂળ સરકાર બનાવવા માટે પોતાની ભૂમિકા નક્કી કરી શકે છે. ક્રાંતિ પણ મનુષ્યનો અધિકાર છે.

૨૭મી જુલાઈએ પ્રતિનિધિ સભામાં ભાવિ રાષ્ટ્રપતિ ઉપર વિચાર વ્યક્ત કરવાનો હતો. ફક્ત ચુનંદા સાંસદોને જ આ અવસર મળ્યો હતો. સાત સાંસદો બોલી ચૂક્યા હતા. એમને સાંભળીને શ્રોતાઓ કંટાળી ગયા હતા. લિંકનનો નંબર આઠમો હતો. એમનો વારો આવવા સુધી લિંકનને ભાન થઈ ચૂક્યું હતું કે લોકો બેઠા બેઠા કંટાળી ગયા છે. એમણે પોતાના ભાષણમાં ટૂચકા અને વ્યંગનો એવો તો આસરો લીધો કે સાંસદો મંત્રમુગ્ધ થઈને અરધા કલાક સુધી રસપૂર્વક સાંભળતાં રહ્યાં. એક રીતે આથી લિંકનના વક્તૃત્વની ધાક જામી ગઈ. ૧૪મી ઑગસ્ટે સંસદનું અધિવેશન પૂરું થઈ ગયું અને લિંકન રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વ્યસ્ત થઈ ગયા. લાંબા સમયથી એકલા રહેતા હોવાના કારણે પ્રચાર અભિયાનના ભ્રમણોમાં પરિવારને પણ સાથે લઈ લીધું. એ એટલો જ સમય આપી શકતા જેટલો સમય આવી પરિસ્થિતિઓમાં આપી શકાય. પરિવાર સાથે લઈને જ તેમણે ન્યૂ બેડફોર્ડ, ટાંટન, વારસેસ્ટરનું ભ્રમણ કર્યું અને ત્યાં ટેલરના સમર્થનમાં મોટો ઉત્સાહ પેદા કર્યો. સભાઓમાં વિપક્ષી દળો ઉપર ધારદાર હુમલા કર્યા. એમના ભાષણનો પ્રકાશ પ્રવાહ એવો હતો કે ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવારની સાથે સાથે નિષ્પક્ષ ઉમેદવાર ન્યૂ કેનના મૂળિયા પણ તાણી જાય. સમાચારોએ પણ પોતપોતાની પ્રતિબદ્ધતાઓ સાથે પૂરતું કવરેજ આપ્યું. જે સમાચારપત્રો વ્હિગ પાર્ટીમાં દેશનું ભવિષ્ય જોતા તેઓ ચોક્કસ તેમનાં ભાષણો સારી પેઠે છાપતા અને જે સમાચારપત્રો ડેમોક્રેટ પાર્ટી તરફે હતા તે લોકો વાંધાવચકા સાથે પણ સારી પેઠે સમાચારો છાપતા. એવી રીતે એ લોકો છાપતા કે ભાષણ કાપીકૂટી અધકચરું કરી છાપે કે આંખ આડા કરી છાપે. ક્યારેક જાણે ખબર જ નથી તેમ કરે.

આ દરમિયાન લિંકન કુટુંબના આગ્રહથી કુટુંબને લઈ નાયગ્રાનો ધોધ જોવા ગયા અને તેનાથી ખૂબ જ પ્રભાવિત થયા. એમના મનમાં ધોધ જેવી તાજગી અને શક્તિની આકાંક્ષાનાં ફૂલો ખીલી ગયાં. એક એવી અદમ્ય આકાંક્ષા કે બધા જ સંઘર્ષોમાં ઝઝૂમવા છતાં પણ તમારી તાકાતને ઓછી થવા દેતી નથી. એવી આકાંક્ષા જેનો અનંત અમીકુંપો ક્યારેય ખતમ થતો નથી – નિરંતર પોતાની નિષ્ઠા, ગતિ અને સંકલ્પની સાથે વહેતો રહે છે. એવી આકાંક્ષા જે પોતાના લક્ષ્યને ધારણ કરી પછી બદલતી નથી, માત્ર લક્ષ્યની તરફ જ આગળ વધે જાય છે. આ

આકાંક્ષાઓ ફક્ત નાયગ્રાએ જ લિંકનને બક્ષેલી. તેમણે પોતાના સાથી હર્નડનને લખ્યું પણ હતું કે આ અનંત શક્તિ તરફ હું આશ્ચર્યચકિત થયો છું. માત્ર એટલું જ નથી, પરંતુ હું વિચારી રહ્યા છું કે આવી પુનિત શક્તિ આવે છે ક્યાંથી ? ત્યાંથી એકાદ સ્થાને ફરી આવી લિંકન પોતાના પરિવાર સાથે પાછા ફર્યા. આ પછી લિંકને વધારે સમય ટેલરના ચૂંટણી પ્રચાર માટે આપવા માંડ્યો. એમને લાગલાગટ એ જ ભરોસો પાકો થતો જતો હતો કે ચૂંટણીમાં ટેલર જ જીતશે. તો પણ લિંકનને ઇલિનોય માટે થોડી ચિંતા હતી. આ વિશે તેઓ હર્નડનને પત્ર લખતા અને જવાબ પામતા ભરોસો પડતો ને શાંતિ થતી.

આ દરમિયાન પાર્ટીના જૂના અને ચૂકી ગયેલા લોકોએ એક દાવ ખેલ્યો અને લિંકનની જગ્યાએ આ વખતે લોગનને પ્રતિનિધિ સભા માટે વ્હિગ પાર્ટીનો ઉમેદવાર બનાવી દીધો. તેમનું આ પગલું એટલું દર્શાવવા માટે પૂરતું હતું કે એ બધા લોકો પ્રતિનિધિત્વનો કોઈ પણ અવસર નવી પેઢીને આપવા માગતા નહોતા. ઇલિનોયમાંથી ફક્ત લિંકન જ વ્હિગ પાર્ટીમાં જીત્યા હતા. ત્યાં ડેમોક્રેટ લોકોનું વર્ચસ્વ હતું. આ બાબત સમજવા છતાં લોગનને ટિકિટ આપવામાં આવી. પરિણામે લોગન હારી ગયા. આ પછી ટેલરની ચૂંટણી માટે લિંકને ઇલિનોયમાં મોરચો સંભાળ્યો અને કહેવું શરૂ કર્યું કે જો પાર્ટીમાં મતભેદ કાયમ રહ્યા જ કરશે તો આ માથાકુટનો ફાયદો ડેમોક્રેટને થશે, જેવો ફાયદો ઈ.સ. ૧૮૪૪માં થયો હતો. એ વખતની ચૂંટણીમાં પણ પાર્ટીમાં ફૂટને કારણે જ ડેમોક્રેટ ઉમેદવાર જીત્યા હતા. આ વેળાએ ડેમોક્રેટ પાર્ટી તરફથી કાસ ઉમેદવાર તરીકે ચૂંટણીના મેદાનમાં હતા. લિંકને ગુલામીની પ્રથાના મુદ્દે લોકોને એક કરવાનું શરૂ કર્યું. આખરે લોકો એક થઈ ગયા અને ટેલર ચૂંટણી જીતી ગયા. ડિસેમ્બરમાં લિંકન પાછા વૉશિંગ્ટન ચાલ્યા ગયા. તેઓ જાણી ગયા હતા કે પ્રતિનિધિસભાનું નવું અધિવેશન ગુલામીની પ્રથાના મુદ્દે થશે. એ શરૂઆતથી જ આ પ્રથાની વિરુદ્ધ હતા. એમનો વિચાર હતો કે પ્રસાર ફેલાવો રોકવો જ અમેરિકાના હિતમાં છે અને તો જ આ કુપ્રથા હંમેશ માટે ખતમ થઈ શકશે.

એક દિવસે શ્રીમતી સ્પ્રિંગના બોર્ડિંગ હાઉસમાંથી એક માણસને પોલીસ પકડીને લઈ ગઈ. એ માણસ કોઈનો ગુલામ હતો અને અહીં આવીને કામ કરી રહ્યો હતો. જેથી પોતાના માલિકને પોતાના ખર્ચની રકમ આપી શકે અને તો જ તે ગુલામીમાંથી મુક્ત થઈ શકે તેમ હતું. કેટલાક સમય સુધી તો તે કામ કરીને માલિકને પૈસા આપતો રહ્યો, પણ વચમાં જ માલિકની નીતિ બદલાઈ ગઈ એ પણ ત્યારે કે જ્યારે માત્ર ૬૦ ડૉલર જ બાકી રહ્યા હતા. આ ઘટનાથી લિંકન અને એમના કેટલાય સાથીદાર સાંસદો વ્યાકુળ થઈ ગયા. વૉશિંગ્ટનની પાસે ગુલામોનો

વેપાર છડેચોક થતો હતો. ફ્રેકલિન અને આર્મફીલ્ડ એના સૌથી મોટા સોદાગર હતા. તેઓ પોતાના ગોદામોમાં દક્ષિણ આફ્રિકાના આ ગુલામોને રાખતા. રાખવાની વાત કેવી, એ તો ઢોરની માફક ઠાંસી ઠાંસીને રાખતા. લિંકન એને 'હબસીઓનો તબેલો' કહેતા. વિદેશના લોકો આ બધાને જોતા ત્યારે તેમને અચરજ થતું કે અમેરિકા જેવો દેશ આટલા મોટા વિરોધાભાસથી ઘેરાયેલો છે. એક તરફ તે પોતાને સ્વતંત્રતાનો પૂજારી કહે છે અને બીજી તરફ માનવીય સ્વતંત્રતાનું છડેચોક ઉલ્લંઘન કરે છે.

આ બધું અમેરિકામાં પાછલી બે સદીઓથી થઈ રહ્યું હતું. ઉત્તરના પ્રદેશમાં આ વિશે આક્રોશ વધી રહ્યો હતો. ફ્રી સોઇલ નામની એક અલગ પાર્ટી પણ બની હતી. જે પાર્ટી કેવળ આ જ મુદ્દા ઉપર કામ કરતી હતી. આ પાર્ટીના લોકો નિરંતર ગુલામીની પ્રથાને સમાપ્ત કરવાના સંબંધે કોઈ ને કોઈ વિધેયક લાવતા રહેતા. બહુમતી ડેમોક્રેટની હતી અને તે જ આનો વિરોધ કરતા હતા. વ્હિગ પાર્ટી તો સમર્થનમાં હતી. લિંકનને આ બાબતે કોઈ સંદેહ કે શંકા નહોતાં કે આ પ્રથા આ પ્રમાણે સમાપ્ત થશે. એટલા માટે કે આના વિરોધીઓ તો છે પણ આના સમર્થકો પણ ઓછા નથી. એ બધા જ સામંતો છે. તેથી આ માટે આખા દેશમાં એક જરૂરી વાતાવરણ બનાવવું પડશે. તેઓ ચાહતા હતા કે આ મામલામાં ધીરેધીરે પરિવર્તન આવે. એકદમથી કોઈ પગલું ઉપાડવાથી ગુલામીની પ્રથાના વિરોધીઓ એક થઈ શકે. સંસદમાં પણ દક્ષિણના સાંસદો જેવી છે તેવી સ્થિતિ પક્ષમાં છે. અર્થાત્ તેઓ ગુલામીની પ્રથાનો વિરોધ કરતા નહોતા, પરંતુ ઉત્તરના સાંસદો ઉગ્ર હતા. આ કારણથી લિંકને 'ક્ષતિપૂર્તિ મુક્તિ'નો ઠરાવ મૂક્યો. એનો અર્થ એ થતો હતો કે ગુલામના માલિકોને સરકાર અવેજ આપે અને એ ગુલામોને આઝાદ કરવામાં આવે. ૧૦ જાન્યુઆરી ૧૮૪૯ના દિવસે આ આશયનો ઠરાવ પ્રતિનિધિ સભામાં મૂકવામાં આવ્યો. લિંકને ગુલામીની પ્રથાના મામલે વૉશિંગ્ટનમાં જનમત સંગ્રહ કરાવવાની વાત કહી અને ઇચ્છા કરી કે આમાં બધા જ ગોરા લોકો ભાગ લે. એ જમાનામાં મતનો અધિકાર બધાને નહોતો. ફક્ત મર્યાદિત સ્વતંત્ર લોકોને જ આ અધિકાર હતો. લિંકનનું કહેવું હતું કે મત ગણનાની ભાવના ગુલામીની પ્રથા વિરુદ્ધ જોવામાં આવે તો ગુલામીની પ્રથાને તાત્કાલિક નાબૂદ કરવામાં આવે. ઠરાવ અનુસાર જો ગુલામનો માલિક ઇચ્છે તો સરકાર પાસેથી અવેજ મેળવી ગુલામને આઝાદ કરી શકે છે. એ પણ કે ૧૮૫૦ પછી જે કોઈ ગુલામ સ્ત્રી બાળકને જન્મ આપે તો તે બાળક અનિવાર્ય રૂપે આઝાદ હશે. એ બાળકને સ્વાભાવિક જીવન જીવવાનો અધિકાર હશે. શરૂઆતમાં બંને છેડાઓની શાબાશી લિંકનને મળી. એટલે કે ટેકેદાર

પક્ષ અને વિરોધી પક્ષ બંનેએ લિંકનની પીઠ થાબડી પણ. આ વિશે સંસદમાં બિલ લાવવાની પહેલ કરવામાં બંને પાર્ટીઓએ વિરોધ કર્યો.

ઉત્તરના ગુલામી-વિરોધીઓનું કહેવું હતું કે સૈદ્ધાંતિક રૂપે અમે આ બિલથી સંમત છીએ, પરંતુ ઠરાવ બિનજરૂરી રીતે ગુલામોના માલિકો તરફ ઉદાર છે. ત્યારે બીજી બાજુએ દક્ષિણના સાંસદો ગુલામોના માલિકોના હિતમાં હતા અને માલિકોના જ રાગે બોલી રહ્યા હતા કે ચાલુ કાયદામાં કોઈ દખલ કરવામાં આવે નહિ, લિંકન વાતને સમજી ગયા અને એમણે બિલને 'ફ્લોર' ઉપર મૂકવું વ્યર્થ સમજ્યું.

આ દરમિયાન ૧૮૪૯માં ટેલરે રાષ્ટ્રપતિનું પદ ગ્રહણ કરી લીધું. સ્વાભાવિક રૂપે જેમ થાય છે તેમ લિંકન અને વ્હિગ પાર્ટીનું મહત્ત્વ વધી ગયું. બધા જ જાણતા હતા કે આ ચૂંટણી આડકતરી રીતે લિંકને જ જીતી છે. એ દરમિયાન આખા દેશમાંથી એમની પાસે સરકારી નોકરી માટે આવેદનો આવવા માંડ્યા.

લિંકનનો તૈયારી કરવાનો રવૈયો, કોઈ ખાસ વિષય માટે સંદર્ભ તૈયાર કરવાનું કામ, નિરંતર અભ્યાસ કરવાની પ્રવૃત્તિ – આ બધું ક્યારેય બંધ થયું નહિ. હર્નડને લખ્યું છે કે તેઓ જે પથારી ઉપર સૂતા હતા તે પથારી પોતાના કદના પ્રયાણમાં ખાસી નાની હતી. એમના પગ બહાર લટકતા રહેતા. છતાં ઓશીકા તરફ રાખેલી ખુરશી ઉપર મીણબત્તી પ્રગટાવી કલાકો સુધી અભ્યાસ કરતા રહેતા. લગભગ તે દરરોજ રાતના બે વાગ્યા સુધી વાંચતા રહેતા. આ જ કારણથી તેઓ ભૂમિતિ, બીજગણિત અને ખગોળશાસ્ત્રમાં નિપુણ થઈ ગયા હતા. પાછળથી તેમણે ભાષાઓના જન્મ અને વિકાસ ઉપર પણ એક ભાષણ તૈયાર કર્યું હતું.

પરંતુ આ અરસાથી માંડીને તેમના અંત સમય સુધી તેમની મનોદશા એટલે મનની સ્થિતિ એક વિચિત્ર પ્રકારના અવસાદ જેવી હતી. કદાચ ચુનંદા શબ્દો જ તેમની વ્યથાના તળિયા સુધી પહોંચી શકતા હતા. અર્થાત્ એ દશાને અભિવ્યક્ત કરવા માટે ગણ્યાગાંઠ્યા શબ્દો જ પર્યાપ્ત રહ્યા હશે. હર્નડને લિંકનના જીવનચરિત્ર ઉપર કામ કર્યું. એમને લાગ્યું કે આ વિષયમાં લિંકનને લઈને જેટલી વાતો સામે આવી છે તેમાં સત્યનું તથ્ય ઓછું અને અતિરેક વધારે છે. એથી તેઓ લિંકનના સાથી રહી ચૂકેલ સ્ટુઅર્ટ, વ્હિટની અને જજ ડેવિસને મળ્યા. જેસી વીકે બતાવ્યું કે કોઈ પણ નવો માણસ લિંકનને મળીને સહેલાઈથી સમજી શકતો કે તેમની અંદર ઊંડું દર્દ છુપાયેલું છે. આ પછી હર્નડન એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યા કે વીતેલ ૨૦ વર્ષોમાં કદાચ એકાદ દિવસ લિંકને ખુશીથી વિતાવ્યો હોય. એમના ચહેરા ઉપર દુઃખની છાયા સ્થાયી ભાવ માફક ચોંટેલી દેખાઈ આવતી.

સાંજે માથું ઝુકાવી લિંકન લટાર મારતા રહેતા તે સમયે એમનું દુઃખ વધુ ઘેરું થઈ જતું. આ દરમિયાન મળનાર વ્યક્તિ જોડે હાથ મેળવે. હસ્તધૂનન કરે તે છતાં તેમને યાદ નહોતું રહેતું કે કોણ મળીને ગયું અથવા એમણે તેમની જોડે શી વાતચીત કરી. તેઓ પોતાનામાં ખોવાયેલા રહેતા. કેટલાક લોકોનું તો માનવું છે કે હસ્તધૂનન કર્યાનું પણ તેમને યાદ નહોતું રહેતું – ભાન નહોતું રહેતું. એટલે કે એમને એ સમયે એ પણ ખબર નહોતી રહેતી કે પોતે શું કરી રહ્યા છે. જજ ડેવિસ એમના મોટા પ્રશંસક હતા. એમનો વ્યંગ કરવાનો લ્હેજો, નાની નાની ટચૂકડી વાર્તાઓ સંભળાવવી, આ બધામાં એક સાવ અલગ જ લિંકન દેખાતા. આ બધું હોવા છતાં એમના અંદરના અવસાદ વાળા મનના ભાવો અને એમના પ્રભાવશાળી સ્વરૂપ – આ બંનેને અલગ અલગ નથી કરી શકાતા.

લિંકનની પાસે સરકારી નોકરી માટે જેટલી અરજીઓ આવતી એ બધી અરજીઓને પોતે પોતાની ટીકા-ટિપ્પણી સાથે રાષ્ટ્રપતિ ટેલરને મોકલી આપતા. લિંકન માત્ર એટલી બાબત જોતા કે એ વ્હિગ પાર્ટીના ઉમેદવારનું છે કે નહિ અને સંબંધિત નિષ્ઠાવાન ઉમેદવારનું છે કે નહિ. એ પછી તેઓ આવેદનને મોકલી આપતા. કેટલાક લોકોને નોકરીઓ મળી પણ ખરી, પરંતુ મોટા હોદ્દાઓ ઉપર નિમણૂક ન મળી. આ વાત લિંકનની કહેલી છે. એટલે ટેલર રાષ્ટ્રપતિ બન્યા પછી બદલાઈ ગયા. આ પછી એક બીજી ઘટના બની. ઇલિનોય માટે 'ભૂમિ કમિશનર'નો હોદ્દો નીકળ્યો. લિંકનના મિત્રોએ દબાણ કર્યું કે લિંકન આ હોદ્દા માટે અરજી કરે. પહેલું કારણ આર્થિક બતાવાયું કે તેમાં વાર્ષિક ૩૦૦૦ ડૉલર મળશે. બીજું કારણ એ કે એમાં અધિકારો ખાસા વધારે હતા. આ અધિકારોમાં કેટલાય વિશેષાધિકારો સામેલ હતા. ત્રીજું કારણ એ હતું કે તેમના દોસ્તો નહોતા ઇચ્છતા કે લિંકન ફરી પાછા વકીલાતનું કામ કરે. આમાં જજ ડેવિસનો પણ હાથ હતો. એમની નજરે આ હોદ્દો લિંકનની રાજનીતિનું પૂર્ણવિરામ નહોતો. જો લિંકન ઇચ્છે તો પોતાની રાજનીતિ ચાલુ રાખી શકત. એમ તો લિંકન વ્હિગ પાર્ટીમાં એટલા વસિષ્ઠ અને આગળ પડતા થઈ ચૂક્યા હતા કે ટેલર સાથે ચર્ચા કરીને કોઈ પણ હોદ્દો મેળવી શકે. શરૂઆતમાં આવી ચર્ચા થઈ પણ હતી, પરંતુ લિંકને કોઈ પણ હોદ્દો મેળવવાનો ઇનકાર કરી દીધો હતો. એ તો મિત્રોની દલીલો સાંભળ્યા પછી દ્વિધામાં પડી ગયા અને છેવટે 'ભૂમિ કમિશનર'ના હોદ્દા માટે અરજી કરી દીધી, પણ આ હોદ્દા ઉપર બટરફીલ્ડ નામની એક વ્યક્તિની નિમણૂક થઈ ગઈ. લિંકન આથી બહુ જ ક્ષુબ્ધ થયા. એમને લાગ્યું કે આ બાબતથી વ્હિગ પાર્ટીમાં ઘણી નિરાશા ફેલાશે. આથી લિંકને ટેલરની ટીકા કરી અને તેને 'શોભાનો ગાંઠિયો' એવું પણ કહી નાખ્યું હતું. જોકે આ પછી

ઘણી કોશિશો કરવામાં આવી કે લિંકન પૂર્વગ્રહ રાખીને વ્હિગ પાર્ટી વિરુદ્ધ જ ક્યાંક કામ કરતા ન થઈ જાય. આ માટે તેમને કેટલીક લાલચો પણ આપવામાં આવી. એ બધી લાલચોમાં એક લાલચ ઓરેગોના ગવર્નરના સચિવ બનાવવા માટેની હતી. લિંકને આનો વિનમ્રતાથી અસ્વીકાર કર્યો. જોકે આ પદની લાલચ પણ લિંકનને એક ખાસ સીમામાં બાંધી રાખવાનું કાવતરું જ હતું. આમ થાત તો લિંકન રાજનીતિની મુખ્ય ધારાથી કપાઈ જાત અને આ જ વસ્તુ વૃદ્ધ લોકો ઇચ્છતા હતા જે લિંકનની લોકપ્રિયતાથી ગભરાતા હતા. આ જ નિરાશાના દોર દરમિયાન લિંકને નક્કી કર્યું કે તેઓ હવે રાજનીતિને તિલાંજલિ આપી દેશે અને સ્પ્રિંગફીલ્ડમાં પ્રેક્ટિસ કરશે. એમણે આ વાત પોતાની પત્ની મેરી ટોડ લિંકનને પણ કહી. પહેલા તો ગુસ્સાથી પણ પાછળથી પોતાની વાતમાં મધનું ગળપણ ઉમેરી મેરીએ લિંકનને સમજાવ્યું કે આજ ને આજ જ આ બધું કરી નાખવાની જરૂર નથી. એક સારા રાજનીતિજ્ઞ માણસે પોતાના અવસર માટેના બધા જ દરવાજા હંમેશા ખુલ્લા રાખવા જોઈએ. ફરીથી પોતાનો વકીલાતનો વ્યવસાય ઊભો કરવામાં લિંકનને વધુ સમય લાગ્યો નહિ. લિંકન પોતાના જૂના દોસ્ત હર્નડનની જોડે જ ત્યાં વકીલાત કરતા હતા. જિલ્લા ન્યાય કચેરી અને રાજ્યની ન્યાય કચેરી સાથે સાથે લિંકન સુપ્રીમ કોર્ટમાં પણ પેરવી કરવા લાગ્યા. ઈ.સ. ૧૮૪૯માં તેમણે સુપ્રીમ કોર્ટમાં પહેલી પેરવી કરી હતી. એ સમયે ઇલિનોયને ન્યાય વ્યવહાર માટે બે ભાગોમાં વહેંચી દેવાયું હતું. એક ભાગમાં સ્પ્રિંગફીલ્ડ અને બીજા ભાગમાં શિકાગો. એટલા માટે કે શિકાગો ઝડપથી વધી રહ્યું હતું.

શિકાગોની હાઇકોર્ટમાં એક રસપ્રદ મુકદમાનો કેસ લિંકનને મળ્યો. ઝઘડો પાર્કર અને હામટ વચ્ચેનો હતો. લિંકન હામટના વકીલ હતા. પાર્કરનું કહેવું હતું કે પોતે પાણીથી ચાલનાર ચમકદાર પૈડાની પેટન્ટ કરાવી હતી જેનો ઉપયોગ હામટે ગેરકાયદેસર કર્યો હતો. આ બાબતે લિંકનની દલીલ હતી કે આ જળશક્તિનો પ્રયોગ છે અને આ સદીઓ જૂની ટૅક્નિક છે. લિંકનની દલીલોથી કોર્ટ સમ્મત થઈ ગઈ અને હામટ તે કેસ જીતી ગયો. લિંકન અને હર્નડનની સૌથી વધુ પ્રૅક્ટિસ સંગમન કાઉન્ટીન્ટ સર્કીટ કોર્ટમાં હતી. આ કારણે તેમણે પોતાની ઑફિસ મોટી કરી નાખી અને બંને જણા ત્યાં ઈ.સ. ૧૮૬૧ સુધી કામ કરતા રહ્યા. આ જ અરસામાં લિંકન સ્પ્રિંગફીલ્ડના વરિષ્ઠ અભિભાષક રિપોર્ટરના રૂપે પ્રતિષ્ઠિત થઈ ગયા. સાંજે ટહેલવા ફરવાના સમયે જજ ડેવિસ લિંકનને સાથ આપતા. બંને વચ્ચે ખાસી વૈચારિક સામ્યતા હતી. બંને ગુલામીની પ્રથાના વિરોધી હતા, પરંતુ ક્રમે ક્રમે થનારા પરિવર્તનને ક્રાંતિની અસરકારક સફળ રીત માનતા હતા. બંને રાષ્ટ્રવાદી વિચારધારા

ધરાવતા હતા અને દેશની આર્થિક પ્રગતિ માટે સંકલ્પબદ્ધ હતા. એ સમયે એવી રીત ચાલતી કે કોઈ કારણસર જજ અદાલતમાં ન જઈ શકે તો પોતાની જગ્યાએ વરિષ્ઠ અભિભાષકોમાંથી કોઈને પણ જજના આસને ખુરશીમાં બેસવાનું પોતે કહી શકે. ડેવિસના કારણે લિંકન કંઈ કેટલીય વાર જજની ખુરશીમાં બેઠા હતા અને તેમના ચુકાદાઓનો સ્વીકાર કરવામાં આવેલો. ડેવિસ પોતે પણ ચુકાદો આપતા પહેલા સિદ્ધાંતોને ધ્યાનમાં રાખતા. કોઈ વાત અગર સૈદ્ધાંતિક રીતે સાચી ન હોય તો ગમે તેવા તર્ક આપવા છતાં ડેવિસ ઉપર એની કોઈ અસર થતી નહોતી.

લિંકનની વકીલાતની કેટલીય ખૂબીઓ હતી. તેઓ કોશિશ કરતા કે તર્કોની માયાજાળ રચવામાં ને રચવામાં પોતે અસત્યની સ્થાપના ન કરી બેસે. આથી થયું એમ ં કે નવા વકીલોની નજરમાં પણ એમનાં માન અને પ્રતિષ્ઠા વધી ગયાં. અદાલતમાં થતી ચર્ચાને તેઓ પોતે અંગત વિરોધ નહોતા માનતા. એથી વિરોધી વકીલો પણ તેમના પ્રશંસક થઈ ગયા હતા. સાક્ષીઓને સવાલો પૂછવામાં પણ એ બેજોડ હતા. તેઓ એવા સવાલો પૂછતા કે જૂઠના કેટલાય ગૂંચળાઓમાં સત્યને છુપાવીને રાખ્યું હોય તોય તે બહાર આવી જતું. ઈ.સ. ૧૮૬૦ સુધી લિંકન પોતાની પાસે ૫૦૦૦ ડૉલર જ એકઠા કરી શક્યા હતા. એમ તો એમની પાસે લગભગ ૧૨ હજાર ડૉલરની જમીન પણ હતી.

આ દરમિયાન એમના પિતા થોમસ અસ્વસ્થ અને બીમાર રહેવા લાગ્યા. એ પરિસ્થિતિમાં થોમસ પોતાના બીજા દીકરા જોનસનને કારણે વધુ પરેશાન થઈ જતા. જોનસને જ એક વાર લિંકનને ખબર કરી કે તેમના પિતા થોમસ સખત બીમાર છે, તથા તેમને જોવાની ઇચ્છા રાખે છે. લિંકન ત્યાં ગયા. પિતાજીની તબિયત બીમાર તો હતી, પણ એટલીય ખરાબ નહોતી જેટલી જોનસને બતાવેલી. આનું પરિણામ એ આવ્યું કે ફરીથી એક વાર જોનસને આવી જ ખબર આપી, પણ લિંકન જવાનો નિર્ણય લઈ ન શક્યા અને જઈ ન શક્યા, પણ આ વખતે ખબર સાચી હતી. લિંકન તેમના અંતિમ સમયે તેમની પાસે પહોંચી શક્યા નહિ. એક કારણ એ પણ બતાવાય છે કે મેરી ટોડને પ્રસૂતિ થઈ હતી અને તે ખૂબ બીમાર થઈ ગઈ હતી. આથી એમને જોનસનની ખબર ઉપર પૂરો ભરોસો પડ્યો નહોતો. ગઈ વેળાએ જોનસનના બોલાવવાને કારણે તેઓ પિતાજી પાસે ગયા હતા ત્યારે જ તેમને ભૂમિ કમિશનરના હોદ્દા પાટે અરજી કરવાની હતી. અરજી આપવામાં વાર થઈ, મોડું પડાયું અને એ કારણે તેમને પસંદ કરાયા નહિ.

ઓગણીસમી સદીનો મધ્ય ભાગ એક એવો સમય હતો જ્યારે અમેરિકામાં રેલના પાટા પાથરવામાં આવી રહ્યા હતા. વિકાસનું નવું પ્રકરણ ક્યારેય આપત્તિ

વગરનું હોતું નથી. ઇલિનોયમાં પણ સમસ્યાઓ સર્જાવા માંડી. જમીન અધિગ્રહણ એક મોટી સમસ્યા હતી. એના માટે વળતરની વ્યવસ્થા હતી, પરંતુ આ રકમ સંબંધિત વ્યક્તિને યોગ્ય પ્રમાણમાં મળે તે માટે લોકો કોર્ટનો આસરો લેતા. લિંકન પણ આ બાબતે વ્યસ્ત થઈ ગયા. લિંકન વાહન-વ્યવહારનાં સાધનોના પ્રબળ સમર્થક હતા. તેઓ માનતા હતા કે આનાથી આખરે તો જનતાને જ લાભ થાય છે. લિંકનના એક કેસમાં ઇલિનોય હાઇકોર્ટે ચુકાદો આપ્યો હતો કે જનતા અને કંપનીને ઓછા ખરચવાળો રસ્તો પસંદ કરવા માટે કોઈ રોકી શકે નહિ. હકીકતમાં આ કામમાં સ્થાનિક શેરહોલ્ડરો આડખીલી ઊભી કરી રહ્યા હતા. અદાલતના ચુકાદાએ એ બાબતને સ્થાપીને દૃઢ કરી દીધી કે જનહિત હંમેશાં અંગત હિતથી ઉપર હોય છે અને તેમ ના થતું હોય તો તેમ થવું જોઈએ. આ કેસ ને મુકદમાની ઘણી ચર્ચા થઈ અને તેથી રેલ કંપનીઓ લિંકનને પોતાના વકીલ બનાવવા માંડી. સ્વાભાવિક રીતે જ લિંકનની આવક પણ વધવા માંડી. આની સાથે સાથે કેટલાય મુકદમા લિંકન પાસે આવવા માંડ્યા. નદી ઉપર રેલનો પુલ બને અને તેની અસર પરિણામે નૌકા વાહન-વ્યવહાર ઠપ થઈ જાય, કેટલીક કાયદાની સમસ્યાઓ ઊભી થઈ જાય અને સમાધાન કરવા માટે અદાલત એક માત્ર રસ્તો અને આસરો રહેતો. લિંકન ક્યારેક રેલ કંપનીના પક્ષે તો ક્યારેક બીજા પક્ષે વકીલાત કરતા. સ્થિતિ ગમે તે હોય લિંકનનો પક્ષ જ જીતતો.

ચ[illegible]સ સુધી વિધાયક અને બે વર્ષ સાંસદ રહ્યા પછી લિંકનના મનમાં પોતાના રાષ્ટ્ર માટે કંઈક વિશેષ કરી જવાની તમન્ના બાકી હતી. ઈ.સ. ૧૮૫૦ પછીથી તેઓ વકીલાતમાં ડૂબેલા રહેતા, પણ તેમનું મન જનકલ્યાણ અને જન મુદ્દાઓમાં લાગેલું રહેતું. પોતાના વ્યવસાયમાં પણ તેઓ એવા જ કેસો હાથ ધરતા જેનો જનતા જોડે સીધો સંબંધ હોય. એમ તો જરૂર પડ્યે વ્હિગ પાર્ટીમાં પણ પોતાની ભૂમિકા નિભાવી લેતા. ગુલામીની પ્રથાના ઉન્મૂલનના મામલામાં તેઓ થોડા ઉદાર હતા. ઉદાર એટલા માટે હતા કે તેઓ આ મુદ્દે દેશને વહેંચી નાખવા માગતા નહોતા. દક્ષિણના સાંસદો શરૂઆતથી જ ગુલામીની પ્રથાના સમર્થક હતા. હકીકતમાં તેઓ જેમ છે તેમ રહેવા દઈ 'ચાલવા દો' નીતિવાળા હતા. એમને પરિવર્તન પસંદ નહોતું. તેઓ ચીલાચાલુ માન્યતાઓને પરંપરાઓમાં બદલી નાખતા હતા. એ લોકો જ ધમકી આપતા કે આ મુદ્દે દેશના ભાગલા પણ પડી શકે છે. લિંકન નહોતા ઇચ્છતા કે એક ઉત્તમ કાર્ય માટે પણ દેશના ભાગલા પડે અને દેશની અખંડતા જોખમાય. આ જ સમસ્યા અને મુદ્દા ઉપર ફરીથી તેઓ વ્હિગ પાર્ટીમાં સક્રિય થઈ ગયા. ઈ.સ. ૧૮૫૨ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં લિંકને પોતાની

મહત્ત્વપૂર્ણ હાજરી દર્શાવી હતી, પણ તેઓ પોતાના એ અવસાદને ખંખેરી નાખી શકતા નહોતા કે એમના સાથીદારો તો રાજનીતિના કેટલાય પગથિયા ચડી ગયા અને પોતે પાછળ રહી ગયા. એમને પોતાના કદ અને યોગ્યતા ઉપર પૂરો ભરોસો હતો. આ જ એ વાત હતી જે તેમને વધુ ને વધુ નિરાશ રાખ્યા કરતી અથવા તો એમ કહીએ કે તેઓ પોતાની આ જ નિરાશામાંથી ભવિષ્ય માટે આશાનાં કિરણો શોધી રહ્યા હતા. ગુલામીની પ્રથાને સમાપ્ત કરવા માટે પણ તેમની પાસે કોઈ પ્રાયોગિક વિકલ્પ હતો નહિ. તેઓ ઇચ્છતા હતા કે આફ્રિકન મૂળના લોકોને પાછા આફ્રિકા જ મોકલી આપવામાં આવે. આ એટલા માટે સંભવ નહોતું કે વધારે પડતા આફ્રિકન લોકો અમેરિકાવાસી બની ચૂક્યા હતા. કેટલાક એવી રીતે કે તેમનો જન્મ જ અમેરિકામાં થયો હતો. તેઓ પાછા જવા માટે કોઈ પણ રીતે રાજી નહોતા. બીજી એ વાત હતી કે દક્ષિણના લોકો તેમને આઝાદ કરવા માટે તૈયાર નહોતા અને ઉત્તરના લોકો અગર રાજી હતા, અને ઇચ્છતા તેમને આઝાદ કરી દેવા જોઈએ તો તેમને કોઈ પણ રીતે વળતર આપવા માટે અસમર્થ હતા. આ રીતે ગુલામીની પ્રથાની સમાપ્તિ એક આદર્શ વિચાર તો હતો, પરંતુ તેને તાત્કાલિક અમલમાં મૂકવાનું સંભવિત નહોતું.

આ જ અરસામાં રાષ્ટ્રપતિ ટેલરનું મૃત્યુ થયું. પાર્ટીના સૌથી વરિષ્ઠ નેતા હેનરી ક્લે ઉપર લિંકને ભાષણો કર્યાં. હેનરી ક્લે લિંકનના આદર્શ પણ હતા અને તેમના વિચારોને સમજાવવાનું કામ પણ લિંકને કર્યું. શિકાગોની એક સભામાં લિંકને કહ્યું હતું કે હેનરી ક્લે ગુલામીની પ્રથા વિરુદ્ધ હતા, પણ તે જાણતા હતા કે કોઈ પણ ખરાબ પ્રથા રાતોરાત ખતમ થતી નથી. તેઓ કેટલાંય વર્ષો સુધી અમેરિકાની એક સમિતિના સભ્ય રહ્યા હતા, જે માનતી હતી કે આઝાદ થયેલ આફ્રિકન લોકોને એમના દેશમાં પાછા મોકલી આપવા જોઈએ. આ માટે લિંકનનું સૂચન હતું કે આ કાર્યમાં જબરજસ્તી નહિ કરવી જોઈએ. જે લોકો પોતાની મરજીથી પાછા જવા માગે માત્ર તેમને જ મોકલવા જોઈએ.

આ દરમિયાન બે બનાવો એક સાથે બન્યા. પહેલા બનાવમાં લિંકન સેંટ્રલ રોડ વિરુદ્ધ મેકલીન કાઉન્ટી નામના મુકદમામાં વ્યસ્ત થઈ ગયા. બીજો બનાવ રાજનૈતિક હતો. સેનેટર ડગલસે નેબ્રાસ્કા ક્ષેત્રમાં સરકાર સ્થાપવા માટે બિલ રજૂ કર્યું હતું. ગુલામીની પ્રથાના સમર્થકોના દબાણને વશ થઈ ડગલસે આ ક્ષેત્ર માટે મિસૌરીની સમજૂતીને રદ કરવાની વ્યવસ્થા દર્શાવી હતી. મિસૌરીની સમજૂતી ૧૮૨૦માં થઈ હતી અને સમજૂતી મુજબ અહીં ગુલામીની પ્રથા ઉપર પ્રતિબંધ હતો. નવા પગલાના કારણે ડગલસે એ કરી નાખ્યું હતું જે ગુલામીની પ્રથાના

સમર્થકો ઇચ્છતા હતા. એવું ડગલસે એટલા માટે પણ કર્યું કે મિસૌરીથી અને ઇઓવાથી અહીં પર્યટકો આવતા હતા અને એક આંતર પ્રાંતિય રેલમાર્ગ અહીંથી પસાર થવાનો હતો. સંસદમાં આ બાબત ઉપર બહુ ચર્ચા થઈ. તેમ છતાં ૩૦ મે, ૧૮૫૪ના દિવસે આ બિલને પાસ કરવામાં આવ્યું. લિંકને પોતે વ્યસ્ત હોવાથી આ બાબતે કોઈ વળતું કામ કર્યું નહિ. આ જ એ વર્ષ હતું જ્યારે પ્રતિનિધિસભા માટે પણ ચૂંટણી થવાની હતી. આખા દેશમાં અને ખાસ કરીને ઉત્તરના પરગણામાં, કૈંસાજ-નેંબ્રાસ્કાના કાયદાનું ઉલ્લંઘન થઈ રહ્યું હતું. લિંકન ઉપર પણ વ્હિગ પાર્ટીનું દબાણ થઈ રહ્યું હતું. આ વખતે પાર્ટીએ યેટ્સને ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા હતા અને લિંકનને જવાબદારી સોંપી હતી કે તેઓ યેટ્સનો પ્રચાર કરે. એનો પ્રચાર કરતા જ સૌથી પહેલા લિંકને આજ વાત કહી કે આ કાયદો ખોટો છે. અમેરિકા દેશ મનુષ્ય માત્રની સ્વતંત્રતાના પક્ષમાં છે. તેથી આપણે ત્યાં 'ગુલામી' જેવા શબ્દને પણ બંધારણમાં લખવામાં આવ્યો નથી. એમનું કહેવું હતું કે સ્વતંત્રતાનું ઘોષણાપત્ર આપણને શીખવાડે છે કે યોગ્યતામાં અંતર હોવા છતાં એ અંતર એક મનુષ્યને બીજા મનુષ્યથી અલગ કરતું નથી, પરંતુ એ યોગ્યતા શીખવાડે છે કે દરેક મનુષ્ય સમાન છે. એમણે કહ્યું કે અમેરિકાના લોકતંત્રનો મૂળ મંત્ર છે કે કોઈ પણ માણસ કોઈ બીજા માણસ ઉપર શાસન કરે નહિ. લિંકને કહ્યું કે એક તરફથી તો તમે સ્વતંત્રતાના પૂજારી હોવાનો દાવો કરો છો અને બીજી તરફથી તમે ગુલામીની પ્રથાના પક્ષમાં ઊભા થઈ જાઓ છો. આ પાખંડ છે. આ ભાષણ તેમણે સ્પ્રિંગફીલ્ડના પ્રતિનિધિ સભા હૉલમાં આપ્યું હતું. અહીં જ ડગલસે પણ ભાષણ આપ્યું હતું, પરંતુ લિંકનના ભાષણ પછી સ્થિતિ બદલાઈ ગઈ. આ ભાષણને લિંકનનું સર્વશ્રેષ્ઠ ભાષણ કહેવામાં આવ્યું.

પ્રતિનિધિ સભાની ચૂંટણી સાથે જ પ્રાંતિય વિધાનસભાની ચૂંટણી પણ થવાની હતી. લિંકન પ્રતિનિધિ સભા માટે યેટ્સના પક્ષમાં જબરો પ્રચાર કરી રહ્યા હતા. જનતા લિંકનની સાથે હતી. એ જ સમયે ગુલામીની પ્રથાના વિરોધીઓએ દબાણ કર્યું કે લિંકન વિધાનભાની ચૂંટણી લડે. તેઓ પ્રતિનિધિ સભાના સભ્ય રહી ચૂક્યા હતા, તેથી તેમણે ઇનકાર કરી દીધો. આ વાત ઉપર નવી પેઢીના લોકો એકઠા થઈને લિંકનને સાફ સાફ કહેવા લાગ્યા કે જો તમે ઇચ્છો કે વ્હિગ પાર્ટીમાંથી યેટ્સ જીતે તો તમારે વિધાનસભાની ચૂંટણી લડવી પડશે. આ પછી લિંકન પાસે કોઈ આરો નહોતો. તેમણે આ માંગ સ્વીકારી લીધી. ડગલસ ત્યાં પ્રચાર કરવા આવ્યા તો લિંકને ડગલસ ઉપર આરોપ કર્યો કે તેમણે ડેમોક્રેટ સમર્થકોને દારૂ પાયો હતો. એટલું જ નહિ ડગલસે તેમને પણ દારૂ પીવા માટે આગ્રહ કર્યો હતો, પણ

પોતે દારૂ પીતા નથી માટે એ આગ્રહનો સ્વીકાર નહોતો કર્યો. આ વાતનો ખાસો પ્રચાર થયો. ઇલિનોયમાં દારૂબંધીના પક્ષમાં રહેવાવાળાઓના ખાસા વૉટ હતા. આવું તેમણે એટલા માટે કર્યું કે પહેલા જ પગલે યેટ્સ ઉપર આરોપ કર્યો હતો કે યેટ્સ દારૂડિયા છે. આના વળતા જવાબમાં લિંકને બ્રહ્માસ્ત્ર છોડ્યું હતું. ડગલસ સમજી ગયા કે આ પેંતરાથી પોતાને નુકસાન વેઠવું પડશે તો પણ તેઓ દૃઢ સંકલ્પ હતા કે ડેમોક્રેટ ઉમેદવારને અહીંથી જિતાડવામાં આવે. બીજી તરફ લિંકન મોરચો બાંધીને ઊભા હતા અને તેમણે ધીરેધીરે ડગલસના દરેક તર્કને કાપી નાખ્યો. ડગલસના પ્રચાર વિજ્ઞાનનો પણ ફજેતો કરી નાખ્યો. આ બાબતે લિંકને ગુલામીની પ્રથાના વિરોધીઓનો એક મોરચો ઘડ્યો અને તેમાં સમાન વિચારવાળા ડેમોક્રેટોને પણ સ્થાન આપ્યું. એક રીતે સમાન વિચારોવાળા સાથે કામ કરવાનો આ પહેલો લોકતાંત્રિક પ્રયોગ હતો. ડગલસ ગુલામીની પ્રથાના સમર્થક હોવાના આરોપનું ખંડન કરી શક્યા નહિ. તેઓ જ્યાં જતા એ આરોપ તેમનો પીછો કરતો. એમણે લોકોને લોભાવવા માટે જાતજાતની રીતે કોશિશ કરી અને કહ્યું કે પોતે ગુલામીની પ્રથાના સમર્થક નથી. માત્ર સેનેટરના રૂપમાં તેમણે પોતાના કર્તવ્યનું પાલન કર્યું છે, પણ જનતાએ તેમની વાત ઉપર ધ્યાન આપ્યું નહિ.

આજ સમયે લવજ્યાયે 'રિપબ્લિકન પાર્ટી'ના ગઠનનું એલાન કર્યું. લવજ્યાય ગુલામીની પ્રથાના ઉન્મૂલનના પ્રખર સમર્થક હતા. તેઓ કોઈ પણ રીતે આ કુપ્રથાથી દેશને મુક્તિ અપાવવા માગતા હતા. એમણે લિંકનને રિપબ્લિકન પાર્ટીના સભ્ય બનાવી દીધા. એના માટે એમની સ્વીકૃતિ પણ લેવામાં આવી નહોતી. હ્વિગ પાર્ટીએ પૂરેપૂરી રીતે લિંકનને ડગલસનો પીછો કરવાના કામે લગાડી દીધા. પરિણામ એ આવ્યું કે ડગલસ તોબા પોકારી ગયા. ડગલસે પોતાના એક સાથીને કહ્યું પણ ખરું કે આ પ્રકારના વિરોધ પછી લિંકન સાથે એક મંચ ઉપર સભાને પોતે સંબોધિત કરી શકશે નહિ. આ એક રીતે તો લિંકનની જીત હતી – અંગત રીતે તેમની પોતાની અને સામાન્ય રીતે પોતાની પાર્ટીની.

ઈ.સ. ૧૮૫૪ના અંતમાં પરિણામો આવ્યાં અને જેમ આશા હતી તેમ ડગલસ અને તેમના કાયદાને જનતાએ અમાન્ય કરી દીધા. ન્યૂયૉર્ક રાજ્ય પ્રતિનિધિ સભાની ૩૧માંથી ૨૯ બેઠકો પણ ડગલસ વિરોધીઓને મળી. ઓહાયોની પણ લગભગ બધી જ સીટો અને ઇન્ડિયાનાની પણ લગભગ બધી સીટો ડગલસના વિરોધમાં ઊભી હતી. ડગલસની પાર્ટીને હાથ ઇન્ડિયાની ફક્ત એક સીટ આવી હતી. ઇલિનોયનાં પરિણામો પણ કંઈક એવાં જ હતાં. વૉટ વહેંચાઈ જવાથી યેટ્સ જીતી શક્યા નહોતા. ઇલિનોયમાં બહુમતી ડગલસ વિરોધીઓની હતી. એમણે અમેરિકન

સેનેટ માટે પ્રતિનિધિ ચૂંટવાનો હતો. લિંકન તેના ઉમેદવાર હતા, પણ એ સમયે એવો નિયમ હતો કે વિધાયક એટલે કે વિધાનસભાનો સભ્ય સેનેટની ચૂંટણી લડી શકે નહિ. આથી લિંકને વિધાનસભામાં જવાનો ઇનકાર કર્યો જેથી સેનેટરની સીટ માટેનો તેમનો દાવો કાયદેસરનો ગણાય. આથી કાયદેસર રીતે તો લિંકન સેનેટ માટે પાત્ર તો થઈ ગયા, પણ જે લોકોએ તેમને ચૂંટ્યા હતા અથવા જે લોકો ઇચ્છતા હતા કે વિધાનસભામાં રહીને લિંકન તેમનું પ્રતિનિધિત્વ કરે, એમને બહુ દુઃખ થયું. એ દુઃખ એટલું મોટું હતું કે સેનેટની ચૂંટણીમાં લોકોએ લિંકનને હરાવી દીધા. એમની જગ્યાએ ડેમોક્રેટ ઉમેદવાર ચૂંટણી જીતી ગયો. થયું એમ કે ૧૦૦ સભ્યોની વિધાનસભામાં નવા સેનેટરને ચૂંટવા માટે ૫૧ વૉટ જોઈએ એટલે જેને ૫૧ વૉટ મળે તે જીતી જાય. લિંકન પાસે ૨૬ વૉટ હતા. એમને બીજા ૨૫ વૉટની જરૂર હતી. અંતિમ સમય સુધી તેની પાસે ૨૨ સમર્થક થઈ ગયા. એમને ૩ વિધાયક વધુ જોઈતા હતા. ચૂંટણી ૩૧ જાન્યુઆરીના દિવસે થવાની હતી, પરંતુ બરફની વર્ષા થવાથી ચૂંટણી થોડી આગળ ખસકી. આ દરમિયાન ડગલસ વિરોધી પણ ડેમોક્રેટ પાર્ટીના ૫ વિધાયકોએ ટ્રંબુલને પોતાના ઉમેદવાર બનાવી દીધા. ૮ ફેબ્રુઆરીએ પહેલા રાઉન્ડમાં લિંકનને ૪૫ અને ડેમોક્રેટ પાર્ટીને ૪૧ અને ટ્રંબુલને ૫ વૉટ મળ્યા. ડેમોક્રેટો સમજી ગયા કે શીલ્ડ જીતવું મુશ્કેલ છે. તેથી તો હવે કોઈ ધનવાનને ઊભો કરવામાં આવે જેથી વૉટ ખરીદી શકાય. તેથી તેમણે ગવર્નર મેટેસનનનું સમર્થન કરી દીધું. નવમા રાઉન્ડમાં ટ્રંબુલને ૩૫ વૉટ મળ્યા. આથી લિંકને પોતે નબળા હોવા છતાં નવું પાસું ફેંક્યું અને પોતાના વિધાયકો ટ્રંબુલને આપી દીધા જેથી ડેમોક્રેટના મેટેસન જીતે નહિ. લિંકનની યુક્તિ કામ કરી ગઈ અને ટ્રંબુલ સેનેટર બની ગયા.

આ પરિણામથી સ્વાભાવિક રીતે જ લિંકન બહુ નિરાશ થઈ ગયા. એમને ચૂંટણી હારવાનો અફસોસ તો હતો, પણ એથી વધુ એ વાતનું દુઃખ હતું કે પોતાના લોકો ટ્રંબુલના પક્ષમાં કેમ ચાલ્યા ગયા. આથી લિંકનની પત્ની મેરીને પણ દુઃખ થયું. એમ તો લિંકનને પોતાના ભાવો છુપાવવાનું સારી રીતે આવડતું હતું. તેથી તેઓ ટ્રંબુલના સમ્માન અને જીતની ખુશીમાં આપવામાં આવેલ રાત્રિભોજનમાં શામેલ પણ થયા. જોકે એ પછી એમણે એ પણ કહી નાખ્યું હતું કે હવેથી પોતે કોઈ પણ પદ મેળવવા કોશિશ નહિ કરે. એમને સંતોષ હતો એટલો કે તેમણે મેટેસનને જીતવા દીધો નહોતો. તેની જગ્યાએ ટ્રંબુલ સેનેટમાં પહોંચ્યા છે. તેઓ તેજસ્વી વક્તા છે અને ગુલામીની પ્રથાના મુદ્દે ડગલસને નાથશે.

ઈ.સ. ૧૮૫૫માં લિંકન ફરીથી પોતાની વકીલાતમાં લાગી ગયા, તો પણ રાજનૈતિક પરિસ્થિતિઓ ઉપર તે નજર રાખતા. દક્ષિણ અને ઉત્તરમાં ગુલામીની પ્રથાના

મુદ્દે પહેલા જેવું જ વાતાવરણ હતું એટલે કે દક્ષિણ પૂરેપૂરું તૈયાર હતું કે કોઈ પણ રીતે ગુલામીની પ્રથા ચાલુ જ રહે. ઉત્તર આ પ્રથાને જલદીમાં જલદી ખતમ કરવા માંગતું હતું. કેંસાસ અને નેંબ્રાસ્કા તાજેતરમાં જ અમેરિકામાં સામેલ થયા હતા, પરંતુ કેંસાસ ઉપર ગુલામીની પ્રથાના સમર્થકોએ હુમલા કરી દીધા. તેથી હર્નડન સુધીના માણસો ઉત્તેજિત થઈ ગયા હતા કે આ કોઈ રીત નથી. લિંકને બહુ મહેનતે તેમને રોક્યા કે હિંસા કોઈ પણ સમસ્યાનું સમાધાન નથી. હિંસાથી થયેલ સમાધાન તાત્કાલિક તો સમાધાન દેખાય છે. જરૂર – તેઓ ગુલામીની પ્રથાના લોકતાંત્રિક રાજનૈતિક સમાધાનના પક્ષમાં હતા. વાતાવરણ ઊકળી રહ્યું હતું અને લિંકનની હ્વિગ પાર્ટી ધીરે ધીરે હવે અસ્તાચળ તરફ આથમવા માટે વધી રહી હતી. તેની પાસે પ્રાણવાયુ ખૂટી ગયો હતો. એ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. લિંકન દ્વિધામાં હતા કે પોતે શું કરે, પરંતુ તેમની ચિંતા વધુ દિવસો સુધી ટકી નહિ. ઈ.સ. ૧૮૫૫ના અંત સુધી રિપબ્લિકન પાર્ટીએ પોતાને માટે ખાસો એવો જનતાનો આધાર પ્રાપ્ત કરી લીધો હતો. રિપબ્લિકન પાર્ટી વૈચારિક રૂપથી લિંકનના દરેક એ મુદ્દાનું સમર્થન કરતી હતી જેને લિંકન મનુષ્યના માટે અનિવાર્ય સમજતા હતા. એમ પણ લિંકન અમેરિકાના આ ગુલામીની પ્રથાને સમર્થન આપનાર ઢંગથી બહુ જ ખિન્ન હતા. એક વાર તો એમણે કહ્યું પણ ખરું કે પરિસ્થિતિ આવી જ રહેશે તો એક દિવસ અમેરિકા પોતાની ઓળખ ખોઈ બેસશે. એમણે કહ્યું કે રશિયામાં ઝારશાહી છે. ત્યાં સામંતો, કેથોલિક પાદરીઓ અને ઝાર મીલી ભગત કરી છડેચોક શોષણ આદરી રહ્યા છે, પરંતુ એ લોકો સ્વતંત્રતાનું પાખંડ આચરતા નથી. આ પછી ફરીથી લિંકને પ્રયાસ કર્યો કે બધા જ ગુલામીની પ્રથાનો વિરોધ કરનારા લોકો એક જ પાર્ટીના ઝંડા નીચે એકઠા થઈ જાય.

ઇલિનોય રિપબ્લિકન પાર્ટીને રાજ્યમાં સંગઠિત કરવાના ઉદ્દેશથી સ્પ્રિંગફીલ્ડમાં એક સંમેલન થયું હતું. એમાં એક વાત સાર્વજનિક થઈ ગઈ કે લિંકન હવે હ્વિગ પાર્ટીથી ઘણા દૂર નીકળી ગયા છે. નવી પાર્ટીમાં લિંકનનું મહત્ત્વ સ્વીકારવામાં આવતા તેમને અંતિમ વક્તા તરીકે બાલાવવામાં આવ્યા. મંચ ઉપરથી તેમનું ભાષણ બહુ જ પ્રહારક હતું. મુદ્દો ગુલામીની પ્રથાનો હતો. એમણે કહ્યું કે પહેલી વાત તો એ કે દક્ષિણના લોકો એમ કહે છે કે આફ્રિકના કાળા લોકોએ ગુલામ બનવું જોઈએ. આ બાબત તો અત્યંત અમાનવીય છે. એ લોકો આટલાથી પણ અટકતા નથી. આટલું જ ચાહતા નથી બલકે મજૂરી કરતા વધુ લોકોને ગુલામ બનાવવા માગે છે. આમાં તો ગોરા મજૂરો પણ સામેલ છે. લિંકને કહ્યું કે ડગલસની જેમ ઉત્તરના ડેમોક્રેટો પણ આવી જ માંગ કરી રહ્યા છે. લિંકને દેશની એકતાને કાયમ રાખવા માટે અપીલ કરી અને બતાવ્યું કે રિપબ્લિકન પાર્ટી સ્વતંત્રતા અને

એકતા માટે પૂરેપૂરી સમર્પિત છે. એમના આ ભાષણ અંગે હર્નડનનું કહેવું હતું કે આ ભાષણથી લિંકનનું રાજનૈતિક કદ વધુ મોટું થયું. એમના ભાષણમાં આવશ્યક અગ્નિ, તાકાત અને જોશ હતા. સમાનતા, સચ્ચાઈ અને સામાજિક ન્યાયની વાતો હતી. એમનું ભાષણ સાચે જ આંદોલન ઊભું કરવા માટેનો પોકાર હતો.

ઈ.સ. ૧૮૫૬નું વર્ષ લિંકનના વક્તૃત્વ અને રિપબ્લિકન પાર્ટીના સભ્ય તરીકે એમની સ્થાપનાનું વર્ષ તો હતું, પણ બીજા રાજનૈતિક પરાજયની માફક આ સમય પણ કંઈ અલગ નહોતો. એમના મનની નિરાશા આ વર્ષે પણ ચાલુ જ રહી. આ વર્ષે બુચાને ઉમેદવાર બનાવ્યા. રિપબ્લિકન પાર્ટીએ જોન સી. ફ્રીમોંટને ઉમેદવાર બનાવ્યા. બીજા ઉમેદવાર હતા ફિલમોર. આ સમય દરમિયાન જ જૂન માસમાં રિપબ્લિકન પાર્ટીનું વાર્ષિક અધિવેશન થયું. આમાં લિંકન સામેલ થઈ શક્યા નહોતા. તો પણ ઉપરાષ્ટ્રપતિના પદ માટે બે નામો આગળ આવ્યાં જેમાં એક નામ લિંકનનું પણ હતું. બીજું નામ ડેટનનું હતું, પરંતુ અમેરિકામાં તો પાર્ટીની હાઇકમાન્ડ ઉમેદવારી કરતી નથી. ત્યાં પાર્ટીમાં ચૂંટણી થાય છે. આ ચૂંટણીમાં ડેટનને લિંકનથી વધુ વૉટ મળ્યા. રાષ્ટ્રપતિની ચૂંટણી બાબતે લિંકન વિચારતા કે ફ્રીમોંટ અને ફિલમોર વચ્ચે વૉટ વહેંચાઈ જશે. એમની વૉટ બૅન્ક પણ ગુલામીની પ્રથાના વિરોધીઓની વૉટ બૅન્ક હતી. થયું પણ તેમજ કે જેમ લિંકન વિચારતા હતા. એમનું વિશ્લેષણ એક વાર ફરીથી સાચું ઠર્યું.

આ દરમિયાન રિપબ્લિકન પાર્ટીના મૂળિયા જમાવવા અને વધુ મજબૂત કરવા માટે લિંકને ઘણા પ્રયાસો કર્યા. તેમણે કેવળ ભાષણો આપ્યા એટલું જ નહિ, પરંતુ પોતાના અંગત મિત્રોને પત્રો પણ લખ્યા અને પાર્ટીની નેમ અને મૂળ સિદ્ધાંતો સમજાવ્યા અને પ્રેરિત કર્યા કે તેઓ રિપબ્લિકન પાર્ટીના હાથ મજબૂત કરે. દરેક વાર જ્યારે જ્યારે નિરાશ થવાનું આવે તો લિંકન એક વર્ષ પોતાના વકીલાતના વ્યવસાયમાં વિતાવતા. આ વેળાએ પણ તેમણે એમ જ કર્યું. આનું પરિણામ એ આવ્યું કે તેમને તેમના વ્યવસાયમાં પ્રસિદ્ધિ મળી અને નાણા પણ મળ્યા. છતાં તેઓ રિપબ્લિકન પાર્ટીનો પાયો મજબૂત કરવાના કામમાં લાગ્યા રહ્યા. પાર્ટીના સંગઠનનું કલેવર શક્તિશાળી બને જેથી તેના ઉપર એક ઊંચી શાનદાર ઇમારત ખડી કરી શકાય. એટલે કે ઈ.સ. ૧૮૫૮ની ચૂંટણીમાં કોઈ પણ રીતે ડગલસ ફરીથી જીતી ન શકે એવા તેમના પ્રયત્નો હતા અને લિંકન પોતાના કામમાં સમર્પિત અને નિષ્ઠામાં તો બેજોડ હતા જ.

એક રાતે લિંકનના એક સાથીદારે જોયું કે લિંકન પોતાની પથારીમાં એકલા બેઠા છે – તેઓ પોતાને કોઈ જુએ છે કે સાંભળે છે કે ધ્યાન આપે છે એ વાતથી

સાવ બેખબર હતા અને આલાપ્યે જતા હતા કે આ દેશ અરધી અરધી માનસિકતાથી જીવી શકે નહિ. આ દેશનો અર્ધો ભાગ ગુલામોનો અને અર્ધો ભાગ સ્વતંત્ર લોકોનો હોય એમ ચાલી શકે નહિ. ગુલામીએ તો વિદાય થવું જ પડશે. એ સાંભળી જનારે જે કાંઈ વિચાર્યું, માન્યું હોય પણ પોતાની નેમ માટે આવું ઝનૂન જરૂરી છે.

લિંકન ઓગણપચાસ વર્ષના થઈ ગયા. એમના ખાતામાં જમા હતું–

વ્યાપાર	નિષ્ફળતા
લગ્ન	અસંતોષ અને દુઃખ
કાયદો	જબરી સફળતા, વાર્ષિક આવક ૩ હજાર ડૉલર
રાજનીતિ	કુંઠા, નિરાશા અને નિષ્ફળતા

ઈ.સ. ૧૮૫૮નો ઉનાળો આવી ગયો. લિંકને આ જ વર્ષે જીવનની સૌથી મોટી લડાઈ લડી. લિંકનના વિરોધીઓ હવે તો માત્ર રાષ્ટ્રીય જ નહિ, પરંતુ વૈશ્વિક છબી ધરાવતા નેતા બની ગયા હતા. મિસૌરી સમજૂતી પછી જે બનાવો બન્યા તેથી ડગલસને બહુ ત્રાસ થયો હતો. એમની છબી ધૂંધળી થઈ ગઈ હતી, પરંતુ થોડા જ સમયમાં તેમને મુક્તિ મળી ગઈ.

આ બાજુ કેંસાસમાં સ્થિતિ તેજીથી બદલાઈ રહી હતી. તે અમેરિકા દેશમાં ગુલામીના રાજ્ય તરીકે સામેલ થવા માગતું હતું, પણ આ રાજ્યે શું આ રીતે ને શરતે દાખલ થવું જોઈએ. આ બાબતે ડગલસે ઇનકાર કરી દીધો. ડેમોક્રેટો ઇચ્છતા હતા કેંસાસને જલદીથી રાજ્યનો દરજ્જો મળે. આમ થાય તો ખૂનખરાબો ન થાય એમ ડેમોક્રેટો વિચારતા હતા. ફેબ્રુઆરી ૧૮૫૭માં બંધારણ સમિતિએ ચૂંટણીની ઘોષણા કરી. કુલ ૯૦૦૦ મતદારોમાંથી ૨૨૦૦ મતદારોએ મત આપ્યા. ઑક્ટોબર માસમાં કેંસાસનું બંધારણ ઘડાઈ ગયું. આ એક એવો દસ્તાવેજ હતો જેમાં ગુલામીની પ્રથાનું ખુલ્લું સમર્થન હતું અને તેને કાયદેસરનું બનાવવાની કોશિશ હતી. એમાં એક એવી કલમ હતી કે કેંસાસના ગુલામો ગુલામો જ બન્યા રહેશે. એમનાં સંતાનો પણ ગુલામ કહેવાશે અને એ પણ કે આ વાતને સાત વર્ષો સુધી બદલી નહિ શકાય. રાષ્ટ્રપતિએ એને મંજૂર કરીને કૉંગ્રેસને મોકલી આપ્યું. પણ કૉંગ્રેસે એને પસાર કરવાને બદલે અભિપ્રાય ગણના માટે ફરીથી કેંસાસ મોકલી આપ્યું. ડગલસ સારી પેઠે જાણતા હતા કે પોતાને સેનેટ માટે ફરીથી ઉમેદવારી કરવાની છે અને તે પણ ઇલિનોય રાજ્યમાંથી. ઇલિનોયનું આખું રાજ્ય ગુલામીની પ્રથા પ્રત્યે સખત નારાજ હતું. ત્યાંના લોકોનો વિચાર હતો કે ગુલામીની પ્રથા અમાનવીય છે. આના ઉપર તરત જ અંકુશ લગાડવો જોઈએ. ડગલસે વળી એક બીજી ચાલ ચાલી.

એમણે કહ્યું કે કેંસાસના લોકોને બંને સ્થિતિઓમાં વૉટ આપવાનો અધિકાર આપવામાં આવે. એટલે કે ચાહે તો ગુલામોના રાજ્યના રૂપે સ્વીકારવામાં આવે અથવા સ્વતંત્ર રૂપે સ્વીકારવામાં આવે. વૉટ આપવા ઉપર પ્રતિબંધ લગાડવો જોઈએ નહિ. મોટી ને સામાન્ય રીતે જોતા ડગલસની આ માંગમાં કાંઈ વાંધાજનક લાગતું નહોતું. તો પણ રાષ્ટ્રપતિ બુકાનને આ બધું ઠીક લાગ્યું નહિ. તેથી રાષ્ટ્રપતિ બુકાનને અને ડગલસની વચ્ચે ઝડપ થઈ ગઈ. હકીકતમાં આગામી ચૂંટણી માટે ડગલસ પોતાની ભૂમિકા અને લોક સમર્થન તૈયાર કરી રહ્યા હતા.

કેંસાસને ગુલામીના રાજ્ય તરીકે અમેરિકામાં સ્વીકારાય નહિ તેવું ડગલસનું બયાન હતું અને આ બયાનની પાછળની રાજનીતિ એ હતી કે તેથી રિપબ્લિકન પાર્ટીનો તેજીથી વધતો પ્રભાવ રોકાઈ જશે. આ લોકો રાજનીતિમાં પાકટ નહોતા અને આ રીતે ડગલસના આ બયાનને લોકો સાચે જ ડગલસના રૂપાંતરણની પ્રક્રિયા સમજી લેશે. ડગલસે ખોટું વિચાર્યું નહોતું. રિપબ્લિકનો એમના આ ફાસલામાં આવી પણ ગયા. કેટલાક રિપબ્લિકન લોકોએ તો આ માટે ડગલસની પ્રશંસા કરવી પણ શરૂ કરી દીધી. ડગલસ અને બુચાનન વચ્ચેનો વિવાદ તું-તા સુધી વધી ગયો. ડગલસે તો ત્યાં સુધી બોલી નાખ્યું કે ભગવાનના સોગન મેં જેમ્સ બુચાનને અહીં સુધી પહોંચાડ્યો છે તો હું તેને જમીન ઉપર પણ લાવી શકું છું. આ ડગલસની ધમકી જ માત્ર નહોતી, એમ કહીને ડગલસે એક રીતે ઇતિહાસ રચી કાઢ્યો.

બીજી તરફ લિંકને રિપબ્લિકન પાર્ટીને અંદરની ફૂટથી બચાવવાનું કામ કર્યું અને ડગલસના મનસૂબાઓ વિશે બરાબર સમજાવ્યું. ૧૬ જૂન, ૧૮૫૮ના રોજ સ્પ્રિંગફીલ્ડમાં રિપબ્લિકન પાર્ટીનું અધિવેશન થયું. આ અધિવેશનનો ઉદ્દેશ્ય સેનેટ માટે પોતાનો ઉમેદવાર ચૂંટવાનો હતો. સંમેલનમાં લોકોએ એકી સ્વરે લિંકનનું નામ આપ્યું અને લિંકનને ઉમેદવાર બનાવી દેવાયા.

ડગલસ અત્યાર સુધી તો પોતાની ઈ.સ. ૧૮૫૪માં ધૂંધળી થઈ ગયેલ છબીને ફરીથી ચમકાવી ચૂક્યા હતા. જે શિકાગો શહેરે એમના વિરુદ્ધ સખત નિંદા કરી હતી એ જ શહેર ડગલસના રસ્તામાં ફૂલો પાથરી રહ્યું હતું. સેંકડો હજારો લોકોએ ડગલસનું હાર્દિક સ્વાગત કર્યું. થોડા જ સમયમાં ઇલિનોયે નવા સેનેટરને ચૂંટવાનો હતો. સ્વાભાવિક રૂપે જ એના ઉમેદવાર ડગલસ બન્યા. ચૂંટણીની રણભેદી વાગે તે પહેલા લિંકને રિપબ્લિકન પાર્ટીમાં ચૂંટાઈ જવાથી એક માર્મિક ભાષણ આપ્યું. ગુલામીની પ્રથા અને આઝાદી સાથે રહી શકતા નથી એટલે આપણા દેશમાં પણ બંને એક સાથે ચાલી શકે નહિ. ડગલસ ગુલામીની પ્રથાનું રાષ્ટ્રીયકરણ કરવા માગે છે.

લિંકને ગુલામીની પ્રથાના મુદ્દે સુપ્રીમ કોર્ટની પણ નિંદા કરી. એમણે કહ્યું કે ઇલિનોય જેવા સ્વતંત્ર રાજ્યની સ્થિતિ પણ ગુલામીના રાજ્ય જેવી થઈ ગઈ છે અને આને માટે સુપ્રીમ કોર્ટ પૂરેપૂરી રીતે જવાબદાર છે. એમણે કહ્યું કે આ સ્થિતિને પહોંચી વળવા માટે જરૂરી છે કે આપણે નવી રાજનૈતિક વ્યવસ્થા માટે ઊંડાણથી વિચારીએ જેથી આપણે નવી ન્યાય પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરી શકીએ. આ એટલા માટે પણ જરૂરી છે કે સામાજિક ન્યાય સામાજિક ચેતના પછીની કડી છે. એમણે દક્ષિણના લોકોના ષડ્યંત્રમાં ઉત્તરના ડેમોક્રેટોને પણ જવાબદાર ઠેરવ્યા. લિંકને કહ્યું કે ડગલસ ઇચ્છે છે કે રિપબ્લિકન પાર્ટીમાં ફૂટ પડી જાય. તેથી જ તો ડગલસ પોતાની જૂની ગંદી રાજનીતિને તલવાર માફક ચલાવી રહ્યા છે.

લિંકનને શંકા હતી કે લાંબા ગાળાના મામલાઓના ચુકાદામાં સુપ્રીમ કોર્ટ ગુલામીની પ્રથાને મદદ કરશે. એથી ગુલામીની પ્રથા અમેરિકાની સ્થાયી સંસ્થા બની જશે. તેમણે કહ્યું કે ડગલસ જેવા નેતાઓ કાચીંડાની માફક રંગ બદલે છે. એમણે ડગલસની સરખામણી એવા સિંહ જોડે કરી જેને દાંત નથી. લિંકને ડગલસ માટે એક વાણીસૂત્ર ઘડી કાઢ્યું, 'જીવતો કૂતરો મરેલા સિંહથી સારો.' લિંકને કહ્યું કે ગુલામીની કુપ્રથાને ખતમ કરવાનું કામ ડગલસ જેવા બે મોઢાવાળા માણસને સોંપાવું જોઈએ નહિ. એમણે કહ્યું કે બધા જ લોકો એકતા કાયમ રાખી શકવામાં સફળ થાય તો આ કામ આપણે જીતીને કરી દેખાડશું.

ચૂંટણી આવતા ડગલસ અને લિંકને સામ-સામે થવાનું જ હતું. ડગલસ જાણી ગયા હતા કે લિંકન કેવળ ઇમાનદાર છે એટલું જ નહિ પણ એક ચતુર વક્તા છે. પોતાનો યશ અને વક્તૃત્વ શૈલીના માલિક હોવા છતાં ડગલસ લિંકનનો સામનો કરવાની તાકાતથી સારી પેઠે વાકેફ હતા. ડગલસ જુલાઈ માસમાં શિકાગો આવી ગયા. ત્યાંથી તેમણે ચૂંટણીના યુદ્ધનો શંખનાદ કર્યો અને સાથે સાથે પ્રચાર કર્યો કે કેંસાસનું ગુલામીની પ્રથાનું સમર્થન કરનાર બંધારણ પસાર થઈ જાત પણ તે બંધારણને કૉંગ્રેસ મારફત અભિપ્રાય ગણના માટે મેં જ મોકલી આપેલું. સ્પષ્ટ છે કે આવી જાતનો કોઈ પણ કાયદો પસાર થાય તેમ પોતે ઇચ્છતા નહોતા. ડગલસે કહ્યું કે પોતે ચાહે છે કે લોકો આનો મતલબ સાફ સાફ સમજી લે. આનો અર્થ એ છે કે લોકો પોતાનો ફેંસલો આપતા શીખે. આ પ્રમાણે જ સ્વ-શાસનનો જન્મ થાય છે. લિંકન પણ ત્યાં જ હતા. એમણે બોલવું નહોતું. લિંકન વિશે ડગલસે કહ્યું કે એ એક બુદ્ધિશાળી વ્યક્તિ છે. લિંકન એ ઉત્તર અને દક્ષિણના યુદ્ધની વાતો કરે છે. આપણી સરકાર ગોરા લોકોએ ચૂંટી છે, બનાવી છે. એ એમના જ આધારે બની છે, ગોરા લોકોના લાભ માટે. બીજે દિવસે ત્યાં જ તે જ સ્થાનેથી લિંકને ડગલસને

મુદ્દાસર પોઇન્ટ ટુ પોઇન્ટ જવાબ આપ્યા. એમણે કહ્યું કે ડગલસનો આશય એ છે કે એક વ્યક્તિ બીજી વ્યક્તિ કરતા નીચી છે, હીન છે. જો એમ જ છે તો તો તેઓ સ્વતંત્રતાના ઘોષણાપત્રનું ઉલ્લંઘન કરી રહ્યા છે. ડગલસ શબ્દોના ગૂંચવાડામાં લોકોને ફસાવી રહ્યા છે. આડે રસ્તે દોરી રહ્યા છે.

આ રીતે બંને વચ્ચે ચર્ચા-દલીલો થતી રહી, જેથી લિંકનને સારો એવો યશ મળ્યો. બંનેના વાક્યુદ્ધમાં ભાવનાઓનો વિસ્ફોટ થઈ રહ્યો હતો અને જનતા ઉત્તેજનાના તાપે તપી રહી હતી. ધીરે ધીરે લોકોની રુચિની સાથે સમાચારપત્રો, મીડિયાએ પણ આમાં રસ લેવાનું શરૂ કર્યું. લોકો એટલી વધારે સંખ્યામાં આવતા થયા કે હૉલમાં દલીલો કરાવવી અસંભવ અને અશક્ય થઈ ગઈ તેથી કેટલીય ચર્ચા દલીલો ખુલ્લા મેદાનમાં કરવામાં આવી. દલીલબાજીમાં લિંકન એમ જ અમથા કાંઈ કૂદી પડ્યા નહોતા. એમણે આ માટે જબરી તૈયારી કરી હતી. વિચારો, વાણી-સૂત્રો, રૂઢપ્રયોગો ઘડ્યા પછી લિંકન નોંધી લેતા. એ પછી પરબીડિયા-કવરનો પાછળનો ભાગ હોય કે સમાચારપત્રના હાંશિયા હોય અથવા જે જગ્યા જડે ત્યાં લિંકન લખીને રાખી લેતા. બધી જ કાપલીઓ પોતાની હેટમાં રાખતા. પછીથી તે બધા લખાણોને એક મોટા કાગળ ઉપર ઉતારી લેતા. પોતાના પહેલા ભાષણના પૂર્વની સાંજે લિંકને પોતાના કેટલાક બુદ્ધિજીવી મિત્રોને સ્ટેટ હાઉસના વાંચનાલયમાં બોલાવ્યા. બંધ ઓરડાની આ બેઠકમાં લિંકન પોતાનું ભાષણ વાંચી રહ્યા હતા. તેઓ એક એક ફકરો વાંચતા અને રોકાતા અને તે ઉપર પ્રતિક્રિયા લઈ જરૂરી ફેરફાર કરતા. તે સમયે તેમના કેટલાંક વાક્યો જાણે સૂત્રો હોય તેમ ચર્ચાયાં હતાં. જેમ કે–

- કોઈ પણ સદનને પોતા દ્વારા જ વિભાજિત થવા પર ખડું રાખી શકાતું નથી.
- મારો વિશ્વાસ છે કે આ સરકાર સ્થાયી રૂપે અરધા ગુલામો અને અરધા સ્વતંત્ર લોકોની સાથે ચાલી શકતી નથી.

લિંકનનાં ભાષણોના આ વાક્યાંશો જેણે પણ સાંભળ્યા તેણે પ્રશંસાથી વધીને પ્રશસ્તિ કરી. લોકોનો અભિપ્રાય હતો કે આથી મતદાતાઓને રીઝવવામાં મદદ મળશે.

પહેલી ચર્ચા શિકાગોથી ૭૫ માઇલ દૂર ઓહાવા શહેરમાં થઈ હતી, પણ આ દરમિયાન બુચાનન અને ડગલસ વચ્ચે પડેલી તિરાડ પૂરી શકાઈ નહોતી અને બુચાનને કમર કસી નક્કી કરી લીધું હતું કે ડગલસને ચૂંટણીમાં ખબર પાડી દેવી છે. અંદરોઅંદરની ખટપટને કારણે ઇલિનોયના એ ઑફિસરોને બદલી નખાયા જે

ડગલસના સમર્થક હતા. ડેમોક્રેટ પાર્ટીના બે ભાગ થઈ ગયા. આથી સ્વાભાવિક રૂપે જ રિપબ્લિકન પાર્ટીને ફાયદો થયો. એક એક રાષ્ટ્રીય ડેમોક્રેટિક પાર્ટીનું ગઠન થયું, પરંતુ આ પાર્ટીવાળા ચૂંટણીની ગરમી વધવા લાગી તેમ રિપબ્લિકન પાર્ટીની નજીક આવી ગયા. આ એટલા માટે પણ કે તે લોકોનો ઉદ્દેશ્ય ડગલસને જીતતા રોકવાનો હતો.

ડગલસ ચર્ચા માટે જ્યાં પણ જતા તો ખાસ વિશેષ રેલગાડીમાં જતા. શાનદાર નીલા સૂટમાં તેઓ પત્ની સાથે ગાડીમાંથી ઊતરતા અને જ્યાં ચર્ચા રાખવામાં આવતી, સીધા ત્યાં જ પહોંચી જતા. આથી ઊલટું લિંકન સાધારણ વર્ગમાં મુસાફરી કરતા અને એમની વેશભૂષા પણ સામાન્ય માનવી જેવી હતી, તેથી તેઓ મતદાતાઓને વધારે પ્રભાવિત કરતા. તે લોકો લિંકનને પોતાના પરિવારના જ સભ્ય સમજતા. મિત્રોનું દબાણ હતું કે લિંકન ડગલસને પડકાર કરે, એમની જોડે ચર્ચા કરી તેમની બોલતી બંધ કરે.

ઓહાવા શહેરમાં જે જગ્યાએ ભાષણ હરીફાઈ થવાની હતી ત્યાં સમયથી પહેલા જ મોટરકારો આવી ગઈ, બેઠકો ભરાઈ ગઈ. લોકો શિકાગોથી પગે ચાલીને આવ્યા હતા. આખા ક્ષેત્રના વાતાવરણમાં એક જાતની ઉત્તેજના હતી. જે જગ્યાએ ચર્ચા થવાની હતી તે તરફ લોકો પરેડ થતી હોય તેમ ડ્રમ વગાડતા જતા હતા. કેટલાંક શહેરોમાંથી ડગલસ પણ પસાર થયા. સફેદ ઘોડાઓ વાળી બગ્ગીમાં તેમના સમર્થકોની સંખ્યા ઓછી નહોતી. આ જોઈ લિંકનના સમર્થકોથી રહેવાયું નહિ. તેમણે સફેદ ખચ્ચરોની બે ગાડીઓ દોડાવી. એક ગાડીમાં ૩૨ છોકરીઓ હતી અને એમના ઉપર અમેરિકન રાજ્યોનાં નામ લખ્યાં હતાં અને સૂત્રો લખ્યાં હતાં.

હકીકતમાં બંને વક્તવ્યો બે વિપરીત ધ્રુવો-છેડાઓ જેવા હતા. ડગલસ માત્ર પાંચ ફીટ ચાર ઈંચ ઊંચા હતા તો લિંકન છ ફીટ ચાર ઈંચ. ડગલસ સુંદર અને વિનમ્ર દેખાતા જ્યારે લિંકન કદરૂપા અને લઘરવઘર દેખાતા. લિંકનમાં શારીરિક આકર્ષણ નહોતું, ચુંબકીય તત્ત્વનો અભાવ હતો જ્યારે ડગલસમાં તો આ બધું ઘણું હતું.

ડગલસ તકવાદી હતા. એમની કોઈ રાજનૈતિક નૈતિકતા નહોતી એમ લિંકનનું કહેવું હતું. ફક્ત જીતી જવું એ જ ડગલસનું લક્ષ્ય હતું, પરંતુ લિંકન સિદ્ધાંત માટે લડી રહ્યા હતા. તેથી કોણ જીતશે એ એમને માટે મહત્ત્વનું નહોતું. એમણે કહ્યું હતું કે અમેરિકાની સેનેટ માટે ડગલસ જીતે કે હું એથી કોઈ ફરક પડતો નથી, પરંતુ અમે જે મુદ્દાઓ તમારી સામે મૂક્યા છે એ મુદ્દાઓ કોઈ પણ

માણસની જીત કે એ માણસના રાજનૈતિક ભવિષ્ય કરતાં ક્યાંય મોટા અને મહત્ત્વપૂર્ણ છે. ચૂંટણી વચ્ચે ડગલસનું ગુલામીની પ્રથા વિશે કહેવું હતું કે દરેક રાજ્યે પોતાનો ફેંસલો પોતે જ કરવો જોઈએ. સ્પષ્ટ હતું કે જો તે રાજ્ય ગુલામીની પ્રથા ચાલુ રાખવા ઇચ્છે તો ચાલુ રાખી શકે છે. લિંકન આની એકદમ વિરુદ્ધમાં હતા. એમનું માનવું હતું કે ડગલસ ગુલામીની પ્રથાને સાચી સારી ઠેરવે છે, હું એમ માનતો નથી. આ જ એ આધાર ભૂમિ હતી જેના ઉપર સઘળી ચર્ચાનો આધાર હતો. એમનું કહેવું હતું કે જો કોઈ સમૂહના લોકો ગુલામો રાખવા માગતા હોય તો તેમને ગુલામો રાખવાની રજા આપવી જોઈએ આ ખોટું નથી ? જો ખોટું છે તો તેઓ એવા લોકોને ખોટું કામ કરવાની રજા આપી શકતા નથી. ગુલામી એક જબરી નૈતિક ભૂલ છે. ડગલસ ક્યારેક ક્યારેક વચ્ચેવચ્ચે હસ્તક્ષેપ કરતા હતા, પણ લિંકન નિગ્રો લોકોના પક્ષમાં બોલતા હતા.

લિંકન કહેતા હતા કે હું માત્ર એટલું જ ચાહું છું કે તમને એ લોકો ગમતા ન હોય તો એમને એકલા છોડી દો. ઈશ્વરે એમને ઓછું આપ્યું છે તો એમને ઓછાનો આનંદ તો લેવા દો. એમની પાસે જીવન, સ્વતંત્રતા અને સુખ-સવલતના અધિકારો તો કોઈ પણ મનુષ્યના કરતા ઓછા નથી. ડગલસ કહેવા લાગ્યા કે લિંકન ઇચ્છે છે કે ગોરા લોકોએ નિગ્રો લોકો જોડે લગ્નના સંબંધો રાખવા જોઈએ. બધા જ ગોરા કાળા લોકોને ભેટે એટલું જ નહિ પણ પોતાના ઘરમાં સ્થાન આપે, એમ ગોરો લોકોએ કરવું જોઈએ. લિંકને ડગલસના આવા મુદ્દાઓનું ઘણી જગ્યાએ ખંડન કર્યું. એમણે કહ્યું કે હું કહી રહ્યો છું કે કાળા લોકોને ગુલામ બનાવવા જોઈએ નહિ તો એનો આશય એ નથી કે હું કહું છું કે નિગ્રો સ્ત્રી જોડે લગ્ન કરવા જોઈએ. અહીં આપણે ત્યાં પૂરતા ગોરા પુરુષો છે જે ગોરી સ્ત્રીઓ જોડે લગ્ન કરી શકે છે અને તેમને ત્યાં પણ પૂરતા નિગ્રો પુરુષો છે જે નિગ્રો સ્ત્રીઓ જોડે ઘર વસાવી શકે છે. ભગવાનને માટે એમને એવું કરવા દો.

લગભગ છ અઠવાડિયાં સુધી ચાલેલી આ ચર્ચાનો અંતિમ રાઉન્ડ ૧૫ ઑક્ટોબર, ૧૮૫૮ના દિવસે મિસીસિપી નદીના કિનારે આરાટન શહેરમાં થયો. અહીં ડગલસે સ્પર્ધાની શરૂઆત કરી. રૂંધાયેલા કંઠે તેમણે કહ્યું કે સ્વતંત્રતાનું ઘોષણાપત્ર જ્યારે તેમણે રજૂ કર્યું ત્યારે એમનો આશય ન તો હબસીઓને લગતો, ન તો જંગલી રેડ ઇન્ડિયનને લગતો, ન બીજી કોઈ અસભ્ય અણઘડ જાતિને લગતો હતો. સ્વતંત્રતાની વાત તો કેવળ ગોરા લોકો માટે જ કરવામાં આવેલી. આ વાત ઉપર લિંકને કહ્યું કે મુખ્ય મુદ્દો બે વર્ગો વચ્ચેના સંઘર્ષનો છે. એક વર્ગ ગુલામીની પ્રથાને ખરી માને છે અને બીજો વર્ગ ખોટી. આ ક્યારે પણ રોકાઈ શકે નહિ તેવો

સંઘર્ષ છે. જે આખી દુનિયામાં ચાલી રહ્યો છે. એ હંમેશાંથી ચાલી રહ્યો છે. એક તરફ મનુષ્યોના સામાન્ય અધિકારો છે તો બીજી તરફ સામંતોના દૈવી અધિકારો છે.

લિંકનની આ ભાષા અને તેના રાજનૈતિક વિચારો દર્શાવે છે કે લિંકન સામાજિક સમજૂતીને લગતા હોબ્સ, લોક અને રુસોના સિદ્ધાંતો, માર્ક્સના દ્વંદ્વાત્મક ભૌતિકવાદ અને નીત્શેની ભાષા અને ભાવોથી પરિચિત હતા.

વિધાનસભાની ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીએ દક્ષિણની બેઠકો જીતી અને રિપબ્લિકન પાર્ટીએ ઉત્તરની બેઠકો જીતી. સેંટ્રલ ઇલિનોયમાં બંને પક્ષો લગભગ બરાબર હતા અને આ જ આધારે સેનેટરની પણ ચૂંટણી થવાની હતી અને ડગલસ ફરીથી એક વાર છ વર્ષ માટે ચૂંટાઈ આવ્યા. આનું એક મોટું કારણ એ હતું કે ઇલિનોયનો ઉત્તરનો ભાગ મોટો તો હતો પણ બેઠકો ઓછી હતી. આથી ઊલટું દક્ષિણનો ભાગ નાનો હતો પણ બેઠકો વધુ હતી. વાત તો એવી પણ થાય છે કે ડગલસ એક ધનવાન માણસ હતા અને સાથે સાથે પૂરેપૂરા ચાલાક તથા જીત મેળવવા માટે પૂરા સતર્ક અને સજાગ. લિંકન માત્ર ૮ વૉટથી સેનેટની ચૂંટણી હારી ગયા હતા. એમને ગાઢ નિરાશા થઈ હતી છતાં તેમણે લોકોને કહ્યું કે નાગરિક સ્વતંત્રતા આપણું લક્ષ્ય છે. આ બાબતે આપણે થોડાક આગળ પણ વધ્યા છીએ.

આ હારજીત પછી પણ ડગલસ શાંત નહોતા તેમજ લિંકન પણ ચૂપ નહોતા. લિંકનને પાકો ભરોસો હતો કે જે સમર્થન જોવામાં આવી રહ્યું છે તે વૉટમાં બદલાશે, પણ એ ન થયું અને તેથી લિંકનને ખૂબ પીડા થઈ. આ દરમિયાન નવી જ ઊભી થયેલ રિપબ્લિકના પાર્ટી ડગમગી ગઈ. કોઈ મોટી આર્થિક વ્યવસ્થા તો હતી નહિ અને પાર્ટી ઉપર લગભગ ૪૦૦૦ ડૉલરનું દેવું ચડી ગયું. પાર્ટીના અધ્યક્ષ જડે આ બાબતે લિંકન જોડે ચર્ચા પણ કરી. તેથી લિંકને પોતાની તરફથી ૨૫૦ ડૉલરની આર્થિક મદદ પણ કરી. એટલું જ નહિ પરંતુ વધુ મદદ અપાવવા માટે ચેષ્ઠા પણ કરી. રિપબ્લિકન પાર્ટીમાં બધા જ લોકો એક જ જગ્યાના નહોતા. પાર્ટીના અધ્યક્ષ જડ શિકાગોના હતા અને ત્યાંના જ એક બીજા રિપબ્લિકન નેતા હતા – વેંટવર્થ. જડ અને વેંટવર્થ વચ્ચેના સંબંધો માથાકૂટ ભરેલા હતા. વેંટવર્થે આરોપ મૂક્યો કે ઈ.સ. ૧૮૫૫ તેમજ ૧૮૫૮ની ચૂંટણીઓમાં લિંકનને હરાવવામાં જડે મોટી ભૂમિકા ભજવી હતી અને આજે પોતે ઇલિનોયનો ગવર્નર બનવા માગે છે.

વિવાદ જ્યારે પણ વધવા માંડે છે ત્યારે મધ્યસ્થતા માટેની માંગ પણ ઝટ જ થઈ જતી હોય છે. બંને લિંકન મધ્યસ્થતા કરે તેમ ચાહતા હતા, પરંતુ લિંકને

તેમ કરવાને બદલે બીજા રાજ્યોને પણ અપીલ કરી કે પાર્ટી ઊંડા સંકટમાં છે. પાર્ટીમાં એકતા બનેલી રહે તે માટે વધુ પ્રયાસોની આવશ્યકતા છે. આ દરમિયાન ડગલસે ચાલો ચાલવાનું ચાલુ રાખ્યું હતું. તેઓ ચાહતા હતા કે પાર્ટીના ઝઘડા એટલા વધી જાય કે તેના બે ભાગ થઈ જાય. તેથી તેઓ એક પક્ષને વધતી ઓછી મદદ કરતા હતા. લિંકન ડગલસના આ ડગલસવાદને જાણતા હતા. એ જાણતા હતા કે ડગલસ એક ષડ્યંત્રકારી રાજનીતિજ્ઞ છે. ડગલસ આગલી ચૂંટણીમાં રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવાર થવાનું વિચારી રહ્યા હતા. એમના માટે પાર્ટીની પ્રતિબદ્ધતા કોઈ મુદ્દો નહોતો. તેથી જો ડેમોક્રેટિક પાર્ટી ઉમેદવાર નહિ બનાવે તો તેમને રિપબ્લિકન પાર્ટી જોડે હાથ મિલાવવામાં વાર નહિ લાગે. એમણે પોતાના 'જન સ્વાયત્તતા'ના સૂત્ર પ્રયોગને ચર્ચિત કરવામાં અને પ્રયાસ કરવામાં ઘણી કોશિશ કરી. ડગલસનું કહેવું હતું કે રાજ્ય જનતા થકી હોય છે અને જનતાને એનો અધિકાર હોવો જોઈએ કે એ શું ચાહે છે. લિંકનનું કહેવું હતું કે ડગલસ પોતાના સિદ્ધાંતની આડ લઈ ગુલામીના કલંકને અમેરિકાના કપાળે કાયમ માટે મઢી દેવા માગે છે. લિંકન માનતા હતા કે જો આ સિદ્ધાંત જીવતો રહેશે તો ગુલામીનું ઉન્મૂલન અસંભવ નહિ તો મુશ્કેલ તો જરૂર બની જશે.

એમ તો ડગલસ પાસે એક બીજો રસ્તો પણ હતો અને તે એ કે એક બીજી નવી પાર્ટીનું ગઠન કરવું. એમને સારી પેઠે જાણ હતી કે રિપબ્લિકન પાર્ટીમાં કેટલાય એવા લોકો છે જે ડગલસને ખરા માને છે. ડેમોક્રેટ તે પોતે હતા અને તેમને જાણ હતી કે તેમની પાર્ટીના વધારે લોકો તેમના વ્યક્તિત્વના ઘેરાવાથી બહાર નહિ રહી શકે. તેઓ આ જ સંબંધે ઓહાયો ગવા પણ ખરા, પણ આની ગંધ લિંકનને આવી ગઈ કે ડગલસના મગજમાં કયા તમરા તરવરાટ કરી રહ્યા છે. એ સમજી ગયા કે ડગલસ એક નવી પાર્ટી બનાવવાની કોશિશમાં જન અભિપ્રાય ઘડવા-વધારવાનું તૂત કરી રહ્યા છે. લિંકને અનેક સભાઓ સંબોધી અને કહ્યું કે ડગલસનો જનસ્વાયત્તતાનો સિદ્ધાંત ઠાલી ડિંગ અને પાખંડ છે. તેઓ હબસી લોકોને માણસ નહિ પણ જાનવર સમજે છે. એમની ઇચ્છા છે કે મોટી સંખ્યામાં હબસીઓને અહીં લાવી ગુલામ બનાવવામાં આવે. એ આવો ધંધો કરવા માગે છે. લિંકને કહ્યું કે વર્ષો પહેલા મેં વૈલેન્ડના પુસ્તકમાં વાંચ્યું હતું કે, 'શ્રમ જ ઉત્પાદનનો મુખ્ય સ્રોત છે. આશય સાફ સ્પષ્ટ છે કે શ્રમનું સ્વપ્ન પૂંજીના સ્થાન પહેલા છે અને એક અલગ એકમ છે. પૂંજી કે ધન પણ શ્રમનું જ ઉત્પાદન છે – એટલે શ્રમીક-મજદૂર પૂંજીપતિ કે ધનવાન કરતા મોટું એકમ થયું. સ્વતંત્ર સમાજમાં પૂંજીનું પોતાનું મહત્ત્વ જરૂર છે. પૂંજી એ માણસને રોજગાર આપે છે જેની પાસે પોતાનું પેટ ભરવા માટે ઈશ્વરે

તેને બે હાથ આપ્યા છે. લિંકને ઓહાયોની જનતાને કહ્યું કે સ્વતંત્ર સમાજ એક શ્રમીક કે મજદૂરને હંમેશ માટે શ્રમીક કે મજદૂર બનીને રહીને જીવવાની ઇચ્છા રાખતો નથી. બલકે એને અવસર અને તક આપે છે કે જો એ બીજું કંઈ કરવાની ઇચ્છા અને યોગ્યતા રાખતો હોય તો તે તેમ કરે. એમણે કહ્યું કે તેઓ પોતે પણ મજદૂર રહી ચૂક્યા છે.

અયોવા, ઓહાયો, ઇન્ડિયાના, વિસ્કોસીન અને કેંસાસમાં થયેલા લિંકનના ભાષણો પછી 'ઇલિનોય ગેઝેટ' નામના સમાચારપત્રે લખ્યું કે લિંકન રાષ્ટ્રપતિ બનવા જોઈએ. ઉત્તર વિભાગના સમાચારપત્રોના અભિપ્રાય મુજબ હવે એ જરૂરી થઈ ગયું હતું કે લિંકન રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિમાંથી કોઈ એક હોદ્દો સંભાળે. આ સમય સુધી લિંકને પોતાના સપનાની જાણ આખા દેશને કરી દીધી હતી. પુંજીવાદનો અભ્યુદય અને રૂઢીવાદી સામંતવાદની વૃદ્ધ નિર્બળ જર્જર અવસ્થા અમેરિકાની તાજી આર્થિક સ્થિતિ દર્શાવતી હતી.

લિંકન પોતાને રાષ્ટ્રપતિના હોદ્દાને યોગ્ય સમજતા નહોતા, અલબત્ત તેમની પત્ની મેરી ટોડને ચોક્કસ ભરોસો હતો કે લિંકન એક દિવસ અવશ્ય રાષ્ટ્રપતિ બનશે જ. જ્યારે પણ મેરી લિંકનને આ વિશે કહેતી તો લિંકન જોરથી હસી પડતા અને કહેતા કે એમના જેવો માણસ કોઈ દિવસે પણ રાષ્ટ્રપતિ બની શકે ખરો ! સેમ્યુઅલ ગેલોબે તો લિંકન માટે 'રાષ્ટ્રપતિ પદ માટે લિંકન' જેવું આંદોલન ચલાવવા માગતા હતા. લિંકનનો આ બધાને એક જ નમ્ર જવાબ હતો કે તેઓ પોતાને આ પદને યોગ્ય સમજતા નહોતા, પરંતુ એમને એમ પણ લાગતું હતું કે રિપબ્લિકન પાર્ટીમાં તેમના માટે સંભાવનાઓ જરૂર છે. આખરે તેઓ એ પાર્ટીના સંસ્થાપક સભ્ય હતા. તેમણે એ માટે અંગત રીતે અને ચુપચાપ ચાલી રહેલા પ્રચારને સાધન બનાવ્યા. એમને એ વાતની તો ખબર જ હતી કે ડગલાસ જોડેના તેમના વાદ-વિવાદને ઘણી પ્રશંસા મળી હતી. લોકો વૈચારિક રીતે લિંકનની સાથે હતા. તેથી આ બધી બાબતોને એકઠી કરી તેમનું સંકલન કરીને છાપવામાં આવે તો વધુ સારું થાય. એમણે પોતાનાં ભાષણો એકઠાં કર્યાં અને ચોંટાડ્યાં. આ દરમિયાન તેમને ઓહાયોની એક સંસ્થા મળી ગઈ જેણે ૨૬૮ પાનાંનું એક પુસ્તક પ્રકાશિત કરી દીધું. પુસ્તકને ધારેલી સફળતા મળી. લોકો એને શોધી શોધીને વાંચતા. આથી જ પ્રેરણા પામીને લિંકને 'આત્મકથા'નો કરાર કર્યો. એમાં એમણે પોતાનાં ગીતો ગાવા ને નગારા વગાડવાને બદલે સાર્વજનિક જીવન, પોતાના અનુભવો, વિચારોને મહત્ત્વ આપ્યું. આ પણ ખૂબ જ વખણાયું. આ દરમિયાન તેમને ફેબ્રુઆરી ૧૮૬૦માં ન્યૂયૉર્કમાં ભાષણ આપવા માટે આમંત્રણ મળ્યું. લિંકન

બોલતા પહેલા સારી તૈયારી કરતા હતા. આ વખતે તેમણે નવો સૂટ પણ સીવડાવ્યો હતો. મેન હટનનાં કૂપર યુનિયનમાં એમણે કહ્યું કે કોણ કહે છે કે કેન્દ્ર સરકારને રાષ્ટ્રીય ક્ષેત્રોમાં ગુલામીની પ્રથાને રોકવાનો અધિકાર નથી ? એમણે બંધારણના ઘડવૈયાઓના, પોતાની વાતના સમર્થનમાં ઉદાહરણો અને ઉતારા આપ્યા અને ડગલસના પગ નીચેની જમીન ખસેડી દીધી. એમણે બતાવ્યું કે તર્ક કેવળ પદાધિશોનો ઓશિયાળો હોતો જ નથી. પૂર્વના લોકો એવા જ તર્કોથી પ્રભાવિત થઈ શકે છે જે તર્કો બીજા નિષ્કર્ષોને મૂળથી નાબૂદ કરી શકે. લિંકનથી બધા જ લોકો મંત્રમુગ્ધ હતા અને ચકિત પણ હતા. એમણે રિપબ્લિકન પાર્ટી જ એવી એકલી પાર્ટી છે, જેનો ગુલામીની પ્રથાને ઉન્મૂલન કરવાનો રસ્તો બધાથી ઉત્તમ છે. આ રસ્તો અતિવાદથી ઘેરાયેલો નથી તેમજ ડેમોક્રેટની જેમ એટલો નરમ પણ નથી કે સમસ્યાઓ ફરીથી ઊભી થઈ જાય. લિંકને દાવો કર્યો કે શ્રદ્ધા રાખવી જોઈએ કે અંતિમ વિજય કેવળ સત્યનો થાય છે. ન્યૂયોર્કના આ ભાષણની સકારાત્મક પ્રતિક્રિયા થઈ. આને એ સમયની રાજનીતિનો જરૂર દસ્તાવેજ બતાવાયો. સમાચારપત્રોએ એને સારી પેઠે પ્રકાશિત કર્યું. શ્રોતાઓએ કેટલીય મિનિટો સુધી તાલીઓનો ગડગડાટ કર્યો એટલું જ નહિ ઊભા થઈને હેટ ઉતારીને લિંકનનું અભિવાદન પણ કર્યું. રિપબ્લિકન પાર્ટીમાં પણ જોશ ઉભરાયું અને ભાષણને ઘોષણાપત્રની સિકલ આપી દીધી. હકીકતમાં આ બાબત સેવર્ડના ઘરમાં જ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાની હતી. સેવર્ડ ન્યૂયૉર્કમામાંથી પાર્ટીના ઉમેદવાર હતા. આ બધાથી એમની માંગ વધી ગઈ. લોકો તેમને જ્યાં-ત્યાં બોલાવવા માંડ્યા. લિંકન ધીમે ધીમે બીજા ઉમેદવારોથી આગળ વધી રહ્યા હતા, પણ પરંપરા મુજબ કોઈ પણ ઉમેદવાર પોતાને માટે આવી માંગ કરી શકતો નહિ. પાર્ટી જ ઉમેદવારને નામાંકિત કરતી હતી. તેથી લિંકન પોતાના સંબંધે એટલા ગંભીર નહોતા.

વિલિયમ એચ. સેવર્ડ ન્યૂયૉર્કના એક સારા રાજનીતિજ્ઞ હતા. એમની લોકપ્રિયતા ખાસી હતી. એ સમયે તેમની ઉંમર ઓગણસાઠ વર્ષની હતી અને તેઓ માનતા હતા કે આ વખતે તેમના જન્મદિવસની ભેટના રૂપમાં રિપબ્લિકન પાર્ટી તેમને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવશે. એ એટલા બધા આત્મવિશ્વાસથી ભર્યા હતા કે એમણે સેનેટના પોતાના સાથીઓને વિદાય કહી અને પોતાને ઘેર વિદાય પાર્ટીનું આયોજન પણ કર્યું. નક્કી થયેલ દિવસે અને સમયે જો રિપબ્લિકન પાર્ટીનું આંતરિક મતદાન થાત તો કદાચ ઇતિહાસ બદલાઈ ગયો હોત, પરંતુ પ્રિંટરની મહેરબાનીથી તેમ થયું નહિ.

રાજનીતિ એટલી સીધી સરળ હોતી નથી, જેટલી દેખાય છે. ઇતિહાસના કોઈ પણ સમયે રાજનીતિમાં સરળ રેખાનો સ્વીકાર થયો નથી. એકબાજુ સેવર્ડ અતિશય વિશ્વાસથી ભરેલા હતા તો બીજી બાજુએ હોરેસ ગ્રીન લે કંઈક બીજો જ લેખ લખી રહ્યા હતા. ગ્રીન લે વિલક્ષણ દેખાવના વ્યક્તિ હતા જેમનું માથું તરબૂચ ટેટી જેવું ગોળમટોળ હતું. એ બહુ જ બુદ્ધિશાળી હતા. તેમણે સેવર્ડને ન્યૂયૉર્કના ગવર્નર બનવામાં તથા સેનેટર બનવામાં ખાસી મદદ કરેલી હતી. એટલું જ નહિ, સેવર્ડના પ્રબંધક થરલો વોર્ડ માટે પણ સારું એવું કામ કર્યું હતું, જેને કારણે લોકો વીડને રાજ્યના રાજનૈતિક 'બૉસ' માનવા લાગ્યા હતા. કડવાશ તો નાની અમથી હતી. ગ્રીન લે રાજ્યના પ્રીંટર બનવા માગતા હતા, પણ વીડે એ જગ્યા છીનવી લીધી. એવી રીતે બે એક બીજા પ્રસંગો પણ આવ્યા જ્યારે ગ્રીને મદદ મેળવવાની આશા રાખી હતી, પણ વીડે મદદ કરી નહિ અને ઊલટાનો અનાદર થયો. ગ્રીનથી રહેવાયું નહિ. એમણે સેવર્ડને એક સખત પત્ર લખી નાખ્યો. પત્ર તો શું એ તો સીધું ઝેર જ ઓક્યું હતું. એ ૧૧ નવેમ્બર, ૧૮૫૪નો દિવસ હતો. ગ્રીન રાહ જોઈને બેઠા હતા કે મોકો મળે તો પાઠ ભણાવે. તેમણે બેચેનીથી પણ છ વરસ સુધી એની રાહ જોઈ હતી. જે દિવસે શિકાગોમાં રાષ્ટ્રપતિ પદના નામાંકન માટે સંમેલન થવાનું હતું તે ગુરુવારે રાતે, આખી રાત ગ્રીન ઊંઘ્યા નહિ. એ આખી રાત પ્લાન ઘડતા રહ્યા કે પોતે શું શું કરવાનું છે અને સેવર્ડને કેવી રીતે હરાવવાના છે. એ લિંકન માટે માત્ર મનમાં વિચાર જ નહોતા કરતા, પરંતુ એમણે દૃઢ નિશ્ચય જ કરી નાખ્યો હતો કે રાષ્ટ્રપતિ પદ માટે લિંકનનું જ નામ નામાંકિત થાય. એ તો અનેક પ્રતિનિધિ મંડળોને મળ્યા, એમની સાથે ચર્ચાઓ કરી, એમને સમજાવ્યા. 'ન્યૂયૉર્ક' ટ્રિબ્યુન' નામના સમાચારપત્રનો આખા ઉત્તર ક્ષેત્રમાં સારો ફેલાવો હતો. જનતાનો અભિપ્રાય તૈયાર કરવામાં આ સમાચારપત્રની મહત્ત્વની ભૂમિકા હતી. એવા બીજા કોઈ સમાચારપત્રે કર્યું નહોતું. ગ્રીન લે એક યશસ્વી વ્યક્તિ હતા. તેમનો આદર-સત્કાર થતો હતો. એમના આવતા જ લોકો એમના ક્રિયાકલાપો ઉપર નજર રાખતા હતા. એમણે સેવર્ડ વિશે બતાવ્યું કે તે પ્રતિબદ્ધ નિષ્ઠાવાન વ્યક્તિ નથી. ન્યૂયૉર્કના ગવર્નર પદે રહીને સેવર્ડે સામાન્ય વિદ્યાલયના નાણા વિદેશીઓ માટેની અલગ સ્કૂલ બનાવવા માટે ખર્ચી નાખ્યા. ગ્રીને કહ્યું કે જો રિપબ્લિકન પાર્ટીએ જીતવું હોય તો સેવર્ડને કોઈ પણ પરિસ્થિતિમાં ઉમેદવાર ન બનાવવા જોઈએ. લિંકનના સમર્થક દરેક પ્રતિનિધિનો સંપર્ક કરી રહ્યા હતા જેથી સેવર્ડને બાદ કરતા જો લોકોની સંમતિ થાય તો તે લિંકનના નામ ઉપર જ થાય. એમનું માનવું હતું કે ડેમોક્રેટ તરફથી તો ડગલસ નક્કી જ છે. એવામાં ડગલસનો જો કોઈ મજબૂત હરીફ હોય તો તે લિંકન જ છે, કારણ કે

લિંકન એક એવી વ્યક્તિ છે જેમણે ઉત્તર પશ્ચિમના વિકાસ માટે વર્ષો સુધી કામ કર્યું છે, જે સામાન્ય માણસને સમજે છે, જે સામાન્ય માણસો જોડે એક થઈ તેમના સુખદુઃખમાં ભાગ લે છે. એમને લાગ્યું હશે કે રાજનીતિની બાજીમાં કેવળ ભાવનાઓના આધારની જ નહિ, પણ સીધીસાદી ગણતરીઓ પણ હોય તો બાજી જીતી શકાય. લિંકનના સમર્થકોએ ઇન્ડિયાનાના પ્રતિનિધિઓના મન એમ કહી જીતી લીધા કે બી. સ્મીથને કેબિનેટમાં સ્થાન આપવામાં આવશે. આ જ પ્રમાણે પેન્સીલ્વેનિયાના ૫૬ વૉટ માત્ર ભરોસો આપીને જ પોતાના તરફ કરી લીધા કે સીમેન કેમેરાનને લિંકનના જમણા હાથ બનાવવામાં આવશે. શુક્રવારની સવારે મતદાન થયું. લગભગ ૧૦ હજાર લોકો સંમેલન હૉલની અંદર અને ૩૦ હજાર લોકો હૉલની બહાર પરિણામની રાહ જોતા હતા. પહેલા રાઉન્ડમાં તો સેવર્ડે બાજી મારી પણ બીજા રાઉન્ડમાં પેન્સીલ્વેનિયાના ૫૨ વૉટ લિંકનના પક્ષમાં દેખાયા અને ત્રીજા રાઉન્ડની જાહેરાતે તો ખળભળાટ મચાવી દીધો, દોડા-દોડી થઈ ગઈ, હૉલમાં બેઠેલા-ઊભેલા લોકોએ શોરબકોર મચાવી દીધો. અત્યંત ઉત્તેજિત થઈ લોકો પોતાની હેટ હાથમાં લઈ હલાવી રહ્યા હતા. લોકો ભેટી રહ્યા હતા, ગળે મળી રહ્યા હતા, નાચી રહ્યા તો કેટલાક આંસુ સારી રહ્યા હતા. લગભગ ૨૪ કલાક સુધી હરખ હિલોળા ચાલતા રહ્યા. ‘શિકાગો ટ્રિબ્યુન’ સમાચારે લખ્યું ‘આવી ધમાલ ક્યારેય થઈ નથી.’ ગ્રીન લેએ જોયું કે એક વખતનો રાષ્ટ્રપતિ બનાવનાર વીડ લોહીના આંસુઓ પી રહ્યો છે. આખરે ગ્રીન લેએ પોતાનો બદલો લઈ જ લીધો.

લિંકનની ઉમેદવારી

આ દરમિયાન લિંકન સ્પ્રિંગફીલ્ડમાં પોતાની ઑફિસે ગયા અને કોઈ પ્રકરણમાં ઊંડે સુધી પહોંચી તલ્લીન થઈ ગયા, પણ આ તલ્લીનતા વધુ સમય ટકી નહિ. તેમનું મન ઊઠી ગયું. થોડી વાર પછી તેઓ ઊઠ્યા અને બિલિયર્ડ રમવા ચાલ્યા ગયા, પણ મન લાગતું જ નહોતું. તેઓ કદાચ જાણવા માગતા હતા કે રિપબ્લિકન પાર્ટીએ કોને ઉમેદવાર બનાવ્યો છે. પોતે તો ત્યાં હતા નહિ. તેથી તેઓ સ્પ્રિંગફીલ્ડ જર્નલ લેવા ગયા. જેથી પોતે તાજા સમાચાર જાણી શકે. ત્યાં જ એક ઑપરેટર બૂમો પાડતો ઑફિસમાં આવ્યો કે મિસ્ટર લિંકન આપનું નામાંકન થઈ ગયું. ખબર સાંભળતાં જ લિંકનનો નીચલો હોઠ ધ્રૂજ્યો. ગાલનો રંગ બદલાયો. કેટલીક ક્ષણો સુધી શ્વાસ રોકાયો. આ એમના જીવનની સૌથી વધુ નાટકીય પળ હતી.

સતત ઓગણીસ વર્ષ લિંકન ઝૂઝતા રહ્યા પછી વિજય લિંકનના ચરણને ચુંબન ચોડી રહ્યું હતું. લોકો પોતાનાં ઘરોમાંથી બહાર નીકળી વાતો કરી રહ્યા હતા

અને જોતજોતામાં લિંકનના નામાંકનની ખબર ચારે બાજુએ અગ્નિ પેઠે ઝડપથી ફેલાઈ ગઈ. લિંકનના જૂના દોસ્તોની હાલત જોવા જેવી હતી. કેટલાક તો રોવા માંડતા, તો કેટલા પહેલા હસતા અને પછી રડતા, કેટલાક પોતાની હેટ ઉતારી એકબીજાને અભિવાદન કરતા.

ચારે કોર આનંદનું વાતાવરણ

લિંકને પોતાના દોસ્તોનું અભિવાદન સ્વીકારતા કહ્યું – વ્હાલા મિત્રો, આઠમી સ્ટ્રીટ ઉપર એક સ્ત્રી છે, જે કદાચ આ ખબર સાંભળવા માટે વ્યાકુળ છે. આ એમના જ ઘરનું ઠેકાણું હતું અને એ સ્ત્રી એટલે મેરી ટોડ એટલે કે લિંકન પોતાની પત્નીને આ ખબર સંભળાવવા માગતા હતા. આ પહેલા શિકાગોના સમાચારપત્રો લિંકનના પક્ષમાં પ્રચાર કરી રહ્યા હતા. શિકાગો પ્રેસ ઍન્ડ ટ્રિબ્યુને એક લેખ છાપ્યો જેનું શીર્ષક હતું 'વિજેતા ઉમેદવાર અબ્રાહમ લિંકન'. સેવર્ડે પોતાના સમર્થકોને વિશેષ રેલગાડી મારફત પહોંચાડ્યા હતા. આ બાજુએ ઇલિનોયની રેલ કંપનીઓએ લિંકનને બહુ મદદ કરેલ. એમણે લિંકનના સમર્થકોને શિકાગો પહોંચાડવા માટે ટિકિટના દર ઘટાડી નાખેલ. સભા કક્ષમાં પણ લિંકનના સમર્થકો પહેલાથી જ પહોંચી ગયા હતા. મેરીને ખુશખબર આપવા લિંકન માટે સૌથી આવશ્યક હતું, કદાચ એટલા માટે કે મેરી એમના જીવનની પહેલી એવી સ્ત્રી હતી જેણે લિંકન રાષ્ટ્રપતિ બને એવી ઘોષણા છાતી ઠોકીને કરી હતી. લિંકન પાર્ટી કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરવા શિકાગો જવા માગતા, પણ ડેવિસે તેમને રોકી લીધા અને કહ્યું કે મને મળ્યા વિના કોઈ વાયદો કરશો નહીં. ૧૯ મે, ૧૮૬૦ના દિવસે પાર્ટીનું એક પ્રતિનિધિ મંડળ સ્પ્રિંગફીલ્ડમાં તેમના નિવાસે આવ્યું અને તેણે તેમને સત્તાવાર રીતે સૂચિત કર્યું કે તેઓ રાષ્ટ્રપતિપદની ચૂંટણી માટે પાર્ટી તરફથી ઉમેદવાર ચૂંટવામાં આવ્યા છે, પરંતુ મેરી અને લિંકન વચ્ચેનો આનંદ થોડીક વારમાં જ વિવાદમાં બદલાઈ ગયો. વિવાદનું કારણ હતું 'ડ્રિંક્સ' ! મેરી ઇચ્છતી હતી કે હવે આવા સારા પ્રસંગે આપણે પણ 'ડ્રીંક' (દારૂ) પીરસવા જોઈએ, પરંતુ આ માટે લિંકન સંમત નહોતા. એમનું કહેવું હતું કે આદર વ્યક્ત કરવા માટે શરાબ પીરસવો જરૂરી નથી.

વિરોધી પાર્ટીની ગતિવિધિઓ

પાર્ટીના પ્રતિનિધિઓ રાહ જોઈ રહ્યા હતા કે લિંકન સ્વીકૃતિ આપી દે. લિંકને આ માટે ચાર દિવસનો સમય માગ્યો. એક એવું પદ જેનું સપનું જોવું પણ મોટી

વાત છે, એક એવું પદ જેની ખેવના લિંકનના મનમાં પણ વર્ષોથી હતી, એ પદ માટે પાર્ટી તરફથી પસંદ કરાયા તો પણ લિંકને ચાર દિવસનો સમય માંગ્યો. જોકે ચોથે દિવસે તેમણે પોતાની મંજૂરી આપી દીધી. રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર થયા પછી લિંકનનું કામકાજ એટલું વધી ગયું કે લિંકને એક અંગત સેક્રેટરી રાખવો પડ્યો. ગવર્નરે તેમને પોતાની ઑફિસની મંજૂરી આપી દીધી. નૌક્સ મહાવિદ્યાલયે લિંકનને માનદ્ એલ.એલ.ડી.ની ઉપાધિ આપી. સ્વભાવિક રીતે જ સમાચારપત્રોમાં તેમનું જીવનવૃત્તાંત છપાવા માંડ્યું. જીવનવૃત્તાંતની સતત માંગ થવાથી લિંકને ટૂંકમાં જ પોતાનું જીવનવૃત્તાંત પોતાના સેક્રેટરીને લખાવ્યું અને સેક્રેટરી એ વૃત્તાંત જે માગે તેને મોકલી આપતો. એમના જીવનવૃત્તાંતની લગભગ બે લાખ નકલો વેચાઈ. અનેક ફોટોગ્રાફર સ્પ્રિંગફીલ્ડ પહોંચવા માંડ્યા. મોટાભાગના ફોટોગ્રાફરો એમની સાથે સેશન ઇચ્છતા હતા. કેટલાક કલાકારો પણ તેમની છબી ઉતારવા લિંકનના બારણે ટકોરા મારવા માંડ્યા. આ જમાનામાં સ્કેચ અને પેઇન્ટિંગનું વધારે ચલણ હતું અને આ કામ વ્યક્તિની હાજરીમાં જ કરવામાં આવતું હતું. લિંકન તો શાંત ભાવે બધાને જ મળતા એ પછી ફોટોગ્રાફર હોય કે પેઇન્ટર.

પરંતુ વિરોધી લોકો શાંત નહોતા. તેઓ કોઈ પણ રીતે લિંકનને હરાવવા માગતા હતા. એ માટેનું પહેલું કામ એ કર્યું હતું કે તેમણે લિંકન માટે પેટ ભરીને ખરાબ પ્રચાર કર્યો. મેક્સિકન યુદ્ધની સમસ્યા ફરીથી સજીવન કરવામાં આવી. ડેમોક્રેટ લોકો આ માટે મંડી જ પડ્યા હતા. આ જ અને આવી ખટપટમાં ડેમોક્રેટો રોકાયેલા હતા અને પાર્ટીની અંદરની ખટપટ પણ વધી ગઈ હતી તેથી મે મહિનામાં તે લોકો પોતાનો ઉમેદવાર ચૂંટી શક્યા નહિ અને જૂન મહિનામાં તો પાર્ટીનું વિભાજન થઈ ગયું. ઉત્તર અને દક્ષિણ ભાગોમાં પાર્ટી વહેંચાઈ ગઈ. ઉમેદવાર પણ બે થઈ ગયા. ઉત્તરવાળા ભાગે ડગલસને અને દક્ષિણવાળા ભાગે રીજને ઉમેદવાર બનાવ્યા. રીજનું ગણિત પાકું હતું. એમને ખબર હતી કે જો રિપબ્લિકન પાર્ટીની એકતા કાયમ રહેશે તો લિંકનના વિજયને કોઈ રોકી શકશે નહિ. તેથી રીજ એ કામમાં લાગી ગયા કે રિપબ્લિકન પાર્ટીના પણ બે ફાડ થઈ જાય. લિંકનને લઈને ઓહાયો, ઇન્ડિયાના અને પેન્સીલવેનિયામાં ઘણો ઉત્સાહ હતો. ઠેર ઠેર જનસભાઓ અને મશાલ સરઘસ લિંકનની ચૂંટણીને ઊંચી ઉઠાવી રહ્યા હતા. એ વચ્ચે ઑક્ટોબરમાં વિધાનસભાની ચૂંટણીઓ થઈ અને રિપબ્લિકન પાર્ટીએ પોતાનો ઝંડો લહેરાવી દીધો. આ એક પ્રમાણ હતું કે આગામી ચૂંટણીમાં લિંકનની જીત સુનિશ્ચિત થઈ રહી છે. વિધાનસભાનાં પરિણામોએ એક વાર ફરી સાબિત કરી દીધું કે પ્રૉટેસ્ટંન્ટ લોકો પૂરી રીતે લિંકનની સાથે છે અને લિંકનની રિપબ્લિકન પાર્ટીને પોતાની પાર્ટી સમજે

છે. કેથોલિક લોકો શરૂઆતથી જ લિંકન વિરોધી હતા અને આ વખતે પણ તેમણે પોતાનું મન બદલ્યું નહિ.

આ બાજુએ ડગલસની ઉમેદવારી ઘોષિત થઈ ગઈ હતી. રણનીતિ ઘડનારાઓમાં ડગલસ એક મોટું નામ હતું જ. એમણે બધા જ દાવો રમી કાઢ્યા જેથી લિંકન જીતી શકે નહિ. એમણે ડેમોક્રેટ પાર્ટીના અલગ અલગ દળો બનાવ્યા અને દરેક દળમાંથી એક ઉમેદવાર લિંકનની વિરુદ્ધ ઊભો કરી દીધો. આવા અનેક દળોની હરીફાઈમાં કેટલીક વાર વૉટ વહેંચાઈ જવાથી જીતનાર ઉમેદવાર હારી જાય છે. એ જ આધારે ડગલસે આ ચાલ ચાલી. વિપક્ષના વિભાજનનું વિશ્લેષણ અને એનો અર્થ લિંકનના અનુસાર એ હતો કે વિજયકૂચ શરૂ થઈ ચૂકી છે. એમને ચિંતા પોતાના શહેરની હતી. એ માટે એક સમિતિ બનાવવામાં આવી જે ઘેર ઘેર જઈને ખબર કાઢે કે એ લોકો કોના પક્ષે મતદાન કરે છે. વ્યક્તિગત સંબંધોના આધારે લોકતાંત્રિક પદ્ધતિમાં કરવામાં આવેલ આગવી રીતનો આ પહેલો સર્વે હતો. લિંકને જ્યારે એનું પરિણામ જોયું તો પોતે ચોંકી ગયા. એમની શંકા સાચી ઠરી. ત્રેવીસ મંત્રીઓ અને કેટલાક આધ્યાત્મવાદી વિદ્યાર્થીઓમાંથી માત્ર ત્રણ જ એમના પક્ષમાં હતા. આના ઉપર લિંકને તીખી પ્રતિક્રિયા આપી. 'આ લોકો પોતાને બાઇબલમાં આસ્થા રાખનારા તરીકે ખપાવે છે, પરંતુ એ લોકોએ પોતાના મતોથી એ જાહેર કરી દીધું છે કે એમને આ અંગે કોઈ લેવાદેવા નથી કે આ બધાને લીધે ગુલામી વધશે કે ઘટશે, પણ હું જાણું છું, ઈશ્વરને તથા માનવતાને ગુલામીની ચિંતા છે. એમને આની પરવા છે અને જો તે બધા એ વાતને જાણતા ન હોય કે ઈશ્વર બધાની ફિકર રાખે છે તો એ લોકોએ બાઇબલને સારી પેઠે વાંચી નથી.'

ચૂંટણીનાં પરિણામો

આશ્ચર્ય તો એ વાતનું છે લિંકનનાં માતા, પિતા તથા તેમના બધા સગાસંબંધીઓએ લિંકન વિરુદ્ધ વૉટ આપ્યા હતા. માત્ર એક વૉટ સિવાય બધા જ લિંકનના વિરોધમાં હતા. આનું એક કારણ એ પણ હતું કે એ બધા જ ડેમોક્રેટ હતા. ચૂંટણી ૬ નવેમ્બરે થઈ. હવા તો લિંકનની હતી. લિંકને પોતાનો વૉટ સ્પ્રિંગફીલ્ડમાં આપ્યો હતો. ત્યાં એમનું અદ્‌ભુત સ્વાગત થયું. તે દિવસે સાંજે લિંકન પોતાના સાથીદારો, સમર્થકો સાથે તાર-ઑફિસે પહોંચ્યા. ત્યાં જનતા ચૂંટણીનાં પરિણામો જાણવા માટે એકઠી થઈ હતી. પહેલા ઇલિનોય અને ઇન્ડિયાનામાં રિપબ્લિકન પાર્ટીનો વિજયધ્વજ લહેરાયો. પશ્ચિમી રાજ્યોની ખબરો પણ જનતાનો ઉત્સાહ વધારી રહી હતી. એમ લાગી રહ્યું કે જાણે સડક ઉપર બધા જ રિપબ્લિકનો વસી

ગયા હતા. ડેમોક્રેટો કાં તો છે જ નહિ અથવા તો પોતપોતાનાં ઘરોમાં ઘૂસી ગયા છે. લગભગ રાતના દશેક વાગ્યે ખબર આવી કે પેન્સીલ્વેનિયામાં પણ રિપબ્લિકન પાર્ટી જીતી ગઈ છે. પછી લગભગ રાતના બે વાગ્યે ખબર આવી કે ન્યૂયૉર્કમાં પણ રિપબ્લિકન પાર્ટીએ ડેમોક્રેટ પાર્ટીને જબરી હાર આપી છે. એ પછી લગભગ નક્કી થઈ ગયું કે લિંકન જીતી રહ્યા છે. છેલ્લાં પરિણામો પછીની સ્થિતિ નીચે પ્રમાણે હતી :

ઉમેદવાર	વૉટ	નિર્વાચન ક્ષેત્રોમાં જીત
લિંકન	૧૮,૬૬,૪૫૨	૧૮૦
ડગલસ	૧૩,૭૬,૯૫૭	૧૧૨
રીજ	૮,૪૯,૭૮૧	૭૨
બેલ	૫,૮૮,૮૭૯	૩૯

સ્પષ્ટ હતું કે દક્ષિણી રાજ્યોએ લિંકનને વૉટ આપ્યા નહોતા. દક્ષિણના ઉત્તરવાળા ભાગમાં એટલે કે વર્જીનિયા, ટેનેસી અને કંટેકીમાં બેલે લિંકનને પાછળ રાખી દીધા અને બાકીનાં દશ રાજ્યોમાં રીજે દાવો જમાવ્યો. ડગલસ કેવળ મિસૌરીમાં જીતી શક્યા. ન્યૂજર્સીમાં એમને સારા વૉટ મળ્યા પણ તેઓ અહીં લિંકનની બરાબરી જ કરી શક્યા, આગળ વધી શક્યા નહિ. વિચારવા જેવું છે કે અલાબામા, અર્કાંસાસ, ફ્લોરિડા, જોર્જિયા, લુઇસિયાના, મિસીસિપી, ઉત્તરી કેરોલિના, ટેક્સાસ – આ બધી જગ્યાઓથી એક પણ વૉટ અબ્રાહમ લિંકનને મળ્યો નહિ. લિંકનની ચૂંટણી પછીની તરતની પરિસ્થિતિ પણ સમજવી જોઈએ, પરંતુ એ પહેલા ઉત્તરમાં આવેલા ઝંઝાવાત પર પણ નજર નાખવી જરૂરી છે, જેણે આવી પરિસ્થિતિ પેદા કરી. લગભગ ત્રીસ વર્ષોથી હઠધર્મી લોકોનો એક સમૂહ ધર્મનો આંચળો ઓઢી ગુલામીને ખતમ કરવા માટે દેશને યુદ્ધ માટે તૈયાર કરી રહ્યો હતો. એ લોકો આખા ઉત્તરીય ક્ષેત્રોમાં ભડકાવનારા ચોપાનિયા વહેંચતા, એ જ ભાષામાં લખેલાં પુસ્તકો પ્રચારિત કરતા અને શહેરે શહેરે ભાષણો કરતા. એટલું જ નહિ, ગુલામોએ પહેરેલા ગાભા પહેરી, હાથકડીઓ વગેરેનું પણ ઠેર ઠેર પ્રદર્શન કરતા. તે લોકો એ હથિયારો પણ દેખાડતા જે હથિયારોથી ગુલામોને માર મારવામાં આવતો અને જાતજાતની યાતનાઓ આપવામાં આવતી. ઈ.સ. ૧૮૩૯માં અમેરિકન એન્ટીસ્લેવરી સોસાયટીએ એક બુકલેટ પણ વહેતી કરી હતી, જેનું નામ હતું 'અમેરિકન સ્લેવરી એઝ ઇટ ઇઝ – ધી ટેસ્ટીમોની ઑફ ૧૦૦૦ વિટનેસીસ.' આમાં ગુલામો ઉપર કરવામાં આવતા દરેક અત્યાચારનું વર્ણન હતું. એમના હાથોને ઊકળતા પાણીમાં

બોળવામાં આવતા. એથી પણ સંતોષ ન થતા ધગધગતા સળિયાથી ડામ દેવાતા. હબસી સ્ત્રીઓને ૨૫ ડૉલરમાં ગોરા લોકો સંભોગ માટે મજબૂર કરતા.

લિંકને પોતે ડગલસ જોડે ૧૮૫૦માં થયેલ એક ચર્ચામાં જાહેર કર્યું હતું કે અમેરિકામાં ૪,૦૫,૭૫૧ ગોરા-કાળાઓના વર્ણસંકર બાળકો છે જે બધાની માતાઓ હબસી સ્ત્રીઓ છે અને પિતાઓ ગોરા પુરુષો. આ એટલા માટે હતું કે બંધારણ ગુલામો રાખનારને સુરક્ષા આપતું હતું. ઉન્મૂલનવાદી સાહિત્યની ચરમસીમા ત્યારે થઈ જ્યારે એક આધ્યાત્મવાદી પ્રોફેસરની પત્ની હેરિયર બિચર સ્ટોવે 'અંકલ ટોમ્સ કૅબિન' નામની નવલકથા લખી. આ નવલકથાએ લાખો વાચકોની આંખો અશ્રુભીની કરી દીધી. ગાઢા યથાર્થ ઉપર સમયના કેન્દ્રમાં મનુષ્યની ચિંતાની સાથે લખવામાં આવેલ એ સૌથી વધુ લોકપ્રિય નવલકથા હતી 'અંકલ ટોમ્સ કૅબિન'. થવું તો એમ જોઈતું હતું કે આ પછી દક્ષિણનો સ્વભાવ બદલાય અને માન્યતાઓ બદલાય, પણ એમ થયું નહિ. લિંકનનો ૧૮૬૦માં વિજય થયો, તે પછી દક્ષિણના પ્રાંતોમાં વસનારા લોકો માનવા લાગ્યા કે હવે ગુલામીની પ્રથા જશે જ.

એક વાર લિંકને કહ્યું હતું કે કોઈ પણ વ્યક્તિને એ અધિકાર છે કે જો તે પોતે ઇચ્છે નહિ તો વર્તમાન સરકાર પ્રત્યે પોતાનો વિરોધ દર્શાવી નવી સરકારને ચૂંટે જે સરકાર તેને સારી લાગતી હોય. આ બહુ જ મહત્ત્વપૂર્ણ અને પવિત્ર નાગરિક અધિકાર છે. એક એવો અધિકાર જે દુનિયાને વધુ ઉદાર બનાવશે.

ચૂંટણી પછીની અવ્યવસ્થા

એક બાજુ લિંકન રાષ્ટ્રપતિ પદના શપથ લેવાની તૈયારીમાં હતા તો બીજી બાજુએ દેશ તૂટવાની અણી ઉપર હતો. ૩ ડિસેમ્બરે તે સમયના રાષ્ટ્રપતિ બુચાનનની વિદાય હતી. ત્યારે બુચાનને અલગતાવાદીઓની નિંદા કરી, પણ સાથે એ પણ કહ્યું કે ઇતિહાસના કેટલાંક કાર્યો એવાં હોય છે, જેમાં સીધો હસ્તક્ષેપ કરી શકાતો નથી. ૨૦ ડિસેમ્બરે દક્ષિણ કૅરોલિનાની વિધાનસભાએ ઘોષણા કરી દીધી કે રાજ્ય હવે સંઘનો હિસ્સો નથી. જાન્યુઆરીના અંત સુધી ફ્લોરિડા, મિસીસિપી, અલાબામા, જોર્જિયા તથા સૂસિયાનાએ પણ આવા જ આશયની ઘોષણા કરી દીધી. એટલું જ નહિ ફેબ્રુઆરીમાં આ લોકોનું એક સમ્મેલના અલાબામા, મોંટગોમરીમાં થયું. એમણે ઘોષણા કરી કે તેઓ એક અલગ દેશ છે, જેનું નામ છે 'સમ્મિલિત રાજ્ય અમેરિકા'. અલગ થવાની ઘોષણાની સાથે જ તેમણે ત્યાંના કિલ્લા અને કેન્દ્રિય શસ્ત્રાગારને પોતાના કબજામાં લઈ લીધા. વૉશિંગ્ટન અને ઉત્તરનાં રાજ્યો સંયુક્ત રાજ્ય અમેરિકામાં બાકી રહ્યા. વર્જીનિયા તટસ્થ રીતે ખેલ જોઈ રહ્યું હતું.

વૉશિંગ્ટનમાં આ સમસ્યાને પહોંચી વળવા માટે તેત્રીસ લોકોની સમિતિ બનાવાઈ. એનું કામ સરકારને સલાહ આપવાનું હતું. સમિતિ પ્રતિનિધિસભાની હતી, તેમાં ડેમોક્રેટોની બહુમતી હતી. રાષ્ટ્રપતિ પણ ડેમોક્રેટ હતા. સમિતિમાં દરેક રાજ્યનો સભ્ય હતો. લાંબી ચર્ચા પછી સમિતિએ ઠરાવ પસાર કર્યો કે ન્યૂ મેક્સિકોને રાજ્યનો દરજ્જો આપવામાં આવે. ભાગેડુ ગુલામોના કાયદાનું સખતાઈથી પાલન કરવામાં આવે. ઉત્તરનાં રાજ્યોમાં ભાગેડુ ગુલામોને શરણ આપવાની મનાઈ કરવામાં આવે અને ભવિષ્યમાં ગુલામીની પ્રથા સાથે છેડછાડ કરવા ઉપર રોક લગાવવા માટે બંધારણમાં સંશોધન કરવામાં આવે. સેનેટે પણ આવા પ્રકારની સમિતિ બનાવી. આ સમિતિએ ઉત્તર અને દક્ષિણ બંને માટે અલગ અલગ ગુલામોનો કાયદો ઘડવાનું સૂચન કર્યું. આ સમિતિએ પણ ભાગેડુ ગુલામોના કાયદાને સખતાઈથી લાગુ કરવાની વાત કહી. વર્જીનિયાના વિધાયકોના શાંતિ સમ્મેલને શબ્દોનો હેરફેર કરી આવી જ વાત કહી. ત્રણેનો આગ્રહ હતો કે દક્ષિણના લોકો જોડે સમજૂતી કરવામાં આવે.

પરંતુ આમાં કોઈ પણ ઠરાવનું બે પક્ષોએ સમર્થન કર્યું નહિ. લિંકને આ ઠરાવને અલગતાવાદીઓને રુશ્વત આપવાનો ઠરાવ ઠેરવ્યો. એમણે કહ્યું કે અંગત રીતે પોતે બંધારણમાં કોઈ પણ પ્રકારના સુધારા કરવાના હિતમાં નથી. છતાં જો જનતા ઇચ્છતી હશે તો તેઓ આડખીલી ઊભી નહિ કરે. લિંકને કહ્યું કે બીજી રીત છે સરકાર બદલવાની. તેઓ શરૂઆતથી જ ક્રાંતિના સમર્થક હતા. એમની નજરે ક્રાંતિનો અર્થ હતો વધુ જાગૃત થવું, વર્તમાન સરકારને હલાવી દેવી અને પછી એવી સરકારની સ્થાપના કરવી જે જનતાની આકાંક્ષાઓ પૂરી કરે. લિંકનનું કહેવું હતું કે ક્રાંતિનો અધિકાર એક નૈતિક અધિકાર છે, નહિ કે કાયદાકીય. તેથી તેને નૈતિક દૃષ્ટિએ જોતા ન્યાય સંગત લાગે તો જ ઉપયોગમાં લાવવો જોઈએ. અનૈતિક ક્રાંતિ ક્રાંતિ નથી. બલકે સામૂહિક તાકાતનું ભૂંડું અને ઘૃણિત પ્રદર્શન છે. આવી ક્રાંતિ માત્ર અરાજકતા ઉત્પન્ન કરે છે અને તેને કોઈ પણ સ્થિતિમાં સહન કરી શકાય નહિ. લિંકને કહ્યું કે રાષ્ટ્રપતિનું કર્તવ્ય છે કે તેઓ કાયદાનું પાલન બરાબર કરે અને સરકારને જાળવી અમલ ચાલુ રાખવા માટે સચોટ પગલા લે. રાષ્ટ્રપતિ વિઘટન અથવા ભાગલા પાડવા ઉપર અમલ કરી શકે નહિ. એમનું કહેવું હતું કે બીજાં રાજ્યોની અનુમતિ સિવાય કોઈ પણ રાજ્ય કાયદેસર રીતે અલગ થઈ શકે નહિ.

આ બધી પરિસ્થિતિઓમાં લિંકન રાત્રે ઊંઘી શકતા નહોતા. દેશની ચિંતા અને એકતા ઉપર ઘેરાતાં સંકટનાં વાદળોએ એમનું વજન ૪૦ પાઉન્ડ ઘટાડી દીધું. લિંકન થોડાક અંધવિશ્વાસુ પણ હતા. જીત થયાની જાહેરાત પછી તેઓ ઘેર ગયા

તો સોફા ઉપર સૂઈ ગયા. સામે અરીસો લાગેલો હતો. એમાં તેમણે પોતાનું પ્રતિબિંબ જોયું. એમાં બે ચહેરા દેખાયા. એક ચહેરો કાંતિ વગરનો, નિસ્તેજ અને પીળો હતો. તે ઊઠ્યા તો ભ્રમ તૂટી ગયો. બીજી વાર સૂતા એમને ભૂત જેવું કાંઈક દેખાયું. એમણે પોતાની પત્ની મેરીને બોલાવી અને કહ્યું કે મેં આવું આવું જોયું. આ બાબતે મેરીનો અભિપ્રાય હતો કે તમે બીજી વાર પણ જીતશો, પણ એનાથી આગળ તમારું જીવન નથી. લિંકનને પૂરી શંકા હતી કે તેઓ વૉશિંગ્ટન પાછા જઈ શકશે નહિ.

ચૂંટણી પછી લિંકને પોતાના એક મિત્રને લખ્યું કે હવે વૉશિંગ્ટનમાં રહેવું પડશે, પણ હું સ્પ્રિંગફીલ્ડના આ મકાન માટે ચિંતિત છું. હું આને વેચવા માગતો નથી, પણ આને જો ભાડેથી આપવામાં આવે તો આ મકાનની સંભાળ બરાબર રાખવામાં આવશે. એમને એવો માણસ મળ્યો જેને એમણે વાર્ષિક ૯૦ ડૉલર લેખે પોતાનું મકાન ભાડે આપ્યું હતું. મકાનના સામાન બાબતે તેમણે 'સ્પ્રિંગફીલ્ડ જર્નલ'માં એક જાહેરાત આપી હતી. એને વાંચીને ઘણા લોકો આવ્યા. ગ્રેટ વેસ્ટર્ન રેલવેના અધિક્ષકે એમનું મોટા ભાગનું ફર્નિચર ખરીદી લીધું હતું.

ઈ.સ. ૧૮૬૧માં સ્પ્રિંગફીલ્ડના લોકોને જણાયું કે લિંકન એક કુશળ અને યોગ્ય વ્યક્તિ છે. વર્ષો સુધી લોકો લિંકનને ટહેલતા, ગળા સુધી શાલ લપેટેલા અને ઘરના સામાનની બાસ્કેટ ઉપાડેલા જોતા હતા, પણ કોઈએ ક્યારેય વિચાર્યું નહોતું કે આ એ વ્યક્તિ છે જે અમેરિકાનો રાષ્ટ્રપતિ બની શકે છે. વૉશિંગ્ટન રવાના થતા પહેલા ત્રણ અઠવાડિયાં પહેલા જ લિંકને પોતાના ઉદ્‌ઘાટન ભાષણની તૈયારી કરી લીધી હતી. એકાંતમાં એકલા રહેવા માટે તેમણે પોતાની જાતને એક ઓરડામાં કેદ કરી લીધી હતી. તેમની પોતાની પાસે વધુ પુસ્તકો નહોતાં. તેમણે હર્નડનને કહ્યું તેઓ એમને બંધારણની એક નકલ મેળવી આપે. તે ઉપરાંત ઈ.સ. ૧૮૫૦માં હેનરી ક્લેએ આપેલ બહુ ચર્ચિત ભાષણ અને કેટલાક સંબંધીત કાગળો અને સાહિત્ય મંગાવ્યા.

લિંકનની મૂર્તિ

જાન્યુઆરી ૧૮૬૧માં સ્પ્રિંગફીલ્ડમાં વિશ્વવિખ્યાત મૂર્તિકાર ડી. જોસે લિંકનની મૂર્તિ બનાવવી શરૂ કરી. પરિણામે લિંકનને વધુ સમય ઓરડામાં જ વિતાવવો પડતો, પણ આ એમના માટે વધુ સારું હોય તેમ એમને લાગતું. થોડો એકાંત તેમને ગમતો, તેઓ હવે ભીડથી ઘેરાઈને કંટાળી ગયા હતા. એટલા માટે પણ કે તેઓ રાષ્ટ્રપતિ પદની જવાબદારીઓ માટે પોતાને તૈયાર કરવામાં લાગ્યા હતા. મેરી લિંકન પણ બેહદ ઉત્સાહિત હતી. એની વાણી અને સપનું બંને સાકાર થઈ

રહ્યા હતા – વ્હાઇટ હાઉસનું સપનું. એ સપનાને લાયક એ પોતાને અને પરિવારને બનાવવામાં તે લાગી ગઈ. એ માટે જરૂરી ખરીદી તેણે ન્યૂયૉર્ક જઈને કરી. લિંકન તો ભેટો સ્વીકારતા નહોતા, પણ મેરી લિંકને શરૂઆતમાં અનેક ભેટો સ્વીકારી. એટલું જ નહિ ખરીદી પણ તેણે પોતાના ગજા બહારની કરી. એથી કેટલું ઉધાર પણ ચડી ગયું, પણ દુકાનદારોય ખુશ હતા. તેમણે મેરીને તેની મનગમતી વસ્તુઓ મેળવી આપી. રાષ્ટ્રપતિના શપથ લેતા પહેલા લિંકન પોતાની અપર માતાને મળવા કોલ્સ કાઉન્ટી ગયા હતા. તે જગ્યા ઘણી દૂર હતી તેથી લિંકનને પહેલા રેલની, પછી માલગાડીની અને પછી ઘોડાગાડીની મુસાફરી કરવી પડી. તેઓ પોતાની માતાને 'મમ્મા' કહેતા. સિત્તેર વર્ષની તેમની માતાએ તેમને ગળે લગાડીને કહ્યું, 'મેં ક્યારેય ઇચ્છા નહોતી કરી કે તમે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતો. શી ખબર, પણ મને લાગે છે કે કાંઈક અજુગતું બનવાનું છે. કદાચ આ પછી આપણે ક્યારેય મળી શકીએ નહીં. હવે પછીની મુલાકાત કદાચ સ્વર્ગમાં થશે.' જોકે લિંકને હિબકા ખાતી માતાની પીઠ ઉપર હાથ મૂકી દિલાસો આપ્યો, 'એવું કંઈ નહિ થાય. આપણે ફરીથી મળીશું.'

સ્પ્રિંગફીલ્ડને વિદાય

૬ ફેબ્રુઆરીના દિવસે લિંકન પરિવારના સ્પ્રિંગફીલ્ડના નિવાસમાં એક ભવ્ય સમારોહનું આયોજન થયું. અહીં લિંકન અને મેરી લિંકને સ્પ્રિંગફીલ્ડ તથા ઇલિનોયના નિવાસીઓની વિદાય લીધી. કાર્યક્રમ સવારના ૭ વાગ્યાથી શરૂ થઈ અર્ધી રાત સુધી ચાલ્યો. કાર્યક્રમમાં ઇલિનોયના લગભગ બધા જ આગળ પડતા માણસોએ ભાગ લીધો હતો. જે જે કુટુંબો સાથે થોડો ઘણો પણ સંબંધ હતો એવા દરેક કુટુંબને ઘેર લિંકન પરિવાર મળવા ગયું. તેઓ પોતાના ભાગીદાર હર્નડનને ત્યાં પણ ગયા. પાછા ફરતી વેળાએ તેમણે કહ્યું કે બહાર લાગેલા આ બોર્ડને એવું જ રહેવા દેજો. બોર્ડ ઉપર 'લિંકન ઍન્ડ હર્નડન' લખેલું હતું. એમણે કહ્યું કે જો જીવતો રહીશ તો પાછો આવીશ અને અહીંથી પાછી વકીલાત શરૂ કરીશ. એમના મનમાં અંધવિશ્વાસ હતો કે તેઓ પાછા ફરી આવી શકશે નહિ.

હર્નડનના કહેવા મુજબ જે દિવસે લિંકન છેલ્લી વાર પોતાની વકીલાતની ઑફિસથી પાછા ફરી રહ્યા હતા ત્યારે રહીરહીને ભૂતકાળની યાદોમાં ખોવાઈ જતા. એમણે મને પૂછ્યું હતું કે આપણે સતત કેટલા સમયથી અહીં સાથે રહ્યા છીએ ? મેં જવાબ આપ્યો હતો કે લગભગ સોળ વર્ષોથી. આ વાત ઉપર લિંકન ઝટ બોલી ઊઠ્યા કે દોસ્ત એ તો બતાવો કે ક્યારેય એકબીજાને કોઈ પણ મુદ્દે ખોટી ચર્ચા

કરવાનો વખત આવેલો કે ? મેં કહ્યું – નહિ, ક્યારેય નહિ. પછી લિંકન પ્રેક્ટિસ શરૂ કર્યાના સમયના કેટલાક બનાવોમાં ખોવાઈ ગયા. એમની પાસે કેટલાંક પુસ્તકો હતાં, જે તેઓ પોતાની સાથે લઈ જવા ઇચ્છતા હતા. ત્યારે જ તેમણે એક આગ્રહ કર્યો કે 'લિંકન ઍન્ડ હર્નડન'વાળા બોર્ડને હટાવશો નહિ, જેથી અસીલોને લાગે કે રાષ્ટ્રપતિની ચૂંટણીનો કોઈ ફરક આ પેઢી ઉપર પડ્યો નથી. જો હું પાછો આવીશ તો ચોક્કસ આપણે સાથે સાથે પ્રૅક્ટિસ કરીશું.

૧૧ ફેબ્રુઆરીના રોજ લિંકન પરિવાર સ્પ્રિંગફીલ્ડ છોડી રહ્યું હતું. વૉશિંગ્ટન જવા માટે તેઓ ટ્રેન પકડી રહ્યા હતા અને લોકો તેમની એક ઝલક મેળવવા માટે તલસી રહ્યા હતા. આખું સ્ટેશન લોકોથી ખીચોખીચ ભરેલું હતું. ટ્રેન ઉપર ચઢતા પહેલાં લિંકન ભાવુક થઈ ગયા. એમણે કહ્યું કે મેં અહીં જીવનનાં પચીસ વર્ષો ગાળ્યાં છે. હું ઊગતી જવાનીમાં અહીં આવ્યો હતો અને હવે ઘરડો થઈને અહીંથી જઈ રહ્યો છું. અહીં બધા લોકોએ મને જરૂરિયાતથી વધારે પ્રેમ આપ્યો. મને ખબર નથી કે હું હવે પછી પાછો ફરીશ કે કેમ, પણ હું એક મોટા કામ માટે જઈ રહ્યો છું. ઈશ્વરના આશીર્વાદ અને લોકોના સમર્થનથી હું સફળ પણ થઈશ. ટ્રેનમાં ત્રણ ડબ્બા હતા – એકમાં પત્રકારો, બીજામાં લિંકનના સહાયકો અને ત્રીજામાં લિંકનનું કુટુંબ. રેલગાડી ઇન્ડિયાના પોલીસ થઈને ઉત્તરમાં ક્લીવલેન્ડ પહોંચી અને ત્યાંથી ન્યૂયૉર્ક, ફિલોડેલ્ફિયા થઈને વૉશિંગ્ટન પહોંચી. આ મુસાફરીમાં બાર દિવસ લાગ્યા હતા. ઠેર ઠેર લિંકનનું જોરદાર સ્વાગત થયું. ઓહાયોમાં બૅન્ડ વગાડીને લોકોએ લિંકનનું અભિવાદન કર્યું અને તોપોની સલામી પણ આપી. કોલંબસ જેવા નાના શહેરમાં ૬૦ હજારની ભીડ એકઠી થઈ ગઈ હતી. મોટાં શહેરોમાં સ્વાગત કરનારા લોકોનો અંદાજો સહેજમાં લગાવી શકાય છે. બફેલો શહેરમાં તો એટલી ભીડ હતી કે વ્યવસ્થા જાળવવામાં લિંકનના એક સુરક્ષા અધિકારીનો ખભો તૂટી ગયો.

મુસાફરી દરમિયાન ભવ્ય સ્વાગત

લિંકને જાણી જોઈને આ લાંબા રસ્તાને પસંદ કર્યો હતો. એનું એક કારણ એ હતું કે તેઓ વધારેમાં વધારે લોકોના સંપર્કમાં આવે. એમનું માનવું હતું કે સંપર્ક એ સંવાદનો પ્રારંભિક તબક્કો છે. વિરોધી લોકોને આનાથી પાઠ ભણાવવો એ પણ એક કારણ હતું. એ વિચારતા હતા કે જેટલા વધારે લોકો એકઠા થશે, વિરોધી લોકોની સ્થિતિ એટલી ખરાબ થશે. એક મોટા કામ માટે જનશક્તિનું નૈતિક સમર્થન જરૂરી છે. એમણે કહ્યું હતું આખા એ રસ્તાના સ્વાગત સમારોહો પાર્ટી દ્વારા કરવામાં ન આવે. બધા સ્વાગતો જનતા દ્વારા જ કરવામાં આવે. જનતાના અભિવાદનના

જવાબમાં અબ્રાહમ લિંકને કહ્યું કે આ એમનો વ્યક્તિગત વિજય નથી બલ્કે જનતાનો વિજય છે. દરેકે દરેક જગ્યાએ જ્યાં જ્યાં તેઓ રોકાયા ત્યાં તેમણે બોલવું પડેલું. લોકો એમને સાંભળવા ઇચ્છતા હતા. સતત બોલતા રહેવાથી એમનું ગળું એટલું ખરાબ થઈ ગયું કે કેટલીક વાર તો તેઓ બોલી પણ શકતા નહોતા. હજી યાત્રા ચાલુ જ હતી ત્યાં ખબર આવી કે જોફરસન ડેવિસને સંયુક્ત રાજ્ય અમેરિકાના કાર્યવાહક રાષ્ટ્રપતિ બનાવી દેવાયા છે. ડેવીસે તે જ દિવસે સંયુક્ત રાજ્ય અમેરિકાની બધી જ સૈનિક ચોકીઓ અલગતાવાદીઓને હવાલે કરી દીધી. લિંકન ઉપર આની કોઈ અસર થઈ નહિ. એમણે સંઘને બચાવવાના પોતાના સંકલ્પને બેવડાવ્યો. ન્યૂયૉર્કમાં એમણે અમેરિકાના ઝંડાને હાથમાં લઈ પ્રતિજ્ઞા લીધી કે પોતે સદાને માટે આની જોડે ઊભા રહેશે. એમણે અપીલ કરી કે જનતા પણ પોતાની જોડે ઊભી રહે. ન્યૂજર્સીની રાજધાની ટેંટનમાં તેમણે વિધાયકોને સંબોધિત કર્યા અને કહ્યું કે પોતે સમસ્યાનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માગે છે. છતાં જો અરાજકતા તરફ વાત વધતી જાય અને રસ્તો ન નીકળે તો જ બળપ્રયોગ કરવામાં આવશે.

હવે યાત્રા દક્ષિણ તરફ આગળ વધી રહી હતી કે ગુપ્તચર તંત્રને સૂચના મળી કે બાલ્ટીમોરમાં લિંકનની હત્યા કરવાનું કાવતરું રચવામાં આવી રહ્યું છે. બાલ્ટીમોરમાં દક્ષિણી ઉગ્રવાદના સમર્થકો બહુમતીમાં હતા. લિંકન આ જાતની ચેતવણીથી ગભરાતા નહોતા. એમને કહેવામાં આવ્યું કે તે મુસાફરીનો સમય બદલી નાખે કે યાત્રાનો રસ્તો બદલી નાખે તો સારું થશે. લિંકને આનો ઇનકાર કરી દીધો. એમણે કહ્યું કે ન તો રસ્તો બદલવામાં આવશે કે ન તો ટ્રેનનો બાલ્ટીમોરથી પસાર થવાનો સમય પણ બદલવામાં આવશે. હું નક્કી થયેલ કાર્યક્રમ મુજબ ફિલાડેલ્ફિયાના સ્વતંત્રતા હૉલમાં ૨૨મી ફેબ્રુઆરીના દિવસે ભાષણ આપીશ. એમણે કહ્યું કે સ્વતંત્રતાના ઘોષણાપત્ર મુજબ આપણે દેશની રક્ષા કરવી જોઈએ. જો આપણે ઘોષણાપત્રના સિદ્ધાંતો મુજબ રાષ્ટ્રને બચાવી શકીએ નહિ તો તો શરમ આવવી જોઈએ.

ગુપ્તચર તંત્રના નેતા પિંકર્ટન હતા. એમને ફરીથી એ વાતનું સમર્થન મળ્યું કે કાવતરાખોરો ઘા કરવા તૈયાર જ બેઠા છે. પિંકર્ટને લિંકન જોડે ફરીથી ચર્ચા કરી અને સૂચવ્યું કે તેઓ બીજી ટ્રેનથી એકલા જ વૉશિંગ્ટન પહોંચે. થોડા વિચારવિમર્શ પછી લિંકન માની ગયા અને તેઓ પોતાની હેટ બદલીને હેરિસબર્ગથી ફિલાડેલ્ફિયા માટે રવાના થયા. ત્યાંની તાર-સંદેશવાહક લાઇનોમાં અવરોધ ઊભો કરાયો જેથી કાવતરાખોરો કોઈ પણ પ્રકારનો સંદેશો મોકલી શકે નહિ. આ યોજનાને અત્યંત ખાનગી રાખવાની હતી, પણ તેમ થઈ શક્યું નહિ. લિંકનનું અસાધારણ કદ એમાં બાધારૂપ બની ગયું અને લોકોએ તેમને ઓળખી લીધા. આથી તેમને કાયર વગેરે

કેટલાય વિશેષણો સાંભળવા પડ્યા. આથી લિંકનને ઘણું દુઃખ થયું કે શા માટે તેમણે પિંકર્ટનની યોજના માની.

વૉશિંગ્ટનમાં લિંકન

ખેર વૉશિંગ્ટન પહોંચ્યા પછી લિંકન બહુ જ વ્યસ્ત થઈ ગયા. ત્યાં તેઓ રાષ્ટ્રપતિ બુચાનને મળવા વ્હાઇટ હાઉસ ગયા. બુચાનને તેમને કેબિનેટના બીજા સભ્યો જોડે મુલાકાત કરાવી. સડક ઉપર એક કલાક ફરીને લિંકન જ્યારે હોટલે પહોંચ્યા ત્યારે એમને મળવા ભાવી કેબિનેટના સભ્યો આવી ગયા. રાતનું ભોજન રાજ્ય સચિવ બનનારા સેવક અને નિર્વાચિત ઉપરાષ્ટ્રપતિ હેમલિન જોડે કર્યું. વૉશિંગ્ટનની સડકો ઉપર તેમણે ઘોડાગાડીમાં સહેલ કરી. હોટલ પહોંચ્યા તો ત્યાં તેમને મળનારાઓ અને મુબારકબાદી આપનારાઓની ભીડ જામી ગઈ. એમાં કેટલાય સાંસદો પણ હતા. ન્યૂયૉર્કના પ્રસિદ્ધ વેપારી ડોજ હતા. તેમણે લિંકનને મળીને ચેતવણી ભરેલા લહેજે કહ્યું કે દક્ષિણના લોકોને કોસવાથી કોઈ લાભ નહિ થાય ઊલટું નુકસાન ઉઠાવવું પડશે. દેશ દેવાળિયો થઈ જશે. દક્ષિણમાં ખેતી વધુ થાય છે. જો આ બધા ખેડૂતોવાળો ખેતીપ્રધાન પ્રદેશ આપણાથી અલગ થઈ જાય તો શું આપણે ન્યૂયૉર્કની સડકો ઉપર ઘાસ ઉગાડશું ? લિંકને આનો યોગ્ય જવાબ આપ્યો. એમણે કહ્યું કે પોતે બંધારણની રક્ષા કરવાના સંકલ્પ લીધા છે અને તેમાં અડગ છે અને તેમ કરવામાં તેઓ એ ઇચ્છશે કે ઘાસ જ્યાં ઊગે છે ત્યાં જ ઊગે. આમ હોવા છતાં પછી એ ગમે ત્યાં ઊગે. મારો સંકલ્પ તો બંધારણ છે.

લિંકનને મળનારાઓમાં એમના કટ્ટર વિરોધી ડગલસ હતા, પણ આ વખતનો મેળાપ અનોખો હતો. આ ચર્ચા-દલીલનો પ્રસંગ નહોતો. ડગલસની સલાહ હતી કે દક્ષિણના પ્રાંતોને સમજાવીને દેશની એકતાને કોઈ પણ રીતે બચાવી લેવાય. એમણે લિંકનને ભરોસો દીધો કે દેશની એકતા માટે જો તેમની જરૂર પડે તો પોતે બધું કરી છૂટવા તૈયાર છે. એમણે એ પણ કહ્યું કે પોતે આનો રાજનૈતિક લાભ ઉઠાવવાની કોશિશ પણ નહિ કરે.

લિંકનને જે કોઈ મળવા આવે તેણે પહેલા સ્કોટને મળવું પડતું. સ્કોટ હંમેશાં ફોજી વર્દીમાં લિંકનના કક્ષની બહાર તૈનાત રહેતા હતા. હોટલના કક્ષ અથવા હૉલમાં મેરી તથા અબ્રાહમ લિંકન લોકોને મળતા. સ્વાભાવિક છે કે જેટલા મોઢા તેટલી વાતો. કેટલાક લોકો લિંકનને સીધા-સહજ, મિલનસાર અને ઉદ્દેશ્યનિષ્ઠ માનતા તો કેટલાક લોકો એમના ચહેરા-મહોરાને જોઈને મજાક ઉડાડતા. એ લોકોના મત મુજબ લિંકનમાં એ ચમક નથી જેવી ચમક અમેરિકાના રાષ્ટ્રપતિમાં

હોવી જોઈએ. લિંકનને આની સૂચના મળી તો એમણે કહ્યું હતું કે વિરોધ સ્વાભાવિક વૃત્તિ છે. લોકો કાંમ કરતા જોશે તો ધીરે ધીરે બધું ઠીક થઈ જશે. દેશ નાણાકીય સંકટમાંથી પસાર થઈ રહ્યો હતો, તેથી એમની પાસે દરેક જાતના લોકો આવી રહ્યા હતા. લોકોની એ પણ માન્યતા હતી કે અત્યાર સુધી ડેમોક્રેટ લોકો શાસન કરી રહ્યા હતા તેથી પહેલી વાર રિપબ્લિકન પાર્ટીની સરકાર બનશે તો આ નવી સરકાર જૂની સરકાર મારફત નિમાયેલા લોકોને તેમના કામ અને હોદ્દાઓથી હટાવી દેશે. એમાં કારકુનો જેવા લોકો પણ હશે જે દર અઠવાડિયે ૧૦ ડૉલર કમાતા હોય. જોકે તેમ થયું નહિ.

લિંકનને મળનારાઓમાં સેંકડો લોકો ઓટોગ્રાફ લેનારાઓ તથા ભિખારીઓ પણ સામેલ હતા. એકે તો એમની પેન્ટ જ માગી લીધી. મોટા ભાગના લોકો એમની પાસે નોકરી માટે પોતાના પ્રમાણપત્રો વગેરે લઈને આવતા. હજારોની સંખ્યામાં આવેલા કાગળનો દશમો ભાગ પણ લિંકન જોઈ શકતા નહોતા. ત્યાં સુધી કે જમવામાં પણ મોડું થવા માંડ્યું. લોકો છોડતા જ નહોતા તો પણ એમણે જનતાને મળવાનું બંધ કર્યું નહિ.

લિંકને પોતાની કેબિનેટની ઘોષણા કરવાની હતી. તેઓ સેવર્ડને રાજ્યના સચિવ બનાવવા માગતા હતા, પણ તેમની સલાહ મુજબ કેબિનેટનું ગઠન કરવા માગતા નહોતા. એટલા માટે કે એ એમનો વિશેષ અધિકાર હતો અને વળી એટલા માટે કે તેમ કરવાથી સેવર્ડ પોતાના સિવાય ચાલી જ શકે નહિ એમ માનતા, તેથી તેમણે ચેજને નાણા સચિવ બનાવી દીધા. સેવર્ડને ચેજ ગમતા નહોતા. સેવર્ડે ચેજનું નામ વાંચ્યું ત્યારે ત્યાં સુધી કહી નાખ્યું કે જો ચેજને તક આપવામાં આવશે તો પોતે ખસી જશે. એટલે કે પોતે કેબિનટેમાં સામેલ નહિ થાય. આથી લિંકન થોડાક પરેશાન થયા. આનું કારણ એ હતું કે સેવર્ડ રિપબ્લિકમાં લોકપ્રિય હતા અને કદાવર પણ હતા, પરંતુ લિંકન એવું નહોતા ઇચ્છતા કે પોતે સેવર્ડની હઠ આગળ ઝૂકી જાય તેથી લિંકને એક સાથે બે વાતો કરી. પહેલી વાત એ કે કોઈ પણ વ્યક્તિ અનિવાર્ય નથી હોતી અને બીજી એકે સેવર્ડની જગ્યાએ ડેટનનું નામ ધરી દીધું. આથી સેવર્ડને આઘાત તો લાગ્યો, પણ તેઓ જલદી સમજી ગયા કે આમ કરવાથી પોતાને હંમેશને માટે બહાર રહેવું પડશે અને તેઓ એ ઇચ્છતા નહોતા.

રાષ્ટ્રપતિ પદના શપથ

૪ માર્ચ, ૧૮૬૧ના રોજ લિંકને રાષ્ટ્રપતિ પદના શપથ લીધા. એમને ચોરાશી વરસની ઉંમરના મુખ્ય ન્યાયાધીશ ટૈનીએ શપથ લેવડાવ્યા. આ માટે લિંકન

નિવૃત્ત થનાર રાષ્ટ્રપતિ બુચાનન જોડે એક ખુલ્લી બગ્ગીમાં સવાર થઈને વ્હાઇટ હાઉસ પહોંચ્યા. સુરક્ષા વ્યવસ્થા જબરજસ્ત હતી, જેની આગેવાની સ્કોટ કરી રહ્યા હતા. શપથગ્રહણ પછી લિંકને કહ્યું, 'કોઈ પણ સ્થિતિમાં સંઘને બરબાદ નહિ થવા દેવાય. અલગતાવાદ કાયદેસર નથી, ગેરકાયદે છે અને લિંકન કાયદાની રુએ રસ્તો અપનાવશે.' એમણે કહ્યું કે કાયદાના ઘેરામાં જેટલું પણ બળ અને શક્તિ છે તેનો ઉપયોગ એ બધી સંપત્તિઓને પાછી મેળવવામાં કરશે, જેના ઉપર બીજા લોકોએ કબજો જમાવી દીધો છે. એમણે કહ્યું કે નિશ્ચિંત રહેજો, ત્યાં સુધી કોઈ ખૂન-ખરાબો નહિ થાય, જ્યાં સુધી રાષ્ટ્રની સાર્વભૌમતાને પડકાર ફેંકવામાં નહિ આવે. અલગતાવાદીઓને તેમણે જણાવ્યું કે ગૃહયુદ્ધ થશે કે નહિ એ અલગતાવાદીઓએ નક્કી કરવાનું છે. સમાધાન વાતચીત દ્વારા કરવાનું છે કે તલવારના બળથી. પોતાના ભાષણના અંતમાં સમાપન કરતા લિંકને કહ્યું કે આપણે સૌ દોસ્ત છીએ દુશ્મન નથી.

લિંકનનું ભાષણ દક્ષિણના અલગતાવાદીઓને સંબોધિત તો કરતું હતું, પરંતુ એમાં રાષ્ટ્રપતિની સંપૂર્ણ નીતિની ખબર પડતી નહોતી. એ લોકોએ એ ભાષણનો અર્થ કંઈક એમ કર્યો કે હવે ગૃહ યુદ્ધને ટાળી શકાય એમ નથી. ગૃહ યુદ્ધ હવે થઈને જ રહેશે. લિંકન વિરોધી સમાચારપત્રોએ પણ આ ભાષણને વત્તેઓછે અંશે આજ ભાવાર્થ સહિત પ્રકાશિત કર્યું. ફક્ત રિપબ્લિકન માન્યતા ધરાવનાર લોકોએ જ આને સકારાત્મક રૂપે જોયું અને પ્રશંસા કરી.

સમટરનું સંકટ

આ બાજુએ શપથ થયા અને બીજા દિવસથી સંકટ દેખાવા માંડ્યું. એવું સંકટ કે જેનું સમાધાન અને ઉકેલ લિંકને જલદી જ શોધવાનું હતું. સમટરના કિલ્લામાંથી સંદેશો આવ્યો કે ત્યાંની સેનાની ટુકડી પાસે રેશન બહુ ઓછું બચ્યું છે. સંદેશો રોબર્ટ ઍંડરસનનો હતો. ઍંડરસન એ સેનાની ટુકડીના ઉપરી હતા. કિલ્લાને અલગતાવાદીઓએ ઘેરી રાખ્યો હતો. એને બચાવવા માટે લગભગ ૨૫ હજાર સૈનિકોની જરૂર હતી અને અમેરિકન સેનામાં નિયમિત સ્થળ સૈનિકોની સંખ્યા ફક્ત ૧૬ હજાર જ હતી. લિંકન નવા નવા રાષ્ટ્રપતિ બન્યા હતા. એમને બધી પ્રક્રિયાઓની ખબર નહોતી એટલે મુશ્કેલી વધારે હતી. એમણે આ કામ માટે સીધી નૌસેના જોડે વાત કરી તો જાણવામાં આવ્યું કે એવા કોઈ હુકમ આપતા પહેલા રાષ્ટ્રપતિએ સંસદની મંજૂરી લેવી જોઈએ. એવી જ રીતે યુદ્ધના સમયે અર્ધસૈનિક બળ તૈયાર કરવાના મુદ્દે પણ લિંકને પોતાના પગલા રોકવા પડ્યા.

સમટરના મામલાની ગંભીરતાને જોતાં લિંકને કૅબિનેટની બેઠક બોલાવી. એમાં સર્વાનુમતિ પ્રાપ્ત થઈ શકી નહિ. સેવર્ડ આ મામલામાં અસહકાર કરી રહ્યા હતા. લિંકન જે પણ વિકલ્પ મૂકે, સેવર્ડ તેનો વિરોધ કરતા. જોકે ડગલસે ઘોષણા કરી હતી કે રાષ્ટ્રના સવાલના મુદ્દે પોતે લિંકનની સાથે છે અને લિંકનને દરેક જાતની મદદ આપવા માટે તૈયાર છે. સમટરના મામલામાં લિંકને એક દૂત ઍંડરસન પાસે મોકલ્યો જેથી તે ત્યાં જઈ લોકોની આકાંક્ષાઓ વિશે જાણી શકે અને બીજો સમૂહ કૈરોલિના મોકલ્યો. કૈરોલિના સમુદ્રકિનારાનું સ્થાન છે અને ત્યાં જ સમટરનો કિલ્લો હતો. એની સાથે સાથે જ પિકોસના કિલ્લાને બચાવવાની કાર્યવાહી ચાલી રહી હતી, પરંતુ ૩૪ કલાકમાં જ ઍંડરસન અને એમની સૈનિક ટુકડીએ આત્મસમર્પણ કરી દીધું. આ રીતે અમેરિકામાં ગૃહયુદ્ધની શરૂઆત અલગતાવાદીઓએ કરી દીધી. લિંકન ઇચ્છતા હતા કે ઍંડરસન પોતાના તરફથી જ સમર્પણનો રસ્તો અપનાવે નહિ, પરંતુ જ્યારે અલગતાવાદીઓ આક્રમણ કરે ત્યારે જ સમર્પણ કરે. એથી જનતાને એ સંદેશો પહોંચશે કે લિંકનની સરકાર વ્યર્થ રક્તપાતને ઉત્તેજન નથી આપતી. જોકે આ સલાહ બ્રાડનિંગે આપી હતી. બ્રાડનિંગનું કહેવું હતું કે આમ કરવાથી સરકાર યુદ્ધનાં પગલાંને ન્યાયોચિત ઠેરવી શકશે. લિંકનની આ કાર્યવાહીથી દેશમાં નાગરિકોની એકતા મજબૂત થઈ અને એમનામાં રાષ્ટ્રીય ભાવનાનો પ્રસાર થયો. રાજ્યો જે પોતપોતાની સમસ્યાઓને પ્રાથમિકતા આપવાના આધારે વિચારતા હતા, તેમણે સંઘના રૂપે ફરીથી વિચારવાનું શરૂ કરી દીધું. આ દરમિયાન લિંકનને યુદ્ધ માટે જરૂરી મંજૂરી પણ સંસદે આપી દીધી. આનો આશય સ્પષ્ટ છે કે વિપક્ષે પણ રાષ્ટ્રીય આપત્તિની સ્થિતિમાં લિંકનનો સાથ આપવાનો વાયદો કર્યો. આ સ્વસ્થ લોકતંત્ર માટે જરૂરી પણ છે.

❑

> "સ્વતંત્રતાનું ઘોષણાપત્ર આપણને શીખવાડે છે કે યોગ્યતામાં અંતર હોવા છતાં એ અંતર એક મનુષ્યને બીજા મનુષ્યથી અલગ કરતું નથી, પરંતુ એ યોગ્યતા શીખવાડે છે કે દરેક મનુષ્ય સમાન છે."
>
> **– અબ્રાહમ લિંકન**

(૪)

ગુલામીની પ્રથાનું ઉન્મૂલન

લિંકને આખા દેશમાં રાષ્ટ્રભક્તિનું જોશ પેદા કરી દીધું. હજારો સ્થાનોમાં લોકોની સભાઓ યોજાઈ. ધ્વજારોહણો થયા અને લોકો સેનામાં જોડાવા લાગ્યા. સમટરના કિલ્લાને બચાવી ન શકાયો તેમાં સેનામાં સૈનિકો ઓછા હતા તે પણ એક કારણ હતું. દશ અઠવાડિયાંમાં લગભગ બે લાખ યુવકોની ભરતી થઈ ગઈ, પરંતુ માત્ર સેનાની સંખ્યાથી જ કામ ચાલતું નથી. કામ ચાલે છે એની આગેવાનીથી, નેતૃત્વથી અને એ સમયે સેનામાં માત્ર એક નામ હતું – રોબર્ટ ઈ. લી. રોબર્ટ દક્ષિણી પ્રાંતનો રહેનારો હતો, પરંતુ એની દેશભક્તિ ઉપર કોઈને શંકા નહોતી, ખાસ કરીને લિંકનને તો બિલકુલ જ નહિ. તેથી લિંકને આખી સેનાની આગેવાની લીને સોંપવાની વાત કહી. જો લીએ આ વાત માની લીધી હોત તો યુદ્ધનો ઇતિહાસ એકદમ જ અલગ હોત. કેટલાક સમય માટે લીએ સાચે જ એના ઉપર ગંભીરતાથી વિચાર કર્યો, બાઇબલ વાંચ્યું અને ઘૂંટણીએ બેસીને પ્રભુને પ્રાર્થના પણ કરી કે એ પોતાને સાચો નિર્ણય લેવામાં મદદ કરે.

લી અનેક મુદ્દાઓ ઉપર લિંકનથી સંમત હતો. જેમ કે ગુલામીની પ્રથાને લિંકન અમાનવીય માનતા હતા તો લી પણ એને પાશવિક બતાવતો હતો. તેણે પોતાની સાથે કામ કરનારા કેટલાક નિગ્રો લોકોને વર્ષો પહેલા આઝાદ કરી દીધા હતા. સંઘ પ્રત્યે લિંકનને જેટલો પ્રેમ હતો, લગભગ એટલો જ પ્રેમ લીને પણ હતો. વર્જીનિયાનો હોવાને કારણે એનામાં પણ ત્યાંનાં મૂલ્યો અને ભાવનાઓ ઠાંસીઠાંસીને ભરેલાં હતાં. વર્જીનિયાના લોકો પોતાના રાજ્યને રાષ્ટ્રથી ઉપર મૂકે છે. બરાબર એ જ વિચાર લીનો પણ હતો. એનામાં પણ સ્થાનિયતા પ્રત્યે સમર્પણ વધુ હતું. આ કારણે લીએ સેનાની આગેવાની કરવાનો ઇનકાર કરી દીધો. લીનું કહેવું હતું કે હું પોતાના જ ઘર, કુટુંબ અને સગાવહાલાઓ વિરુદ્ધ પગલા લેવાનું મન રાખતો નથી.

લિંકન પાસે હવે જનરલ વિનફીલ્ડ સ્કોટ સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો, જેની સાથે પોતે આ વિશે પરામર્શ કરી શકે. સ્કોટ બેહદ અનુભવી અને સારી ઉંમરવાળા હતા. ઈ.સ. ૧૮૧૨ના યુદ્ધમાં સ્કોટે ખાસો યશ મેળવ્યો હતો. ચારે કોર મહા ત્રાસનો ખળભળાટ હતો. દરેક માણસ એમ જ વિચારતો કે જેટલી જલદી બની શકે તેટલી જલદી સંઘની સેનાએ હુમલો કરી એકી ઝાટકે અલગતાવાદીઓની હામના રામ બોલાવી દેવા જોઈએ. 'ટ્રિબ્યુન' સમાચારની સંપાદકવાળી કૉલમ મોટા મોટા અક્ષરે યુદ્ધની વકીલાત કરતું હતું. વેપાર-ધંધા મંદ પડી ગયા હતા. બૅન્કો વધુ ઉધાર આપવામાં પાછીપાની કરી રહી હતી. સામાન્ય જનતા પરેશાન થઈ ગઈ હતી. લોકો શોર મચાવી રહ્યા હતા કે વધુ બેવકૂફ બનાવવાનું બંધ કરો. જલદીમાં જલદી હુમલો કરી એક જ વારમાં મામલો ખતમ કરો. લગભગ બધા જ આ બાબતે એકમત હતા, પણ સેનાના ઑફિસરો સંમત નહોતા. તેઓ જાણતા હતા કે સેના હજી પૂરેપૂરી તૈયાર નથી, પરંતુ લિંકન પેલા દબાણ આગળ ઝૂકતા જઈ રહ્યા હતા અને છેવટે તેમણે સેનાને કૂચ કરવાનો હુકમ કરી દીધો.

સૈન્ય કાર્યવાહી

તે અજબગજબ જેવી સેના હતી. અડધા લોકો તો તેમાં તાલીમ વગરના હતા. કેટલીક રેજિમેન્ટ છેલ્લા દશ દિવસની જ હતી. એ લોકોમાં તો શિસ્તની પણ સમસ્યા હતી. એ જમાનામાં ટરકોસ અને જુબેસનાં નામો બહુ જ ચર્ચાતાં. મોટા ભાગના સૈનિકો એમના જેવા કપડા પહેરવામાં ગૌરવ અનુભવતા હતા. એ બધા સૈનિકો એમના જેવા દેખાવા માગતા હતા. આના પહેલા એટલે કે સમટર કિલ્લાના સમર્પણના બીજે દિવસે ૧૫ એપ્રિલ, ૧૮૬૧ના દિવસે રાષ્ટ્રપતિએ એક ઘોષણાપત્ર લાગુ કર્યું હતું. એમાં જાહેર કરવામાં આવ્યું હતું કે દક્ષિણનાં સાત રાજ્યોએ કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. આ બધું એવી રીતે થયું છે કે આ બાબતે સામાન્ય કાયદા અનુસાર કાર્યવાહી પણ થઈ શકતી નથી. સંસદના વિશેષ અધિવેશનમાં ડગલસે વિના શરતે લિંકનને સાથ આપવાની વાત કરી. ઇલિનોયના ડેમોક્રેટનું કહેવું હતું કે શાંતિનો સૌથી સહેલો રસ્તો એટલે યુદ્ધની તૈયારી કરવી, તે પણ વ્યાપક તૈયારી. આખા અમેરિકાના પ્રદેશોમાં રાષ્ટ્રપ્રેમની લહેર ચાલી રહી હતી, પરંતુ વર્જીનિયા, ટેનેસી, અર્કાંસાસ અને ઉત્તરી કેરોલીનાં રાજ્યો સંઘનો સાથ છોડી અલગતાવાદીઓ સાથે આવી ગયા. એમણે રીચમોંડને પોતાની રાજધાની બનાવ્યું. રીચમોન્ડ વર્જીનિયાની રાજધાની હતી. તેથી દક્ષિણ રાજ્યોની જનસંખ્યા ૯૦ લાખ થઈ ગઈ. પહેલા તે ૫૦ લાખ હતી. વર્જીનિયાએ અલગતાવાદીઓનો પક્ષ સેવવાથી

એમનો કબજો વૉશિંગ્ટનની સીમા સુધી થઈ ગયો. કંટકી અને મિસીસિપીના ગવર્નરો પણ લિંકનથી અલગ થઈ ગયા. એમણે સાફ કહી દીધું કે તેઓ આ મામલામાં કોઈ મદદ કરી શકે તેમ નથી. ડેલવેયરના ગવર્નરોએ અર્ધસૈનિક દળ મોકલવાનો ઇનકાર કરી દીધો, એ પણ કહ્યું કે જે લોકો પોતાની મરજીથી જવા માગે તે જઈ શકે છે. દેશની રાજધાની વૉશિંગ્ટન ઉત્તર દિશામાં મેરીલૅન્ડથી ઘેરાયેલી હતી. બાલ્ટીમોર ખાસા સમયથી અલગતાવાદીઓની જગ્યા હતી. સેનાએ અહીં થઈને વૉશિંગ્ટન જવાનું હતું. પછી એ જ થયું જેનો અંદેશો હતો. બાલ્ટીમોરમાં ભીડે સેના ઉપર હુમલો કરી દીધો. આના પછી જ ફેસલો લેવો પડેલો કે સેનાની ટુકડી સીધી બાલ્ટીમોરમાંથી પસાર થવાને બદલે બાલ્ટીમોરની બાજુમાંથી જશે.

મેરીલેન્ડના ગવર્નર હિક્સ કોઈ પણ રીતે લિંકનને સફળ થવા દેવા માગતા નહોતા. એમને પણ ખબર હતી કે સેનાની સંખ્યા ઓછી છે, પરંતુ એક વાર સેના ઊભી થઈ જશે તો લિંકન અલગતાવાદીઓને સારી પેઠે પહોંચી વળશે. એટલા માટે જ તેઓ લિંકનના માર્ગમાં વાંધા ઊભા કરતા. આ દરમિયાન તેમણે લિંકનને કહ્યું કે સેનાની કોઈ પણ ટુકડી એમના રાજ્યમાં થઈને જાય નહિ. આ માટે બાલ્ટીમોરનું એક પ્રતિનિધિ મંડળ લિંકનને મળ્યું અને લિંકનને કહ્યું કે મેરીલેન્ડના રસ્તેથી લિંકનની સેના જાય નહિ. એટલું જ નહિ અલગતાવાદીઓ જોડે શાંતિપૂર્ણ સમજૂતી કરવામાં આવે. આથી લિંકન ભડકી ગયા. એમણે કહ્યું એમ થઈ શકે નહિ. વૉશિંગ્ટનની રક્ષા કરવી એ મારો ધર્મ અને સંકલ્પ છે. તમે લોકો જાઓ અને એ લોકોને કહી દો કે સેનાની ટુકડીઓ ઉપર હુમલો કરે નહિ, નહિતર જડબાતોડ જવાબ આપવામાં આવશે. એમણે કહ્યું કે સેનામાં પક્ષીઓ પણ હોતા નથી અને ઉંદર પણ હોતા નથી. તેથી એ લોકો ઊડીને પણ જઈ શકતા નથી તેમ જ જમીનની અંદર રસ્તો કોતરીને પણ જઈ શકતા નથી. સેના મેરીલેન્ડમાં થઈને જ જશે. આથી મેરીલેન્ડના લોકોએ ઉત્તર તરફ જનારી રેલગાડીના પાટા ઉખાડી નાખ્યા. તેથી આગમનમાં ભંગાણ પડ્યું અને તેમણે તાર વગેરે સંચાર સાધનોને પણ ઠપ કરી દીધા. આવું કરીને પણ વધુ સમય સુધી તેઓ બાજી હાથમાં રાખી શક્યા નહિ. ૨૫ એપ્રિલના રોજ સાતમી ન્યૂયૉર્ક રેજીમેન્ટ પહોંચી ગઈ. તે ચેસાપીક ખાડીથી હોડીઓ મારફત એનાપોલીસ પહોંચી અને ત્યાંથી રેલ મારફત વૉશિંગ્ટન. આ બધું જનરલ બટલરની બુદ્ધિના પરિણામે થયું. મેરીલેન્ડના લોકો ઉત્તરમાં સાવધ હતા અને સેનાએ પૂર્વનો હિસ્સો પ્રાપ્ત કરી ૧૩ મે સુધી બધું કામ પતાવી દીધું અને ૧૩ મેના દિવસે જ જનરલ બટલરે આખા બાલ્ટીમોરને કબજે કરી લીધું.

આ સાથે જ લિંકન પહેલા કરતા વધુ સખત થઈ ગયા. એમણે હુકમ પસાર કર્યો કે કોઈ પણ વ્યક્તિ અલગતાવાદીઓને સાથ દેતી જણાશે કે સેનાને ખબર મળશે કે કોઈ વ્યક્તિનો અલગતાવાદીઓ જોડે સંબંધ છે તો તે વ્યક્તિને તરત જ પકડી લેવામાં આવશે. એ પકડવામાં આવેલ વ્યક્તિને અનિશ્ચિત કાળ સુધી કેદમાં રાખવામાં આવશે, એટલું જ નહિ ધરપકડ કરનાર સૈનિક અધિકારી આ બાબતે કોઈ પણ કોર્ટનો હુકમ માનવા માટે બંધાયેલ નથી. આ આદેશ છતાં ન્યાયધીશો પરંપરા મુજબના આદેશો આપતા રહ્યા. જોન મેરીમેન નામના માણસને સૈનિક અધિકારીએ પકડ્યો. તે ન્યાયાલય પહોંચ્યો. ત્યાંથી તેને છોડી મૂકવાનો હુકમ થયો છતાં એને છોડી મુકાયો નહિ. આથી મુખ્ય ન્યાયાધીશ અને લિંકન વચ્ચે કડવાશ વધી ગઈ. મુખ્ય ન્યાયાધીશ ન્યાયાલયના વર્ચસ્વની પેરવી કરી રહ્યા હતા અને લિંકન કહી રહ્યા હતા કે હમણા પરિસ્થિતિ સારી નથી. આ પછી ન્યાયાલયના આદેશોની બિલકુલ જ પરવા કરવામાં આવી નહિ.

કંટેકી તટસ્થ રાજ્ય હતું, પરંતુ તેની સ્થિતિ બહુ જ દયનીય હતી. વૈચારિક રીતે તે દક્ષિણના લોકોની સાથે હતું, એટલા માટે કે કંટેકીમાં પણ ગુલામીની પ્રથા હતી, જેને ત્યાંના લોકો પોતાના વર્ચસ્વનું આવશ્યક અંગ માનતા હતા. એથી તે લોકો ગુલામીની પ્રથા ચાલુ રાખવાના સામંત લોકોના તર્કો અને વિચારોના પક્ષમાં હતા. લિંકનની ચિંતાનો આ જ મુખ્ય વિષય હતો. એ નહોતા ઇચ્છતા કે ઓહાયો નદીનો દક્ષિણી કિનારો વિદ્રોહીઓને હાથ આવી જાય. તેથી લિંકને એંડરસનને કંટેકીના કમાન્ડર બનાવી મોકલ્યા. આ દરમિયાન સંઘીય વિચારધારાવાળા અને અલગતાવાદી વિચારધારાવાળા લોકો, એ બંને વર્ગોએ પોતપોતાની સ્થિતિ મજબૂત કરવા માટેના યત્નો પ્રયત્નો કરવામાં કોઈ કસર બાકી રાખી નહોતી. આવી પરિસ્થિતિ હોવાથી એંડરસને જલદી જ આખો પ્રાંત પોતાના કબજામાં લઈ લીધો.

મિસૌરી રાજ્ય પણ શાંત નહોતું. આ રાજ્ય એ દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ હતું કે અહીંથી મિસીસિપી, મિસૌરી અને ઓહાયો નદીઓના જળમાર્ગ ઉપર થતા આવાગમન ઉપર નિયંત્રણ રાખવામાં આવતું હતું. મિસીસિપી નદીની પશ્ચિમે વસેલા સેંટ લુઇસનું સામરિક એટલે કે યુદ્ધને લગતું મહત્ત્વ હતું. પરિણામે અલગતાવાદી લોકો શહેર બહાર એકઠા થઈ ગયા અને સંઘ સમર્થક લોકો શહેરની અંદરના ભાગમાં એકઠા થઈ ગયા. સંઘની સેનાના કમાન્ડર નાથનીલ લેયાને અલગતાવાદીઓને સમર્પણ કરવા જણાવ્યું. આથી સેંટ લુઇસની સડકો ઉપર ઝડપ શરૂ થઈ ગઈ અને મિસીસિપી રાજ્ય ઉપર કબજો કરવા માટે યુદ્ધ શરૂ થઈ ગયું. વર્જીનિયાના લોકો આ બધામાં સૌથી વધુ સમજદાર હતા. આ લોકોમાં પણ બંને વિચારધારાવાળા

લોકો હતા એટલે કે સંઘીય વિચારધારાવાળા અને અલગતાવાદી વિચારધારાવાળા લોકો હતા. આ લોકોએ અંદરોઅંદર વહેંચણી કરી પૂર્વી વર્જીનિયા અને પશ્ચિમી વર્જીનિયા બનાવી દીધા. પૂર્વી વર્જીનિયાના લોકો અલગતાવાદીઓ સાથે હતા અને પશ્ચિમના લોકો સંઘીય વ્યવસ્થા સાથે હતા. બંનેની અલગ અલગ રાજધાનીઓ બની. લિંકને પશ્ચિમી વર્જીનિયાને પૂર્ણ રાજ્યની રીતે માન્યતા આપી. વર્જીનિયાનો ઉત્તરી ભાગ વૉશિંગ્ટનથી જોડાયેલ હતો તેથી એના ઉપર પહેલાથી જ બધી વ્યવસ્થા હતી.

સેનાનો વિસ્તાર

એ પછી લિંકને ઉપરનાં રાજ્યો તરફ મુખ કર્યું. છેવટનાં રાજ્યો પછી આ બાજુએ જોવું જરૂરી પણ હતું. તેથી તેમણે સંયુક્ત રાજ્ય અમેરિકાની સેનાનો વિસ્તાર કર્યો. એમાં ૧૮ હજાર નૌ સૈનિકોની ભરતી કરી, ૮ બંદૂકવાળી રેજીમેન્ટ, ૧ ઘોડેસ્વાર રેજીમેન્ટ અને ૧ તોપ રેજીમેન્ટ પણ વધાર્યા. તે માટે લિંકને રાષ્ટ્રહિતને સર્વથા ઉપરનું ગણીને સંસદની મંજૂરીની વાટ પણ ન જોઈ. ૧૯ એપ્રિલના દિવસે લિંકન સાત સમ્મિલિત રાજ્યોના બંદરોની નાકાબંધી કરી ચૂક્યા હતા. ઉત્તરી કેરોલીના અને વર્જીનિયાના બંદરોની નાકાબંધીના હુકમો પણ થઈ ગયા હતા. જળમાર્ગની સુરક્ષા માટે લિંકને બોસ્ટન, ન્યૂયૉર્ક અને ફિલાડેલ્ફિયાની નૌસેનાને પાંચ જંગી જહાજો ખરીદી કરવાના હુકમો આપ્યા. આ દરમિયાન કેલિફોર્નિયાથી સોનું લાદેલા બે જહાજ ભારે સુરક્ષા વ્યવસ્થા સાથે વૉશિંગ્ટન પહોંચી ગયા. સેનાના વધી રહેલા ખર્ચ માટે આ જરૂરી હતું. લિંકન ધીરે ધીરે આઘાતોમાંથી મુક્તિ મેળવી રહ્યા હતા. આ એવો સમય હતો કે જ્યારે ક્યાંક અને ક્યારેક વીજળી પડી જતી, પણ કોઈ ધમાલ નહોતી થતી. એમણે કહ્યું કે તેઓ યુદ્ધને બધી ઔપચારિકતાઓ અને કાયદાઓથી વધુ મહત્ત્વનું ગણે છે તો એનું કારણ રાષ્ટ્ર છે. રાષ્ટ્ર સૌથી ઉપર છે. રાષ્ટ્ર છે તો આપણે છીએ.

એવું નથી કે આ બધું લિંકને કાગળ ઉપર એક પ્રશાસક તરીકે ફેંસલા કરતા કરતા કર્યું. એક રવિવારે લિંકન ચર્ચમાં હતા. પ્રાર્થના ચાલી રહી હતી. લિંકને શોર-બકોર સાંભળ્યો. એ યુદ્ધ વિશેનો હતો. ત્યાં ગયા તો જોયું કે લોકો પાસે પૂરી માહિતી નહોતી. લિંકનની ધીરજ ખૂટી ગઈ. તેઓ જલદી જનરલ સ્કોટ જોડે આ બાબતે ચર્ચા કરવા માગતા હતા. લિંકન સીધા જ જનરલ સ્કોટના ક્વાર્ટર્સ તરફ ગયા. સ્કોટ ઊંઘ લેતા હતા. તેઓ આંખો ચોળતા ઊભા થયા અને કહ્યું કે મને કંઈ ખબર નથી. 'કોઈ મારી પાસે આવતું નથી. મને બતાવતું નથી.'

મને ખબર નથી કેટલા માણસો ક્યાં તેનાત છે અને એમની પાસે કયાં શસ્ત્રો છે. પાસે પડેલા તારોને જોઈને સ્કોટે કહ્યું કે આ યુદ્ધના મેદાનેથી આવેલા છે, પણ એમાં ચિંતાજનક કંઈ નથી. પછી તે ઊંઘવા ચાલ્યા ગયા. એવી સ્થિતિમાં લિંકન નાસીપાસ થઈ જાય એમ નહોતું. તેઓ લાગ્યા જ રહ્યા કે વિજય થવાનો હોય તો બીજે ક્યાંય નહિ અહીં જ થશે. અસફળતા અને પરાજય લિંકન માટે કંઈ નવા અનુભવ નહોતા, પરંતુ તેઓ તો દરેક એવી વેળાએ નવા વિજયનો સંકલ્પ કરી તેઓ પોતાને તૈયાર કરી લેતા હતા. અંતિમ તબક્કે અને આખરે પોતાનો વિજય થશે જ એવો એમનો વિશ્વાસ ક્યારેય ડગ્યો નહોતો. એમને લાગતું હતું કે એવો વિજય ક્યાંય છે જ નહિ, જે વિજય લિંકન સાથેનો નાતો તોડી નાખે. જ્યારે સેના વિખરાઈ રહી હતી, પરાજય ઝીલી રહી હતી ત્યારે લિંકન પોતે વ્યક્તિગત રૂપે સૈનિકોને મળતા અને 'ગોડ બ્લેસ યુ' એમની જીભ ઉપર અને એમનો હાથ સૈનિકના હાથમાં રાખતા. લિંકનના આવા વ્યવહારે અમેરિકાની સેનામાં વિશ્વાસ ભરી દીધો. લિંકન તેમની જોડે જમતા, એમને સોનેરી આવતી કાલની વાતો સંભળાવતા. એમનાં વાક્યોમાં સપના અને શબ્દોમાં અખંડ વિશ્વાસ દેખાતા. આ બધાની સાથે લિંકનની વિજયકૂચ શરૂ થઈ.

પશ્ચિમી વર્જીનિયામાં એક નવા નાયક મેકલેનને મોકલવામાં આવ્યો. આ સુંદર પરંતુ મોટા બોલ બોલનારો સેના નાયક હતો. વીશ ગોળા સાથે લઈને અવ્યવસ્થાવાળા એક તોપવાળા યુદ્ધને લડીને તે વધુ બોલતો થઈ ગયો હતો. ઉત્તરી ક્ષેત્રમાં આ પહેલું યુદ્ધ હતું અને એટલે જ મહત્ત્વનું યુદ્ધ હતું. મેક્લેનને લાગ્યું કે આ ખરો મોકો છે તેથી તેણે પ્રેસ મારફત યુદ્ધની મોટી મોટી વાતો ફેલાવી, જેથી દેશ જાણી શકે કે તે કમાલનો યોદ્ધો છે. જોકે થોડાં વરસો પછી લોકોને સાચી હકીકતની જાણ થઈ ત્યારે તેઓ મેક્લેન ઉપર હસ્યા વિના રહી શક્યા નહિ, પરંતુ યુદ્ધના સમયની સ્થિતિ તો ગૂંચવાડાની સ્થિતિ હતી અને એવી સ્થિતિમાં લોકો ઇચ્છતા પણ હતા કે એવો કોઈ નાયક ઉપસી આગળ આવે અને લોકોને આ યુદ્ધની પરિસ્થિતિમાંથી મુક્તિ અપાવે. લિંકને મેક્લેનને પોટોમેકની સેનાનો કમાન્ડર બનાવી દીધો. એ મહેનતુ પણ હતો. આ દરમિયાન ઑક્ટોબર આવી ગયો. એની સાથે સેનાની પાસે પણ તાલીમ પામેલા લોકો આવી રહ્યા હતા. બધા કહી રહ્યા હતા કે હવે તો હુમલો થવો જ જોઈએ. લિંકન પણ કહી રહ્યા હતા, પણ મેક્લેન પરેડ કરાવતો અને પોતે શું કરવા જઈ રહ્યો છે એની મોટી મોટી વાતો કરતો પણ અમલ કરવામાં કંઈ આવતું નહોતું. એને પૂછવામાં આવ્યું તો એણે કહ્યું કે હું પહેલ કરી શક્યો નહિ, કારણ કે સેના એ સમયે વિશ્રામ કરી રહી હતી.

મેક્લેન નવયુવક હતો, ઉત્સાહી હતો અને લિંકનનો વિશ્વાસપાત્ર હતો તો પણ તે અતિશય ઉતાવળો થઈ કોઈ પગલું ભરતો નહિ. વૉશિંગ્ટનની સુરક્ષા કરીને તેણે સાબિત પણ કર્યું કે પોતે અસાધારણ છે. એણે ૯૦ દિવસ જૂના સૈનિકોને દૂર કરી ત્રણ વરસ જૂના સૈનિકોને પસંદ કર્યા, તેમને તાલીમ આપી અને એક મજબૂત ટુકડીમાં બદલી દીધા. તે સૈનિકોના માત્ર શારીરિક શિક્ષણ ઉપર જ ધ્યાન નહોતો આપતો, પરંતુ નૈતિક બળ ઉપર પણ ધ્યાન આપતો હતો. સૈનિકોનું નૈતિક બળ વધારવા માટે તે સૈનિકોની ખાસ પરેડ વખતે રાષ્ટ્રપતિ, યુદ્ધસચિવ અથવા સેનેટરોને બોલાવતો. લિંકન પણ તેના આમંત્રણથી પરેડ વખતે ગયેલા અને એનાથી જ પ્રભાવિત થઈને વૃદ્ધ સ્કોટના સ્થાને મેક્લેનને અમેરિકન સેનાનો સર્વોચ્ચ કમાન્ડર બનાવી દેવાયો, પરંતુ અહીં પણ સમસ્યાનો ઉકેલ આવ્યો નહિ. લિંકન માટે જીવનનો રસ્તો ક્યારેય સરળ રહ્યો નહિ. એમના દરેક ફેંસલા ઉપર અવરોધો આવતા રહ્યા. હંમેશાંની જેમ અમેરિકાની સેનાનો સર્વોચ્ચ કમાન્ડર બન્યા પછી મેક્લેન પોતાને બ્રહ્મજ્ઞાની માનવા લાગ્યો. લિંકન અને એમની કૅબિનેટના આદેશોનો અમલ કરવાને બદલે તે એમને ઉચિત-અનુચિતની સલાહ આપવા માંડ્યો. બધા જ લોકો લિંકનને કહેવા લાગ્યા કે શરૂઆતથી જ આ માણસની પ્રતિબદ્ધતા અધકચરી અને શંકાસ્પદ હતી. આને દૂર કરવો જોઈએ. છતાં લિંકન મેક્લેનને તરત દૂર કરવાના પક્ષમાં નહોતા.

મેક્લેનની આપખુદી

પેનિનસુલાના તે સમયના જનરલ મેગ્રડરે માત્ર ૫ હજાર સૈનિકોની મદદથી જ મેક્લેનને ઘેરી લીધો. મેક્લેન એટલો ડરી ગયો કે તે હુમલો કરી શક્યો નહિ. એટલું જ નહિ તે લિંકન પાસે સતત વધારે સૈનિકોની માંગ કરતો રહ્યો. લિંકને તેથી કહ્યું કે કોઈ જાદુઈ રીતે જો હું હજારો સૈનિકો એને મેળવી આપું તો મેક્લેન ત્યાંથી કહેશે – તમે નિશ્ચિંત રહો, રાષ્ટ્રપતિ ! હું કાલે રીચમંડ પહોંચી જઈશ. પણ એ કાલ ક્યારે આવશે એ કોઈ જાણતું નથી. યુદ્ધ સચિવ સ્ટેનટનનું કહેવું હતું કે એ અજબ-ગજબનો માણસ હતો. જો એની પાસે ૧૦ લાખ સૈનિકો હોય તો પણ એ કહેશે કે દુશ્મન પાસે ૨૦ લાખ સૈનિકો છે. મેક્લેન અહંકાર અને શેખીમાં લિંકન તથા એમની કૅબિનેટને 'શિકારી કૂતરા' તથા 'નરાધમ' કહેવા લાગ્યો. એ નિશ્ચિત રૂપે જ લિંકનને અપમાનિત કરી રહ્યો હતો. એક વાર તો તે બધી હદો જ વટાવી ગયો. લિંકન તેને મળવા ગયા તો તેણે તેમને અરધો કલાક જેટલી રાહ જોવડાવી. તે પછીના એક બનાવમાં મેક્લેને લિંકનને માત્ર રાહ જોવડાવી એટલું જ એમની સામે

જ એમની અવગણના કરતો નીકળ્યો અને સીડીઓ ચડી ગયો. ઉપરથી ખબર મોકલાવી દીધા કે પોતે સૂવા ચાલ્યો ગયો છે. ખબર પ્રેસના હાથે ચડી ગઈ અને એ દેશની સૌથી વધુ ચર્ચાસ્પદ ઘટના બની ગઈ. એ વાંચીને મેરી લિંકન રડી પડી. એને સમજાવતા લિંકને કહ્યું હતું કે, 'આમ છતાં હું તેને હોદ્દા ઉપર કાયમ રાખી શકું છું, શરત એટલી કે તે આપણા માટે જીત લઈને આવે.'

મેક્લેનનું ભેજું દિવસે દિવસે ખરાબ થવા માંડ્યું. લી સાથેના યુદ્ધમાં થયેલ પરાજય પછી એણે બધો અપયશ અને આરોપ વૉશિંગ્ટનને માથે નાખતા કહ્યું કે ત્યાં બેઠેલા લોકો ડરપોક છે. તેઓ ફેંસલા કરવાનું જાણતા નથી. મારે સૈનિકોની જરૂર હતી અને તે લોકોએ સૈનિકો મોકલ્યા નહિ. મેક્લેને પોતાની માંગ ૪૦ હજાર સૈનિકોથી શરૂ કરી અને ૧ લાખ સુધી વધારી દીધી. એને જાણ હતી કે એટલી સંખ્યામાં સૈનિકોને મોકલવા સંભવ નથી.

મેક્લેનના સસરા પી. પી. મારસી ચીફ ઑફ સ્ટાફ હતા. એમણે મેક્લેનના કારનામા જોયા તો નિરાશ થઈને બોલ્યા, હવે આપણી પાસે શત્રુ સામે સમર્પણ કરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. લિંકને આ વિશે સાંભળ્યું તો તેમણે મારસીને બોલાવ્યા. તેઓ ઊકળી ઊઠ્યા અને કહ્યું કે મને ખબર મળી છે કે તમે શત્રુ સામે કોઈ પણ શરત વગર આત્મસમર્પણની વાત કરી દીધી છે. એમણે કહ્યું કે જ્યાં સુધી મને જાણ છે તે એ કે આવી જાતના શબ્દોનો ઉપયોગ આપણી સેનાના સંદર્ભમાં કરાય નહિ.

અલગતાવાદીઓ સાથે સંઘર્ષ

૪ જુલાઈ, ૧૮૬૧ના દિવસે લિંકને સંસદમાં ભાષણ આપતા યુદ્ધ શરૂ કરવા માટે દક્ષિણના અલગતાવાદી તત્ત્વોને દોષી ઠેરવ્યા અને સંઘની રક્ષા કરવા માટે ઉપાડવામાં આવેલા પગલાને તાર્કિક અને ન્યાયોચિત ઠેરવ્યા. એમણે એને ગૃહયુદ્ધ ન ગણતા બળવો ગણાવ્યો અને યુદ્ધની આગળની યોજના પણ બનાવી. યુદ્ધ દરમિયાન પકડાયેલા લોકોની અલગ શિબિરો બનાવવામાં આવેલી. તે લોકોને સામાન્ય જેલોમાં રાખવામાં આવ્યા નહોતા. લિંકનનું આ પગલું પણ તેમને એક અલગ જ જાતના લોકતાંત્રિક રાજનેતાનો દરજ્જો અપાવતો હતો, જે નેતા પોતાના સંકલ્પમાં કોઈ પણ જાતના હસ્તક્ષેપને વ્યર્થ સમજે છે છતાં તમારા વાંકને કારણે તમારો નાગરિકતાનો અધિકાર છીનવામાં આવતો નથી. એમનું કહેવું હતું કે વિદ્રોહ બધા જ લોકો કરતા નથી તેથી આખા રાજ્યને અમુક લોકોના વાંક માટે દોષિત માની શકાય નહિ. યુદ્ધમાં જીત મેળવ્યા પછી દક્ષિણી રાજ્યો પણ સંયુક્ત રાજ્ય અમેરિકાનો ભાગ બનેલા રહેશે. એમની સાથે કોઈ જાતનો ભેદભાવ નહિ રખાય.

લિંકને સંસદના બંધારણીય અધિકારો પ્રત્યે પોતાની જવાબદારી નિભાવતા અને એના પ્રત્યે સમ્માન વ્યક્ત કરતા કહ્યું કે યુદ્ધમાં જે પણ પગલા ભરવામાં આવ્યા તે બધા જનતાની આકાંક્ષાઓ પ્રમાણેના હતા. મને આશા છે કે સંસદ એ બધાં કાર્યોનું અનુમોદન કરશે કે જેને તેની અનુમતિ વિના કરવા પડેલા. બંદીને હાજર કરવા માટેની યાચિકાના અધિકારને રોકી દેવાનું પગલું પણ એક સખત પગલું હતું. આ બાબતે અન્યમનસ્ક ભાવથી એમણે કહ્યું કે આનો અધિકાર સંસદને છે, પરંતુ રાષ્ટ્રપતિને પણ છે કે કેમ તેના ઉપર વિવાદ થઈ શકે છે. લિંકનનું કહેવું હતું કે કેટલીક વિશેષ પરિસ્થિતિમાં જ્યારે સંસદનું અધિવેશન ચાલતું ન હોય ત્યારે જનતાના હિતમાં રાષ્ટ્રપતિ આવું પગલું ભરી શકે છે. એમનું માનવું હતું કે એકલી બંદી પ્રત્યક્ષીકરણની યાચિકાનું અસ્તિત્વ બચાવી રાખવાથી સરકાર પડી ભાંગવાનું જોખમ પેદા થઈ જાય છે. જો સરકાર બચે નહિ તો જનતાના બીજા અધિકારો પોતાની મેળે જ સમાપ્ત થઈ જાય છે. એમનું માનવું હતું કે એક કાયદેસરના અધિકારને અવગણીને બીજા બધા કાયદાઓની રક્ષા કરવાનું કામ કોઈ ખોટું કામ નથી.

શરૂઆતમાં બંદી પ્રત્યક્ષીકરણ યાચિકાને અમુક ક્ષેત્રમાં જ લાગુ કરવામાં આવેલી, પરંતુ પછી આખા દેશમાં લાગુ કરવી પડેલી. કહેવાય છે કે યુદ્ધ શરૂ થયા પહેલા નવ મહિનામાં ૮૬૪ લોકોને મુકદમો ચલાવ્યા વગર જ કેદ કરી દેવાયા હતા. એ સમયે આ અધિકાર રાજ્યસચિવને હતો. ફેબ્રુઆરી ૧૮૬૨ પછી આ અધિકાર યુદ્ધ સચિવના અધિકારક્ષેત્રમાં આવી ગયો. આના અંતર્ગત જે લોકો પકડાયેલા તેમનામાં દુશ્મનના જાસૂસો, ચોરો, ગેરકાયદે દેશમાં દાખલ થનારા વિદેશી નાગરિકો હતા. સંસદના પહેલા જ ભાષણમાં લિંકને સ્પષ્ટ કહી દીધું હતું કે તેમની પહેલી પ્રાથમિકતા યુદ્ધ જીતવાની હતી. નાગરિક અધિકારોનો મુદ્દો એ પછી આવે છે. એમણે કહ્યું કે દેશનું ભાગ્ય જોખમમાં હોય તો નાગરિક અધિકારોનું સંમાન કરવું ગૌણ બની જાય છે અને એ ગૌણ બનવું જોઈએ. આ યુદ્ધને લિંકને લોકતંત્ર તથા લોકતંત્રની રક્ષા કરનાર લોકયુદ્ધ બનાવ્યું. એક એવું લોકતંત્ર જે જનતાનું, જનતા દ્વારા અને જનતા માટે હોય.

ડગલસનું મૃત્યુ

૩ જૂન, ૧૮૬૧ના દિવસે લિંકનના ઘોર વિરોધી રહેલા ડેમોક્રેટ નેતા ડગલસનું મૃત્યુ થઈ ગયું. દક્ષિણી રાજ્યના સાંસદોએ સંસદનો બહિષ્કાર કરી દીધો. આ રીતે બંને સદનોમાં રિપબ્લિકન પાર્ટીની બહુમતી થઈ ગઈ. રાષ્ટ્રપતિના ભાષણને તાળીઓના ગડગડાટથી વધાવી લેવાયું. લિંકને સંસદને વિનંતી કરી કે તે ૪ લાખની

સેના ઊભી કરવા માટે ૪૦ કરોડ ડૉલરની મંજૂરી આપે. આ બાબતે ઉત્સાહિત થઈને સાંસદોએ તેમને ૫ લાખની સેના ઊભી કરવા માટે ૫૦ કરોડ ડૉલરની અનુમતિ આપી દીધી. આનું કારણ હતું અને એ તે કે દરેક સાંસદની ઇચ્છા હતી કે સરકાર કોઈ પણ રીતે યુદ્ધ જીતે. માત્ર નાણાના અભાવે યુદ્ધમાં સરકાર હારી જાય એમ કોઈ ઇચ્છતું નહોતું. એટલું જ નહિ, સંસદે લિંકનના દરેક ફેંસલાને કે જેના માટે લિંકનને પૂર્વાનુમતિ નહોતી લીધી તે દરેકને અનુમતિ આપીને બંધારણીય બનાવ્યો. લિંકન પણ એમ ઇચ્છતા જ હતા કે સંસદ પોતાની સ્વીકૃતિથી લિંકનના દરેક પગલાને ન્યાયોચિત ઠેરવે.

યુદ્ધની રણનીતિ ઉપર બધા જનરલો એકમત નહોતા. તેઓ અલગ અલગ દૃષ્ટિકોણથી જોઈ રહ્યા હતા. શરૂઆતના કેટલાક મહિનાઓમાં સંઘીય સેનાએ કેટલાક ઝટકા ખાધા તેથી બરાબર તૈયારી કર્યા વિના મોટો હુમલો કરવા માટે લિંકન પણ નહોતા ઇચ્છતા. આમ છતાં વર્જીનિયામાં યુદ્ધને રોકી શકાયું નહિ. હુમલો મનાસાજ ઉપર કરવામાં આવ્યો. જ્યાંથી વૉશિંગ્ટન માટે ખતરાની ખબરો આવી રહી હતી. આનું નેતૃત્વ યુવાન જનરલ ઇરવિન મેકડોવેલ કરી રહ્યા હતા. એમને કહેવામાં આવ્યું કે ૯ જુલાઈ સુધી હુમલો કરી દે. આમાં ઇરવિન મેકડોવેલે એક અઠવાડિયાનું મોડું કર્યું. ત્યાં સુધી તો દુશ્મનને ખબર પહોંચી ગઈ અને તેઓ સાવધાન થઈ ગયા. દુશ્મને વધારે સેના મોકલી અને તેથી પરિણામ નિરાશાજનક આવ્યું. લિંકન નારાજ થઈ ગયા, પણ બીજે દિવસે ખબર પડી કે મેકડોવેલે સેનાને પાછી ખસેડી લીધી છે જેથી બરબાદી ટાળી શકાય. એટલું જ નહિ એમણે દક્ષિણમાં કિલ્લેબંધી પણ કરી દીધી હતી, તેથી વૉશિંગ્ટન માટે કોઈ ભય રહ્યો નહોતો.

આ બધા પછી ફરી એક વાર સંસદે લિંકનને સમર્થન આપ્યું અને તેમનામાં વિશ્વાસ વ્યક્ત કર્યો. એક સાંસદે ઠરાવ મૂક્યો કે યુદ્ધ કેવળ બંધારણ અને સંઘની અસ્મિતા માટે લડવામાં આવી રહ્યું છે. વૉશિંગ્ટનની રક્ષા કરવા માટે ઊભેલા સુસજ્જ સાવધાન સૈનિકોનું મનોબળ વધારવા લિંકન પોતે ત્યાં ગયા.

દેશની આવી દશામાં દેશ કાજે મરી ફીટવાવાળાઓની જરૂર આવી પડી હતી. સમાચારપત્રો અને પત્રિકાઓમાં દેશપ્રેમની રચનાઓ છપાઈ રહી હતી. એ જ સમયે એડમન્ડ ક્લેરેન્સ સ્ટડમેનની એક લોકપ્રિય કવિતા પ્રકાશિત થઈ. એનો દરેક અંતરો આ પંક્તિ ઉપર સમાપ્ત થતો હતો – 'અબ્રાહમ લિંકન, અમને એક આદમી આપો.' આ માત્ર એક કવિતા જ નહોતી, ભાવાવેશમાં વહેતા દેશનાં આંસુઓ હતાં, લોહીથી ખરડાયેલ દેશની ઇચ્છા હતી. લિંકને આ વાંચી તો ભાવુક થઈ રડી પડ્યા.

મેક્લેનની નિષ્ફળતા પછી લિંકન વિચારતા રહ્યા કે દેશ અને ઇતિહાસ એમને શું કહેશે ? તેઓ ક્યારે એટલો યોગ્ય નાયક ચૂંટી શકશે કે જે એમની પાસે વિજય લઈને આવશે. પછી તેમણે જોન પોપ ઉપર ભરોસો કર્યો. પોપમાં અને મેક્લેનમાં બે સમાનતાઓ હતી. પોપ બહુ જ બહાદુર પણ મેક્લેનની જેમ જ શેખીખોર હતા. પોતે સૈન્યમાં ભાગ લે તે પહેલા જ પોપે કહ્યું, 'તમે બધા જ એક નંબરના કાયર અને ડરપોક છો એ વાત તમે કરેલાં કાર્યોથી સાબિત થાય છે. હવે હું આવી ગયો છું અને તમે તરત જ સૈન્ય જાદુગરીના કમાલ જોશો.' પોપ તરફ મેક્લેનને હદની નફરત હતી. પોપ તેની જગ્યાએ નિયુક્ત થયા હતા. પોપે વર્જીનિયા રવાના થવાનું હતું. યુદ્ધનો વિસ્તાર થવાના સંકેતો હતા. તેથી પોપ પણ પોતાની તૈયારીમાં કોઈ કસર રાખવા માગતા નહોતા, જેટલું વધારે સૈન્ય બળ મળે તેટલું સારું. યુદ્ધના મેદાનમાં જબરો રક્તપાત થયો. એ સમયે પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ હતી કે લિંકનને લાગ્યું કે રાજધાની હાથથી નીકળી જશે. વૉશિંગ્ટનને બચાવવાનો આગ્રહ દરેક નાગરિકને કરવો પડ્યો હતો. યુદ્ધ સચિવ સ્ટેનટને લગભગ અર્ધો ડઝન રાજ્યોને લખી મોકલ્યું કે સૂચના મળતા જ વધારેના સૈનિકો તથા સ્વયંસેવકોને ખાસ ટ્રેનથી વૉશિંગ્ટન મોકલી આપે. લોકો પ્રાર્થના કરવા લાગ્યા – 'હે પ્રભુ, હવે આ શહેરને બચાવો.'

લિંકન મેક્લેનને વ્હાઇટ હાઉસ બોલાવી ચૂક્યા હતા અને બતાવી ચૂક્યા હતા કે લોકો તમારા માટે શું માને છે. લોકોનું માનવું છે કે તમે અલગતાવાદીઓના હાથે વૉશિંગ્ટનનો પરાજય જોવા માગો છો. હકીકતમાં લિંકન વિચારી શકતા નહોતા કે હવે શું કરવું ? સેનાની આગેવાની કોને સોંપવામાં આવે ? એમને એવું કહેતા પણ સાંભળવામાં આવેલા કે મેક્લેનને જ બીજી વાર તક આપવામાં આવે. એ પોતે લડતો નથી પણ લડવાની પ્રેરણા બીજા લોકોને તો આપી શકે છે. કદાચ એનામાં યુદ્ધની ભાવના જગાડનાર મંત્ર છે. આ બાબતે લિંકનની તીવ્ર નિંદા થઈ. એમની પોતાની કૅબિનેટના સ્ટેનટને તથા એજે કહ્યું કે લી વૉશિંગ્ટનનો કબજો લઈ લે તે એટલું ખરાબ નથી જેટલું દેશદ્રોહી મેક્લેનને બીજી વાર સૈન્યની આગેવાની સોંપવી. આ નિંદાથી લિંકન વ્યાકુળ થઈ ગયા. તેમણે દરખાસ્ત મૂકી કે અગર કૅબિનેટ એમ ઇચ્છે છે કે હું રાજીનામું આપું તો હું મારા હોદ્દા પરથી રાજીનામું આપવા તૈયાર છું.

આ બાજુ લિંકનનું કુટુંબ ધીરે ધીરે વ્હાઇટ હાઉસમાં ગોઠવાઈ ગયું હતું. લિંકનને બાળકો જોડે રમવું સારું લાગતું હતું. એમને જ્યારે પણ સમય મળતો ત્યારે પોતાનાં બાળકો જોડે રમતા. એટલું જ નહિ, લિંકનના મિલનસારપણાને કારણે

વ્હાઇટ હાઉસના બારણા સામાન્ય અને ખાસ – બધા જ માણસો માટે હંમેશાં ખુલ્લા રહેતા. આ કારણે લોકો લિંકનને પોતાની વચ્ચેના માણસ માનતા હતા. મેરી લિંકન 'પ્રથમ મહિલા'ની જવાબદારીની રુએ ખરી ઊતરી રહી હતી.

વ્હાઇટ હાઉસની આંતરિક સ્થિતિ

વ્હાઇટ હાઉસની સ્થિતિ સારી નહોતી. તૂટેલું ફર્નિચર, બારણા ઉપરથી ઊખડતું પ્લાસ્ટર અને ફાટેલા ગાલીચા – બધું મળીને આ વ્હાઇટ હાઉસની આંતરિક સ્થિતિ હતી. ભોંયના અગિયાર ઓરડામાં ઉંદરોનો ઉત્પાત હતો. આ વચ્ચે સંસદે વ્હાઇટ હાઉસની સાચવણી માટે ચાર વરસમાં ૨૦ હજાર ડૉલર ખર્ચ કરવાની અનુમતિ આપી દીધી. આ કામ મેરીએ કરવાનું હતું. ઈ.સ. ૧૮૬૧ના ઉનાળામાં ન્યૂયૉર્ક, ફિલોડેલ્ફિયાથી ફર્નિચર ખરીદ્યું, પછી રંગ-રોગાનનું કામ થયું. આ દરમિયાન ન્યૂયૉર્કથી નવું ફર્નિચર, નવા ગાલીચા, નવા પરદા આદિ સામાન પહોંચી ગયો. વર્ષને અંતે બિલ આવ્યું તો ખબર પડી કે મેરીએ બજેટથી વધુ પૈસા ખર્ચ કરી દીધા હતા. બજેટ તો ચાર વર્ષ માટેનું હતું. મેરીએ વિચાર્યું કે જૂનું ફર્નિચર વેચાઈ જશે તો કંઈક અસર પડશે, પણ ખર્ચનો ખાડો મોટો હતો. કંઈ અસર પડી નહિ તેથી તે વિભાગના કમિશનરને બોલાવી સ્પષ્ટ વાત કરી દીધી. લિંકન પાસે વાત પહોંચી તો તેઓ નારાજ થઈ ગયા, પણ પછી રાજી થયા અને સંસદની મંજૂરી મેળવી લીધી. મામલો શાંતિથી પતી ગયો, પરંતુ લિંકનના નસીબમાં શાંતિ નહોતી લખાઈ. વિદ્રોહ લાંબો ચાલ્યો તેથી લોકોમાં કંટાળો અને ગભરામણ ફેલાવાં લાગ્યાં હતાં. તેઓ ફેંસલો ઇચ્છતા હતા. લિંકનને મળેલું સમર્થન પણ ડામાડોળ થવા માંડ્યું હતું. ડેમોક્રેટ લોકો બે ભાગોમાં વહેંચાઈ ગયા – યુદ્ધ સમર્થક અને શાંતિ સમર્થક. શાંતિ સમર્થકોનું કહેવું હતું કે રાષ્ટ્રપતિ આ નિરર્થક અને અપ્રાકૃતિક યુદ્ધ જલદીમાં જલદી સમાપ્ત કરાવે. યુદ્ધ સમર્થક લોકો તો લિંકનની સાથે હતા જ. લિંકનનું માનવું હતું કે આ વિદ્રોહને ડેમોક્રેટ લોકોની મદદ વગર દબાવી શકાશે નહિ. આ જ કારણ હતું કે લિંકને પોતાના પ્રશાસનમાં મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ ડેમોક્રેટોને સોંપી હતી. લિંકન કોઈ રીતે એમને તૂટવા દેવા નહોતા માગતા. રિપબ્લિકન લોકોમાં પણ અસંતોષ ઊછરી રહ્યો હતો. તેઓ માનતા હતા કે લિંકન ધીમી ગતિએ કામ કરી રહ્યા છે.

બીજી તરફ સેંટ લુઇસની પશ્ચિમી સેનાની આગેવાની કમાન્ડર ફ્રીમોંટ કરી રહ્યો હતો. તે લિંકનની ધીમી ગતિથી નારાજ હતો. તેણે મિસૌરી પ્રાંતમાં અલગતાવાદીઓનાં ઠેકાણાંઓ ઉપર માર્શલ લો લગાડી દીધો અને એ પણ લિંકન

સાથે પરામર્શ કર્યા વગર જ. મિસૌરીની રક્ષા એણે જ કરવાની હતી અને કેન્દ્ર આ બાબતે એની કોઈ મદદ કરી શકતું નહોતું. કેન્દ્ર સૈનિકો મોકલતું નહોતું, હથિયાર મોકલતું નહોતું અને પુરવઠો પણ મોકલતું નહોતું. આથી નારાજ થઈને ફ્રીમોંટે ઘોષણા કરી કે જો કોઈ નાગરિક હથિયાર લઈને ફરતો પકડાશે તો તેને ગોળીથી ઉડાડી દેવાશે. એટલું જ નહિ ફ્રીમોંટે એ પણ ઘોષણા કરી કે જો કોઈ નાગરિક વિદ્રોહીઓને આડકતરી રીતે મદદ કરતો જણાશે તો તેના ગુલામોને જબરજસ્તી આઝાદ કરી દેવાશે. લિંકનને આ વાત ગમી નહિ. એ વિચારતા હતા કે આ બધું કોઈ મર્યાદા વગર ચાલતું રહેશે. એ લોકો પણ આપણા લોકોને દેખતા જ ગોળી મારવા લાગશે. એમનું કહેવું હતું કે જબરજસ્તીથી ગુલામોને આઝાદ કરવાથી સામાજિક સમસ્યાઓ વધશે અને દક્ષિણના લોકો આપણાથી હંમેશ માટે દૂર થઈ જશે. ફ્રીમોંટે પોતાની વાત મનાવવા માટે તેની પત્ની જેસીને લિંકન પાસે મોકલી. ૧૦ સપ્ટેમ્બરે રાતના નવ વાગ્યે જેસીએ લિંકનની મુલાકાત લીધી. એણે સમજાવવા ઇચ્છ્યું કે ફ્રીમોંટે આમ કેમ કર્યું ? લિંકને કહ્યું કે આવી સ્થિતિમાં જો હું ફ્રીમોન્ટનું સમર્થન કરું તો જનતાને એક જ સંદેશ પહોંચશે કે અમેરિકામાં તાનાશાહી છે. અહીં કોઈ ચૂંટાયેલી સરકાર નથી તેથી હું સમર્થન આપી શકતો નથી. ફ્રીમોંટ હઠીલો માણસ હતો. તે આ પહેલા મિસૌરીના ગવર્નર, ગવર્નરના સહાયકો તથા મંત્રી મોન્ટ ગુમરીના પરિવાર સાથે ઝઘડા કરી ચૂકેલ હતો. બ્લેયરે તો લિંકનને લેખિત ફરિયાદ કરી નિવેદન કર્યું હતું કે ફ્રીમોંટને દૂર કરવામાં આવે. તો પણ લિંકને ફ્રીમોંટમાં વિશ્વાસ દેખાડેલો હતો અને તેને બોલાવી કહ્યું હતું, આશા છે હવેથી એવું નહિ થાય, પણ આ વખતે ફ્રીમોંટે વૉશિંગ્ટનને વિશ્વાસમાં લીધા વિના જ અધિનાયકવાદી એટલે કે ડિરેક્ટર જેવા આદેશો પ્રસારિત કર્યા. આને લિંકન સહન કરી શક્યા નહિ અને ૨ નવેમ્બરના દિવસે ફ્રીમોંટને દૂર કરી એના દ્વારા કરાયેલ બધા જ આદેશોને નાબૂદ કરી દીધા. એની સાથે પશ્ચિમ અને ઉત્તરના લોકો સહમત નહોતા. એ લોકો માનતા હતા કે સંભવિત છે કે સિદ્ધાંતોની રુએ ફ્રીમોંટ કરી રહ્યો હશે, પણ આ યુદ્ધને માત્ર ફ્રીમોન્ટની રીતે જ જીતી શકાય. આ એક રીતે લિંકન વિશે આલોચના અને ટીકા હતી. કંટેકીના લોકોએ અલબત્ત લિંકનના ફેંસલાને સાચો ઠેરવ્યો.

પોતાની આલોચનાના જવાબમાં લિંકને કહ્યું કે આમ કરવું જરૂરી હતું. એટલા માટે કે ફ્રીમોન્ટના આદેશો ચાલુ રહેત તો આપણે કંટેકી ખોવું પડત. કંટેકી ચાલ્યું જાત તો મિસૌરી, મેરીલેન્ડને પણ બચાવવા મુશ્કેલ થઈ જાત. જો મેરીલેન્ડ ચાલ્યું જાત તો વૉશિંગ્ટન કેવી રીતે બચી શકત. બીજી વાત એ કે ગુલામોને આઝાદ કરવા કે ન કરવા સંબંધી આદેશ મિલિટરીના જનરલ કેવી રીતે આપી શકે.

આ બાબત પૂરેપૂરી રીતે રાજનૈતિક છે. અહીં બંધારણ છે, ચૂંટાયેલી સરકાર છે અને લોકતંત્ર છે. તેથી આવી જાતના ફેંસલાઓ આ જ માળખામાં રહીને લઈ શકાય.

લિંકન પોતાની સઘળી વ્યસ્તતાઓ, ત્રાસ અને સંકટો હોવા છતાં પોતાના બંને પુત્રો ટેડ અને વિલી જોડે રમવાનું ભૂલતા નહોતા. તે બંને વ્હાઇટ હાઉસમાં શોર મચાવતા દોડતા ફરતા. તોફાન પણ ઓછું કરતા નહોતા. ક્યારેક નોકરોને સાથે લઈને ડ્રીલ કરતા તો ક્યારેક બીજું કંઈક. એમને ક્યારેક લાગે કે કોઈ જરૂરિયાતવાળું આવી ગયું છે અને તેની મુલાકાત લિંકન જોડે થવી જોઈએ તો કંઈ નહિ તો એના કાગળો દોડીને લિંકન સુધી પહોંચાડી દેતા. એ સમયે સામેના બારણેથી જવાની મનાઈ હતી તો પાછલા બારણેથી લિંકન પાસે પહોંચી જતા, પરંતુ આવનારને મદદ તો જરૂર કરતા. છતાં એ હતાં તો બાળકો જ. લિંકન એમના માટે પિતા હતા અને એવું માનતા કે તેઓ ક્યારેય પણ પિતાને પોતાની વાત કહી શકે છે. એક દિવસ લિંકન કૅબિનેટની બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા હતા. બેઠકમાં જરૂરી સમસ્યા ઉપર વિચારવિમર્શ ચાલી રહ્યો હતો કે બંને બાળકો ધડાક કરતા એ કક્ષમાં ચાલ્યાં ગયાં. ત્યાં પહોંચીને તેમણે લિંકનને કહ્યું કે ભોંયના રૂમમાં હમણાં જ એક બિલાડીએ બચ્ચાઓને જન્મ આપ્યો છે !

નાના દીકરા વિલીનું કસમયે મૃત્યુ

બાળકોને લિંકન ક્યારેય કંઈ કહેતા નહોતા. આ બાબતથી કૅબિનેટના ચેજ પણ પરેશાન હતા. એક વાર ચેજ કોઈ આવશ્યક મુદ્દા ઉપર લિંકનને સહમત કરાવવા માટે કોશિશ કરી રહ્યા હતા ત્યારે જ ટેડ આવ્યો અને કૂદતો કૂદતો લિંકનના ખભા ઉપર ચઢી ગયો અને પછી એક પગ લિંકનના ગળાની એક બાજુએ અને બીજો પગ લિંકનના ગળાની બીજી બાજુએ નાખી તે લિંકન ઉપર બેસી ગયો. આથી ચેજ ગુસ્સે થઈ ગયા, પણ લિંકન નિર્વિકાર ભાવે વાત કરતા રહ્યા.

વિલી શિયાળામાં પણ તોફાન છોડતો નહોતો. એ હાડકા કંપાવનારી ટાઢ હતી. વળી ટાઢ ઉપર વરસાદ થઈ ગયો હતો અને વિલી એમાં પલળી ગયો હતો. તેને તાવ ચડી ગયો. બહુ કોશિશો કર્યાં છતાં વિલીને બચાવી શકાયો નહિ. આ વખતે લિંકન હિબકે હિબકે રડ્યા હતા. એમણે કહ્યું, 'મારો બાળક ! એ આ ધરતી માટે બહુ સારો હતો. ઈશ્વરે એને પોતાને ઘેર બોલાવી લીધો, પણ આ તો વધારે પડતું છે, એને આ રૂપમાં જોવું વધારે પડતું છે.' મેરી લિંકન આ પછી એવા ઊંડા અવસાદમાં ચાલી ગઈ કે તે વિલીની અંતિમક્રિયામાં પણ ગઈ નહિ. મેરી એની

છબીને પણ જોઈ શકતી નહોતી અને વિલીને જે વસ્તુઓ ગમતી તે વસ્તુઓને પણ મેરી જોઈ શકતી નહોતી. એ ફળોને પણ તે જોઈ શકતી નહોતી જે ફળોને વિલી પસંદ કરતો. એણે વિલીના બધાં જ રમકડાં વહેંચી દીધા. એટલું જ નહિ જે અતિથિ કક્ષમાં વિલીએ અંતિમ શ્વાસ લીધા હતા તે કક્ષને પછી ક્યારેય ખોલ્યો નહિ. લિંકનની હાલત પણ ખાસી ખરાબ થઈ ગઈ હતી. કેટલાય દિવસો સુધી તેઓ જરૂરી કાગળો જોઈ શક્યા નહિ. એમના ટેબલ ઉપર કાગળો જવાબ લખ્યા વગરના પડ્યા રહ્યા.

રાષ્ટ્રપતિ કેટલીય વાર બેસીને ઊંચે સાદે કલાકો સુધી વાંચતા. એ સમયે વધુમાં વધુ એમનો એક સચિવ એમની જોડે હોય. મોટે ભાગે આવે સમયે લિંકન શેક્સપિયરને વાંચવું પસંદ કરતા. એક દિવસ તેઓ 'કિંગ જોન' વાંચી રહ્યા હતા. તેઓ તેમાં એવા લખાણ ઉપર પહોંચ્યા જેમાં એક સ્ત્રી પોતાના ખોવાયેલ પુત્ર માટે વિલાપ કરી રહી હતી. લિંકને પુસ્તકને બંધ કર્યું અને એ પંક્તિઓને મનમાં ને મનમાં રટવા માંડ્યા–

અને ! પિતા કાર્ડિનલ, મેં તમને
કહેતા સાંભળ્યા
કે આપણે આપણા સંબંધીઓને સ્વર્ગમાં
જોઈ અને જાણી શકીશું–
જો આ સત્ય છે તો હું મારા પુત્રને
ફરીથી જોઈ શકીશ.

પછી તેઓ પોતાના પુત્ર વિલીનાં સપનાંઓમાં ખોવાઈ ગયા. એમણે પોતાનું મસ્તક ટેબલ ઉપર ટેકવી દીધું અને ઘણી વાર સુધી હિબકા ખાતા રહ્યા. લિંકન પોતાના અંગત સંબંધોમાં પણ બહુ જ તરલ હતા. બાળકોના સંદર્ભે તેઓ બાળકોને ઈશ્વરનું પ્રતિરૂપ જ માનતા હતા. સામાજિક સંદર્ભોમાં એમનું માનવું હતું કે દરેક વ્યક્તિ પુખ્ત ઉંમર પ્રાપ્ત કરી શીખી જાય છે અને તે શીખવાની પ્રક્રિયા છે તેથી પ્રક્રિયાનું પણ સમ્માન થવું જોઈએ.

રાષ્ટ્રપતિના રૂપમાં લિંકનનો રાજ્યોના સંઘને સંદેશ ૩ ડિસેમ્બર ૧૮૬૧ના દિવસે કોંગ્રેસમાં એટલે કે સંસદમાં આપવામાં આવ્યો. એમણે સંસદમાં વિનંતી કરી કે હેની તથા સાઇબીરિયા બંનેને દેશના રૂપમાં માન્યતા આપવામાં આવે. આ બંને કાળા લોકોના દેશ છે. સ્પષ્ટ છે કે લિંકન પોતાની ધારણાઓ અને કાર્યોમાં એકરૂપ હતા. એમણે પોતાના ભાષણમાં મુક્ત સમાજમાં પૂંજી અને મજૂરોના સંબંધોનું

વર્ણન અને વ્યાખ્યા સમજાવ્યા. તે એ જ કાળમાં હતા જ્યારે 'દાસ કેપીટલ' દ્વારા દ્વંદ્વાત્મક ભૌતિકવાદની તાજી વ્યાખ્યા કાર્લ માર્ક્સે કરી હતી.

રાષ્ટ્રપતિ લિંકને કેબિનેટ તરફ ધ્યાન આપવાનું શરૂ કર્યું તો એમને લાગ્યું કે સેનામાં અંદરના ઝઘડાઓ, દુશ્મની, દ્વેષની ભાવનાઓ ઘર કરી ગયા છે. રાજ્ય સચિવ સેવર્ડ પોતાને સૌથી ઊંચા માનતા હતા. એટલું જ નહિ તેઓ વારે ઘડીએ બીજાઓનો અનાદર પણ કરતા હતા. તેથી લોકોમાં ઘેરો અસંતોષ વ્યાપી ગયો હતો. તિજોરીના સચિવ ચેજ સેવર્ડનો તિરસ્કાર કરવા લાગ્યા. જનરલ મેક્લેન યુદ્ધ સચિવ સ્ટેનટનથી નફરત કરવા લાગ્યો. પોસ્ટ માસ્ટર જનરલ બ્લેયરના સેવર્ડ સાથેના સંબંધો બગડ્યા હતા. બ્લેયરે તો છડેચોક સેવર્ડને સિદ્ધાંતહીન અને જૂઠો પણ કહ્યો. બ્લેયરે વિવાદને એટલો વધારી દીધો કે લિંકને હસ્તક્ષેપ કર્યો છતાં કંઈ વળ્યું નહિ. અંતમાં મજબૂત થઈને લિંકને બ્લેયરનું રાજીનામું માગવું પડ્યું. ઘૃણા એક ચેપી રોગ જેવી થઈ ગઈ હતી. આખી કેબિનેટમાં કોઈ કોઈનો વિશ્વાસ કરતું નહોતું અને સમ્માન પણ કરતું નહોતું. ઉપરાષ્ટ્રપતિ હન્નિબલા નૌસેનાના સચિવ ગિડોન વેલ્સ જોડે વાત પણ કરતા નહોતા. સ્ટેનટન તો બધાની જ ઘૃણાને પાત્ર હતા. તેઓ પણ ચેજ, વેલ્સ, બ્લેયર અને મેરીનો તિરસ્કાર કરી ચૂક્યા હતા. કેબિનેટનો દરેક સભ્ય પોતાને લિંકન કરતા ચઢિયાતો સમજવા લાગ્યો હતો. રાષ્ટ્રપતિ લિંકને ઈ.સ. ૧૮૬૦માં ઘણી જ આશાઓ અને વિશ્વાસ સાથે બેટ્સને એટર્ની જનરલ નિયુક્ત કર્યા હતા. લિંકન સમજતા હતા કે આનાં પરિણામો સારાં આવશે. આથી ઊલટું બેટ્સે પોતાની ડાયરીમાં લખ્યું કે લિંકનને રાષ્ટ્રપતિ બનાવીને રિપબ્લિકન લોકોએ મોટી ભૂલ કરી છે. લિંકન એક એવી વ્યક્તિ છે, જેમાં ઇચ્છા શક્તિનો અભાવ છે. તે નિયંત્રણ કરવામાં પણ ઘણા જ અક્ષમ છે. સેવર્ડને લાગતું હતું કે પોતાને પ્રશાસન ચલાવવાનો વીશ વર્ષનો લાંબો અનુભવ છે. તે પોતે વસ્તુઓને લિંકન કરતા વધુ સારી રીતે સમજે છે અને ઉકેલ કાઢવાની તાકાત રાખે છે. સેવર્ડને લોકો ખુશામદમાં ચાંપલાસથી 'વડા પ્રધાન' કહેતા તો તેને બહુ જ સારું લાગતું હતું. તે એવા લોકોને નજીક રાખવાનું પણ પસંદ કરતો. એટલું જ નહિ, એનું એવું માનવું હતું કે અમેરિકાના આ બધાં પાપોની મુક્તિ માત્ર તેના અને તેના મારફતે જ સંભવ છે.

ઑફિસરોની અવળચંડાઈ

એક વાર તો સેવર્ડે લિંકનને બહુ જ ખરાબ પત્ર લખી નાખ્યો અને આશ્ચર્ય થાય તેનાથી પણ વધુ કંઈક કહેવાય એવો એ ખરાબ પત્ર હતો. એવો પત્ર ક્યારેય

કેબિનેટના કોઈ સભ્યે રાષ્ટ્રપતિને નહિ લખી મોકલ્યો હોય. સેવર્ડ માનતો હતો કે એને દેશનું શાસન ચલાવવા માટે સચિવ બનાવ્યો છે. લિંકન તો માત્ર મહોરું છે. એ એકલા જ નહિ, પરંતુ એના કેટલાક ખુશામતિયા દોસ્તો પણ એવું જ માનતા હતા. સેવર્ડે પત્રમાં લખ્યું હતું, 'આપણા પ્રશાસનનો આ મહિનો પણ વીતી ગયો. આ મહિને પણ અંદરની કે બહારની વિદેશી સમસ્યાઓ અંગે કોઈ પણ નીતિ ઘડવામાં આપણે સફળ થયા નથી.' પત્રના અંતમાં સેવર્ડનું સૂચન હતું કે હવે લિંકને પરદા પાછળ ચાલ્યા જવું. જો દેશને નરક તરફ જતો બચાવવો હોય તો વાસ્તવિક નિયંત્રણ સેવર્ડના હાથમાં સોંપી દેવામાં આવે. સેવર્ડને મેક્સિકોના સંદર્ભમાં ફ્રાંસનું વર્તન પણ પસંદ નહોતું. તે ગ્રેટ બ્રિટન અને રશિયાથી પણ નારાજ હતો. સેવર્ડે આ મામલે ઇંગ્લૅન્ડ માટે અહમને પોષતી એક નોંધ તૈયાર કરી. લિંકનની નજર આ નોંધ ઉપર પડી ગઈ. લિંકને એ નોંધની ભાષા અને તીખા ભાવને બદલી કાઢ્યા નહિતર યુદ્ધ થવામાંથી કોઈ બચાવી શકત નહિ.

લિંકને પોતે માન્યું હતું કે પોતે અનુભવી નહોતા અને જે જાતની પરિસ્થિતિઓ સામે આવી રહી હતી એમાં કોઈ પણ શખ્સને સારામાં સારી સલાહ અને મદદની જરૂર પડે ને પડે જ. 'મને પણ આ જરૂર પડેલી અને મેં મદદ લીધી ખરી, પણ એનાથી તો પરેશાનીઓ વધી ગઈ.' આ દરમિયાન આખા વૉશિંગ્ટનમાં ખોટો પ્રચાર થઈ રહ્યો હતો કે આખું બધું રાજ્ય પ્રશાસન સેવર્ડ ચલાવી રહ્યો છે. આ વાત મેરી લિંકને પણ સાંભળી. આથી તે ઊકળી ઊઠી. એનો ગર્વ ઘવાયો અને તેણે લિંકનને કહ્યું કે કાયદેસર રીતે જરૂરી પગલાં લેવામાં આવે જેથી સ્થિતિ સ્પષ્ટ થાય. લિંકને મેરીને ભરોસો અપાવ્યો કે તું ચિંતા કર નહિ, હું પ્રશાસન ચલાવું કે ન ચલાવું, પણ એટલું તો નક્કી છે કે હવે સેવર્ડ પ્રશાસન નહિ ચલાવે.

સેલમોન પી. ચેજ લિંકન કેબિનેટનો મહત્ત્વનો સભ્ય હતો. લાંબો સુંદર અને સંસ્કારી તથા ત્રણ ભાષાઓનો વિદ્વાન. ચેજને આશ્ચર્ય થતું હતું કે વ્હાઇટ હાઉસમાં લિંકન જેવો માણસ રહે છે જેને રાતના જમવાના હુકમો પણ બરાબર દેતા આવડતા નથી. એને હંમેશાં એમ જ લાગતું હતું કે તેની સાથે અન્યાય થયો છે. સેવર્ડ જેવા માણસને સચિવ બનાવી શકાય છે તો પોતાને કેમ નહિ ? ઈ.સ. ૧૮૬૪માં ફરીથી ચૂંટણીઓ થવાની હતી અને ચેજ એમાં લાગી ગયો કે હવેની વખતે પોતે વ્હાઇટ હાઉસમાં પહોંચશે. ચેજે એ બધી જ મૂર્ખાઈ આદરી જે બાબતે ટીકા કરતા લિંકને પણ કહ્યું હતું કે આ બધું ચેજે રાષ્ટ્રપતિ બનવા માટે આચરેલું ગાંડપણ છે. મજાની વાત એ હતી કે લિંકનની રૂબરૂમાં પોતે લિંકનનો સૌથી સારો દોસ્ત હોવાનો ડોળ ચેજ કરતો હતો, પણ જેવી લિંકનની પીઠ ફરતી કે તરત જ ચેજ લિંકનની નિંદા

કરવાનું શરૂ કરી દેતો અને એ પણ ખરાબ અને ઉગ્ર લઢણમાં. એટલું જ નહિ લિંકન જ્યારે પણ કોઈ સખત ફેંસલો કરતા જેથી કોઈ વ્યક્તિને સહન કરવાનું આવતું તો ચેજ તે વ્યક્તિને મળતો અને તેને કહેતો કે ભાઈ, તું સાચો છે અને એમ એ વ્યક્તિની સહાનુભૂતિ મેળવવાનો યત્ન કરતો. લિંકને કહ્યું, 'ચેજ એક કાબેલ માણસ છે, પરંતુ જ્યાં સુધી રાષ્ટ્રપતિના પદ માટે તેના આચરણનો સવાલ છે તો એ વિશે પોતે ચસકેલ થઈ ગયો છે. મને કેટલાય લોકોએ સલાહ પણ દીધી કે આનું કંઈ કરવું જોઈએ, પણ હું કંઈ કરવા માગતો નથી. એ ઓછામાં ઓછું ત્યાં સુધી કે ચેજ પોતાની જવાબદારી સારી રીતે નિભાવતો રહે.' પરંતુ પરિસ્થિતિઓ સારી રહી નહિ, વધુ ને વધુ બગડતી જ ગઈ. ચેજે કેટલીય વાર રાજીનામું આપ્યું અને દરેક વખતે લિંકને જઈને તેને મનાવ્યો કે કામ કરો. જનતાએ આ માટે જવાબદારી સોંપી છે. આથી ચેજને લાગ્યું કે લિંકન ડરી ગયા છે અને પોતાના વગર તે કામ ચલાવી શકે તેમ નથી. એણે દબાણ વધારવા માટે ફરીથી એક વાર રાજીનામું મોકલી આપ્યું. ત્યાં સુધી હાલત એટલી ખરાબ થઈ ગઈ હતી કે બંને એક બીજાની શકલ જોવાનું પણ પસંદ કરતા નહોતા. લિંકને વિચાર કર્યા વિના જ ચેજનું રાજીનામું મંજૂર કરી લીધું.

રાજીનામું મંજૂર થતા જ નાણાકીય બાબતોની સેનેટ સમિતિના સભ્યો વ્હાઇટ હાઉસમાં ઓછા થયા. તેઓ વિરોધ દર્શાવી રહ્યા હતા. લિંકને બધું જ શાંતિથી અને ધીરજ રાખી સાંભળ્યું અને પછી કહ્યું કે ચેજ પ્રશાસન ચલાવવા ઇચ્છતો હતો અને રાષ્ટ્રપતિના મહત્ત્વને પડકારી રહ્યો હતો. ચેજની ઉપયોગિતા સમાપ્ત થઈ ચૂકી છે. એ ઇચ્છે કે હું એને મારા ખભે બેસાડીને ફોસલાવું કે આમ ન કર. આ હું કરી શકતો નથી. જો જરૂર પડશે તો હું રાજીનામું આપીને ઇલિનોય ચાલ્યો જઈશ અને ત્યાં ખેતી કરીને પેટ ભરવાની વ્યવસ્થા તો હું કરી શકું તેમ છું. આમ છતાં લિંકનને ચેજની યોગ્યતા ઉપર કોઈ શંકા નહોતી. સાધારણ રીતે બને છે એવું કે પોતાના તરફ કોઈએ કરેલા આચરણને આધારે માણસ વ્યક્તિને મૂલવે છે, પરંતુ લિંકન એમ કરતા નહોતા. એમણે પાછળથી કહ્યું હતું કે અત્યાર સુધી હું જેટલા મહાન પુરુષોને મળ્યો છું, ચેજ તેમાંના એક છે. લિંકને આ કહ્યું એટલું જ નહિ થોડાક સમય પછી ચેજને અમેરિકાની સુપ્રીમ કોર્ટનો મુખ્ય ન્યાયાધીશ નિયુક્ત કર્યો. આ ઘોષણાથી ચેજ પણ ચોંકી ઊઠ્યો હતો.

સ્ટેનટન ભારે પરંતુ બળવાન શરીરવાળો મધ્યમ કદનો માણસ હતો. એના પિતા ડૉક્ટર હતા જેમના બહારના કક્ષમાં માણસનું હાડપિંજર લટકાવેલું રહેતું.

એમને થતું કે એક દિવસ એમનો પુત્ર ડૉક્ટર બનશે. જોકે તેમ થયું નહિ. સ્ટેનટનનો પાકો અભિપ્રાય હતો કે લિંકન પ્રશાસન ચલાવવા માટે સમર્થ નથી. મિલિટરી શાસકે લિંકનને વ્હાઇટ હાઉસની બહાર કાઢી મૂકવા જોઈએ – સ્ટેનટને બુચાનનને એક પત્ર લખ્યો હતો. એમાં એણે લિંકનની નિંદા અને આલોચના એવી ખરાબ ભાષામાં કરી હતી કે જેનો ઉલ્લેખ પણ ન કરાય.

લિંકનને શપથ લીધે દશ મહિના થઈ ગયા હતા. યુદ્ધ સચિવ કેમેશન અને લિંકન વચ્ચે અસહમતિ કોઈ કારણથી વધતી ગઈ. લિંકને યુદ્ધ સચિવ પાસેથી રાજીનામું માંગી લીધું. લિંકનને ખબર હતી કે દેશનું ભવિષ્ય એમની આ ચૂંટણી ઉપર ટકેલું હતું. તેઓ કોઈ પણ દ્વિધામાં નહોતા અને તેમણે સ્ટેનટનને યુદ્ધ સચિવ નિયુક્ત કરી દીધો. સંભવતઃ આ એકલી એવી નિયુક્તિ હતી જેને પછીથી ઇતિહાસકારોએ સૌથી વધુ બુદ્ધિપૂર્વકની નિયુક્તિ ઠેરવી. એક એવી વ્યક્તિની નિયુક્તિ જેના આધારે દેશ અને લિંકન બંને નિર્ભર હોય. એ પદ ઉપર લિંકને એવી વ્યક્તિ નીમી જે વ્યક્તિ લિંકનને પોતાને સખત રીતે નાપસંદ કરતી હતી. સાધારણ રીતે આવું થતું નથી. આજની આ જમાનાની રાજનીતિમાં તો બિલકુલ આમ થતું નથી. જોકે સ્ટેનટને પણ યુદ્ધ સચિવ બન્યા પછી લિંકનને દગો નહોતો દીધો. તે દિવસ-રાત કામ કરતો. ત્યાં સુધી કે ભોજન પણ યુદ્ધના મેદાનમાં કરતો અને ઊંઘવા માટે પણ ઘેર જતો નહોતો. જોકે સ્ટેનટન પણ એવા સૈન્ય ઑફિસરોથી ઘેરાયેલો હતો કે જેઓ તદ્દન અયોગ્ય હતા અને કર્તવ્ય પરાયણ નહોતા. સ્ટેનટને એવા ઑફિસરોની સખત પરેડ લઈ કાઢી. સ્ટેનટનથી કૉંગ્રેસના અનેક સભ્યો પણ ડરતા હતા. એને મન બંધારણ એ ધર્મ અને ઇમાન હતું. બંધારણનું ઉલ્લંઘન કરવાના મામલે સ્ટેનટને કેટલાય જનરલોની પણ ખબર લઈ નાખી હતી. એણે મેક્લેનને પણ કહી દીધું કે મેક્લેને સેનાની જવાબદારી નભાવવી હોય તો તેણે લડવું જ પડશે.

એક દિવસે એક સંસદ સભ્ય સ્ટેનટન પાસે પહોંચ્યો અને કહેવા લાગ્યો કે કોઈ રેજીમેન્ટનું સ્થાનાંતરણ કરી દે અને બતાવ્યું પણ ખરું કે કોનું સ્થાનાંતરણ કરવાનું છે. સ્ટેનટને બતાવ્યું કે હું આવું કંઈ કરી શકતો નથી, પરંતુ રાજનીતિવાળા પોતાનું પાસું ફેંકીને એમ જ કંઈ ઊઠી જતા નથી. એ રાજનેતાએ કહ્યું કે કદાચ તમને ખબર નથી કે મારી પાસે રાષ્ટ્રપતિનો આદેશ છે. આ વાત ઉપર સ્ટેનટને ગુસ્સાથી કહ્યું કે જો રાષ્ટ્રપતિએ આવો આદેશ આપ્યો હોય તો તે મૂર્ખ છે. એ સજ્જન લિંકન પાસે ગયો અને કહેવા લાગ્યો કે સ્ટેનગનને તત્કાળ બરખાસ્ત કરવામાં આવે. લિંકને તેની વાત ધ્યાનથી સાંભળી અને પોતાની ટેવ મુજબ કહ્યું

કે, 'જો તે કહી રહ્યો છે કે હું મૂર્ખ છું તો કદાચ હોઈ પણ શકું છું. ખેર હું પોતે એને મળીશ.' લિંકન સ્ટેનટને મળવા ગયા તો સ્ટેનટને બતાવ્યું કે આવો આદેશ આપવો જોઈએ નહિ. આ ખોટું છે. લિંકન સ્ટેનટનની વાતથી સંમત થઈ ગયા અને પોતાનો આદેશ પાછો લઈ લીધો. સ્ટેનટનની કડવી નોંધો વિશે લિંકનને ખબર હતી છતાં તેઓ એના કામમાં હસ્તક્ષેપ કરતા નહોતા તેમજ એ અંગે કોઈ સફાઈ પણ માંગતા નહોતા. એ કહેતા રહેતા કે પોતે સ્ટેનટનની પરેશાનીઓ વધારવા માંગતા નથી. એની સ્થિતિ દુનિયામાં સૌથી કઠણ છે. હજારો લોકો સ્ટેનટનનો વાંક કાઢે છે, કારણ કે એ લોકોની બઢતી થઈ નથી અને હજારો લોકો એટલા માટે વાંક કાઢે છે કે એ લોકોની નિમણૂક નથી થઈ. સ્ટેનટન ઉપર જેટલું દબાણ છે એટલું કદાચ કોઈ ઉપર નથી. આ દબાણને માપી શકાય તેમ નથી. એનો તો અંત જ નથી. સ્ટેનટન આખી જિંદગી લિંકનનો પ્રશંસક બન્યો નહિ, પણ ફોર્ડ્સ થિયેટરમાં લિંકનના પાર્થિવ શરીરને જોઈને સ્ટેનટને કહ્યું હતું, 'અહીં એક એવો માણસ સૂઈ રહ્યો છે જે દુનિયાનો સૌથી સારો પ્રશાસક હતો.'

લિંકનના સચિવ રહી ચૂકેલ જોને લખ્યું છે કે, 'લિંકનને અનિયમિત રીતે કામ કરવાની ટેવ હતી. અમને ચાર વરસ એમને સમજાવવામાં લાગ્યા કે કેટલાક નિયમોની પ્રક્રિયાનું પાલન કરવું કોઈ પણ કામ માટે અનિવાર્ય હોય છે. તેઓ કોઈ પણ નિયમને બનવાની સાથે જ તોડી નાખવામાં વિશ્વાસ રાખતા હતા. એમને લાગતું હતું કે કાર્ય મહત્ત્વ છે, નિયમ નહિ. નિયમો પણ કામ માટે જ બનાવવામાં આવ્યા છે. એમને એવો કોઈ નિયમ મંજૂર નહોતો જે તેમને સામાન્ય જનતાથી, જનસાધારણથી દૂર રાખે. એ અલગ વાત છે કે જનતા લિંકનની જિંદગીમાં બિનજરૂરી ફરિયાદો અને અરજીઓ લઈને અસંતોષ પેદા કરવા સિવાય બીજું કંઈ કરતી નહોતી. છતાં લિંકન એ લોકોને ક્યારે પણ દૂર થવા દેતા નહોતા.

લિંકન બહુ ઓછા પત્રો લખતા હતા અને એમની પાસે જ પત્રો આવતા એમાંથી પચાસ પત્રોમાંથી એક પત્ર મુશ્કેલીથી વાંચતા હતા. એમનું ધ્યાન આ બાબતે દોરવામાં આવ્યું તો એમણે પત્રોનું કામ પૂરી રીતે મારા ઉપર નાખી દીધું. મને યાદ નથી કે તેમના નામે લખેલો પત્ર પણ તેમણે પૂરો વાંચ્યો હોય.'

લિંકન બહુ થોડું જમતા. નાસ્તામાં ઈંડું, ટોસ્ટ, કૉફી વગેરે અને બપોરે દૂધ, બિસ્કિટ વગેરે. રાતે લગભગ ૧૧ વાગ્યે સૂઈ જતા અને સવારે કામ માટે તૈયાર.

સમાચારપત્રોને લગભગ ઉપર ઉપરથી જોતા હતા. વાંચતા તો કદાચ જ હશે. કોઈ ખાસ લેખ કે રિપોર્ટ ઉપર એમનું ધ્યાન દોરવામાં આવે ત્યારે જ કંઈ વાંચતા. તેઓ કહેતા રહેતા, 'મને આ લોકોથી વધુ ખબર છે.' એમને વિનીત કહેવું

મુશ્કેલ છે, કદાચ એટલા માટે કે કોઈ પણ મહાપુરુષ આટલો અને આવો વિનીત હોઈ શકતો નથી.

ટ્રેંટ જહાજની ઘટના

ઘટનાઓની સાથે ચાલીએ તો ૩ ડિસેમ્બર, ૧૮૬૧ના રોજના લિંકનના સંદેશના થોડા સમય પહેલા ઑક્ટોબરમાં અલગતાવાદીઓએ બ્રિટન અને ફ્રાંસમાં એક એક રાજદૂત નિયુક્ત કરી દીધો. પહેલા એ લોકો ક્યૂબા ગયા. ત્યાંથી બ્રિટનના ટપાલ જહાજથી યુરોપ રવાના થઈ ગયા. રસ્તામાં અમેરિકન નૌસેનાના જહાજના કેપ્ટન વિલ્કીજે બ્રિટનના જહાજ 'ટ્રેંટ'ની તલાશી લીધી અને પેલા લોકોને ઉતારી બોસ્ટન બંદરે લઈ જવાયા. વિલ્કીજની અમેરિકામાં સારી પ્રશંસા થઈ, પણ બ્રિટને આને પોતાનું અપમાન ગણી આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન બતાવ્યું. વિદેશ નીતિનું કામ સેવર્ડ જોતો હતો. પહેલા આ વિશે ઉલ્લેખ કરાયો છે કે સેવર્ડે કેવા પત્રો લિંકનને લખ્યા હતા, જે પત્રો લિંકને જોયા ન હોત તો નિશ્ચિત યુદ્ધ જ થાત. એવામાં લિંકન સમનર જોડે પરામર્શ કરવા લાગ્યા. સમનર સેનેટની વિદેશી બાબતોને લગતી સમિતિનો અધ્યક્ષ હતો. તે લિંકનને ઇમાનદાર, પરંતુ અનુભવહીન માનતો હતો અને લિંકન સમનરને સારો રાજનીતિજ્ઞ માનતા હતા. બ્રિટન એ જમાનામાં મોટી રાજનીતિક શક્તિ હતું. અમેરિકા પહેલાથી જ ગૃહયુદ્ધમાં સળગી રહ્યું હતું અને તે પોતાની નબળાઈ પણ હતી તેથી તેને બ્રિટનની જ્વાળામાં દાઝવું નહોતું. સમનરે લિંકનને સલાહ આપી કે લિંકન આ મામલામાં પંચનો નિર્ણય અપનાવે. બ્રિટન ગુસ્સે હતું. અમેરિકા માફી માંગે અને પકડાયેલા રાજનીતિઓને છોડી મૂકે એવી માંગ બ્રિટને મૂકી અને ચેતવણી આપી કે જો સાત દિવસમાં એમ નહિ થાય તો બ્રિટનનું અમેરિકામાંનું દૂતાવાસ બંધ કરી દેવાશે. ૨૫ ડિસેમ્બરે કૅબિનેટની બેઠક થઈ. જોકે એમાં સમસ્યાનો ઉકેલ આવ્યો નહિ, પણ પછીની બે બેઠકોમાં ઉકેલ શોધી કઢાયો.

જનરલ મેક્લેનને કેટલાક લોકો દેશદ્રોહી કહેતા હતા, પણ લિંકન એવું કહેતા નહોતા, પણ એની ગતિવિધિઓ ઉપર નજર જરૂર રાખતા. અલગતાવાદી સેનાએ મનાસાજથી પીછેહઠ કરવા માંડી ત્યારે મેક્લેન ૧ લાખ ૧૨ હજાર સૈનિકો લઈ ત્યાં પહોંચ્યો. અહીં મુશ્કેલીથી ૫૦ હજાર લોકો જ હતા જેમને પહેલા ૧ લાખ બતાવવામાં આવેલા અને જનરલ કોઈ રીતે પોતાને યુદ્ધથી બચાવવા માંગતો હતો. હાંસી તો ત્યારે વધી જ્યારે ખબર પડી કે વિદ્રોહીઓએ લાકડાના જાડા ઢીમોને એવી રીતે ગોઠવેલા કે તે તોપો જેવા દેખાયા. મેક્લેન તો તેમને તોપો જ સમજતો.

જાણતા તો બધા જ હતા કે યુદ્ધ પાછળનું મુખ્ય કારણ ગુલામીની પ્રથા જ છે, છતાં લિંકન આ વિશે સ્પષ્ટ કંઈ કહેતા નહોતા. એમનું માનવું હતું કે ગુલામીની પ્રથાના ઉન્મૂલન પહેલા એ જરૂરી છે કે દેશમાં એકતા મજબૂત થાય. રિપબ્લિકન પાર્ટીનું દબાણ વધી રહ્યું હતું કે લિંકન આ બાબતે પોતાની નીતિ સ્પષ્ટ કરે. જોકે એક રીતે તો આ સ્પષ્ટ જ હતું. એ જેટલાં પગલાં ભરી રહ્યાં હતાં તે બધાં ગુલામીની પ્રથા ઉપર જ ઘા કરતા હતા. લિંકન રાષ્ટ્રપતિ હતા, પરંતુ રાષ્ટ્રપતિએ પણ કાયદા અનુસાર જ કામ કરવાનું હોય છે. અમેરિકામાં ભાગેડુઓનો કાયદો લાગુ હતો. આ કાયદા અનુસાર સરકારની ફરજ હતી કે તે ભાગેડુઓને ફરીથી તેમના માલિકોને હવાલે કરે અને ભાગેડુ ગુલામો મળે નહિ તો તેમને શોધે પણ ખરી. સેનાના અનેક કમાન્ડરો આ કાયદાથી સમ્મત નહોતા. એમનું માનવું હતું કે ફરીથી હવાલે કરેલા ગુલામોનો ઉપયોગ અલગતાવાદી લોકો ઢાલના રૂપમાં પણ કરી શકે છે. આથી લિંકને પોતાની જૂની દરખાસ્ત બેવડાવી કે શરણાર્થીઓને એવી જગ્યાએ વસાવવામાં આવે જે તેમના મન મુજબની હોય. માર્ચ ૧૮૬૨માં લિંકને કૉંગ્રેસને આપેલા પોતાના સંદેશમાં કહ્યું કે અમેરિકા એવા કોઈ પણ રાજ્યને સહકાર આપશે જે રાજ્ય ગુલામીની પ્રથાનો ક્રમ ગત રીતે નાબૂદ કરવાની નીતિ ઉપર કામ કરતું હોય.

લિંકન દૂરદર્શી હતા, તે તેમણે પોતાના દરેક પગલાથી સાબિત કર્યું. સાનફ્રાંસીસ્કોના સમાચારપત્ર 'ડેલી આરા કેલિફોર્નિયા'એ લખ્યું કે આ ખરા સમયે અને ખરી જગ્યાએ ભરવામાં આવેલું પગલું છે. ન્યૂયૉર્કના સમાચારપત્રોએ આને નવા યુગના સૂત્રપાતી પગલા તરીકે ગણાવ્યું. 'ન્યૂયૉર્ક ટ્રિબ્યુન'એ લખ્યું કે આ સૌભાગ્યની વાત છે કે લિંકન આપણા રાષ્ટ્રપતિ છે. આખો દેશ આ વાત માટે ધન્યવાદ આપે છે કે આપણી પાસે આટલો બુદ્ધિશાળી શાસક છે. ગુલામોને આઝાદ કરવા માટે થનારા ખર્ચ બાબતે લિંકને સ્પષ્ટ કર્યું કે ડેલાવેયરના પ્રાંતમાં ગુલામોને આઝાદ કરાવવામાં જે ખર્ચ થશે તે ખર્ચ યુદ્ધના માત્ર અર્ધા દિવસના ખર્ચ જેટલો જ છે. બહુ ટૂંકી ચર્ચા પછી લિંકનના પ્રસ્તાવને સંસદે ધ્વનિમતથી પસાર કર્યો.

૩ મેના રોજ લિંકનને જાણ થઈ કે મેક્લેન પેનિનસુલા તરફ આગળ વધી રહ્યો છે. લિંકને નક્કી કર્યું કે રણભૂમિ ઉપર પહોંચીને સ્થિતિ જાણવી જોઈએ. આ વિચાર આવતા જ લિંકન, ચેજ અને સ્ટેનટન 'મિયામી' સ્ટીમર ઉપર સવાર થઈ ચાલી નીકળ્યા. બીજા દિવસે તેઓ મોનરોના કિલ્લામાં પહોંચ્યા. આની સુરક્ષાની જવાબદારી ઇઠોત્તેર વર્ષના જનરલ બુલના હાથમાં હતી. ત્યાં ખબર પડી કે

મેક્લેનનું ત્યાં પહોંચવું અત્યારે સંભવ નથી. એમને વિચાર આવ્યો કે નારફાકને છોડાવી લેવું. ત્યાં 'મૈરીમૈક' નામનું જહાજ ઊભું હતું. તે જહાજ ક્યારેક સંઘની સુરક્ષા માટે ખતરો બની શકતું હતું. બુલની સલાહ હતી કે મોટી સેના લીધા સિવાય ત્યાં જવામાં ન આવે, પરંતુ ચેજ એક સુરક્ષા હોડીમાં સવાર થઈ નારફાક સુધી પહોંચી ગયો. પછીથી સ્ટેનટન અને લિંકન પણ ત્યાં પહોંચી ગયા હતા. પછી લિંકનને મોનરોના કિલ્લામાં પાછા મોકલી દેવાયા અને ચેજે નાનકડી સૈન્ય ટુકડીના બળથી નારફાકનું સમર્પણ પણ કરાવી લીધું. એટલું જ નહિ જે 'મૈરીમૈક' જહાજથી ખતરો હતો તે જહાજને પણ નષ્ટ કરી દેવાયું. એવું નથી કે આ પરાક્રમની વાહવાહ ચેજે એકલા પોતે જ લૂંટી. તેણે કહ્યું જો લિંકનમાં અખૂટ હિમ્મત અને સૂઝબૂઝ હોત તો આ સંભવ થાત નહિ.

કાગળના ચલણનો પ્રશ્ન

આ દરમિયાન દેશની નાણાકીય સ્થિતિ દયનીય થઈ ગઈ. નાણામંત્રી ચેજે આને પહોંચી વળવા માટે કૉંગ્રેસને જણાવ્યું કે તેને કાગળનું ચલણ ચાલુ કરવાની અનુમતિ આપવામાં આવે. આ દરમિયાન વિદ્રોહીઓની રાજધાની રિચમોંડને રગદોળવાના ખ્યાલથી મેક્લેન તે તરફ આગળ વધી રહ્યો હતો, પણ કોઈ દૂરદર્શીપણા વગર જ. એણે કામ કંઈ એવી રીતે કર્યું કે વૉશિંગ્ટન માટે ખતરો પેદા થઈ ગયો. મુખ્ય સેનાપતિ જો પોતાની જવાબદારી બરાબર નિભાવે નહિ તો કોઈને કોઈએ તો નિભાવવી જ જોઈએ. તેથી દૈનિક પ્રશાસન ઉપરાંત લિંકન અને સ્ટેનટન સેનાની દૈનિક જરૂરિયાતોને જોતાં અને ક્યાં શું કરવાનું છે એનાં સૂચનો પણ કરતાં. હકીકતમાં આ કામ મેક્લેનનું હતું. જ્યાં સુધી રીચમોંડ તરફ આગળ વધવાની વાત છે તો મેક્લેનની ગતિ દિવસના માત્ર બે માઇલની હતી. એટલે કે સંઘીય સેના રીચમોંડ તરફ એક દિવસમાં બે માઇલથી વધુ રસ્તો કાપી શકતી નહોતી. પરિણામે વિદ્રોહીઓ પ્રભાવી થઈ ગયા. એમણે મેક્લેનના સૈનિકો ઉપર એટલે કે પોટેમૈક સેના ઉપર હુમલો કરી દીધો. એ અલગ વાત છે કે તે લોકો સંઘીય સેનાનો પાર પામી શક્યા નહિ, છતાં સેનાએ પોતાના પાંચ હજાર જવાનો ગુમાવવા પડ્યા. આથી મેક્લેન ફરીથી એ જ કહેવા લાગ્યો કે તેને હજી વધુ બળની જરૂર છે. એમ તો મેક્લેન આ વાત એટલી બધી વાર કહી ચૂક્યો હતો કે આ એની ટેવ અને સૂત્ર થઈ પડેલ. મેક્લેનને વધુ મદદ આપવામાં આવી અને તેથી તેની પાસે ૧,૩૦,૦૦૦ સૈનિકો થઈ ગયા, પરંતુ ફરી એક વાર વિદ્રોહીઓએ સંઘીય સેનાને કોઈ પણ તક

આપ્યા વિના હુમલો કરી દીધો. આ વખતે સંઘીય સેનાને ચીકમોહિની નદીને પાર જવું પડ્યું. લિંકને ઉત્તરી વર્જીનિયાની બધી ટુકડીઓ એકઠી કરી તેને મેળવીને વર્જીનિયા સેના તૈયાર કરી, પણ એની લગામ મેક્લેનને આપી નહિ. એનો નેતા જોન પોપને બનાવાયો.

જુલાઈમાં લિંકને ક્લેલનના મુખ્યાલયનું નિરીક્ષણ કર્યું. એ એટલા માટે કરવામાં આવ્યું કે એ અંગેની સૂચના ક્યારે પણ ક્યાંયથી મળતી નહોતી. તે લાંબા સમયથી બચેલું હતું. વિદ્રોહીઓની સંખ્યા લગભગ બે લાખ હતી. આની પુષ્ટી ક્યાંયથી મળી નહોતી. લિંકને તપાસ કરી તો જણાયું કે વિદ્રોહીઓની સંખ્યા આટલી નથી. મેક્લેન સમજી ગયો કે લિંકન આવે અને પૂછે એ પહેલા પોતે જ લિંકન સામે નવા સવાલો ઊભા કરી દે. લિંકન મુખ્યાલયે પહોંચ્યા જ હતા કે મેક્લેને તેમને એક ખાનગી પત્ર આપ્યો. એમાં લખ્યું હતું કે સંઘે ખ્રિસ્તી સભ્યતા અને સંસ્કૃતિ અનુસાર લડાઈ લડવી જોઈએ. એટલું જ નહિ, વિદ્રોહીની સંપત્તિ ઉપર ટાંચ કરવામાં આવે નહિ. સંપૂર્ણ સેના માટે એક સેના પ્રમુખ હોવો જોઈએ. આ બધું વાંચી-સાંભળીને લિંકન પાછા ફર્યા અને આ વખતે તેઓ પહેલા કરતા વધુ દૃઢ અને નિશ્ચિંત હતા. ૧૧ જુલાઈના દિવસે તેમણે હેનરી હેલકને સેનાના પ્રમુખ બનાવી દીધા. લિંકને હેનરી હેલકને એ પણ કહ્યું કે જો તેઓ ઇચ્છે તો મેક્લેનને દૂર પણ કરી શકે છે. હેલકનો વિચાર હતો કે જો રાષ્ટ્રપતિ ઇચ્છે છે કે મેક્લેનને ઉચ્ચ હોદ્દા પર રાખવો જોઈએ નહિ તો એનો ફેંસલો રાષ્ટ્રપતિએ કરવો જોઈએ. લિંકન સમજતા હતા કે જ્યાં સુધી તાત્કાલિક રૂપે યુદ્ધમાં વિજય પ્રાપ્ત થશે નહિ ત્યાં સુધી ગુલામીની પ્રથાનું કંઈ સમાધાન થઈ શકશે નહિ. તેથી એમની નજર મનાસાજમાં પોપની સૈન્ય ટુકડી ઉપર હતી. એને મદદ કરવા માટે લિંકને મેક્લેનને જણાવ્યું હતું, પરંતુ મેક્લેન હેલકની નિમણૂક પછી કુંઠિત અને નારાજ થઈ ગયો હતો. તેથી પણ તેણે પોપની મદદ કરી નહિ. આને એમ પણ કહી શકાય કે મેક્લેને એક વાર ફરી લિંકનના આદેશની અવગણના કરી. પરિણામ સ્પષ્ટ હતું. પોપની સેના જીતી શકી નહિ. મદદ કરી હોત તો રીચમોંડ ઉપર સંઘનો ધ્વજ ફરકત અને બાજી લિંકનના હાથમાં આવી જાત, પણ એમ થયું નહિ. લિંકને વિચાર્યું કે શી ખબર ઈશ્વર આ યુદ્ધને કયા કારણે લંબાવવા માગે છે. એમણે મેક્લેનને કહ્યું કે તે વૉશિંગ્ટન આવીને અહીંની સેનાનું કામકાજ સંભાળે. આ બાબતે સ્ટેનટન ગુસ્સે થઈ ગયો. એણે કહ્યું કે મેક્લેન જેવા માણસને સંઘની સેનાની કોઈ પણ ટુકડીનો ઉપરી બનાવવો જોઈએ નહિ.

લિંકનની મહત્ત્વપૂર્ણ ઘોષણા

ખેર, ૧૭ સપ્ટેમ્બરે સંઘીય સેનાનો વિજય થયો અને ૨૨ સપ્ટેમ્બરે લિંકને કૅબિનેટની બેઠકમાં પોતાની ઘોષણાનું માળખું રજૂ કર્યું. એ અનુસાર ૧ જાન્યુઆરી ૧૮૬૩થી દક્ષિણી રાજ્યોના બધા જ ગુલામોને આઝાદ માનવામાં આવશે. લિંકને કૅબિનેટના સભ્યોને એ પણ કહ્યું કે આમ થવું પૂરી રીતે તો શક્ય નથી. એટલા માટે કે દક્ષિણી રાજ્યો અત્યાર સુધી તેમના નિયંત્રણથી બહાર છે, તેથી મુશ્કેલીઓ વધી ગઈ છે. રિપબ્લિકન, ડેમોક્રેટ અને છેવાડેનાં રાજ્યોના નેતાઓમાં આજ મુદ્દા પર એકતા હતી અને એ એકતા હવે વિખરાઈ ગઈ. દક્ષિણના સંઘ સમર્થકોએ પણ આને 'દગો' ઠેરવ્યો.

ઈ.સ. ૧૮૬૨ના અંતમાં ગવર્નરો અને સંસદની ચૂંટણીઓમાં લિંકનની રિપબ્લિકન પાર્ટીએ જનતાનો ગુસ્સો ઝીલવો પડ્યો. અંત વગરનું અને લંબાયે જતું યુદ્ધ જનતાની પહેલી ચિંતા બની ગયું હતું. નાગરિકોના મૂળભૂત અધિકારો કચડાઈ જવાથી રિપબ્લિકન પાર્ટીને ભારે નુકસાન વેઠવું પડ્યું. યુદ્ધનું ધાર્યું પરિણામ ન આવવાથી અને દેશના સૈનિકોના પ્રાણ ગયાની ખબરોથી લિંકનની લોકપ્રિયતાનો ગ્રાફ નીચે ઊતરી રહ્યો હતો. મેક્લેન અને લિંકન બંને એક બીજા પર નારાજ અને ગુસ્સે હતા તથા શંકા કરતા હતા. બંનેની નજરે બંનેની નિષ્ઠામાં ખોટ હતી. મેક્લેને પોતાના એક સાથીદાર પિંકર્ટનને લિંકન પાસે મોકલ્યો હતો જેથી તે લિંકનના મનનો તાગ મેળવી શકે, પણ મેક્લેન પોતાના મનસૂબાઓમાં સફળ થઈ શક્યો નહિ. એણે લિંકનને સમજવામાં ભૂલ કરી. લિંકન વાક્પટુ હતા. એમણે વાત-વાતમાં પિંકર્ટનને મેક્લેન બાબતે એ બધું પૂછી લીધું જે કદાચ મેક્લેન તો ક્યારેય બતાવત નહિ.

આ દરમિયાન લિંકનની સામે એક જનરલનું બયાન આવ્યું. બયાન યુદ્ધ સંબંધી હતું. લિંકન નારાજ થઈ ગયા અને તેને તાત્કાલિક બરખાસ્ત કરી દીધો. આનું પરિણામ એ આવ્યું કે મેક્લેન ડરી ગયો અને તેણે લિંકનની સાર્વજનિક ટીકા કરવાનું બંધ કર્યું. લિંકને પણ પોટેમેકે સેના મારફતે જાણી લીધું કે તેમાં મેક્લેનના વફાદાર માણસો છે. થોડોક સમય વધુ એને ચાલુ રાખવાના ઇરાદે લિંકને ફરીથી મેક્લેનની માંગો સ્વીકારી લીધી, પણ સાથે સાથે એને કહ્યું પણ ખરું કે તે વિદ્રોહી લીની સેનાનો સામનો કરે. એને યાદ પણ દેવડાવ્યું કે આ બાબત તેણે પોતે જ પોતાને માટે નક્કી કરી હતી, પરંતુ મેક્લેન બહાના કાઢવા લાગ્યો. તેનો ઇરાદો વખત પસાર કરવાનો હતો. એણે બહાનું કાઢ્યું કે સેના થાકેલી છે અને સેના પાસે

પુરવઠો પણ ઓછો છે. એના આ બહાના પછી પોટેમેકની મોટી સેના એક મહિના સુધી કંઈ પણ કર્યા વિના ત્યાં પડી રહી. એનાથી વિપરીત વિદ્રોહીઓ મેરીલેન્ડ અને પેનસીલ્વેનિયામાં ઘૂસી ગયા.

અત્યાર સુધીમાં લિંકન સૈનિક ગતિવિધિઓ, એમનું સંચાલન અને પ્રશાસનના ખાસા અનુભવી થઈ ગયા હતા. આ જ સમયે ત્રણ ગવર્નરોની ફરિયાદોના આધારે લિંકને જનરલ બુલને બરખાસ્ત કરી દીધો. એની જગ્યાએ રોજક્રેંસને જવાબદારી સોંપી, પણ મેક્લેનમાં સમજણ આવવાની નહોતી અને આવી પણ નહિ. એણે ફરીથી લીની સેના સાથેના સીધા સંઘર્ષને ટાળવા માટે બહાનું બતાવ્યું કે હમણાં હુમલો કરવો શક્ય નથી, કારણ એના ઘોડા થાકેલા છે, એમનાં હાડકાં નીકળી ગયાં છે. એની આ દલીલ આખરી દલીલ હતી. એ પછી ૫ નવેમ્બરે તેને બરખાસ્ત કરવામાં આવ્યો અને એની જગ્યાએ બર્નસાઇડને પોટેમેકે સેનાનો પ્રમુખ બનાવાયો. લિંકનને હવે બુલ તથા ક્લેનનથી મુક્તિ મળી ગઈ. એમને લાગ્યું કે તેઓ હવે બીજી સમસ્યાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. એમ પણ વિકાસનો, તે પણ માળખા પ્રમાણે વિકાસનો વિચાર લિંકનના મનમાં ચકરાવા લઈ રહ્યો હતો. લિંકનનું માનવું હતું કે કોઈ પણ દેશ પોતાની સામાજિક વિપત્તિઓ અને ભેદભાવો ઉપર કાબૂ મેળવીને જ્યાં સુધી આર્થિક રૂપે ઉન્નત થાય નહિ ત્યાં સુધી દુનિયાના નકશા ઉપર એનું વજૂદ બનતું નથી. તેઓ વિચારતા હતા કે જો બધું ઠીકઠાક ચાલતું રહેશે તો વ્યવસ્થા આપમેળે થઈ જશે, પરંતુ એમ થયું નહિ. ઑક્ટોબર મહિનામાં મિસીસિપી નદીની ઉત્તર-પશ્ચિમે વસેલા મિનેસોટા રાજ્યમાં રેડ ઇન્ડિયનોનો વિદ્રોહ ભડકી ઊઠ્યો. એ લોકોને જમીનના બદલામાં વાર્ષિક સાલિયાણું સરકાર આપતી હતી. સરકારનું પ્રતિનિધિત્વ તો સરકારના નોકર ઑફિસરો જ કરતા હતા. આ લોકોએ એવી સરકારી નોકરશાહી ચલાવીને સાલિયાણું ચૂકવવામાં એટલો વિલંબ કરી નાખ્યો કે જનજાતિના એટલે કે આદિવાસીઓ ભૂખમરાના આરે પહોંચી ગયા. આથી નારાજ થઈને આદિવાસીઓએ ઈંડાંના ગોદામ ઉપર છાપો માર્યો, એને લૂંટ્યું અને પાંચ ગોરાઓને મારી નાખ્યા. સમસ્યા બે પક્ષોમાં વહેંચાઈ ગઈ. આદિવાસીઓ રેડ ઇન્ડિયનો માનતા હતા કે ગોરા લોકો એમનું શોષણ કરી રહ્યા છે. એટલું જ નહિ પણ તેમની ખરાબ નરક જેવી સ્થિતિ માટે ગોરા લોકો જ જવાબદાર છે. ગોરા લોકો વિરુદ્ધ વિદ્રોહ ભડકી ઊઠ્યો. ભૂખ અને શોષણના અગ્નિમાં બળતા આદિવાસીઓએ ગોરા લોકોને મારવાનું શરૂ કર્યું. આખા મિનેસોટા રાજ્યમાં ગોરા લોકો માટે કોઈ જગ્યા સુરક્ષિત રહી નહિ. ગુસ્સા અને વેરની અગ્નિમાં ૩૫૦

ગોરાઓ હોમાઈ ગયા. અમેરિકામાં આટલી સંખ્યામાં ગોરાઓ ક્યારેય મર્યા નહોતા. વૉશિંગ્ટનથી પોપને આ કામ માટે નિયુક્ત કરવામાં આવ્યો. તે નોકરશાહી સાથે મળીને આ જનજાતિને પાઠ ભણાવવાના મૂડમાં હતો. લિંકન આ વાત કળી ગયા. એમણે આદેશ આપ્યો કે એક પણ વિદ્રોહીને લિંકનને જાણ કર્યા સિવાય મોતની સજા આપવામાં આવે નહિ. ૮ નવેમ્બરના દિવસે સેનાએ લિંકનને એ આદિવાસીઓની સૂચિ સોંપી, જેમને તેઓ મોતની સજા સંભળાવી ચૂક્યા હતા. લિંકને દરેક વ્યક્તિ વિશે વિસ્તારથી માહિતી માગી કે આખરે તેના ઉપર કયા આરોપો છે. આ દરમિયાન પોપ, ગવર્નર અને સેનેટરને લાગ્યું કે લિંકન કાંઈક વધુ જ ઉદારતા દેખાડી રહ્યા છે. તેમણે લિંકનને લખ્યું કે આદિવાસીઓના હુમલાથી ગોરા લોકો બહુ નારાજ છે અને જો ઉચિત કાર્યવાહી કરવામાં નહિ આવે તો ગોરા લોકો બધા જ આદિવાસીઓને મોતને ઘાટ ઉતારી દેશે. આમ છતાં લિંકને આખા મામલાને વિસ્તારથી સાંભળ્યો અને ફક્ત ૩૯ લોકોને જ મૃત્યુદંડ અપાયો. આ પણ અમેરિકાના ઇતિહાસની પહેલી મોટી ઘટના છે જેમાં સામૂહિક રીતે આટલા લોકોને મૃત્યુદંડ આપવામાં આવ્યો હોય.

૧ ડિસેમ્બર, ૧૮૬૨ના દિવસે લિંકને પોતાના વાર્ષિક સંદેશમાં ગુલામીની પ્રથા માટે ત્રણ સુધારા રજૂ કર્યા. કહેવામાં આવ્યું કે જે રાજ્ય ૧ જાન્યુઆરી, ૧૯૦૦ સુધી પોતાના રાજ્યમાંથી ગુલામીની પ્રથાની નાબૂદીનો વાયદો કરે છે તે રાજ્યને સંયુક્ત રાજ્ય અમેરિકાના બ્રાંડ આપવામાં આવે અને ગુલામોની આઝાદીને કાયમી બનાવવા માટેની વ્યવસ્થા અને પ્રબંધ કરવામાં આવે. આ કામ એમના કુટુંબીઓને વળતર આપીને કરવામાં આવે. શરત એટલી કે તે લોકોએ અલગતાવાદીઓને સાથ આપ્યો હોવો જોઈએ નહિ. ત્રીજો અને છેલ્લો સુધારો એ હતો કે આઝાદ થયેલા કાળા ગુલામોની જો ઇચ્છા હોય તો અમેરિકાથી બહાર તેમને વસાવવાના ખર્ચની વ્યવસ્થા કૉંગ્રેસ કરે. જોકે આ ત્રણે સુધારાઓ તાત્કાલિક કૉંગ્રેસ દ્વારા પસાર કરાય એવી સંભાવના નહોતી.

આ દરમિયાન ૧૩ ડિસેમ્બરે બર્નસાઇડની આગેવાનીવાળી સંઘીય સેનાની ટુકડી મેરીની પહાડીઓમાં અલગતાવાદીઓના હાથે સખત માર ખાઈ બેઠી. લિંકને બર્નસાઇડને કહ્યું પણ હતું કે તે એ રસ્તે જાય નહિ, પણ બર્નસાઇડ માન્યો નહિ અને સવારની સાંજ પડતા તો સંઘીય સેનાના બૂરા હાલ થઈ ગયા. આમ એટલા માટે પણ થયું કે અલગતાવાદીઓ ત્યાં રાહ જોઈને જ બેઠા હતા. બર્નસાઇડને ખબર નહોતી કે અચાનક હુમલો થઈ શકે છે. આને અમેરિકન સેનાની સૌથી મોટી

હાર માનવામાં આવે છે. 'શિકાગો ટ્રિબ્યુન'એ લખ્યું કે સૈન્યની અસફળતા, કરવેરાનો બોજો, ફુગાવો, કપાસનું ઓછું ઉત્પાદન, વધતા જતા દેવા, સફળતાના સૂર્યના દૂર દૂર સુધી દર્શન ન થવા, મિસીસિપી નદીનું બંધ રહેવું – આ બધાથી માત્ર એક જ સ્થિતિ બને છે અને એ છે ઊંડી નિરાશા અને ઘનઘોર અંધકાર. સ્વાભાવિક રીતે જ આ લિંકન અને એમની કેબિનેટની અસફળતાનો સંકેત હતો. આથી ખિજાઈને સેવર્ડે પોતાનું રાજીનામું આપી દીધું. બે દિવસ પછી સેવર્ડના વિરોધી ચેજે પણ પોતાનું રાજીનામું લિંકનને મોકલી આપ્યું. લિંકને બંનેનાં રાજીનામાં નામંજૂર કરી દીધાં. એમણે કહ્યું કે બાળપણમાં તેઓ બે મોટા કોળા પોતાના ઘોડા ઉપર લાદીને લઈ જતા જેથી બંને તરફ વજન બરાબર રહે અને ઘોડાની સવારી આરામથી કરી શકે. આ પ્રમાણે જ એમણે કેબિનેટ માટે પણ કર્યું. બે ઘોર વિરોધીઓને એમાં સ્થાન આપ્યું. એટલા માટે નહિ કે તેઓ પોતાના વિચાર લિંકન ઉપર પણ લાદતા રહે, બલકે એટલે કે લિંકન પ્રશાસનને સારી રીતે ચલાવવામાં તેમની મદદ કરતા રહે.

લિંકન પોતાના સુધારા, શોધો અને સરખું આયોજન કરવામાં પણ કુશળ હતા. એમ તો તેઓ કામને તત્પરતાથી નભાવવામાં અનૌપચારિક થવામાં જરાય સંકોચ કરતા નહોતા, પરંતુ આટલા બધા બનાવો બન્યા પછી પોતાની કામ કરવાની રીતમાં ઔપચારિકતાની જગ્યાઃ નક્કી કરી દીધી. ઔપચારિક પ્રતિવેદન અને ચર્ચાઓ દ્વારા તેમણે લોકતંત્રને વધારે મજબૂત કરવાની દિશામાં પણ સાથે સાથે અનેક પગલાં ભર્યાં.

એમનો વિશ્વાસ હતો કે જો તેઓ કોઈ પણ રીતે સંઘને બચાવી લેશે અને ગુલામીની પ્રથાને ફેલાવતા રોકી પણ લેશે તો સમય જતા ગુલામીની પ્રથા આપમેળે સમાપ્ત થઈ જશે, પરંતુ જો સંઘના અસ્તિત્વ ઉપર ખતરો આવશે તો સદીઓ સુધી કંઈ થઈ શકશે નહિ. લિંકનના લગ્ન છેવાડેના રાજ્યના એવા કુટુંબમાં થયા હતા જ્યાં ક્રીત જાતિના ગુલામો હતા. એમની પત્ની મેરી લિંકનને પોતાના પિતાના ઘેરથી મળેલી સંપત્તિનો મોટો ભાગ ગુલામોને વેચવામાંથી મળેલો. લિંકનના સૌથી સારા દોસ્ત જોશુઆ સ્પીડને ઘેર પેઢી દર પેઢી ગુલામો રાખવામાં આવતા. તેથી એવું નહોતું કે લિંકન દક્ષિણના લોકોના મનની સ્થિતિ સમજતા નહોતા અથવા એમના તર્કોને સમજતા નહોતા. લિંકન પરિસ્થિતિથી નિરાશ જરૂર હતા, પરંતુ એમના ઇરાદાઓ કે કટિબદ્ધતામાં કોઈ કમી આવી નહોતી. એમણે કહ્યું હતું, 'જ્યાં સુધી મારાથી બનશે ત્યાં સુધી હું આ સરકારને બચાવીશ અને આ વાત બિલકુલ સ્પષ્ટ

રીતે હંમેશાંને માટે સમજી લેવી જોઈએ કે હું ત્યાં સુધી સમર્પણ નહિ કરું જ્યાં સુધી એક પણ વિકલ્પ બાકી હશે. મારો વિશ્વાસ છે કે હવે ગુલામોને આઝાદ કરવા અને કાળા લોકોને સેનામાં રાખવા તે સેનાની જરૂરિયાત બની ગઈ છે.'

આ દરમિયાન નેપોલિયન (ત્રીજો) દક્ષિણને પૂરી મદદ કરવાનું વિચારવા લાગ્યો. એને લાગતું હતું કે જો સમ્મિલિત – ભેગી સેના જીતશે તો તે એના સામ્રાજ્યનો પક્ષ લેશે, પણ જો જુદાં જુદાં સ્વતંત્ર રાજ્યોનો સંઘ આ લડાઈમાં બાજી મારશે તો મેક્સિકોમાંથી ફ્રેન્ચ લોકોને તત્કાળ હઠાવી દેવાશે. બીજી વાત એ પણ હતી કે તે દક્ષિણના કપાસના ક્ષેત્ર ઉપર નજર રાખતો હતો. દક્ષિણનાં રાજ્યોએ નેપોલિયન ત્રીજાને દરખાસ્ત પણ આપેલી કે જો તે અમેરિકન સંઘના અવરોધને હઠાવી દેશે તો તેઓ એને ૧ કરોડ ૨૦ લાખ ડૉલરનું કપાસ આપશે. તે લોકો યુદ્ધને કારણે મૂંઝવણમાં હતા. તેઓ પોતાનો કપાસ વેચી શકતા નહોતા. તેઓ બંદૂકો ખરીદી શકતા નહોતા કે તેઓ બીજા કોઈ હથિયારો પણ ખરીદી શકતા નહોતા. સ્થિતિ એટલી તો બગડી ગઈ હતી કે સંચારનાં સાધનો પણ ઠપ થઈ ગયાં હતાં. એવામાં નેપોલિયન ત્રીજાએ ઈ.સ. ૧૮૬૩ની શરૂઆતમાં લિંકન પ્રશાસનને દરખાસ્ત આપી કે સંયુક્ત રાજ્ય અને સમ્મિલિત રાજ્યના પ્રતિનિધિઓ કોઈ તટસ્થ જગ્યાએ સાથે બેસીને મામલાનું શાંતિપૂર્ણ સમાધાન કરવાનો પ્રયાસ કરે. લિંકને આ દરખાસ્તને નકારી કાઢી હતી. છતાં નેપોલિયન ત્રીજો રશિયા અને ઇંગ્લૅન્ડને સહમત કરવામાં લાગ્યો રહ્યો કે બધા મળીને સમ્મિલિત રાજ્યોને માન્યતા આપી દે. તેમનો રસ અમેરિકાના વિભાજનમાં હતો. તેઓ એની એકતાથી બળતા હતા. કપાસ ઇંગ્લૅન્ડની પણ ભૌતિક જરૂરિયાત હતી. કપાસની ગાંસડીઓ ઇંગ્લૅન્ડ પહોંચી નહિ તેથી સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. અનેક ફૅક્ટરીઓ બંધ થઈ ગઈ હતી. લાખો લોકો રોજી વગરના થઈ ગયા હતા. બાળકો માટે ખોરાક મેળવવો મુશ્કેલ થઈ ગયો હતો. આ બધાનો એક જ માત્ર ઉપાય એ હતો કે સંઘીય અવરોધને દૂર કરવામાં આવે, પણ જો એમ થાત તો અમેરિકામાં શું થાત ? દક્ષિણી રાજ્યોને બંદૂકો મળી જાત. એમનાં શસ્ત્રોનો ભંડાર વધી જાત. આ બધા ઉપરાંત આત્મવિશ્વાસ બેહદ વધી જાત અને ઉત્તરી રાજ્યોને કાયમી દુશ્મનો મળત. આથી સ્થિતિ આજે તો બગડત પણ ભવિષ્યમાંય એને સુધરવાનો ઉપાય મળત નહિ. લિંકન આ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓમાં અમેરિકા ઉપર વધતા દબાણ અને એના પછીની બાબતો તથા પરિણામોને બરાબર સમજતા હતા. તેથી તેઓ કહેતા કે આપણે આપણી નીતિઓ બદલવી પડશે નહિતર આપણે હંમેશ માટે ઘણું બધું

ખોઈ બેસીશું. લિંકન જોઈ રહ્યા હતા કે યુદ્ધ વિશે યુરોપનો દૃષ્ટિકોણ બદલવો જોઈએ અને તેઓ જાણતા હતા કે એને કેવી રીતે બદલવો. યુરોપમાં લગભગ ૧૦ લાખ લોકોએ 'અંકલ ટોમ્સ કેબિન' પુસ્તક વાંચ્યું હતું અને ગુલામીની પ્રથાના અવગુણો ઉપર આંસુ સારી ચૂક્યા હતા. લિંકન જાણતા હતા કે જો તેઓ ગુલામોની મુક્તિની ઘોષણા કરી દેશે તો યુરોપ યુદ્ધને બીજી દૃષ્ટિથી જોશે અને એવી પરિસ્થિતિમાં કોઈ પણ યુરોપિય્ સત્તા દક્ષિણને માન્યતા દેવા અંગે વિચારી શકશે નહિ. જુલાઈ ૧૮૬૨માં લિંકને નક્કી કર્યું કે તેઓ ગુલામી પ્રથાના નાબૂદી અને ગુલામોની મુક્તિની ઘોષણા કરશે, પરંતુ મેક્લેને અને પોપે લિંકનને શરમમાં મૂકી દીધા.

સેવર્ડની સલાહની લિંકન ઉપર અસર થઈ ને સહમત થઈ ગયા કે વિજયની દુંદુભીની સાથે સાથે આ આશયની ઘોષણાનું ખુલ્લા દિલથી સ્વાગત થશે. આ પછી લિંકને કેબિનેટની બેઠક બોલાવી અને સ્વતંત્રતાની ઘોષણા કર્યા પછી અત્યાર સુધીના સૌથી પ્રસિદ્ધ દસ્તાવેજ ઉપર વિચાર કર્યો. આ એ જ મુક્તિની ઘોષણા હતી. આ દરમિયાન લિંકને બ્રિટન અને ફ્રાંસ એક ગેર-સરકારી પ્રતિનિધિમંડળ મોકલ્યું કે જે અમેરિકાના યુદ્ધની હકીકતથી એમને વાકેફ કરે. એમાં બધાં ક્ષેત્રોના લોકો હતાં – એટલે કે વેપારીઓ, રાજનીતિજ્ઞો અને ધર્મના ઉપદેશકો. આ ઉપરાંત લિંકને એ દેશોમાં એવી બેઠકોનું આયોજન કરાવ્યું જેમાં લિંકન સરકારને યુદ્ધમાં સમર્થન આપવાની જરૂરિયાત અને સામાજિક દૃષ્ટિએ ગુલામીની પ્રથા એક લાંછન છે, તે વાતો ઉપર વિચાર કરાયો. એનાં ધાર્યાં પરિણામો આવ્યાં, પણ બીજી તરફ ડેમોક્રેટ લોકો શાંત બેઠા નહોતા. એ ડેમોક્રેટોના પક્ષના સેનેટરોએ માંગ કરી કે બધા જ રાજનૈતિક કેદીઓને છોડી મૂકવામાં આવે. તેઓ વિદ્રોહીઓને રાજનૈતિક કેદીઓની શ્રેણીમાં મૂકી રહ્યા હતા. તેઓએ યુદ્ધ કરીને સંઘને બચાવવાને અત્યંત ઘાતક ફેસલો સાબિત કરતા કહ્યું કે આ લિંકનની સૌથી મોટી નિષ્ફળતા છે. એમણે ફ્રાંસની મધ્યસ્થતામાં સર્વસ્વીકાર્ય ઉકેલ શોધવાની વાત પણ કહી. સ્વાભાવિક રીતે રિપબ્લિકન લોકો આ વાતથી સંમત નહોતા. યુદ્ધ ચાલુ હતું અને એમાં સ્વૈચ્છિક સ્વયંસેવકોની અછત થાય નહિ, એટલા માટે રાષ્ટ્રપતિએ અનિવાર્ય ભરતી અધ્યાદેશ લાગુ કરી દીધો. આનો એક લાભ એ થયો કે સંખ્યા બળ વધ્યું, પરંતુ ખેતી ઉપર વિપરીત અસર થઈ. દક્ષિણનાં રાજ્યોના ગુલામોને મુક્ત કરવાની લિંકનની ઘોષણાથી ઉત્તરનાં રાજ્યોમાં ભય વ્યાપી ગયો કે બધા જ ગુલામો આ રાજ્યોમાં આવી જશે – એટલે કે આ દેશ આફ્રિકન લોકોથી ભરાઈ જશે. પરિણામે વંશીય ભાવનાઓથી

ઉશ્કેરાઈને લોકો સડકો ઉપર આવી ગયા. સામાન્ય મત એ હતો કે અમેરિકન સંઘની એકતા યુદ્ધ વડે લાવી શકાય નહિ. લોકો કહેતા હતા કે ઇતિહાસમાં એવું ક્યારેય બન્યું નથી કે રાષ્ટ્ર-રાજ્યની એકતા યુદ્ધ પછી પ્રાપ્ત થઈ હોય. આ બધા લોકો જલદીમાં જલદી યુદ્ધવિરામની માંગ કરી રહ્યા હતા. ઇલિનોય અને ઇન્ડિયાનામાં તો ગવર્નરોને વિધાનસભાની અવગણના કરી પ્રશાસન પોતાના હાથમાં લેવું પડ્યું, જેમ કે હાલમાં એક વિશેષ અધ્યાદેશ પછી આવું થઈ શકે છે.

લિંકને પશ્ચિમના અસંતોષને દબાવવા માટે બર્નસાઇડને ત્યાં મોકલ્યો. બર્નસાઇડે ત્યાં પહોંચતા જ એક આદેશ આપ્યો કે જે કોઈ દુશ્મનોને કાંઈ પણ જાતની મદદ કરશે તેની ધરપકડ કરવામાં આવશે. એની સાથે એક દેશદ્રોહી જોડે થાય તેઓ વ્યવહાર કરવામાં આવશે. એક ડેમોક્રેટ પેલેંડિગમે આનો વિરોધ કરીને બર્નસાઇડને સરમુખત્યાર ઠેરવ્યો. એણે રાષ્ટ્રપતિ લિંકનને 'સમ્રાટ લિંકન' કે જે કાળા લોકોની આઝાદી માટે યુદ્ધ લડી રહ્યા છે એમ કહ્યું. પરંતુ બર્નસાઇડે વેલેંડિગમને પકડી લીધો. લિંકન પ્રત્યક્ષ રૂપે બર્નસાઇડને કંઈ કહી શક્યા નહિ, કેમ કે તે પોતાના આદેશની નકલ રાષ્ટ્રપતિને મોકલી ચૂક્યો હતો. આ બાજુએ વેલેંડિગમની ધરપકડથી તોફાન ઊભું થયું. લોકોએ કહ્યું કે આથી તો અમારી બોલવાની આઝાદી, બંધારણ બધું જ સમાપ્ત થઈ ગયું. જનમતના વિરોધ આગળ લિંકનને ઝૂકવું પડ્યું અને તેમણે વેલેંડિગમની સજા માફ કરી દીધી તથા તેને સમ્મિલિત રાજ્યના ક્ષેત્રમાં મોકલી આપ્યો.

અંદરની પક્ષાપક્ષી છતાં સંસદમાં ઈ.સ. ૧૮૬૨-૬૩ના અધિવેશનમાં રિપબ્લિકન પાર્ટી જરૂરી કાયદા પસાર કરવામાં સફળ થઈ. આમાં સામેલ હતા–

- કેન્દ્રને એ અધિકાર હશે કે તે બધા સશક્ત પુરુષો કે જેમની ઉંમર ૨૦થી ૨૫ વર્ષની છે તેમને સેનામાં ભરતી માટે બોલાવી શકે છે.
- દેશમાં રાષ્ટ્રીય બૅન્કિંગ કાયદા મારફત રાષ્ટ્રીય ચલણ ચલાવવાનો ફેંસલો. આની સાથે જ રાષ્ટ્રીય બૅન્કોના નિર્માણની અનુમતિ.

લિંકનનો અભ્યાસ અને વાંચન કોઈ પણ પરિસ્થિતિમાં ક્યારે પણ બંધ રહ્યા નહતા. તેઓ જ્યારે પણ કોઈ વ્યંગવાળી કે હૃદયસ્પર્શી વાર્તા વાંચતા તો કોઈને જરૂર સંભળાવતા. તેઓ સૂતી વેળાએ ઓટમસ વોર્ડનું પુસ્તક વાંચતા અને જો કોઈ રમૂજી વાત તેમને સારી લાગતી તો પછી સૂતા નહિ, પણ લટાર મારતા મારતા જોરજોરથી વાંચવા માંડતા. ભલે ગમે તેટલી રાત થઈ ગઈ હોય. આ ઉપરથી જ

અનુમાન કરી શકાય છે કે મુક્તિની ઘોષણાની ચર્ચા કરવા માટે કેબિનેટની બેઠક બોલાવી તેની આગલી રાતે લિંકને કાંઈક વાંચેલું અને એજન્ડા શરૂ કરતાં પહેલા તેમણે ગઈ રાતના વાંચનની વાત કરેલી પછી એજન્ડાની કાર્યવાહી શરૂ કરેલી. લિંકન કેબિનેટની બેઠકમાં પોતાની સાથે તે પુસ્તક પણ લઈ ગયા હતા. જ્યારે તેમણે આખી બાબતનું બયાન કરી લીધું અને તેના ઉપર હસી પણ લીધું પછી જ તેમણે પુસ્તકને બાજુએ મૂક્યું અને બોલવાનું શરૂ કર્યું, 'જ્યારે વિદ્રોહી સેના ફ્રેડરિક ઉપર હતી ત્યારે જ મેં નિર્ણય કરી કરી લીધો હતો કે મેરીલેન્ડથી તેમને કચડીને ભગાડી મૂક્યા પછી જ મુક્તિની ઘોષણા લાગુ કરવામાં આવશે. આ વિશે મેં કોઈને કંઈ કહ્યું નહોતું, પણ મેં મારા માટે ઈશ્વર સામે આ માટે સોગંદ લીધા હતા. આજે વિદ્રોહી સેનાને હરાવી દેવાઈ છે અને હું મારી પ્રતિજ્ઞા પૂરી કરી રહ્યો છું. મેં તમને બધાને એટલા માટે બોલાવ્યા છે કે હું તમને બતાવી શકું કે એમાં શું લખ્યું છે. જો તમારામાંથી કોઈને લાગે કે આમાં કોઈ સુધારા કરવા જેવા છે તો હું કોઈ પણ સૂચનનો સહર્ષ સ્વાગત કરીશ.'

કોઈએ કોઈ સૂચન કર્યું નહિ, પણ સેવર્ડે ઊઠીને સુધારો સૂચવ્યો જેનો તરત જ સ્વીકાર કરવામાં આવ્યો. થોડીક ક્ષણો રોકાઈને ફરીથી એક સુધારો સૂચવ્યો. એનો પણ સ્વીકાર કરવામાં આવ્યો. લિંકને સેવર્ડને પૂછ્યું કે શા માટે એક સાથે બે સૂચનો નહોતાં કર્યાં તો સેવર્ડે કહ્યું, 'એવું થયેલું કે ઇન્ડિયાનામાં એક માણસ એક ખેડૂત પાસે કામ કરતો હતો. એણે ખેડૂતને એક દિવસે કહ્યું – બળદ મરી ગયો. ખેડૂત ચકિત થઈને તેના મોઢા સામે તાકવા લાગ્યો. એને આશા નહોતી કે બળદ આટલો જલદી મરી જશે. થોડી વાર પછી પેલા માણસે કહ્યું, એ બળદનો જોડીદાર બીજો બળદ પણ મરી ગયો. આથી ખેડૂતને ગુસ્સો ચડ્યો અને બોલ્યો કે તેં એક સાથે કેમ બતાવ્યું નહિ કે બંને બળદો મરી ગયા. પેલા માણસે કહ્યું, 'હજૂર, હું તમને એકી સાથે આટલું બધું દુઃખ પહોંચાડવા માગતો નહોતો.'

કુટુંબની જવાબદારી

લિંકન પોતાના રોજના કામકાજ ઉપરાંત બાળકોના શિક્ષણ અને તેમના શિક્ષકોમાં પણ રસ લેતા હતા. તેઓ એક અર્થમાં નિષ્ઠાવાન અને જવાબદાર પિતા પણ હતા. એક પ્રસંગે તેમણે પોતાના પુત્રના શિક્ષકને એક પત્ર લખ્યો :



તેને શીખવાડજો...

બધા જ લોકોને ઇન્સાફ પસંદ હોતો નથી, ન તો બધા સાચા હોય છે, પરંતુ તેને એ પણ શીખવાડજો કે દુર્જન હોય છે તો નાયક પણ હોય છે, સ્વાર્થમાં ડૂબેલા નેતા હોય છે તો સમર્પિત મહાનાયક પણ હોય છે, તેને શીખવાડજો કે શત્રુ હોય છે તો મિત્ર પણ હોય છે.

જો શક્ય હોય તો તેને ઈર્ષાથી દૂર રાખજો, તેને હાસ્યનું રહસ્ય બતાવજો, તેને તાકીદે આ શીખવા દેજો કે, દાદાગીરી કરનારાઓને પરાજિત કરવાનું સરળ હોય છે.

બતાવી શકતા હોવ તો બતાવજો આશ્ચર્યમાં નાખનારાં પુસ્તકોનું વિશ્વ, પરંતુ તેને નવરાશની પળો પણ આપજો જેથી, તે આકાશમાં ઊડતાં પક્ષીઓ, તડકામાં ભમતા ભમરા અને લીલાછમ પહાડી પર ખીલતાં ફૂલોનાં રહસ્ય અંગે ધ્યાન આપી શકે.

શાળામાં શીખવાડજો કે છેતરપિંડી કરવા કરતાં નિષ્ફળ થવાનું વધુ સમ્માનજનક છે. તેને પોતાના વિચારો પર અડીખમ રહેવાનું શીખવાડજો, ત્યારે પણ જ્યારે દરેક વ્યક્તિ કહે કે તે ખોટો છે. તેને સારા લોકો સાથે ભલાઈથી અને દુષ્ટો સાથે સખતાઈથી વ્યવહાર કરવાનું શીખવાડજો...

મારા પુત્રને એ તાકાત આપવાનો પ્રયાસ કરજો કે તે ભીડની પાછળ ન ચાલે, ત્યારે પણ જ્યારે દરેક ઘેટાની ચાલમાં લાગેલા હોય. તેને શીખવાડજો કે તે બધાને સાંભળે, પરંતુ એ પણ શીખવાડજો કે જે પણ તે સાંભળે તેને ખરેખર કસોટી કરીને પારખે અને જે સારું હોય તેનો જ સ્વીકાર કરે.

શીખવાડી શકતા હોવ તો શીખવાડજો કે ઉદાસીમાં કેવી રીતે હસાય છે કે આંસુ સારવાનું કોઈ શરમની વાત નથી. તેને શક્તિઓની મજાક કરનારા અને જરૂરતથી વધુ મધુર દેખાડનારાઓથી સાવધ રહેવાનું પણ શીખવાડજો.

તેને પોતાની શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાઓની વધુમાં વધુ કિંમત વસૂલવાનું પણ શીખવાડજો અને એ પણ બતાવજો કે તે પોતાના આત્મા અને હૃદયની કિંમત ન લગાવે.

ગર્જના કરતી ભીડ સામે કાન બંધ કરવાનું શીખવાડજો અને મજબૂત રીતે ઊભા રહીને મુકાબલો કરવાનું, જો તેને લાગે કે તે સાચો છે.

તેની સાથે કોમળ રીતે વ્યવહાર કરજો, પરંતુ દૂધ પીતા બાળકની જેમ ન પંપાળતા, કારણ કે આગમાં તપીને જ પોલાદ બને છે. તેનામાં આગ વધારતી બેચેનીનું સાહસ પેદા કરજો, પરંતુ બહાદુરીની ધીરજ પણ આપજો.

તેને પોતાની જાત પર જોરદાર ભરોસો કરવાનું શીખવાડજો, કારણ કે ત્યારે જ તેનામાં માનવતા પર એટલો જ ભરોસો કાયમ થશે.

આ બહુ મોટી જવાબદારી છે, પરંતુ દેખજો કે આપ શું કરી શકો છો.

તે બહુ વહાલો છે, નાનકડી વ્યક્તિ છે.

મારો પુત્ર...

– અબ્રાહમ લિંકન



લિંકને પોતાની ઘોષણા કેબિનેટને સપ્ટેમ્બર ૧૮૬૨માં સોંપી, પણ તે ૧ જાન્યુઆરી, ૧૮૬૩થી જ લાગુ કરવામાં આવી. પોતાની વાતના સમર્થનમાં લખતા લિંકન અચેતન રૂપે જ કાવ્યાત્મક પ્રભાવ પેદા કરી ગયા હતા.

એમણે લખ્યું હતું :

અમે શિષ્ટ થઈ બચાવીએ કે
ક્ષુદ્રતાથી ખોઈએ તે,
ધરતીની છેલ્લી સર્વશ્રેષ્ઠ
આશા !!

ગુલામોની મુક્તિનો રસ્તો સાફ

ઈ.સ. ૧૮૬૩ના નવા વર્ષે વ્હાઇટ હાઉસ પહોંચનારા બધા લોકો સાથે લિંકને હસ્તધૂનન આત્મીયતાથી, દિલથી કર્યું. બપોરે તેઓ પોતાની ઑફિસે પહોંચી ગયા જેથી પોતે ઘોષણાપત્ર ઉપર હસ્તાક્ષર કરી શકે. હસ્તાક્ષર કરતા પહેલા લિંકન સેવર્ડ સન્મુખ ગયા અને બોલ્યા, 'જો ગુલામીની પ્રથા ખોટી ન હોય તો દુનિયામાં

કંઈ પણ ખોટું નથી. હું મારા જીવનમાં ક્યારેય એટલો નિશ્ચિંત નથી રહ્યો જેટલો હું આજે છું. હું આજે જે કાંઈ કરવા જઈ રહ્યો છું તે ખરું છે, બરાબર છે. પણ હું સવારના નવ વાગ્યાથી લોકો સાથે હસ્તધૂનન કરી રહ્યો છું. હવે તો મારા બાજુમાં પીડા થવા લાગી છે. એવામાં જો કોઈ મને ધ્યાનથી જોઈ રહ્યું હોય કે હસ્તાક્ષર કરતા મારા હાથ કંપી રહ્યા છે તો એ વિચારશે કે આના મનમાં ક્યાંક કોઈ પસ્તાવો હશે.' થોડો સમય આરામ આપી પછી તેમણે હસ્તાક્ષર કરી દીધા અને એની સાથે જ ૩૫ લાખ ગુલામો માટે આઝાદીના દ્વાર ખોલી નાખ્યા.

ઈ.સ. ૧૮૬૪ના માર્ચ મહિના સુધી અલગતાવાદીઓ ઉપર હુમલાની સારી પેઠે વિચારેલી યોજના તૈયાર થઈ ગઈ. બે વર્ષના યુદ્ધ સંચાલને સૈન્યને જાણકારી અને માહિતીઓમાં નિપુણ બનાવી દીધા. લિંકને વૉશિંગ્ટન સ્થિત પોટેમૈક સેના ઉપર નજર રાખી. એપ્રિલની શરૂઆતમાં પોટેમૈક સેના પ્રમુખ હુકરના નિમંત્રણ ઉપર લિંકન, પોતાની પત્ની મેરી લિંકન અને નાના પુત્ર ટેડ સાથે સેનાના ઉત્તરી વર્જીનિયા સ્થિત મુખ્યાલયે પહોંચ્યા. ત્યાં ટેડે ટટ્ટુની સવારી કરી. લિંકન ત્યાં ત્રણ દિવસ રોકાયા અને લગભગ ૬૦ હજાર સૈનિકોને મળ્યા. સૈનિક છાવણીના નિરીક્ષણથી લિંકનમાં આત્મવિશ્વાસ પેદા થઈ ગયો. એમને લાગ્યું કે ચકચકાટ ઝગારા મારતા અસ્ત્રશસ્ત્રોથી સજ્જ આ સેના કોઈ પણ દુશ્મનને પછાડી દે તેવી છે. પાછા ફર્યા ત્યારે લોકોએ લિંકનને પૂછ્યું કે આ વખતની તૈયારી કેવી છે ? આના જવાબમાં તેમણે કહ્યું કે તૈયારી પરિણામ આપવા માટે તૈયાર છે છતાં પોતે કોઈ પણ સ્થિતિને નિપટવા માટે પોતાના મન અને મસ્તકને તૈયાર કરી ચૂક્યા છે. પાછા ફરતા સમયે લિંકને સૈનિકોને કહ્યું હતું ને અપીલ કરી હતી કે, 'એક જ વખતે એક જ ઝાટકે બધી તાકાત હોમી દો જેથી પરિણામ આપણા પક્ષમાં આવે. અલગ-અલગ તાકાત અજમાવવાથી પરિણામો સારાં આવે તે વાતમાં શંકા રહી જાય છે.'

૭ એપ્રિલના દિવસે જાણ થઈ કે એમની નૌસેનાના એક એકમે સમટરના કિલ્લા ઉપર છાપો મારી દીધો છે. એમાં પાંચ મોટાં જહાજો ક્ષતિગ્રસ્ત થયાં. ગૃહયુદ્ધનું આ સૌથી મોટું નૌસૈનિક અભિયાન હતું, જે નિષ્ફળ ગયું. બીજી બાજુ ૨૮ એપ્રિલ, ૧૮૬૩ના રોજ હૂકર લી ઉપર ચઢાઈ કરવા નીકળ્યો. એની પાસે ૭૦ હજાર સૈનિકો હતા, પણ એણે લિંકનની સલાહની અવગણના કરી અને એક સાથે બધી તાકાત લડાવી નહિ. લીના શૂરવીર જાંબાજો ભારે લડ્યા અને હૂકર હાંફી ગયો. રીચમોંડ પર કબજો કરવાનું એનું સપનું રોળાઈ ગયું. લિંકનને આથી મોટો આઘાત લાગ્યો, પરંતુ એ શોધવામાં પડ્યા હતા કે આખરે હારની જવાબદારી કોની

છે. તેઓ ૬ મેના દિવસે મુખ્ય સેનાધ્યક્ષની સાથે ફરી એક વાર વર્જીનિયાના મુખ્યાલયમાં પહોંચ્યા. ત્યાં લિંકનને એ જોઈને સારું લાગ્યું કે સૈનિકોના હિમ્મત-હોસલા સારા છે. માત્ર હૂકર પોતાની ભૂલ કબૂલ કરવા રાજી નહોતો. આ દરમિયાન ખબર આવી કે લીની ફોજ ઉત્તર તરફ આગળ વધી રહી છે. બીજી બાજુ લિંકન વિરોધી લોકોએ ખોટા સમાચાર ફેલાવી દીધા કે લિંકન પોતાની કૅબિનેટના કેટલાક સાથીઓને લઈને પલાયન થઈ જવા માંગે છે.

આ દરમિયાન લિંકન એક વાત સમજી ગયા કે પોતાના નિષ્કર્ષો અને સાબિતીઓથી માત્ર પોતે જ ખુશ થવું તે પૂરતું નથી, જ્યાં સુધી આ નિષ્કર્ષો અને સાબિતીઓ ઉપર જનતા પોતાની મહોર મારતી નથી ત્યાં સુધી બધું નકામું છે. આવી પરિસ્થિતિમાં માત્ર ઇરાદાપૂર્વક જ ઇતિહાસના પક્ષના લોકો વિજયી નીવડતા હશે કેમ કે એમનો આધાર માત્ર અફવાઓ જ હોય છે. આથી લિંકન વિચારવા લાગ્યો કે કંઈક એવું કરવું જોઈએ જેથી જનતા માનસિક રૂપે તેમની પ્રશંસા કરે અને જનતાનું ધ્યાન ફાલતું અફવાઓ તરફ જાય નહિ. આમાં મુશ્કેલી એ હતી કે અમેરિકાની પરંપરા અનુસાર રાષ્ટ્રપતિ રાજધાનીની બહાર પણ જતા નહોતા અને જનસભાઓને સંબોધતા પણ નહોતા. એટલું જ નહિ રાષ્ટ્રપતિ કૉંગ્રેસમાં પોતાનો સંદેશ પણ પોતે વાંચતા નહોતા, બીજા પાસે વંચાવતા. લિંકને પણ આનું પાલન કરવું પડતું. તે કરતા પણ હતા, પરંતુ લિંકન વ્હાઇટ હાઉસમાં જનતા દરબાર ભરીને લોકોને મળતા જરૂર હતા. લિંકને વિચાર્યું કે તેઓ પોતાની નવી નીતિઓ વિશે જનતાને સીધા જ સંબોધશે. એમણે વિસ્તારથી પૂરું વિવરણ લખ્યું. એમાં વિસ્તારથી વિશ્લેષણ કર્યું કે જે તેમણે ભરેલા પગલા કયા ઉદ્દેશથી ભર્યાં હતા. ૧૨ જૂન, ૧૮૬૩ના દિવસે આ પત્ર બધા જ રિપબ્લિકન સભ્યો તથા સમાચારપત્રોને મોકલી આપ્યો. એમણે લખ્યું કે દેશ આ સમયે અત્યંત નાજુક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. જ્યારે પણ કોઈ દેશ નાજુક સ્થિતિમાં હોય તો નાગરિક અધિકારોની ચિંતા અને દરકાર કર્યા વિના એમનો ભોગ આપી શકાય છે.

લિંકનના આ પત્રને લગભગ એક કરોડ લોકોએ વાંચ્યો અને એમનો આ માટેનો સારો ભાવ લિંકનના ધાર્યા મુજબનો રહ્યો. તેથી લિંકને ઉત્સાહિત થઈને આગળના સમય ઉપર આ પ્રક્રિયાને ચાલુ રાખી અને એના ઉચિત લાભો પણ તેમને મળ્યા.

પેલી બાજુએ લીની સેના પોટોમેક નદીની સાથે જ ઉત્તરમાં આગળ વધી રહી હતી. નિયમ અનુસાર હૂકરે આ વખતે લીને લડાઈ આપવાની હતી, પરંતુ

લિંકન જોડેના હૂકરના મતભેદો વધી ગયા હતા. એણે વિચાર્યું કે આ સારો મોકો છે. લિંકન ઉપર દબાણ વધારવામાં આવશે તો તે પરેશાન થઈ જશે અને હૂકરની શરતો માનવા માટે વિવશ થઈ જશે. આ વિચારીને હૂકરે પોતાનું રાજીનામું લિંકનને મોકલી આપ્યું. એક તરફ લીની અલગતાવાદી સેના અને બીજી તરફ સંઘીય સેનાના જનરલનું રાજીનામું. લિંકને ફરી એક વાર વિષમ પરિસ્થિતિઓમાં પણ પોતાના સબળ માનસિક સંતુલનનો પરિચય આપ્યો અને હૂકરનું રાજીનામું સ્વીકારીને મીડને પોટોમૈકની આગેવાની સોંપી દીધી. મીડ સીધો હૈલેકને રિપોર્ટ કરતો હતો. બીજા છેડે મિસીસિપી નદી ઉપર ગ્રાન્ટ તેનાત હતો. લિંકને એના કામમાં પણ ક્યારેય દખલ કરી નહિ. એને પૂરી છૂટ હતી કે તે પોતાના વિવેક મુજબ કામ કરે. પરિણામ એ આવ્યું કે વિક્સબર્ગમાં જ્યાં સમ્મિલિત સેના એટલે કે અલગતાવાદી સેના તાકાતમાં ભારે પડતી હતી, ત્યાં ગ્રાંટે તેને દરેક જગ્યાએ પરાજિત કરી. એટલું જ નહિ પૂરા વિક્સબર્ગને ચારે બાજુથી ઘેરી લીધું અને આ ઘેરાવો કંઈક થોડા કલાકો કે દિવસોનો જ નહિ પણ એક મહિના કરતા વધુ સમયનો હતો. આ દરમિયાન સમાચારપત્રો પોતપોતાની પ્રતિબદ્ધતાઓ અનુસાર ખબરો પ્રકાશિત કરી રહ્યા હતા. દક્ષિણને સમર્થન કરનારા સમાચારપત્રો યુદ્ધની એક તરફી અને પાયા વગરની ખબરો છાપતા રહેતા હતા. આથી લિંકન બહુ જ વ્યથિત હતા.

લી સેનાની હાર

૪ જુલાઈ, ૧૮૬૩ના રોજ ખબર આવી કે પેન્સીલ્વેનિયાના ગેટ્સબર્ગમાં લીની સેના હારી ગઈ છે. લિંકને પ્રેસ વક્તવ્ય આપીને કહ્યું કે આ સંઘીય સ્થાયિત્વની દિશામાં એક મોટી સફળતા છે. આજના દિવસે આપણે ઈશ્વરનો આભાર માનવો જોઈએ. આના ત્રણ દિવસ પછી જ વિક્સબર્ગ ઉપર પણ સંઘીય સેનાએ પોતાનો ધ્વજ ફરકાવી દીધો. એટલું જ નહિ લીના ૩૦ હજાર સૈનિકોએ સમર્પણ પણ કરી દીધું. આની સાથે આખું મિસીસિપી રાજ્ય સંઘીય સેનાના કબજામાં આવી ગયું. બીજી તરફ લી પોટોમેક સેના અને પોટોમેક નદીની વચ્ચે ફસાઈ ગયો. જો મીડે તત્પરતાથી હુમલો કરી દીધો હોત તો સંપૂર્ણ યુદ્ધ જ જિતાઈ જાત. મીડની જરાક બેદરકારીને લીધે લી સંતાતો છુપાતો વર્જીનિયા ભાગી ગયો. એમ તો મીડે પાછળથી લિંકનને સૂચિત કર્યું કે એક યુદ્ધ લડ્યા પછી એના કેટલાય સાથીઓ ઘાયલ થઈ ગયા હતા અને કોઈ પણ સ્થિતિમાં વધુ એક બીજું યુદ્ધ લડવાનું સંભવ નહોતું. આથી લિંકને તેને આગળની તૈયારી માટે સજાગ રહેવાની પ્રેરણા આપી.

લિંકન વિરુદ્ધ ષડ્યંત્ર

ષડ્યંત્રકારો લિંકનનો વિરોધ કરવામાં ક્યારેય શાંત બેઠા નહોતા. તેઓ કોઈ ને કોઈ બહાને લિંકનને નીચું દેખાડવા, એમના વિરુદ્ધ ખરાબ પ્રચાર કરવાથી નવરા પડતા નહોતા. ઇરાદાપૂર્વકની ખબરો પણ આવા જ લોકોની ફેલાવેલી હતી. આ લોકોમાંથી જ કોઈકે રાષ્ટ્રપતિને શારીરિક હાનિ પહોંચાડવાના ઇરાદાથી રાષ્ટ્રપતિની બગીના બોલ્ટ ઢીલા કરી દીધા હતા કે કાઢી નાખ્યા હતા, પણ ૨ જુલાઈના રોજ લિંકનના બદલે મેરી તેમાં બેસી ગઈ અને વ્હાઇટ હાઉસ તરફ પાછા ફરતી વેળાએ તેમાંથી પડી ગઈ. આની તપાસ ચાલી જ રહી હતી કે સેનામાં અનિવાર્ય ભરતીની વિરુદ્ધ ન્યૂયૉર્કમાં હુલ્લડ શરૂ થઈ ગયા. એમાં લગભગ ૧૦૦ લોકોએ પ્રાણ ખોયા. હુલ્લડો ઉપર કાબૂ મેળવવા અને સ્થિતિને સામાન્ય બનાવવા માટે સેનાની મદદ લેવી પડી હતી. આથી ન્યૂયૉર્કનો ગવર્નર ભડકી ઊઠ્યો. એણે લિંકનને કહ્યું કે અનિવાર્ય ભરતીના નિયમને મોળો બનાવવો જોઈએ. ગવર્નર સિમોરે તો ત્યાં સુધી કહ્યું કે આ અબંધારણીય છે. એથી લિંકને તેની જ ભાષામાં ઉત્તર આપતા કહ્યું કે જો ગવર્નરને એમ લાગતું હોય કે ફેંસલો બંધારણની સીમામાં રહીને કરવામાં આવ્યો નથી તો ભલેને તે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવે. લિંકને પોતાનો ફેંસલો બદલ્યો નહિ. ૧૪ ઑગસ્ટ, ૧૮૬૩ના રોજ અનિવાર્ય ભરતી ફરીથી શરૂ થઈ ગઈ.

પ્રાંતિય ગવર્નરોની ચૂંટણીઓ

ઈ.સ. ૧૮૬૩માં ઉત્તરી રાજ્યોમાં પ્રાંતિય ગવર્નરોની ચૂંટણીઓ થવાની હતી. લિંકનની ઇચ્છા નહોતી કે આ વખતે ચૂંટણીમાં પક્ષના આધારે તેઓ જીતે, તેઓ ઇચ્છતા હતા કે પાર્ટી લાઇનની બહાર રહીને પણ લોકો જીતે તો તેમાં વાંધો નથી, શરત એટલી જ કે એ બધા યુદ્ધના સમર્થક હોય. એમની સુવિધા એ પણ હતી કે રાષ્ટ્રપતિ હોવાના સંબંધે તેઓ ચૂંટણીઓમાં સીધો ભાગ લઈ શકતા નહોતા. લિંકન એક સાથે બે વાતો પર વિચાર કરી રહ્યા હતા – પહેલી વાત તો ચૂંટણી અને બીજી વાત એ કે યુદ્ધને અંતિમ સ્થિતિ સુધી પહોંચાડીને સંયુક્ત રાજ્ય અમેરિકાની એકતાને સુનિશ્ચિત કરવામાં આવે.

૩ સપ્ટેમ્બર, ૧૮૬૩ના દિવસે સ્પ્રિંગફીલ્ડમાં લિંકન એક સભાને સંબોધિત કરવાના હતા. આનું આમંત્રણ તેઓ સ્વીકારી ચૂક્યા હતા, જોકે તેઓ ત્યાં જઈ શક્યા નહિ, છતાં તેમણે ત્યાં પોતાનું લેખિત વક્તવ્ય મોકલાવ્યું. એમાં કહેવામાં

આવ્યું હતું કે યુદ્ધ એક અનિવાર્યતા હતી અને આ અનિવાર્યતામાં ગોરા અને કાળા સૈનિકોએ જે સમર્પણ, તત્પરતા અને લગનથી સહકાર આપ્યો છે, તે માટે આખો દેશ એમને સૌને ધન્યવાદ મોકલે છે. આનું સ્વાગત તાલીઓના ગડગડાટ, ધન્યવાદ અને આંસુઓથી થયું. દરેક સમાચારપત્રે તેને પ્રકાશિત કર્યું. કેવળ 'ન્યૂયૉર્ક વર્લ્ડ'એ આની આલોચના કરી.

આ પછી લિંકને જનરલ ગ્રાન્ટને મિસીસિપીની નવી ડિવિઝનનો પ્રમુખ બનાવી દીધો. આ ડિવિઝનમાં ઓહાયો, કંબલેન્ડ અને ટેનેસે સામેલ હતા. ટેનેસેની સૈન્યની સફળતાનો સીધો લાભ ચૂંટણીઓમાં મળ્યો અને આયોવા, પેન્સીલ્વેનિયા તથા કેલિફોર્નિયામાં લિંકન સમર્પિત ઉમેદવારોને વિજય મળ્યો. ઓહાયોમાં વેલેંડિગમ ઉમેદવાર હતો. વેલેંડિગમ લિંકનનો કટ્ટર વિરોધી હતો અને આ ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીને હરાવવા માટે તૈયાર હતો. આથી લિંકન થોડાક ચિંતિત હતા, પણ પરિણામો આવ્યાં તો વેલેંડિગમ હારી ગયો. પરિણામોએ લિંકનની પ્રમાણિકતાને ફરીથી સ્થાપી દીધી.

૪ જુલાઈ, ૧૮૬૩ના રોજ ગોટસબર્ગમાં નિર્ણાયક યુદ્ધ થયું અને લીની સેનાની જબરી હાર થઈ. આ એ પરાજય હતો જેની વાટ સંઘીય સેના એક અરસાથી જોઈ રહી હતી. લોકોએ આ વિજયને ઉત્સવમાં બદલી નાખ્યો. વ્હાઇટ હાઉસની સામે બૅન્ડ વગાડવામાં આવ્યા. એ સમયે લિંકને કહ્યું હતું, 'લગભગ ૮૦ વર્ષ પહેલા આજના જ ૪ જુલાઈ ૧૭૭૬ના દિવસે દુનિયાના ઇતિહાસમાં પહેલી વાર ઘોષણા થઈ હતી કે બધા જ મનુષ્યો સમાન છે. આ ઘોષણા અને મનુષ્યની ખરેખરી સચ્ચાઈને કેટલાક લોકોએ ખોટી ઠેરવવાની કોશિશ કરી, પરંતુ સ્વતંત્રતાની ઘોષણાની વર્ષગાંઠના દિવસે એ લોકોની નિર્ણાયક સજ્જડ હાર થઈ ગઈ.' આ પછી લોકોએ લિંકનને સલાહ આપી કે તેઓ પોતાના યુદ્ધને ન્યાય યુદ્ધના રૂપે ઓળખાવે જેથી જનતાનું મનોબળ ઊંચું રહી શકે. જનતા આને કેવળ ઉત્તર અને દક્ષિણના યુદ્ધના રૂપે યાદ કરે નહિ. જોન મુરે ફોર્સ નામના એક વેપારીએ સૂચન કર્યું કે રાષ્ટ્રપતિ આ યુદ્ધને સામંતોની વિરુદ્ધ જનતાના સંઘર્ષના રૂપમાં લઈને જાહેર કરે જેથી આવનારી પેઢી આ પ્રશાસન ઉપર ગર્વ કરી શકે.

શહીદ સ્મારક ઉપર ઐતિહાસિક ભાષણ

ગોટસબર્ગની લડાઈમાં માર્યા ગયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપવા માટે એક સ્મારક બનાવાયું. આ જ એક સ્થળ હતું, જ્યાં પોતાના ટૂંકા ભાષણમાં અબ્રાહમ લિંકને લોકતંત્રની વિશ્વપ્રસિદ્ધ પરિભાષા આપી.

એ કાર્યક્રમમાં ભાષણ આપવા માટે અમેરિકાના પ્રસિદ્ધ વક્તા એડવર્ડ એવરેટને બોલાવાયા હતા. લિંકન ત્યાં પહોંચશે એવું કોઈએ વિચાર્યું પણ નહોતું. આ જ કારણ હતું કે તેમને ઔપચારિક આમંત્રણ પણ મોકલવામાં આવ્યું નહોતું, પણ જ્યારે લિંકન તરફથી ખબર આવી કે લિંકન આવી રહ્યા છે તો લોકોના આનંદનો પાર ન રહ્યો, પરંતુ આ વખતે લિંકન પોતાના ભાષણ અંગે કંઈક વધુ સજાગ અને સાવધ હતા. જે દિવસે એમને બોલવાનું હતું તે પહેલા એમણે કહ્યું, 'મેં મારા ભાષણને બે-ત્રણ વાર લખ્યું છે, પણ લાગે છે કે હજી એ પૂરુ થયું નથી. મારા સંતોષ માટે કદાચ મારે તેને ફરી એક વાર જોવું પડશે.'

જ્યારે લિંકન ભાષણના મંચ ઉપર બેઠા હતા ત્યારે પણ તેમને કાંઈક બરાબર હોય તેમ લાગતું નહોતું. એમને લાગી રહ્યું હતું કે ભાષણમાં કંઈક વધુ કરવું જોઈએ. તેઓ બોલવા ઊભા થયા, તે સમયે પણ તેમના હાથમાં લખેલો કાગળ હતો.

ભાષણની શરૂઆતથી જ તાલીઓનો ગડગડાટ શરૂ થઈ ગયો હતો. એમણે કહ્યું હતું, 'લોકતંત્ર એ જનતાની, જનતા માટેની, જનતા દ્વારા નિરૂપિત પ્રણાલી છે. એમણે કહ્યું કે સંયુક્ત રાજ્ય અમેરિકા માત્ર એક સંઘ નથી, રાષ્ટ્ર છે. આપણે ઈ.સ. ૧૭૭૬ના સ્વતંત્રતાના ઘોષણાપત્રમાં વિશ્વાસ રાખીએ છીએ, જે ઘોષણાપત્ર રંગભેદ વગરની નીતિ અપનાવી મનુષ્યના સમાન વ્યવહાર ઉપર બળ આપે છે. એમણે યાદ દેવડાવ્યું કે અમેરિકા માત્ર બંધારણીય સ્વતંત્રતાનો જ પક્ષ લેતો નથી, એ માનવીય સમાનતાનો પણ પક્ષ લે છે. એમણે કહ્યું કે હજારો સૈનિકોના બલિદાન વ્યર્થ ન જાય તે માટે જરૂરી છે કે આપણે પ્રતિજ્ઞા લઈએ કે આ રાષ્ટ્રની સ્વતંત્રતાનો પુનર્જન્મ થાય.' માત્ર ૨૭૨ શબ્દોનું લિંકનનું આ સંબોધન આખી દુનિયામાં ચર્ચિત થયું. અનેક લોકોએ આ ભાષણની લિંકનના હસ્તાક્ષર કરેલી નકલો મેળવી. અમેરિકામાં આજે પણ એની પાંચ નકલો સુરક્ષિત છે. લિંકને માત્ર પ્રતિજ્ઞા કરી એટલું જ નહિ પોતાની પ્રતિબ્ધતાથી એને પૂરી પણ કરી અને દુનિયાને દેખાડ્યું કે ઇતિહાસને કઈ રીતે ઘડાય.

લિંકનનું ભાષણ કંઈક આ પ્રકારે હતું–

'સદીઓ પહેલા જ્યારે અમ પૂર્વજોએ
આ ઉપ-મહાદ્વીપને એક નવ રાષ્ટ્રના
અભ્યુદયમાં કીધો'તો પરિવર્તિત,
સ્વતંત્રતા ત્યારે પણ હતી વિચારના કેન્દ્રે

ને સમર્પિત કીધી'તી પ્રતિજ્ઞા કે સૌ
મનુષ્યો સમાન છે.
આજ ગૃહયુદ્ધે રત આપણે
પરીક્ષણે સન્નદ્ધ કે એ દેશ કે
કોઈ પણ દેશ, જે આવો ધ્યાનસ્થ
ને સમર્પિત છે.
દીર્ઘકાળેય દૃઢ રહી શકે
આપણે યુદ્ધની પુણ્યભોમે મળ્યા
જે થકી આના એક ભાગને શહીદોના
ચિર વિશ્રામને નામે કરી શકીએ
જેમણે નિજ જીવન આ રાષ્ટ્રના જીવન
કાજે હોમી દીધું
પણ એ મહા પરિપેક્ષ્યમાં
અમે ન કરી શકતા સમર્પિત
અમે ન કરી શકતા ઉત્સર્ગ
અમે ન કરી શકતા મેદાનને પાવન
એ સૌ શૂરવીરોએ ભલે તે
જીવિત હોય કે નહિ, જેમણે
અહીં સંઘર્ષ કીધો પહેલા જ
કરી ચૂક્યા ઉત્સર્ગ
અમે સંચિત શક્તિમાં કંઈ વધ કે
ઘટને કાજે.
દુનિયાના ઇતિહાસમાં થોડું
હો વર્ણન કે વધુ, લાંબા સમય સુધી
રહી શકે યાદ કે અમે અહીં શું
કરી રહ્યા'તા, પણ અનંતકાળ
લગી રે'શે યાદ કે એ જણ
અહીં શું કરી ગયા
અમારા માટે અંગીકૃત જીવન છે
સમર્પણ ભર જ ના

એ સૌ અપૂર્ણ કાર્યોને
પૂર્ણ કરવાના સમ
ને પ્રતિજ્ઞા કે એમનો
ઉત્સર્ગ નહિ જશે અકારણ.
આ રાષ્ટ્ર ઈશ્વરની છાયામાં
એક નવ સ્વતંત્રતાને દેશે જન્મ
ને જનતાનું જનતા દ્વારા
જનતાને કાજે
ધરતી પરથી ક્યારેય લય નહીં થશે.'

આ બધું સરળતાથી થયું નહોતું. ઈ.સ. ૧૮૬૩માં લીએ સંયુક્ત રાજ્ય અમેરિકાની સંઘીય સેનાને અનેક મોરચે કારમી હાર આપી હતી. તેઓ એટલા આક્રમક હતા કે એક વાર તો એવું લાગતું હતું કે તેઓ આખા ઉત્તરને પોતાના પગ તળે રગદોળી નાખશે. લીએ પેન્સીલ્વેનિયાના હથિયાર બનાવનારા કેટલાય કેન્દ્રો ઉપર કબજો જમાવી દીધો હતો અને પોતાની ચીંથરેહાલ સેના માટે નવાં વસ્ત્રોની જોગવાઈ કરી લીધી હતી. એમના મનમાં વિચાર હતો કે એક વાર તે લોકો વૉશિંગ્ટન ઉપર વિજય પ્રાપ્ત કરી લેશે અને ફ્રાંસ તથા બ્રિટનને એ વાત ઉપર બાધ્ય કરી લેશે કે તે એમના હુકમના વજૂદનો સ્વીકાર કરે – એટલે કે સ્વતંત્ર રાષ્ટ્રના રૂપમાં માન્યતા આપે. એમની પાસે ૭૫ હજાર યોદ્ધાઓ હતા. એ લોકો જ્યારે પોટોમેકના ઇલાકામાં ઘૂસ્યા તો એમણે પૂરા ક્ષેત્ર ઉપર આતંક ફેલાવીને ધ્રુજાવી દીધું. કંવરલેન્ડની ખીણના ખેડૂતો પોતાના ઘોડાઓ અને ઢોરઢાંખર લઈને ભાગી નીકળ્યા. નિગ્રો લોકોની આંખો ભયથી સફેદ પડી ગઈ હતી. ત્યાંની જ શરૂઆતની બે દિવસની લડાઈમાં સંઘીય સેનાના ૨૦ હજાર સૈનિકો મરાયા કે હાર્યા. આથી લીને ગુમાન થઈ ગયું કે પોતે જલદી જ સંઘીય સેનાના બધાં સપનાંઓનો ભુક્કો બોલાવી દેશે. ગોરીલા યુદ્ધમાં તો લીની સેના ક્યારે પણ ક્યાંય હારી નહોતી. લી ઇચ્છતો હતો કે હવે ખુલ્લા મેદાનની લડાઈમાં પણ એ બાજી મારી લે. લી આ માટે ઉતાવળો થઈ રહ્યો હતો, જ્યારે લીનો જમણો હાથ સમો લોંગસ્ટ્રીટ લીને વારી રહ્યો હતો કે ખુલ્લા મેદાનની લડાઈ નહિ લડવી, પણ લીની એના ઉપર અસર જઈ નહીં. લોંગસ્ટ્રીટની દૃષ્ટિ યુદ્ધના મામલે ઘણી સારી અને ધારદાર હતી. એનું સૂચન હતું કે આ યુદ્ધ માત્ર હજારો લોકોના પ્રાણ લેશે પણ એમ છતાં કંઈ વળશે નહિ. કંઈ પ્રાપ્ત

થશે નહિ. અંતમાં દબાણ વધવાથી લોંગસ્ટ્રીટે પોતાનું માથું ઝુકાવ્યું અને ડૂસકે ને ડૂસકે રોવા લાગ્યો, પણ એણે લીનો આદેશ માનવાનો ઇનકાર કરી દીધો. એના પછી પિકેટને આગેવાની તથા ભાર સોંપવામાં આવ્યો. આ પિકેટ કોઈ સમયે લિંકનનો મિત્ર હતો. એણે પણ નેપોલિયનની જેમ યુદ્ધક્ષેત્રથી પ્રેમપત્રો લખવા માંડ્યા.

લી પોટોમેક નદી પાસે ઘેરાઈ ગયો હતો અને સંઘીય સેનાના જનરલ મીડની બેદરકારીને કારણે ભાગી જવામાં સફળ થયો હતો. એ સમયે લિંકને મીડને પત્ર લખ્યો, 'એ આપણી પકડમાં હતો અને જો આપણે તેની ધરપકડ કરવામાં સફળ થઈ જાત તો યુદ્ધ અહીં જ સમાપ્ત થઈ જાત.'

❒

"લોકતંત્ર એ જનતાની, જનતા માટેની જનતા દ્વારા નિરૂપિત પ્રણાલી છે." – **અબ્રાહમ લિંકન**

૫

બીજી વાર રાષ્ટ્રપતિ થવું

ઈ.સ. ૧૮૬૧માં યુદ્ધ શરૂ થયું હતું. એ સમયે ઇલિનોયના ગેલેનામાં એક વ્યક્તિ પોતાની ચિંતામાં મગ્ન, અસ્તવ્યસ્ત કપડામાં, ચિલમ પીતા પીતા અહીંથી ત્યાં આંટા મારતી હતી. એ વ્યક્તિ સુવર અને એનું ચામડું ખેડૂતો પાસેથી ખરીદનાર વ્યક્તિ હતી અને એ વ્યક્તિ એટલે કે એ માણસ પુસ્તકો સંભાળીને રાખતો. એ એટલા માટે કે તેના બે ભાઈઓને પુસ્તકોની દુકાનો હતી. એ અલગ વાત છે કે એ ભાઈઓ ઇચ્છતા નહોતા કે એ માણસ દુકાનની આસપાસ પણ ફરકે. મહિનાઓ સુધી સેંટ બુઇસની સડકો ઉપર કંઈક કરવાની ઇચ્છાથી તે ભટક્યા કરતો હતો, પણ કંઈ કરી શક્યો નહોતો. આ દરમિયાન જ એનાં બાળકો અને પત્ની નિરાશ્રીત થઈ ગયાં. અત્યંત નિરાશામાં અને દુઃખમાં તેણે ક્યાંકથી થોડાક ડૉલર ઉધાર લીધા અને કંટેકી ચાલ્યો ગયો. જ્યાં એના પિતા રહેતા હતા. એમની પાસે જઈને મદદ માંગી. એમની ઉમર જરા વધારે હતી, પણ એમની પાસે થોડા ઘણા પૈસા હતા. એમણે તેને મદદ કરી અને બંને નાના દીકરાઓને પત્ર લખ્યો કે જેમ બને તેમ મોટા ભાઈને કંઈ કામ આપે.

પાછો ફર્યો ત્યારે એના બંને ભાઈઓએ એને રોજના બે ડૉલરના હિસાબે કામ ઉપર રાખી લીધો. જોકે એની હેસિયત કદાચ એટલી નહોતી, પણ પરિવારોમાં બને છે. તેમ કેટલાંક કામો પોતાના હોવાની લાગણીથી પણ કરવામાં આવે છે. આ પણ એવો જ ફેંસલો હતો. એને પોતાના ઘરમાં સન્માન મળ્યું નહોતું, પણ ત્રણ વર્ષોમાં એણે દુનિયાની અત્યાર સુધીની સૌથી પ્રચંડ સેનાની આગેવાની સંભાળી અને સન્માન પણ મેળવ્યું. ચાર વર્ષોમાં એણે લી ઉપર પોતાનો સિક્કો જમાવી દીધો અને લીને ધૂળધાણી કરી નાખ્યો, આની પહેલા એની માએ એની ચિંતા કરી નહોતી. ઘરમાં એની ઉપેક્ષા થતી હતી. ગામના લોકો એને 'ગ્રાન્ટ' કહેતા હતા.

એની દાદી સિમ્પસનને કારણે કદાચ એનું આખું નામ 'યુ.એસ. ગ્રાન્ટ' થઈ ગયું હતું.

ગ્રાન્ટે કોઈ દિવસ એવી દરકાર રાખી નહોતી કે લોકો અને દોસ્તો એને શું કહે છે અથવા તો પોતે કેવો દેખાય છે. દોસ્તો એને 'અંકલ સામ' કહેતા. બીજા ફોજીઓની માફક એના જોડા ચમકતા નહોતા કે તે પોતાની બંદૂકને એમની માફક સાફ પણ રાખતો નહોતો. એ તો ઠીક પણ 'રોલકોલ' અથવા હાજરી વખતે પણ એ સમયસર પહોંચતો નહોતો, મોડો પહોંચતો. એટલું જ નહિ સૈન્યની રણનીતિ ઉપર કોઈ પુસ્તક પણ વાંચતો નહોતો. જ્યારે તેણે યુદ્ધ જીતી લીધું અને પ્રસિદ્ધ થઈ ગયો ત્યારે એણે બિસ્માર્કને કહ્યું હતું, 'મિલિટરીના મામલાઓમાં મને કોઈ રસ નથી. સત્ય તો એ છે કે આજે પણ હું એક સૈનિકથી વધુ એક ખેડૂત છું. હકીકતમાં હું દુઃખદ સ્થિતિમાં મિલિટરીમાં આવ્યો હતો, પણ આનંદ લીધા વગર એને છોડી નથી.' એણે માન્યું હતું કે પોતે એક મોટો આળસુ માણસ છે જેની ભણતરમાં કોઈ રુચિ નહોતી. ઈ.સ. ૧૮૫૩માં તે કેલિફોર્નિયાના હંબોલ્ટ કિલ્લા ઉપર તૈનાત હતો. ત્યાં જ પાસેના ગામમાં એક રિયાન નામનો માણસ હતો. તેનું ચરિત્ર અદ્‌ભુત હતું. રિયાન આખું અઠવાડિયું સર્વે કરતો અને રવિવારે ધર્મોપદેશ કરતો. એનો એક સ્ટોર પણ હતો જ્યાં તે ડ્રમ ભરીને વ્હિસ્કી રાખતો. એ જમાનામાં વ્હિસ્કી બહુ સસ્તી હતી. નજીકમાં એક મગ એટલે મોટો પ્યાલો લટકાવતો. કોઈ પણ આવે અને પોતે જ પોતાની સેવા કરે. ગ્રાન્ટ ત્યાં ઘણી વાર જતો હતો. એટલી બધી વાર એ ગયો કે એની નોકરી ચાલી ગઈ. એના ભૂખમરાના દિવસો આવી ગયા. તે મિસૌરી ચાલ્યો ગયો અને પોતાના સસરાના આઠ એકરના ખેતરમાં કામ કરવા લાગ્યો. એક વરસ ત્યાં પણ તેને ખોટ ખમવી પડી. ત્યાંથી ત્રાસીને તે સેંટ લુઈસ ચાલ્યો ગયો. ત્યાં તે પ્રોપર્ટીના સોદા કરાવવા એટલે કે દલાલી કરવાનું કામ કરવા લાગ્યો. કામ ચાલ્યું નહિ અને તેથી તે વધારે ત્રાસી ગયો.

ગૃહયુદ્ધ વિશે એક મજાની વાત એ છે કે લી માનતો હતો કે ગુલામીની પ્રથા ખોટી છે. લીએ યુદ્ધ શરૂ થવાના ખાસા સમય પહેલા જ પોતાને ત્યાં કામ કરતા નિગ્રો ગુલામોને આઝાદ કરી દીધા હતા. જ્યારે ગ્રાન્ટના ઘરમાં નિગ્રો લોકો કામ કરતા હતા અને એ પણ એવા સમયે જ્યારે ગ્રાન્ટ ઉત્તરી સેનાનો મુખ્ય આગેવાન હતો. એ પણ એવી સેના કે જે ગુલામીની પ્રથાની મુક્તિને મનુષ્યની શાંતિ અને સમાનતાનું અમૂલ્ય અસ્ત્ર માનતી હતી.

યુદ્ધની શરૂઆતમાં ગ્રાન્ટ ગેલેનાના ચામડાના સ્ટોરમાં કામ કરતો હતો. તે કંટાળી ગયો હતો અને સેનામાં જોડાવા માગતો હતો. લાગતું તો સહેલું હતું કેમ

કે એ સમયે વધુ ભરતીઓ તાલીમ પામ્યા વગરના માણસોની થતી હતી, પણ એવું થયું નહિ. એના ભાગમાં તો માત્ર ડ્રિલ કરાવવાનું કામ જ આવ્યું.

છેવટે તેને સ્પ્રિંગફીલ્ડમાં એક કારકુનીનું કામ મળ્યું. એ કામ એટલું સાધારણ હતું કે પંદર વરસની કોઈ છોકરી પણ સહેલાઈથી કરી શકે. અચાનક એક બનાવ બન્યો, જેણે ગ્રાન્ટના પ્રારબ્ધને બદલી કાઢ્યું. ઇલિનોયના વૉલન્ટિયરની ટાવી રેજીમેન્ટે અચાનક પોતાના ઑફિસરોના આદેશ માનવાનો ઇનકાર કરી દીધો. તે સમયે ત્યાંનો ગવર્નર યેટ્સ હતો. તેને થયું કે ગ્રાન્ટ વેસ્ટપોઇન્ટનો સ્નાતક છે. એને મોકો આપવો જોઈએ. જૂન ૧૮૬૧માં ગ્રાન્ટે તે રેજીમેન્ટની આગેવાની સંભાળી જે માટે કોઈ રાજી નહોતું. એ સમયે ગ્રાન્ટ પાસે ઘોડો પણ નહોતો કે વરદી પણ નહોતી. શરૂઆતમાં તો લોકોએ તેની મજાક ઉડાવી, હાંસી કરી, પણ ગ્રાન્ટે જલદી જ આવી ગતિવિધિઓ ઉપર કાબૂ મેળવી લીધો. જો કોઈ માણસ આદેશોનું ઉલ્લંઘન કરતો તો તેને કોઈ થાંભલે બાંધી દેવાતો અને આખો દિવસ એકલો રાખવામાં આવતો. જો કોઈ ગમે તેમ બકવાસ કરે કે ગાળો ઝૂડે તો તેના મોઢામાં કપડું ઠાંસી દેવાતું. હાજરી કે રોલકોલના સમયે મોડો આવે તો તેને આખો દિવસ, ૨૪ કલાક ભૂખ્યો રાખવામાં આવતો. એ રીતે તેણે જલદી પોતાની પ્રશાસનની સખતાઈને કાબેલિયતમાં ફેરવી દીધી.

યશ ક્યારેય એકલો વધતો નથી. એ પોતાની સાથે બીજા લોકોની ઈર્ષા પણ વધારે છે. આવું જ ગ્રાન્ટની સાથે પણ થયું. એનો સૌથી મોટો ઑફિસર હેલેક હતો. એણે ગ્રાન્ટને બહુ જ હેરાન કર્યો. લિંકનનો નૌસેના સચિવ ગિડોન વેલ્સ હેલેકને સારી પેઠે જાણતો હતો. એનું કહેવું હતું કે હેલેક કંઈ જ કરતો નથી, તે વિચારતો નથી, સૂચન આપતો નથી, યોજના બનાવતો નથી, નિર્ણય લેતો નથી. હકીકતમાં તે લોકોને ગાળો દેવા સિવાય, બીજાઓને નીચું દેખાડવા સિવાય કંઈ જ કરતો નથી. ગિડોન વેલ્સ હેલેક વિશે આમ માનતો હતો. ગ્રાન્ટે એક દિવસ હેલેકને રિપોર્ટ મોકલ્યો, પણ સંચાર વ્યવસ્થા ખરાબ થઈ જવાથી તેનો રિપોર્ટ હેલેકને મળ્યો નહિ. હેલેકે મેક્લેનને બતાવ્યું કે ગ્રાન્ટ આવો છે, દારૂ પીએ છે, બધી જ રીતે અયોગ્ય છે, આદેશોની અવગણના કરે છે. મેક્લેન પણ ગ્રાન્ટની પ્રસિદ્ધિ ઉપર બળતો હતો. મેક્લેને હેલેકને તાર કર્યો. આ તાર આ ગૃહયુદ્ધનો સૌથી વધુ ચોંકાવનારો તાર હતો. એમાં લખ્યું હતું :

'જો જરૂરી લાગે તો ગ્રાન્ટને પકડી લો અને એનો કાર્યભાર સી. એફ. સ્મિથને સોંપી દો.' અને હેલેકે લગભગ એવું જ કર્યું. ગ્રાન્ટ પાસેથી સેના લઈ લેવામાં આવી અને તેને નજરબંધ કરવામાં આવ્યો. એ પછી જ હેલેકને ચેન પડ્યું

અને ખુરશી ઉપર પોતાની જાતને પ્રસારી લાંબો થયો અને પગ હલાવવા માંડ્યો. એ પછી જોકે ગ્રાન્ટને હોદ્દો પાછો મળી ગયો હતો, પણ એનું દુર્ભાગ્ય એના આડે આવતું જ ગયું. પૂરા આઠ મહિનાઓ સુધી એ જે કામમાં હાથ નાખતો તેમાં તેની હાર થતી. મિસીસિપી ઉપર તેણે જેટલા પ્રયોગો કર્યા તે બધામાં તે નિષ્ફળ ગયો. ચારેકોર તેની આલોચના અને ટીકા થવા માંડી, પણ લિંકનનો ગ્રાન્ટ ઉપરનો વિશ્વાસ ડગ્યો નહિ. પછી તો ગ્રાન્ટે વિક્સબર્ગના યુદ્ધમાં ૪૦ હજાર લોકોને બંદી બનાવ્યા અને આખું મિસીસિપી ક્ષેત્ર ઉત્તરના હાથમાં ધરી દીધું. આ ખબરથી એક વાર ફરી લોકોનો ઉત્સાહ વધ્યો એટલું જ નહિ, ગ્રાન્ટની યશગાથામાં પણ એક એવું પ્રકરણ જોડાઈ ગયું જે માટે અનેક જનરલો લલચાતા હતા.

કૉંગ્રેસે એક ઠરાવ પસાર કર્યો કે ગ્રાન્ટને લેફ્ટેનન્ટ જનરલ બનાવી દેવામાં આવે. આ એક એવું સન્માન હતું જે વૉશિંગ્ટન પછી કોઈને પ્રાપ્ત થયું નહોતું. વ્હાઇટ હાઉસમાં ગ્રાન્ટનું સન્માન થવાનું હતું અને ગ્રાન્ટે થોડા શબ્દો બોલવાના હતા. તે પોતાની સાથે એક કાગળ લઈ ગયો હતો જેના ઉપર માત્ર ત્રણ પંક્તિઓ જ લખેલી હતી. એણે વાંચવાનું ચાલુ કર્યું જ હતું કે હાથમાંથી કાગળ લપસી પડ્યો. એના ઘૂંટણો ધ્રૂજવા માંડ્યા. ચહેરો પરસેવાથી રેબઝેબ થઈ ગયો. મહા મુશ્કેલીએ બંને હાથોમાં બળપૂર્વક કાગળ પકડીને એ ત્રણ પંક્તિઓ બોલી શક્યો. ગ્રાન્ટના માટે માત્ર અગિયાર લોકોની સામે ૮૪ શબ્દો બોલવા ભારે થઈ પડેલા, ગોળીઓનો સામનો કરવા કરતાય ભારે.

મે ૧૮૬૪માં ગ્રાન્ટ ૧,૨૨,૦૦૦ લોકોની સેના લઈને રેપીડાન નદીના કાંઠે લી સાથે છેલ્લી લડાઈ લડી લેવાના ઇરાદેથી પહોંચી ગયો. લી જોડે એની મુલાકાત વર્જીનિયામાં થઈ. છ દિવસની લડાઈમાં ગ્રાન્ટના ૫૪,૯૨૬ લોકો માર્યા ગયા. લીની ફોજમાં તો આટલી સંખ્યા પણ નહોતી. કોલ્ડ હાર્બરના એક કલાકના યુદ્ધમાં ૭ હજાર લોકો માર્યા ગયા. ગેટ્સબર્ગના યુદ્ધમાં બંને બાજુએથી માર્યા ગયેલા, પણ એ ત્રણ દિવસમાં માર્યા ગયેલાની સંખ્યા ૬ હજાર જ હતી. કોલ્ડ હાર્બર ઉપરનો હુમલો ગ્રાન્ટની સૌથી મોટી ભૂલ હતી.

પરાજય કોઈને પણ માફ કરતો નથી કે બક્ષતો નથી. દક્ષિણ અને ઉત્તર બંને તરફ લિંકનની ટીકા થવા માંડી. આના કેટલાંક જ અઠવાડિયાંઓ પછી પેન્સીલ્વેનિયાની એક હોટલમાં મીડવીલેની બારી ઉપર કોઈકે લખી નાખ્યું હતું, '૧૩ ઑગસ્ટ, ૧૮૬૪ના દિવસે ઝેર ખાવાથી અબ્રાહમ લિંકનનું દેહાવસાન થઈ ગયું.' પાછળથી ખબર પડી કે હોટલનો એ ઓરડો જોન વિલ્કીજના નામે બુક થયો હતો.

આ દરમિયાન લિંકન સામે એક મોટી સમસ્યા દક્ષિણી રાજ્યોને સંઘમાં સામેલ કરવાની હતી. એમની પાસે ત્રણ યોજનાઓ હતી. પહેલી યોજના ડેમોક્રેટ લોકોએ સૂચવેલી હતી. એમનું કહેવું હતું કે વિદ્રોહીઓને જાહેર માફી આપવામાં આવે અને રાષ્ટ્રપતિ પોતાનું મુક્તિ-ઘોષણા પત્ર પાછું ખેંચે. બીજી યોજના ઉદારવાદી રિપબ્લિકનોની હતી. એમાં માત્ર એક જ શરત હતી. ગુલામોના માલિકો સ્વેચ્છાએ ગુલામોને કહી દે. જોકે આના નેતા મોંટ ગુમરી બોયરનો વિચાર હતો કે કાળા લોકોને તેમના દેશ દક્ષિણ આફ્રિકામાં પાછા મોકલી દેવા જોઈએ. ત્રીજી યોજના ઉગ્રવાદી રિપબ્લિકન લોકોની હતી. એમનું કહેવું હતું કે દક્ષિણી રાજ્યોનું સંઘમાં વિલય કરતા પહેલા એ રાજ્યોના આર્થિક અને સામાજિક માળખા ઠીક કરવામાં આવે. એના નેતા સમનરનો મત હતો કે કેન્દ્રે આ બધાં રાજ્યો જીત્યાં છે માટે આ બધાં રાજ્યોને કેન્દ્રને અધીન કરવામાં આવે. સમનરની ઇચ્છા એવી હતી કે દક્ષિણના વિદ્રોહીઓની જમીન છીનવીને દેશભક્ત સૈનિકો, ગરીબ ગોરા લોકો અને આઝાદ ગુલામો વચ્ચે વહેંચી દેવી જોઈએ.

આના ઉપર સમનર અને બ્લેયર વચ્ચે ટપાટપી થઈ ગઈ. લિંકન એમ તો ઉદારવાદી હતા, પણ આ ચર્ચામાં તેઓ કોઈના પક્ષે બોલ્યા નહિ. લિંકન એ સમયે બીમાર હતા. તેઓ ગેટ્સબર્ગથી પાછા ફર્યા ત્યારથી જ બીમાર હતા. એમને શીતળા નીકળ્યા હતા. પથારી ઉપરથી જ તેમણે પોતાનો સંદેશ તૈયાર કર્યો અને એમાં ઉગ્રવાદી તથા ઉદારવાદી બંનેનાં સૂચનોની ઉપેક્ષા કરી. એમણે કહ્યું કે દેશમાં નવા જીવનની શરૂઆત થવાની છે, પરંતુ આ બાબતે વિસ્તારપૂર્વક કંઈ કહ્યું નહિ. એમણે રાજધાની વૉશિંગ્ટનમાં નવું સંસદભવન બનાવવા અંગે પણ કંઈ કહ્યું નહિ. હાથમાં મશાલ ધારણ કરી રહેલ થોમસ ક્રાફોર્ડની ૧૯ ફીટ ઊંચી સ્વતંત્રતાની પ્રતિમા બાબતે પણ તેઓ ચૂપ રહ્યા. એમણે યુદ્ધમાં શહીદ થયેલા કાળા સૈનિકોનો ઉલ્લેખ તો કર્યો, પણ સેનામાં મોજૂદ કાળા સૈનિકોના હોસલા વધાર્યા નહિ. હકીકતમાં એમણે ભૂતકાળની ચર્ચા કરવા કરતા ભવિષ્યની વધુ ચર્ચા કરી. એમણે માફીની ઘોષણા કરતા કહ્યું કે સૌને પૂરી માફી આપવામાં આવે છે. ગુલામો સિવાયના લોકોની સંપત્તિ ઉપરના બધા અધિકારો ફરીથી સ્થાપિત કરવામાં આવે છે. આમ માફી પામવા માટે, પાત્ર થવા માટે સમ્મિલિત રાજ્યોના ઉચ્ચ અધિકારીઓ માટે એ જરૂરી હતું કે બંધારણ પ્રત્યે વફાદારીના શપથ ગ્રહણ કરે અને પ્રતિજ્ઞા કરે કે કૉંગ્રેસના નિર્ણયો અને ગુલામીની પ્રથા સંબંધી રાષ્ટ્રપતિની ઘોષણાઓનું સંપૂર્ણ સમ્માન કરશે. એમણે કહ્યું કે તેઓ પોતાની મુક્તિની ઘોષણાથી જ્યાં સુધી હોદ્દા ઉપર છે ત્યાં સુધી ડગશે નહિ. એમણે એ પણ કહ્યું કે જે ગુલામો મુક્ત થઈ

ગયા છે, એમને ફરીથી ગુલામ બનાવાશે નહિ. લિંકનનો આ સંદેશ ૯ ડિસેમ્બર, ૧૮૬૩ના દિવસે વાંચવામાં આવ્યો. એના ઉપર 'ન્યૂયોર્ક ટ્રિબ્યુન'એ લખ્યું કે જ્યોર્જ વૉશિંગ્ટન પછી કોઈ પણ રાષ્ટ્રપતિના સંદેશે આટલો સંતોષ જનતાને આપ્યો નથી.

પાર્ટી દ્વારા બીજી વાર નામાંકન

જૂનમાં રિપબ્લિકન પાર્ટીએ અબ્રાહમ લિંકનને બીજી વાર રાષ્ટ્રપતિ પદ માટે નામાંકિત કરી દીધા, પણ જલદી જ પાર્ટીને લાગ્યું કે પાર્ટીએ ભૂલ કરી નાખી છે. પાર્ટીના કેટલાક વરિષ્ઠ નેતાઓએ લિંકનને સલાહ આપી દીધી કે તેઓ પોતે પોતાનું નામ પાછું ખેંચી લે. તે લોકો એક બીજું સમ્મેલન બોલાવવા માંગતા હતા અને જેમાં તેઓ કહેવા માંગતા હતા કે લિંકન નિષ્ફળ રહ્યા છે તેથી તેમનું નામાંકન રદ કરવામાં આવે છે. લિંકનના પ્રિય મિત્ર ઓરવિલ બ્રાઉનિંગે પોતાની ડાયરીમાં લખ્યું, 'દેશની સૌથી મોટી જરૂરિયાત છે કે એના શિખર ઉપર યોગ્ય નેતા જ વિરાજે.' લિંકન પોતે પણ સમજવા લાગ્યા કે એમનો મામલો નિરાશાજનક છે. તેઓ નિષ્ફળ રહ્યા છે, તેમના જનરલો નિષ્ફળ રહ્યા છે અને લોકોનો વિશ્વાસ એમના નેતૃત્વ ઉપરથી ઊઠી ગયો છે. ઈ.સ. ૧૮૬૪નો ઉનાળો આવતા આવતા લિંકન બિલકુલ બદલાઈ ગયા હતા. ગાલ અંદર ધસી ગયા હતા. ટુચકાઓની જગ્યા ગંભીર વક્તવ્યોએ લઈ લીધી હતી. એમણે પોતાના એક મિત્રને કહ્યું પણ હતું કે કદાચ હવે એ ક્યારેય જીવનમાં પ્રસન્ન રહી શકશે નહિ. 'અંકલ ટોમ્સ કૅબિન'ની લેખિકા શ્રીમતી સ્તોવને એમણે કહ્યું હતું, 'કદાચ આ દેશમાં શાંતિ જોવા માટે હું જીવિત નહિ રહું.'

૨૨ ફેબ્રુઆરી, ૧૮૬૪ના દિવસે રિપબ્લિકન પાર્ટીની રાષ્ટ્રીય સમિતિની બેઠક વૉશિંગ્ટનમાં થઈ. બેઠકમાં પાંચમાંથી ચાર સભ્યોની બહુમતીથી લિંકનનો ફરીથી નામાંકનનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. નક્કી થયું કે આખું રાષ્ટ્રીય સમ્મેલન બાલ્ટીમોરમાં થાય જ્યાં આ બાબતે અંતિમ પ્રસ્તાવ પાસ કરવામાં આવે. અનેક રાજ્ય સ્તરીય સમ્મેલનોમાં પણ લિંકનના નામની ભલામણ થઈ અને આ આશયનો પ્રસ્તાવ પસાર કર્યો. ચેજ પણ આ દોડમાં હતો, પણ આ બધું જોઈને તે ઘણો નિરાશ થયો અને ૫ માર્ચના દિવસે તેણે નામ પાછું ખેંચવાની ઘોષણા કરી દીધી.

લિંકને સેનાને ફરીથી સંગઠીત કરવાનું બીડું પણ ઉપાડ્યું. ગ્રાન્ટને તેઓ લેફ્ટેનન્ટ જનરલ બનાવી ચૂક્યા હતા. ૧૯ માર્ચ, ૧૮૬૪ના દિવસે ગ્રાન્ટને સેનાનો જનરલ ઇન ચીફ બનાવી દેવાયો અને હેલેકને ચીફ ઑફ સ્ટાફ બનાવાયો. લિંકન

અને ગ્રાન્ટ એક વાત ઉપર સંમત હતા કે સમ્મિલિત રાજ્યની સેના ઉપર છેલ્લો હુમલો ચારે બાજુએથી એકી સાથે કરવામાં આવે. બુધવાર ૪ મે, ૧૮૬૪ના દિવસે પોટોમેક સેનાએ આ અભિયાનની શરૂઆત કરી. એ જ દિવસે સેના ઉત્તરી વર્જીનિયા તરફ આગળ વધી ગઈ. આગલા દિવસે જનરલ પીટ્સબર્ગ રવાના થયો અને ૭ મેના દિવસે જનરલ શર્મન આટલાન્ટા ઉપર કબજો કરવા કૂચ કરી ગયો. બધું ગુપ્ત રીતે થઈ રહ્યું હતું. શરૂઆતની હાર થયા પછી સંઘીય સેનાએ વિજયકૂચ કરી. વિજય મેળવ્યો. આ લિંકનની નીતિઓ અને યોજનાઓની જીત હતી. એમના સંકલ્પ અને પ્રતિબદ્ધતાની જીત હતી. આ જીત હતી અમેરિકાને એક રાષ્ટ્ર માનવાવાળાઓની. ચાર વર્ષના યુદ્ધ પછી પણ લિંકનના મનમાં દક્ષિણ પ્રત્યે કોઈ ખરાબ ભાવના નહોતી.

૭ અને ૮ જૂન ૧૮૬૪ના દિવસે બાલ્ટીમોરમાં રિપબ્લિકન પાર્ટીનું રાષ્ટ્રીય અધિવેશન થયું. આમાં રાષ્ટ્રપતિ પદ માટેના ઉમેદવારને ચૂંટવાના હતા. આમાં લિંકન સમર્થકોની બહુમતી હતી. સમ્મેલનમાં લિંકનને એક એવા માણસ તરીકે સ્થાપિત કરવામાં આવ્યા જે માણસમાં વ્યવહારુ જ્ઞાન, નિસ્વાર્થ સેવા, દેશભક્તિ વિદ્યમાન છે. સમ્મેલનમાં કહેવામાં આવ્યું કે સમ્મિલિત રાજ્યો વિના શરતે આત્મસમર્પણ કરે. એટલું જ નહિ લિંકનની નીતિઓને નજર સમક્ષ રાખી ગુલામીની પ્રથાની નાબૂદીનો ઉલ્લેખ કરવામાં આવ્યો. સમ્મેલને લિંકનનું નામાંકન સર્વાનુમતે પસાર કર્યું. ઉપરાષ્ટ્રપતિ પદ માટે હેમલિન અને જોનસનનાં નામો આવ્યાં. મતદાન થયું અને જોનસન વિજયી થયા.

જૂન-જુલાઈમાં યુદ્ધની ખબરો આશાવાદી નહોતી. આ માટે લિંકને પોતાને જવાબદાર માનેલા. લિંકનને જ્યારે પણ સમય મળતો તે પોતાના સંશયનો ઉકેલ બાઇબલમાં શોધવાની કોશિશ કરતા હતા. એમણે કહ્યું હતું, 'ઈશ્વર સિવાય કોઈએ પણ વિચાર્યું નહિ હોય કે દેશ આ વમળમાં ફસાઈ જશે.' આ દરમિયાન ગ્રાન્ટની પણ ટીકા થતી હતી. લિંકન આ જ ચિંતાને લઈને પોતાના પુત્ર ટેડ જોડે ગ્રાન્ટના મુખ્યાલય તરફ ચાલ્યા ગયા. તેઓ ઘોડા ઉપર સવાર થઈને યુદ્ધભૂમિએ પણ ગયા. જ્યારે તેઓ આફ્રિકનોની ૧૮મી બેટોલિયનને મળ્યા તો સૈનિકોએ એમના સ્વાગતમાં ગીત ગાયા અને કહ્યું કે ઈશ્વર લિંકન ઉપર કૃપા કાયમ રાખે. લિંકને કહ્યું કે હું આશા રાખું છું કે ઓછામાં ઓછા રક્તપાતથી જ આપણે ઉદ્દેશ પ્રાપ્ત કરી લઈશું. ૨૩મી જૂને તે વૉશિંગ્ટન પાછા ફર્યા.

રીચમોંડ ઉપરના ગ્રાન્ટના દબાણને સમાપ્ત કરવા માટે અલગતાવાદીઓની સેનાની એક ટુકડી ૯ જુલાઈ, ૧૮૬૪ના રોજ વૉશિંગ્ટનની નજીક પહોંચી ગઈ.

પોટોમેક સેના પીટ્‌સબર્ગની ઘેરાબંધીમાં હતી. રાજધાનીને બચાવવા માટે સરકારી ઑફિસોના કારકુનોના હાથોમાં પણ બંદૂકો અને રાઇફલો આપી દેવાઈ. ૧૧ જુલાઈના રોજ ગ્રાન્ટે પોટોમેક સેનાની ટુકડી જનરલ રાઇટની આગેવાનીમાં રવાના કરી. જનરલ રાઇટ ત્યાં પહોંચે તે પહેલા વિદ્રોહી સેના ફોર્ટસ્ટીવેન્સની બહુ નજીક પહોંચી ગઈ, પરંતુ તોપના ગોળાઓએ તેને પાછા હઠવા માટે મજબૂર કરી દીધી.

લિંકન રાજનૈતિક પેંતરાબાજીને સમજવામાં બેહદ કુશળ હતા. તેઓ રાજનીતિક ચળવળના હલકા પગલાને પણ સાંભળી લેતા હતા. એક વાર 'ન્યૂયૉર્ક ટ્રિબ્યુન'ના સંપાદક ગ્રીલીએ લિંકનને કહ્યું કે લિંકને સંમિલિત સરકારના પ્રતિનિધિઓ જોડે ચર્ચા કરવા જવું જોઈએ. ગ્રીલી પણ ફ્રાંસની જેમ કોઈ ત્રીજા સ્થાને ચર્ચા કરવાના પક્ષમાં હતો. લિંકન તરત સમજી ગયા કે આ ડેમોક્રેટોની પણ ચાલ હોઈ શકે છે. આ એક એવો પ્રસ્તાવ હતો કે જેનો અસ્વીકાર કરવામાં પણ બદનામી હતી અને સ્વીકાર કરવામાં આવે તો છેલ્લાં ચાર વર્ષોની સખત મહેનતને અકારણ બનાવી દેત. એમણે સંપાદકના નામે એક ખુલ્લો પત્ર લખ્યો – ગ્રીલી પોતે જ સંઘ પ્રતિનિધિ તરીકે ચર્ચા કરે જેથી સંઘની એકતા અને ગુલામીની પ્રથાની નાબૂદી ઉપર વાર્તા શરૂ થઈ શકે. ગ્રીલી આમાં ફસાવા ચાહતો નહોતો. એણે ઇનકાર કરી દીધો. લિંકને એવા પ્રસ્તાવ મૂક્યા હતા, જેમને અલગતાવાદીઓ માની શકે જ નહિ, સ્વીકારી શકે જ નહિ. માની લે તો નક્કી જ થઈ જાય કે તે લોકો યુદ્ધના નિરર્થક ઉન્માદમાં જ લડાઈ લડી રહ્યા છે. લિંકનના પ્રસ્તાવોમાં સંયુક્ત રાજ્ય અમેરિકાની એકતા અને ગુલામીની પ્રથાની પૂર્ણ નાબૂદીની વાત કહેવામાં આવી હતી. આને માનવું એટલે અલગતાવાદીઓનો સૈદ્ધાંતિક પરાજય થવો. લિંકન ઉપર બીજો કોઈ આરોપ આ મામલે લાગે ત્યાં સુધી લિંકને અલગતાવાદીઓના પ્રમુખ ડેવિસનો એક સંદેશ સાર્વજનિક જાહેર કરી દીધો. એને લિંકન સુધી ડેવિસના દૂતોએ પહોંચાડ્યો હતો. એમાં હતું કે યુદ્ધ ત્યાં સુધી ચાલતું રહેશે અને જ્યાં સુધી રાષ્ટ્રપતિ લિંકને સ્વશાસન આપશે નહિ. આ સંદેશની જાણ થતા જ યુદ્ધ-વિરોધીઓની બોલતી બંધ થઈ ગઈ.

બીજી બાજુ ચેજે પોતાનું નામ પાછું ખેંચી લીધું અને તે લિંકન વિરોધી ટોળીનો નેતા બની બેઠો. તે બધા લોકો રાષ્ટ્રપતિના નામાંકન ઉપર ફરીથી વિચાર કરવાની માંગ કરી રહ્યા હતા. એમની બેઠક ૧૮ ઑગસ્ટના દિવસે ન્યૂયૉર્કમાં થઈ. એમાં ચેજે અને સમનરે ભાગ લીધો નહોતો. ૩૦ ઑગસ્ટ, ૧૮૬૪ના રોજ ડેમોક્રેટિક પાર્ટીનું રાષ્ટ્રીય સમ્મેલન શિકાગોમાં થયું. એમાં પણ રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની ચૂંટણી થવાની હતી. પાર્ટીએ ભૂતપૂર્વ જનરલ મેક્લેનના નામનો પ્રસ્તાવ

પસાર કર્યો અને કહ્યું કે ચાર વર્ષ સુધી સંઘની રક્ષા કરવામાં નિષ્ફળ રહ્યા પછી ન્યાય, માનવતા, સ્વતંત્રતા અને માનવહિતની માંગ એ છે કે વૈમનસ્યતા સમાપ્ત કરવામાં આવે. આ બધું શિકાગો આત્મસમર્પણના નામથી બદનામ થઈ ગયું તો મેક્લેને પોતાનો હાથ ખેંચી લીધો.

૪ સપ્ટેમ્બર, ૧૮૬૪ના રોજ શર્મનનો સંદેશ મળ્યો કે 'અટલાન્ટા હવે આપણું થઈ ગયું છે.' બીજો સંદેશ મોબીલ વિશે હતો કે અહીં પણ સંઘીય સેનાનો ધ્વજ લહેરાય છે. મોબીલ મેક્સિકો ખાડીમાં સંમિલિત રાજ્યનું એક માત્ર બંદર હતું. લિંકન આ ખબરોથી પ્રસન્ન થઈ ગયા. એમણે આ દિવસને 'ધન્યવાદ દિવસ'ના રૂપમાં મનાવવાની ઘોષણા કરી, પણ પછીની સરકારોએ આને 'મજદૂર દિવસ'ના રૂપમાં બદલી નાખ્યો. આજે પણ અમેરિકામાં સપ્ટેમ્બર મહિનાનો પહેલો સોમવાર 'મજદૂર દિવસ'ના રૂપે મનાવવામાં આવે છે. આ બધાથી ડેમોક્રેટ લોકોના ચિંથરા ઊડી ગયા અને લિંકનની લોકપ્રિયતા આકાશને સ્પર્શવા લાગી.

લિંકને આનો લાભ લેવાના ઉદ્દેશથી રિપબ્લિકન પાર્ટીમાં એકતા લાવવાનું બીડું ઝડપ્યું. લિંકન ઉદારવાદી હતા તેથી ઉગ્રવાદીઓ એમના વિરુદ્ધ ટીકાઓ કરતા હતા. આ લોકોએ ફ્રીમોંટને લિંકનના વિરુદ્ધમાં તૈયાર કર્યો. લિંકન જાણતા હતા કે ફ્રીમોંટ અને મોંટગુમરીને એકબીજાથી બનતું નહોતું. ફ્રીમોંટ ઇચ્છતો હતો કે લિંકન બ્લેયરને દૂર કરે. લિંકને એની પાસે ખબર મોકલી કે જો તે પોતાનું નામ પાછું ખેંચે તો બ્લેયરને દૂર કરવામાં આવશે. એમ પણ લોકો બ્લેયરને પસંદ કરતા નહોતા. ફ્રીમોંટે પોતાનું નામ પાછું ખેંચી લીધું અને એમ કહેતા નામ પાછું ખેચ્યું કે પોતે ઇચ્છતો નથી કે પાર્ટીની અંદરની સ્થિતિનો ગેરલાભ ડેમોક્રેટોને મળે.

ચૂંટણી પ્રચાર ગરમ થવા લાગ્યો. ડેમોક્રેટો સમજી ગયા કે આ વખતે પણ લિંકનને પરાજીત કરવા સંભવ નથી તો તેમણે ચરિત્ર-હનન કરવાનું શરૂ કરી દીધું. તેઓ લિંકનના નિગ્રો પ્રેમની હાંસી પણ કરતા હતા. આ લોકોએ અફવા પણ ફેલાવી કે લિંકન ચાહે છે કે ગોરા લોકો અને કાળા લોકો એકબીજા સાથે લગ્ન કરે. એ દિવસોમાં એવી પરંપરા હતી કે રાષ્ટ્રપતિના પદ ઉપર રહેનાર કોઈ પણ માણસ સાર્વજનિક સભાઓમાં જઈને સીધા જ ચર્ચા કરી શકે નહિ. આને સરકારી હોદ્દાનો દૂરુપયોગ માનવામાં આવતો. તેથી લિંકન પ્રેસ પ્રબંધનમાં લાગી ગયા જેથી સમાચારપત્રો એમના પક્ષમાં લખે અથવા વિરોધ તો ન જ કરે.

લિંકન પાસે ખાસા વિકલ્પ હતા. તેઓ ઇચ્છતા હોત તો યુદ્ધની આડ લઈને ચૂંટણી ટાળી પણ શકત, પણ જો તેઓ તેમ કરત તો વિરોધીઓને કહેવાનો મોકો

મળી જાત અને અલગતાવાદીઓ આને પોતાનો વિજય થયો બતાવત. ઑક્ટોબર માસમાં વિરાક્યુજમાં કાળા લોકોના સમ્મેલનમાં મેસેચ્યુસેટ્સના કાળા વકીલ જોન રોકે કહ્યું હતું, 'દેશમાં કેવળ બે પાર્ટીઓ છે. પહેલી લિંકનની પાર્ટી. જેનો ઉદ્દેશ્ય સ્વતંત્રતા અને લોકતંત્ર છે અને બીજી મેક્લેનની પાર્ટી જેનો ઉદ્દેશ્ય કાળાઓને દેશવટો છે, ગુલામી છે.'

અંતમાં લિંકન વિજયી થયા. પરિણામમાં ડેમોક્રેટીક મેક્લેનને ૪૫ ટકા અને રિપબ્લિકન પાર્ટીના અબ્રાહમ લિંકનને ૫૫ ટકા વૉટ મળ્યા. દુનિયા આખીમાંથી મળેલા વધામણાના સંદેશાઓમાં એક સંદેશ કાર્લ માર્ક્સનો પણ હતો. આંતરરાષ્ટ્રીય કામગાર સંઘના તરફથી લખેલા પત્રમાં માર્ક્સે લખ્યું, 'અમે આપના ભારે મતોથી વિજયી થવા ઉપર અમેરિકન જનતાને વધામણા આપીએ છીએ. જો દાસ શક્તિના સામનાનો અર્થ સંઘર્ષ કરવો હોય તે આપના પહેલી વાર ચૂંટાઈ આવવાનું કારણ હતું. આપના ફરીથી નિર્વાચિત થવાનું કારણ યુદ્ધમાં મળેલ વિજય બન્યો. આ ગુલામીની પ્રથાની નાબૂદીનો પોકાર હતો.'

વાર્તા એકાકી ચાલતી નથી. એમાં પાત્રો લટાર મારે છે, ઘટનાઓ હિચકીઓ લે છે, સ્થિતિઓના ઘાટ હોય છે. એ પ્રમાણે જ લિંકનના જીવનની વાર્તામાં પણ અનેક પાત્રો, ઘટનાઓ, સ્થિતિઓ હતી. રીચમોંડમાં પરાજીત થવાના થોડા સમય પહેલા જનરલ ગ્રાન્ટે શ્રી અને શ્રીમતી લિંકનને બોલાવ્યાં હતાં જેથી તેઓ અઠવાડિયાની રજા માણી શકે. લિંકન જ્યારથી વ્હાઇટ હાઉસ પહોંચ્યા હતા એમણે ક્યારેય આરામ કર્યો નહોતો. એ સતત કામમાં લાગેલા હતા. લિંકન અને મેરી લિંકન રીવરક્લીનમાં સવાર થઈને ચાલી નીકળ્યા. થોડાક દિવસો પછી રાષ્ટ્રપતિની પાર્ટીમાં ફ્રાંસના મંત્રી જ્યોફ્રીએ પણ ભાગ લીધો. એ બધા યુદ્ધના સ્થાનને જોવા ઇચ્છતા હતા. બીજે દિવસે પ્રમુખ ઘોડાઓ ઉપર અને શ્રીમતી લિંકન તથા શ્રીમતી ગ્રાન્ટ અધખૂલી ચાર પૈડાંની ગાડીમાં સવાર થઈ ગયાં. ગ્રાન્ટે પોતે આ પ્રસંગ અંગે લખ્યું–

'વાતચીત દરમિયાન હું બતાવી રહ્યો હતો કે યુદ્ધના ઉત્તરાર્દ્ધના સમયે એક પણ સ્ત્રીને અહીં આવવાની રજા નહોતી, સિવાય કે જનરલ ચાર્લ્સ ગ્રોફિનની પત્ની શ્રીમતી ગ્રોફિન. શ્રીમતી ગ્રોફિનને પણ એટલા માટે કે તેણે રાષ્ટ્રપતિની વિશેષ મંજૂરી લઈ લીધી હતી. આટલું સાંભળતા જ મેરી લિંકન ઉત્તેજીત થઈ ગઈ અને પૂછવા લાગી કે હકીકતમાં તમારા કહેવાનો અર્થ શું છે ? શું શ્રીમતી ગ્રોફિન રાષ્ટ્રપતિને એકાંતમાં મળી હતી ? એને સમજાવવાનો ઘણો પ્રયત્ન કરવામાં આવ્યો, પણ મેરી સમજી નહિ અને સમજવા માટે તૈયાર નહોતી. તે વારે ઘડીએ કહેતી હતી

કે તમે ગાડી રોકો. હું રાષ્ટ્રપતિને જ પૂછી લઉં છું કે આ સ્ત્રી રાષ્ટ્રપતિને એકાંતમાં મળી હતી કે કેમ ? એમ કરતાં મુશ્કેલીથી સાંજ પડી.'

પત્ની મેરી લિંકનનો વ્યવહાર

બીજે દિવસે પણ આ ટુકડીએ જેમ્સની સેના તરફ જવાનું હતું. આ સેનાની આગેવાની ઓર્ડના હાથમાં હતી. નદી પાર કર્યા પછી પુરુષો ઘોડા ઉપર અને શ્રીમતી લિંકન તથા શ્રીમતી ગ્રાન્ટ ઍમ્બુલન્સમાં સવાર થઈ ગયાં. શ્રીમતી ઓર્ડેએ પણ સાથે આવવાનું હતું, પણ એણે જોયું કે ઍમ્બુલન્સમાં જગ્યા નથી તો ઘોડા ઉપર જ બેઠી રહી અને પોતાનો ઘોડો રાષ્ટ્રપતિની હાર પાસે લગાડી દીધો, પણ જ્યારે મેરીને ખબર પડી કે શ્રીમતી આર્ડે રાષ્ટ્રપતિની પાસે થઈ બાજુમાં જ ઘોડેસવારી કરી રહી છે તો તે ઊકળી ઊઠી. એ બરાડા પાડવા લાગી કે આ સ્ત્રી સમજે છે શું ? પછી તો એ શું શું નથી બોલી તે કહેવાની જરૂર નથી.

એક વાર મેરી શ્રીમતી ગ્રાન્ટ સાથે એકલી હતી. એના મનની કડવાશ ગઈ નહોતી. મેરી લિંકને શ્રીમતી ગ્રાન્ટને કહ્યું, 'શું તું વ્હાઇટ હાઉસના સપના જુએ છે ?' શ્રીમતી ગ્રાન્ટ ખાનદાન શરીફ સ્ત્રી હતી. તે શાંત અને તેજસ્વી હતી. એણે નમ્રતાથી કહ્યું, 'માફ કરજો, હું જ્યાં છું, ઈશ્વરની દયાથી સંતુષ્ટ છું.'

વ્હાઇટ હાઉસની પરંપરા હતી કે જનતાના સ્વાગત સમારોહના સમયે રાષ્ટ્રપતિ સાથે લઈ ફરવા માટે બીજી કોઈ સ્ત્રીનો સાથ લેતા. તે સ્ત્રી રાષ્ટ્રપતિની પત્ની હોતી નથી, પરંતુ પરંપરા હોય કે ગમે તે હોય, મેરી લિંકનને એની સાથે કોઈ લેવાદેવા નહોતી. કોઈ બીજી સ્ત્રી, રાષ્ટ્રપતિની સાથે હોય તે મેરી લિંકનથી બરદાસ્ત થાય નહિ. એણે લિંકનને આ પરંપરા નિભાવવા દીધી નહિ. એ તો લિંકન કોની સાથે વાત કરે છે એના ઉપર પણ નજર રાખતી હતી. એક વાર તો લિંકન ખિજાઈ ગયા. એમણે કહ્યું, 'મારી મા, હું ત્યાં ઠૂંઠા માફક ઊભો તો રહી શકું નહિ ને ? મારે કોઈની પણ જોડે વાત તો કરવી પડે ને ? તું જ બતાવ કે હું કોની જોડે વાત ન કરું ?' મેરી લિંકનનો પોતાનો જ દૃષ્ટિકોણ અને પોતાનો જ આગવો રસ્તો હતો અને પોતાના રસ્તા ઉપર ચાલવાની હઠ ઉપર કોઈ પણ કિંમત આપવા તૈયાર હતી.

એક વારની વાત છે કે લિંકન કોઈને ઇન્ટરવ્યૂ આપી રહ્યા હતા. અચાનક કોઈ વાત ઉપર ભડકેલી મેરી તો અંદર આવી ગઈ અને ફાવે તેમ બોલવા માંડી. લિંકને જોયું પણ તેઓ ઉશ્કેરાયા નહિ. માત્ર તેનું બાવડું ઝાલીને બીજા ઓરડામાં લઈ ગયા. ત્યાં એને બેસાડી અને બહાર નીકળી, બારણું બંધ કરી, સાંકળ ચડાવી

દીધી. મેરીને તો લિંકનની કેબિનેટના અનેક સભ્યોથી પણ તકલીફ હતી. કોઈ સભ્યથી આ કારણે તો કોઈ સભ્યથી બીજા કારણે તકલીફ હતી. હકીકતમાં તે બીજાની પ્રશંસા અને પ્રસિદ્ધિ બરદાસ્ત કરી શકતી નહોતી. તે ચેજને બરખાસ્ત કરવા માટે કેટલીય વાર લિંકનને કહી ચૂકી હતી. લિંકને એક વાર કહ્યું પણ હતું, 'જો હું તારી વાતો ઉપર ધ્યાન આપવા માંડું તો બહુ જલદી કેબિનેટ વગરનો થઈ જઈશ.'

લીના આત્મસમર્પણ પછી શ્રી અને શ્રીમતી ગ્રાન્ટ વૉશિંગ્ટન આવ્યાં. આખું શહેર રોશનીમાં નહાઈ રહ્યું હતું. લોકો ગીત ગાતા હતા. ઉત્સવનું વાતાવરણ હતું. શ્રીમતી લિંકને શ્રીમતી ગ્રાન્ટને આ બાબતે પત્ર પણ લખ્યો હતો. આ એક પ્રકારનું આમંત્રણ હતું, પણ તેણે શ્રીમતી ગ્રાન્ટને બોલાવી નહિ. કેટલાક દિવસ પછી મેરી લિંકને એક થિયેટર પાર્ટી આપી. એમાં એણે શ્રી અને શ્રીમતી ગ્રાન્ટ તથા શ્રી અને શ્રીમતી સ્ટેનટનને બોલાવ્યાં. શ્રીમતી સ્ટેનટનને જેવું આમંત્રણ મળ્યું કે તે તેને લઈને શ્રીમતી ગ્રાન્ટ પાસે ગઈ. હકીકતમાં એ પૂછવા ગઈ હતી કે શ્રીમતી ગ્રાન્ટ કાર્યક્રમમાં જઈ રહી છે કે કેમ. તેની ઇચ્છા હતી કે જો શ્રીમતી ગ્રાન્ટ ન જતી હોય તો પોતે પણ નહિ જાય કેમ કે શી ખબર મેરી લિંકન ત્યાં શું કહી નાખે અને કેવો દેખાવ ઊભો કરે. બંનેએ અંદરોઅંદર ચર્ચા કરીને નક્કી કર્યું કે બંને નહિ જાય. આ એ જ રાત હતી જે રાતે બુથે લિંકનને ગોળી મારી હતી. જો આ બંને ત્યાં હોત તો કદાચ આ બંને ઉપર પણ હુમલો કરત.

લિંકન સતત વિપક્ષને પણ સાથે લઈને ચાલવાની પહેલ કરી રહ્યા હતા, પણ એની કોઈ અસર થતી નહોતી. લિંકનની જીતથી એટલું થયું કે દક્ષિણના લોકોને તેમની લઢણ બદલવી પડી. એમના પ્રમુખ ડેવિસે લુસિયાનાના ખેડૂત ડંકનને બ્રિટન તથા ફ્રાંસ મોકલ્યો અને કહેવડાવ્યું કે જો તે લોકો દક્ષિણને અલગ માન્યતા આપી દે તો બધા જ ગુલામોને છોડી મૂકવામાં આવશે. કેટલાક લોકોએ તો એમ પણ કહ્યું હતું કે જો તમે ઇચ્છતા હો તો અમે કાળા લોકોને અમારી સેનામાં સ્થાન આપવા માટે પણ તૈયાર છીએ, પણ કેટલાક ઉગ્રવાદીઓનું કહેવું હતું કે આ પરાજયનો બદલો લિંકનને રસ્તામાંથી હટાવીને લઈ શકાય છે. લિંકનને સતત ધમકીઓ મળતી રહેતી હતી. આ જોકે ચોંકાવનારી બીના નહોતી, કારણ કે પહેલી વાર શપથ લીધા ત્યારથી જ તેમને આનો અભ્યાસ થઈ ગયો હતો. લિંકને તો પોતાના નિજી સચિવને સ્થાયી આદેશ આપી રાખ્યો હતો કે આ આશયના પત્રોનો લિંકનને બતાવ્યા સિવાય જ નાશ કરી દે. તેઓ સતત એકલા જ લટાર મારવા જતા. આથી સુરક્ષા પ્રમુખ લૈમન નાખુશ હતો.

દક્ષિણના એક વર્ગનું માનવું હતું કે લિંકનની હત્યા કરવાને બદલે લિંકનનું અપહરણ કરવું જોઈએ. જો એમ થાય તો લિંકનને વાતચીત કરવા બાંધી શકાય. લિંકનને છોડવા માટે શરત રાખીને બધા બંદી કેદીઓને છોડાવી શકાય. અપહરણની યોજના કેવળ વ્યર્થ વાત નહોતી. તેને અમલમાં મૂકવા માટે એમનો માણસ આવેલો ખરો, પણ ત્યાં સુધી લિંકનના પરિવારની સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

લિંકન ઉપર હુમલો

ઑગસ્ટના મહિનામાં પણ લિંકન ઉપર કોઈએ ગોળી ચલાવી. ગોળી તેમના હેટ ઉપર લાગી હતી, પણ તેઓ ક્યારેય ચિંતિત થયા નહોતા. બીજી વાર જીત્યા ત્યારે તેમણે પત્રકાર બ્રુક્સને પોતાનો સચિવ બનાવ્યો અને સેનેટર હલેનને ગૃહસચિવ બનાવાયો. હલેનની દીકરી સાથે તો લિંકને પોતાના દીકરા રોબર્ટનું સગપણ પણ નક્કી કર્યું હતું.

સમ્મિલિત રાષ્ટ્રના ઉપરાષ્ટ્રપતિ સ્ટીફેન્સની આગેવાનીમાં ત્રણ સભ્યવાળું દળ ૩ ફેબ્રુઆરી, ૧૮૬૫ના રોજ લિંકન અને સેવર્ડને મળ્યું. ચર્ચા ફોર્ટ મોનરોમાં થઈ. સ્ટીફેન્સે ગતિરોધ સમાપ્ત કરવા વિશેની રીત અને રસ્તા લિંકનને પૂછ્યા. આ વાત ઉપર લિંકને કહ્યું કે તેમને તો કેવળ એક જ રસ્તાની ખબર છે કે વિદ્રોહીઓ પોતાનો વિદ્રોહ સમાપ્ત કરી દે. સ્ટીફેન્સે બીજો સવાલ પૂછ્યો કે શું તેમને મંજૂર હશે કે બંને સેનાઓ મળીને ફ્રાંસને મેક્સિકોથી ભગાડી મૂકે ? લિંકને કહ્યું આવું ત્યારે જ થઈ શકે જ્યારે વિદ્રોહીઓ સંઘમાં સામેલ થઈ જાય. સેવર્ડે તો સાફ જ કહી દીધું કે લિંકનનું ઘોષણાપત્ર બદલી શકાય જ નહિ. પ્રતિનિધિ મંડળના એક સભ્ય હંટરે કહ્યું કે ઇંગ્લૅન્ડના સમ્રાટ ચાર્લ્સ પહેલાએ વિદ્રોહીઓ જોડે વાતચીત કરી હતી. લિંકને કહ્યું અંતે ચાર્લ્સની બોલતી બંધ કરી દેવામાં આવી હતી. આ બેઠક વિશે લિંકને કૉંગ્રેસને સૂચિત કરી હતી કે આ બેઠક કોઈ પણ પરિણામ વગર સમાપ્ત થઈ ગઈ હતી.

બીજી વાર શપથ ગ્રહણ

૫ માર્ચ, ૧૮૬૫ના દિવસે લિંકને બીજી વાર રાષ્ટ્રપતિ પદ માટે શપથ ગ્રહણ કર્યા. વૉશિંગ્ટનમાં એ સમયે કેટલાય દિવસોથી વરસાદ વરસી રહ્યો હતો. સ્વાભાવિક રીતે જ સડકો ઉપર કીચડ અને પાણી જ હતા. ઉપરાષ્ટ્રપતિ જોનસન પછી જેવા લિંકન પોતાનું ભાષણ આપવા ઊભા થયા કે વાદળાંઓને ભેદીને સૂર્યનાં કિરણો વૉશિંગ્ટન ઉપર ઊતરી ફેલાઈ ગયા. લોકોએ આ બાબતને નવી સવારના

રૂપે લીધી. તેઓએ કહ્યું કે આ વાદળાંઓની માફક સમસ્યાઓનાં વાદળાંઓ પણ વિખરાઈ જશે. ભીડ અને મોસમ એકી સાથે કહી રહ્યા હતા–

હારી શકતા અમે નથી ન્યાયની કોઈ લડાઈ
કાં, અરે દૃઢ વિશ્વાસનો અર્જુન અમારા સંગ છે.

❒

"હું એક એવા લોકતંત્રમાં વિશ્વાસ ધરાવું છું જે જનતાનું હોય, જનતા દ્વારા હોય અને જનતા માટે હોય."

– અબ્રાહમ લિંકન

૬

બલિદાન

સમગ્ર અમેરિકા વિશ્વાસ, અવિશ્વાસ, સંદેહ, આશા, નિરાશાના ચકાવે હતું. જોન વિલ્કીજ બુથે અવિશ્વાસને જિતાડ્યો, સંદેહને જિતાડ્યો અને લિંકન વિરુદ્ધની નિરાશાને જિતાડી દીધી. લિંકનને તેણે ગોળી મારી દીધી, પણ બુથે કોઈ ખાસ મુદ્દા ઉપર આમ કર્યું નહોતું. એને તો માત્ર પ્રસિદ્ધિ જ જોઈતી હતી અને પ્રસિદ્ધિ ખાતર જ ગોળી મારેલી. તે મૂળ રૂપે તો એક અભિનેતા હતો. આ ધંધામાં જે લોકો આવે છે તે મોટે ભાગે ચુંબકીય વ્યક્તિત્વના માલિક હોય છે. એ પણ તેવો હતો. ફ્રાંસિસ વિલ્સને બુથના જીવનવૃત્તાંતમાં લખ્યું કે બુથ એટલો સુંદર હતો કે છોકરીઓ એને જોઈને ગાંડી થઈ જતી હતી અને જ્યારે તે નજર સામેથી પસાર થતો તો તેની પ્રશંસા કરતી અને પ્રશંસા કરતા કાંઈક વધુ પ્રશસ્તિ જ કરતી હતી. એનું 'રોમિયો' નાટક બહુ જ ચર્ચિત થયેલું. એ સમયે બુથ માત્ર ત્રેવીસ વરસનો હતો અને સ્ત્રીઓ તેનો માત્ર એક પળનો પણ સાથ મેળવવા માટે વ્યાકુળ રહેતી હતી. એ એટલો પ્રવિણ અભિનેતા હતો કે મંચ ઉપર બીજા કોઈને ટકવા દેતો નહોતો. એના કળા-પ્રભાવથી ત્રસ્ત ને અદેખાઈથી બળનારી એક અભિનેત્રી ઇરાકાએ એક હોટલમાં એના ઉપર ચાકુથી હુમલો કર્યો હતો. પાછળથી આ જ બળતરાથી તેણે આપઘાત કર્યો હતો. એની એક બીજી પ્રેમિકા હતી ઇલા ટર્નર. ઇલાને જ્યારે ખબર પડી કે બુથે લિંકનને ગોળી મારી હત્યા કરી છે તો ઇલાએ પોતે પોતાના હૃદય ઉપર બુથની છબી બનાવી અને ક્લોરોફોર્મ સૂંઘીને પ્રાણ આપી દીધા. એમ તો ન્યૂયૉર્કમાં બુથને ધુત્કારવામાં આવેલો.

બુથ જલદી ખુશ થતો અને જલદી નિરાશ થતો. એ ઇચ્છતો હતો કે એક જ રાતમાં એને એવી પ્રસિદ્ધિ મળે કે એનું નામ ઇતિહાસમાં મિટાવી શકાય નહિ.

એની બધી તૈયારીઓ અને કાવતરાખોર યોજનાઓ પછી જાન્યુઆરી ૧૮૬૫માં એક તક આવી, જ્યારે બુથને ખબર પડી કે લિંકન ૧૮ જાન્યુઆરીના રોજ ફોર્ડ થિયેટરમાં એડવિન ફોરેસ્ટનું નાટક 'જેક રેડ' જોવા આવશે. બુથે સાંભળ્યું હતું કે લિંકન આવનારા છે, પણ કંઈ થયું નહિ. લિંકન પહોંચ્યા જ નહિ. લી સમર્પણ કરી ચૂક્યો હતો. એવામાં બુથનું માનવું હતું કે હવે લિંકનનું અપહરણ કરવાનો કોઈ ફાયદો નથી. હવે તો ગોળી જ મારવી પડશે.

૧૪ એપ્રિલ, ૧૮૬૫નો દિવસ ગુડફ્રાઇડે હતો. લિંકન ફોર્ડ થિયેટર જવાની તૈયારીમાં હતા. મેરી લિંકનના માથામાં દર્દ હતું તો પણ તે લિંકનના કહેવાથી જવા માટે તૈયાર થઈ ગઈ. લિંકનનો સુરક્ષા પ્રમુખ લેમન રીચમોંડ બહાર ગયો હતો, પણ જતી વેળાએ એણે લિંકનને થિયેટર ન જવા માટે વિનંતી કરી હતી. લિંકન અને તેમની સાથેના કેટલાક લોકો ૮-૩૦ વાગે થિયેટર પહોંચ્યા. નાટક શરૂ થઈ ચૂક્યું હતું. પ્રેક્ષકો વારે ઘડીયે એ બૉક્સને જોઈ રહ્યા હતા જ્યાં લિંકને અને ગ્રાન્ટે બેસવાનું હતું. હકીકતમાં ટિકિટની પહેલા જ જાહેરાત થઈ ગઈ હતી કે રાષ્ટ્રપતિ અને ગ્રાન્ટ આવનારા છે. આ જ કારણે એક ડૉલરની ટિકિટ અઢી ડૉલરમાં વેચાઈ હતી. રાષ્ટ્રપતિના ત્યાં પહોંચતા જ કેટલીક ક્ષણો માટે નાટક રોકીને 'પ્રમુખનું સ્વાગત છે'ની ધૂન વગાડવામાં આવી.

શાંતિદૂત-મસીહાની હત્યા

આ બાજુએ રાતના આઠ વાગ્યે બુથે પોતાના ત્રણ કાવતરાખોર સાથીદારોને હર્મડન હાઉસે બોલાવ્યા. બુથે ત્રણેને અલગ અલગ જવાબદારીઓ સોંપી. એક સાથીદાર જર્મન હતો – અજેરાટ. બુથે કહ્યું કે તે ઉપરાષ્ટ્રપતિ જોનસનને મારશે. અજેરાટે ઇનકાર કરતા કહ્યું કે તેને અપહરણ માટે કહેવામાં આવેલું હતું, હત્યા કરવા માટે નહિ. પણ બુથે દબાણ કરવાથી અજેરાટ તૈયાર થઈ ગયો. એક બીજો કાવતરાખોર હતો – પૈર્ન. એને કહેવામાં આવ્યું કે તે સેવર્ડને ટપકાવે. એણે કોઈ આનાકાની કરી નહિ અને તરત જ માની ગયો. ત્રીજો હતો – હેરાલ્ડ. બુથે એને જવાબદારી સોંપી તે પૈર્નને સેવર્ડનું ઘર બતાવે અને રાષ્ટ્રપતિને ગોળી મારવાની જવાબદારી બુથે પોતે લીધી.

પાછળથી મળેલી ડાયરીમાં બુથે લખેલું હતું, 'દેશની દરેક મુશ્કેલી માટે લિંકન જવાબદાર છે. ઈશ્વરે તો મને લિંકનને સજા કરવા નિમિત્ત બનાવ્યો છે.' એણે પોતાની સરખામણી આધુનિક બ્રુટ્સ કે વિલિયમટેલ કહીને કરી.

બુથનું નામ જાણીતું હતું, તેથી એને નાટક દરમિયાન ઉપરના માળ સુધી પહોંચવામાં મુશ્કેલી નડી નહિ. રાષ્ટ્રપતિની સુરક્ષા વ્હાઇટ હાઉસના ગાર્ડ ચાર્લ્સ ફોર્બ્સના હાથમાં હતી. બુથે તેને પોતાનું કાર્ડ દેખાડ્યું તો ગાર્ડે તેને રાષ્ટ્રપતિ બૉક્સમાં જવાની મંજૂરી આપી દીધી. તે લિંકનની બિલકુલ પાછળ ઊભો થઈ ગયો. નાટકના ત્રીજા દશ્યમાં હાસ્યનો શોર ગૂંજ્યો અને આ બાજુ બુથની પિસ્તોલ. લિંકનનો ડાબો હાથ દાઢીની ચિબુક પર હતો અને જમણો હાથ ખભા ઉપર હતો. શોરબકોરની વચ્ચે ગોળીનો અવાજ કોઈને સંભળાયો નહિ. એમ પણ જોરથી હસવાના સમયે દર્દનો વિચાર પણ કોઈને આવતો નથી. મેજર શકબોન રાષ્ટ્રપતિની સાથે જ બેઠો હતો. તેણે બુથને પકડવાની કોશિશ કરી, પણ બુથે એના ઉપર ચાકુથી જબરો હુમલો કર્યો અને ત્યાંથી કૂદ્યો. એટલામાં એના જોડાની ખીલી ત્યાં લાગેલા એક ઝંડામાં ફસાઈ ગઈ અને બુથ પડી ગયો. લંગડાતો લંગડાતો તે મંચ તરફ આગળ વધ્યો. લોકોએ આને પણ નાટકનો એક ભાગ માન્યો. થોડી વારમાં રાષ્ટ્રપતિ બૉક્સમાં ધુમાડો થયો અને એની સાથે જ મેરી લિંકનનો ચિત્કાર ને ચીસ કે રાષ્ટ્રપતિને મારી નાખ્યા – રાષ્ટ્રપતિને મારી નાખ્યા, હવામાં ગુંજી રહ્યા.

લિંકનની આંખો બંધ થઈ રહી હતી. ગોળી એમને માથામાં લાગી હતી. એમનું માથું છાતી તરફ ઝૂકી રહ્યું હતું. ડૉક્ટર લીલેએ જોયું કે લિંકનમાં હજી પ્રાણ બાકી છે. કૃત્રિમ શ્વાસોશ્વાસ કરાવ્યા પછી લિંકનને નજીકના મકાનમાં લઈ જવામાં આવ્યા. એ મકાન પીટરસન નામના વેપારીનું હતું. જમીન ઉપર ગાદલું નાખીને લિંકનને નીચે સુવાડવામાં આવ્યા, એટલા માટે કે એમની લંબાઈનો કોઈ પલંગ નહોતો. કામળાથી ઢાંકવા છતાં લિંકનના પગ ટાઢા પડી ગયા. લિંકન નવ કલાક સુધી આ જ દશામાં રહ્યા. એમના પરિવારના ડૉક્ટર સ્ટોન રાતે અગિયાર વાગ્યે પહોંચી શક્યા, પણ લિંકનને ભાન આવ્યું નહિ. પીટરસનના ઘરની બહાર ભીડ જામી ગઈ. લિંકનનો મોટો દીકરો રોબર્ટ તો સમનર જોડે આવી ગયો, પણ નાના દીકરાને આવવા દીધો નહિ. કદાચ એટલા માટે કે આ ઘટનાની એના ઉપર ખરાબ અસર પડત.

વૉશિંગ્ટનની સડકો ઉપર અફવાઓ મચી રહી હતી. કોઈ કહી રહ્યું હતું – સ્ટેનટનને મારી નખાયો, ગ્રાન્ટને પણ ગોળી લાગી ગઈ છે. લોકોનું માનવું હતું કે અલગતાવાદીઓનું કામ પૂરું થયું નથી. આ જ એ લોકો છે જે આ બધાં કામ કરી રહ્યાં છે. સેવર્ડની હાલત ખરાબ હતી. એના ઉપર પણ નિશાન સાધવામાં આવ્યું હતું. વ્યવસ્થાનું કામ સ્ટેનટનના માથે હતું. તે આદેશ ઉપર આદેશ છોડચે જતો હતો. તેણે તાત્કાલિક કેટલીક ધરપકડો કરાવી.

જે ગોળી બુથે ચલાવી હતી તે ડાબા કાનની નીચેથી જઈને મગજને ભેદી ગઈ હતી અને જમણી આંખને પણ નુકસાન પહોંચાડ્યું હતું. મેરી લિંકનને પાસેના ઓરડામાં રાખવામાં આવી હતી. એ વારે ઘડીયે લિંકન પાસે પહોંચી જતી. તેથી લિંકનના શ્વાસની તકલીફ વધવા માંડી. સ્ટેનટન આથી ખિજાઈ ગયો અને તેણે મેરી લિંકનને ઓરડાની બહાર કઢાવી મૂકી. ડૉક્ટર લીલે લિંકનનો હાથ પોતાના હાથમાં લઈ બેસી રહ્યા. એ સેનાના ડૉક્ટર હતા. લીલેએ નાડીઓ બંધ થઈ જવાથી ૭.૨૨ વાગ્યે આશા છોડી દીધી. ડૉક્ટરોએ મેરીને બતાવ્યું કે બધું સમાપ્ત થઈ ગયું છે. સ્ટેનટને સૌથી પહેલા રાષ્ટ્રાધ્યક્ષને સેલ્યુટ કરી. જોનસનને તાત્કાલિક રાષ્ટ્રપતિ પદના શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા. ખીસામાંથી રૂમાલ કાઢીને લિંકનનું ખુલ્લું મોં બંધ કરવામાં આવ્યું. આ પ્રમાણે અમેરિકાના ઇતિહાસનો નાયક પોતાના શરીરથી અલગ થઈ અમર થઈ ગયો.

અંત્યેષ્ટિ સંસ્કાર

અંત્યેષ્ટિ માટેની ટ્રેન પૂરા રાજકીય સમ્માન સાથે લિંકનના મૃતદેહને ઇલિનોય લઈ ગઈ. ટ્રેનના એંજીનને પણ કાળા કપડાથી ઢાંકવામાં આવ્યું. એના ઉપર ચાંદીના તારાઓ ચમકી રહ્યા હતા. જ્યારે ટ્રેન ફિલાડેલ્ફિયા પહોંચી તો ત્યાં ઘણી જ ભીડ હતી. લોકો ખીચોખીચ હતા. માણસોની જાણે કે દીવાલ ઊભી થઈ ગઈ હતી. લોકોને દશ કલાક સુધી રાહ જોવી પડી હતી કે તેઓ એક ક્ષણ માટે પણ પોતાના નેતાનો ચહેરો છેલ્લી વાર જોઈ લે. સેંકડો સ્ત્રીઓ બેભાન થઈ ગઈ. લિંકનની હત્યાના સાત દિવસ સુધી નક્કી થઈ શક્યું નહોતું કે એમની અંત્યેષ્ટિ સ્પ્રિંગફીલ્ડમાં કરવામાં આવે કે વૉશિંગ્ટનમાં કરવામાં આવે. મેરી લિંકન તો સંમત જ થતી નહોતી કે તેમની અંત્યેષ્ટિ સ્પ્રિંગફીલ્ડમાં કરવામાં આવે. આખરે ૪ મેના દિવસે એ ટ્રેન લિંકનને છેલ્લી વાર પોતાના શહેરમાં લઈ આવી, લિંકન જેવા એક માણસને લઈને કે જેણે કોઈ ખોટું કામ કર્યું નહોતું. એક છત નીચે રહેવા છતાં મેરી લિંકન તેઓની પાસેથી કંઈ શીખી નહોતી.

પાછળથી ખબર આવી કે બુથને ગોળી મારી દેવાઈ હતી. બપોર પછી ગુપ્તચર પ્રમુખ કર્નલ બેકર ઝડપથી સ્ટેનટન પાસે પહોંચ્યો અને કહ્યું કે પોતે કેટલાક એવા લોકોની ધરપકડ કરી છે જેમણે આદેશોનું ઉલ્લંઘન કર્યું હતું. એમાંથી એક સ્ત્રીએ બુથના વાળ કાપી લીધા. સ્ટેનટનને લાગ્યું કે આથી વિદ્રોહીઓને બળ મળશે અને તેઓ આને એક ખાસ ચિહ્ન માનીને સંભાળીને રાખશે અને પગલા

ભરશે. તેનું એમ પણ માનવું હતું કે આ હત્યા અલગતાવાદીઓના નેતા જેફરસન ડેવિસના કાવતરાનું જ પરિણામ છે. એણે નક્કી કર્યું કે બુથના અંતિમ સંસ્કાર તાત્કાલિક અને ગુપ્ત રીતે કરવામાં આવે જેથી લોકો એના શબને લઈને કોઈ રાજનીતિ કરી શકે નહિ. આખો દેશ જાણવા માગતો હતો કે બુથના શબનું શું થયું ? માત્ર આઠ લોકો જ હકીકતથી વાકેફ હતા. એવા આઠ લોકો જે માત્ર રાષ્ટ્ર પ્રત્યે પ્રતિબદ્ધ હતા અને જેમણે ગુપ્તતાના સોગંદ લીધા હતા.

કેટલીય જાતના ભ્રમો ફેલાયા, શંકાઓ થઈ, અફવાઓ ફેલાઈ કે સૈનિકોએ ખોટા માણસને બુથ સમજીને ગોળી મારી દીધી. બુથ તો ફરાર થઈ ગયો હતો. આ ખબર એટલા માટે ફેલાઈ હશે કે જીવતા બુથ અને મરેલા બુથના દેખાવમાં ઘણો તફાવત હતો. એમ તો બુથને એના જમણા હાથના છૂંદણા ઉપરથી નેશનલ હોટલના ચાર્લ્સ ડાયસને ઓળખ્યો હતો. વૉશિંગ્ટનના ફોટોગ્રાફર ગાર્ડનરે અને બુથના નજીકના દોસ્ત હેનરી ક્લે ફોર્ડે પણ એની ઓળખ કરી હતી.

૧૫ ફેબ્રુઆરી, ૧૮૬૯ના રોજ બુથને એની કબરમાંથી કાઢીને ફરી એક વાર રાષ્ટ્રપતિના હુકમથી એની ઓળખ કરવામાં આવી હતી અને બધાએ માન્યું હતું કે તે જ બુથ છે, પણ ૧૩ ફેબ્રુઆરી, ૧૯૦૩ના રોજ ઓકલા હોમાની હોટલ ઇનિડમાં એક વ્યક્તિએ આપઘાત કર્યો. એણે કહ્યું કે એ ઝોન વિલ્કિસ બુથ છે. એણે ઘોષણા કરી કે એણે જ લિંકનને ગોળી મારી હતી. એના દોસ્તોએ એને ટ્રંકમાં બંધ કરી યુરોપ જનારા જહાજમાં ચઢાવી દીધો હતો. એ ત્યાં દશ વર્ષો સુધી રહ્યો.

શ્રીમતી લિંકન માટે લિંકનના અવસાન પછીના દિવસો અવસાદ ભરેલા હતા તે જ્યારે વ્હાઇટ હાઉસ છોડી રહી હતી ત્યારે તેને વિદાય આપવા માટે એકાદ દોસ્ત જ ત્યાં હાજર હતો. એક દર્દભર્યો સન્નાટો છવાયેલો હતો. રાષ્ટ્રપતિ જોનસને પણ લિંકનની હત્યા પછી દિલાસાની એક પંક્તિ પણ લખીને મેરી લિંકનને મોકલી નહોતી. તે પહેલા શિકાગો ગઈ, પણ ત્યાંના ખર્ચા એને પોષાયા નહિ. એ પછી હાઇડ પાર્ક ચાલી ગઈ. એને ચિંતા હતી તો થોમસની. એ નાનો દીકરો હતો જેને લિંકન 'ટેડ' કહેતા હતા. ટેડપોલ ઉપરથી ટેડ. ટેડ પોલનું માથું મોટું હોય છે. ટેડનું પણ માથું મોટું હતું.

ઘણા ઓછા લોકોને જાણ હશે કે ઈ.સ. ૧૮૭૬માં વિદ્રોહીઓની એક ગેંગે લિંકનના શબને ચોરી જવાની કોશિશ કરી હતી. 'બીગ જીમ' નામ હતું એનું. દુર્ભાગ્યથી એ સમયે આ માટેનો કોઈ કાયદો નહોતો કે જે શબ ચોરનાર ગુનેગારને

સજા કરે. લિંકનના દીકરાએ મોટા મોટા વકીલો ઊભા કર્યા, પણ એ સમયે કૉફિન ચોરવા માટે વધારેમાં વધારે ૭૫ ડૉલરનો દંડ હતો અને એ પણ શબ ચોરવા માટેનો દંડ નહોતો. ખેર ૨૬ સપ્ટેમ્બર ૧૯૦૧ના દિવસે એક વાર ફરીથી લોકોએ લિંકનનાં દર્શન કર્યાં. પોતાના મૃત્યુના છત્રીસ વર્ષ પછી પણ લિંકન એવા લાગી રહ્યા હતા જાણે કે કોઈ યોજના ઉપર વિચાર કરી રહ્યા હોય.

●●

"કદાચ આ દેશમાં શાંતિ જોવા માટે હું જીવિત નહિ રહું."

– 'અંકલ ટોમ્સ કેબિન'ની લેખિકા
શ્રીમતિ સ્તોવને લખેલા પત્રમાં લિંકનના શબ્દો



ભારતની સફળતાના શિલ્પી
રૂ. ૯૯/-
યાદશક્તિની તીવ્ર તરકીબો
રૂ. ૯૦/-
આવું કેમ?
રૂ. ૫૦/-
જીતો દુનિયા તમારા અભિગમથી
રૂ. ૫૦/-
ાક્ય નીતિ
. ૭૫/-
સપનાથી સફળતા
કિશોર બિયાની
રૂ. ૧૫૦/-
યોગથી ઉતારો વજન
ભરત ઠાકુર
રૂ. ૮૦/-
લીડરશિપ FUNDA
પંચતંત્રની રીતે
રૂ.૧૦૦/-
યોગ દ્વારા તણાવથી મુક્તિ
ભરત ઠાકુર
રૂ. ૮૦/-
એમ. કે. ગુપ્તા
રૂા. ૧૨૫/-
સર્જન
એમ. કે. ગુપ્તા
રૂા. ૧૦૦/-
ચેતન ભગત
રૂા. ૧૦૦/-
મરો ત્યાં સુધી જીવો
રૂ. ૧૨૫/-
હિન્દુ માન્યતાઓનો ધાર્મિક આધાર
ડૉ. ભોજરાજ દ્વિવેદી
રૂા. ૧૨૫/-
હિન્દુ માન્યતાઓનો વૈજ્ઞાનિક આધાર
રૂા. ૧૦૦/-
ગેરી ચેપમેન
પ્રેમની પાંચ ભાષા
કાજલ ઓઝા-વૈદ્ય
રૂા. ૧૨૫/-
નેશનલ બેસ્ટસેલર
જિંદગી જીવો બીરબલ બુદ્ધિથી...
રૂા. ૧૦૦/-
નાથદ્વારાના શ્રીનાથજી
રૂ. ૭૫/-
પૉલો કોએલો
એકલવીર
નરેન્દ્ર મોદી
આધુનિક ગુજરાતના શિલ્પી
લવ સ્ટોરી
એરિક સેગલ
ડૉ. દીપક ચોપરા
સફળતાના સાત આધ્યાત્મિક નિયમો
વૈદિક ગણિત

આ એક એવી વ્યક્તિનું જીવન છે, જેણે સંઘર્ષ દ્વારા સફળતા મેળવી છે.



એવા લોકો કે જેમની કાબેલિયતે આખા રાષ્ટ્રની દિશા બદલી નાંખી; એવા લોકો કે જેમણે પોતાની માણસાઈના રંગે રંગાયેલ ટેક મારફત દેશના વહેણને બદલવાનું કામ કર્યું; એવા લોકો કે જેમણે પોતાની મહત્ત્વાકાંક્ષાઓને બેકાબુ બનવા ન દીધી બલકે તેમને ઠાવકાઈના છાંયડે પોષી. આવા બધા લોકો ઇતિહાસમાં કદી ભુલાતા જ નથી. અને તેથી તેઓ *મહાન* કહેવાય છે.

અમેરિકાના સોળમા રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન પણ આ જ સાંકળની એક કડી હતા. ઘોર ગરીબાઈ અને અભાવોમાં જન્મેલા અબ્રાહમને શિક્ષણના નામે પંદર વરસની ઉંમરમાં ફક્ત અક્ષરજ્ઞાન જ પ્રાપ્ત થઈ શક્યું હતું, પરંતુ ભણતરની અદમ્ય ઇચ્છાને લીધે જ તેમણે ભણવાનું ચાલુ રાખ્યું. ગરીબી તો એટલી હતી કે તે પોતે પોતાની અંકગણિતની ચોપડી પણ ખરીદી શક્યા નહોતા અને પોતાના મિત્ર પાસેથી માંગી લઈ આખેઆખી ચોપડી પોતાની નોંધપોથીમાં ઉતારી લીધી હતી !!!

આ પુસ્તકમાં એમના જીવનનો સંઘર્ષ, દેશમાં તે વખતની ગુલામીના રિવાજની સામેની લડાઈ, પહેલી વાર તેઓ વિધાનસભાના સદસ્ય બન્યાની હકીકત, ગૃહયુદ્ધનો સામનો કરીને રાજનીતિની ટોચે પહોંચવાની બાબત અને એક વાર નહિ, પરંતુ અમેરિકા ગણરાજ્યના બબ્બે વાર રાષ્ટ્રપતિ બનવાની પ્રેરણાત્મક વાતો સામેલ છે.

મક્કમ મનોબળ અને હિંમતથી સફળતા મેળવવાની અનેરી વાતો અહીંથી શીખવા જેવી છે.

'ભૂખ, ગરીબી અને સગવડોના અભાવના રોદણાં ન રોનાર, જીવનમાં કંઈક 'ઔર' કરવાની ખેવના રાખનારા વાંચકો માટે આ અત્યંત પ્રેરણા આપનાર અને માર્ગદર્શક પુસ્તક છે.'

તમારા બાળકને આ પુસ્તક જરૂર વંચાવજો, જે તેની માટે મહામૂલી ભેટ બની રહેશે.

ISBN : 978-93-80868-78-3
9 789380 868783

₹ 110